

õh. îuV$` cpB X$pepcpB `V$g



kp_pZu `qfhpf

Æh__p^ bLßpf

dpfu õdfZepÓp

gML$: gpc cpB V$` cpB kp_pZu

# જીવનનો ધબકાર

## dpfu õdfZepÓp



gML$

gpc cpB V$` cpB kp_pZu

# જીવનનો ધબકાર

## *મારી સ્મરણયાત્રા*

::લેખક::

**લાભુભાઈ ટપુભાઈ સોનાણી**

# જીવનનો ધબકાર
## *મારી સ્મરણયાત્રા*

::લેખક::

**લાભુભાઇ ટપુભાઇ સોનાણી**

:: મુદ્રક ::

**રત્ના પ્રિન્ટર્સ**

હલુરિયા ચોક, ભાવનગર

:: પ્રકાશક::

**સુરેશ નટુભાઇ ત્રિવેદી**

રત્ના પ્રિન્ટર્સ હલુરિયા ચોક, ભાવનગર

©રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા

**મૂલ્ય : ₹૧૦૦**

**પ્રથમ આવૃત્તિ**

તા.૨૩-૦૪-૨૦૧૭, વિશ્વ પુસ્તક દિવસ

**પ્રત : ૫૦૦૦**

:: પ્રાપ્તિસ્થાન ::

**રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા**

C/o શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળા

નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર

Ph. No. 0278 - 2423917, 2512021

Email : Ltsonani@gmail.com



# પ્રસ્તાવના

જીવન એટલે જન્મ અને મૃત્યુ વચ્ચેનો સમય. આ સમય દરમ્યાન કેટલીક ઘટેલી ઘટનાઓ આપણા સ્મૃતિપટ પર હંમેશના માટે યાદ રહી જાય છે. જેથી આ પુસ્તકમાં જે પ્રસંગો લીધા છે, જે જીવનના એક-એક ધબકાર સાથે તાણાંવાણાંની જેમ વણાઇ ગયા છે, એટલા માટે આ પુસ્તકનું શીર્ષક ‘જીવનનો ધબકાર’ મારી સ્મરણયાત્રા પસંદ કર્યુ છે. શબ્દનું સુવાસિત ઉપવન એટલે જ જીવનનો ધબકાર. બાલ્યાવસ્થાથી શરૂ કરી વિવિધ ક્ષેત્રે કરેલ કામગીરી અને પ્રવૃત્તિઓનું પુષ્પગુચ્છ એટલે જ જીવનનો ધબકાર.

ધબકતો રહે, દિવ્યદષ્ટિનો દરબાર;<br>
ચમકતો રહે, જીવનનો ધબકાર.

એકાએક આંખોની તેજસ્વિતા ગુમાવી. જગત અંધકારમય બન્યું. જીવનની અંતિમ ઘડીમાંથી આબાદ બચાવ. સંસાર સાગરમાં પાર ઉતરી સફળતાના કિનારે પહોંચવા આરંભેલી યાત્રા, ‘પાંગરી પ્રતિભા આંગળીના ટેરવે’ શબ્દની સહેલ કરી, સંઘર્ષ કરતા-કરતા માધ્યમિક શિક્ષણ પૂરું કર્યુ. સેવાનાં પુષ્પો ચૂંટી આંખ વિનાના અનોખાં અજવાળાં પથરાયા. શબ્દ ઉપવનમાં ઉચ્ચ શિક્ષણની ક્ષિતિજોને આંબી, પીડિતોના દુઃખ જાણી, ધબકતા ધબકારે કરેલી સહેલ સમગ્ર પુસ્તકનું આકર્ષણ છે.

ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીસાહેબ

ગદ્ગદિત થઇ સ્વીકારતા જણાવે છે કે : 'મને ખબર ન હતી કે અહીં આવવું કેટલું મૂલ્યાવાન હતું ! જયાં સુધી હું આવ્યો ન હતો.' નરસિંહ મહેતાના વૈષ્ણવજન પદને ટાંકી સંસ્થાની સેવા પ્રવૃત્તિઓની જયારે તેમણે ધર્મની સાથે સરખામણી કરી સંસ્થાને સ્વમુખે જ બિરદાવી હતી, તે સ્મૃતિઓ જેઓ પ્રજ્ઞાચક્ષુઓનાં શિક્ષણ, તાલીમ, રોજગાર કે પુનઃસ્થાપન ક્ષેત્રે કાર્યરત છે તેમને વાગોળવી ગમશે માટે જ પ્રત્યેક લોકોને આ પુસ્તક વાંચવા નમ્ર ભાવે અનુરોધ કરું છું. કારણ કે આ પુસ્તક એટલે ઓલવાયાં અંધારાં ને ચમકયા સિતારા પુસ્તકના પ્રત્યેક પ્રસંગોમાંથી ઘણા સિતારાઓની આગવી ઓળખ મળશે. મારી આ સ્મરણયાત્રા પ્રજ્ઞાચક્ષુઓ પૂરતી સીમિત કે મર્યાદિત નથી. અન્ય શારીરિક કે માનસિક ક્ષતિગ્રસ્ત માટે પણ એટલી જ મહત્ત્વની અને દીવાદાંડી સમાન માર્ગદર્શક પુરવાર થશે તેવું પ્રેરણા સ્વરૂપ ૨૮ પ્રકરણમાં લખાયેલું આ પુસ્તક વાચક મિત્રોના કરકમલમાં મૂકતા આનંદ અનુભવું છું. ભવિષ્યમાં આપ સૌના પ્રોત્સાહનથી આ સ્મરણ યાત્રા આગળ ધપતી રહેશે તેવી મને શ્રદ્ધા છે.

**વિશ્વ પુસ્તક દિવસ** **લાભુભાઇ ટી. સોનાણી**
**તા.૨૩-૦૪-૨૦૧૭ (રવિવાર)**
**સ્થળ : ભાવનગર**



# ઋણ સ્વીકાર

જીવનની સુવાસ કે સુગંધને માનવ હૈયા સુધી પહોંચાડવા મુખમાંથી અસ્ખલિત નીકળતા શબ્દની જેના કરકમલે શબ્દની કાયારૂપ ચૂંટેલા અક્ષરો વડે દેહ અર્પણ કરવા પોતાની કલમ ચલાવી હસ્તપ્રત તૈયાર કરવામાં સહયોગ આપ્યો છે, તેવા બહેન શ્રી હિનાબહેન મહેતાનો અંતરથી આભાર માનતા ખુશી અનુભવું છું. પુસ્તક સ્વરૂપે છાપકામ, પ્રકાશન, ટાઇપ સેટિંગ, મુદ્રણ કાર્યોમાં જેમનો સતત સહકાર મળ્યો છે એવા મારા સ્નેહીમિત્ર સુરેશભાઇ ત્રિવેદી, રત્ના પ્રિન્ટર્સ, જીવનના પ્રત્યેક ધબકારને ખભા સાથે ખભો મેળવી મારી એક એક પ્રવૃત્તિઓને જેમણે ટેકો આપ્યો છે એવા મારા જીવનસાથી નીલા અને દીકરી નિષ્ઠા તથા આ પુસ્તકની જોડણી, વિરામચિહ્નો, ભાષા શુદ્ધિ કરનાર ભાષાવિદ્ શ્રી ઉમાકાંતભાઇ રાજયગુરુ અને શ્રી ઘનશ્યામભાઇ બારૈયા આચાર્ય શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા તેમજ ટાઇપ સેટિંગ કરનાર શિવભદ્રસિંહ ચૌહાણ અને સહાયભૂત બનનાર મોઇઝ ત્રવાડી, ગૌરાંગ મકવાણા તથા નીતિનભાઇ ભાવસાર ઉપરાંત નામી-અનામી સૌ કોઇ મદદ કરનારનો હાર્દિક આભાર માનું છું

**લાભુભાઇ ટી. સોનાણી**

**શારીરિક ઉંમર(સમય) વ્યકિતને મૃત્ય તરફ ઘસડી જાય છે**
**પરંતુ માનસિક ઉંમર(જીવનનો પ્રત્યેક ધબકાર)**
**સંસારરૂપી સુવાસિત બાગ તરફ દોરી જાય છે.**

# લેખક પરિચય

ભાવનગરનાં તરસમિયા ગામે રહેતા ટપુભાઇ સોનાણી અને અજવાળીબેનના ત્રણ પુત્રો અને એક દીકરી સાથેનો નાનો અને સુંદર પરિવાર હતો. જેમાં ત્રીજા પુત્ર તરીકે ૧૫ માર્ચ ૧૯૬૭માં જન્મેલું બાળક એક નજરે જ મન હરી લે તેવી સુંદરતા અને તેજસ્વિતા ધરાવતું હતું, પણ આ બાળક સાડા ત્રણ કે ચાર વર્ષની આયુએ પહોંચતાં જ પરિવાર પર આફત આવી હોય તેમ કુદરતે કરવટ બદલી અને આ બાળક ટાઇફોઇડની બીમારી વચ્ચે જીવનમૃત્યુની સંતાકુકડી રમવા લાગ્યું. ડૉકટરે પણ તેની જીવવાની આશા છોડી દીધી હતી. તેમણે કહ્યું : ‘આ બાળક ટાઇફોઇડની અસરને લીધે અંધ બની ગયું છે, તમે બાળકને ઘરે લઇ જાવ. ઘરે જ સારવાર કરો, તેની જિન્દગી હવે અલ્પ છે.’ પોતાના વહાલસોયા પુત્રને આવી હાલતે નિરાશા સાથે ટપુભાઇ બીમાર બાળકને ઘરે લાવવા રવાના થાય છે. એ જ વેળાએ રસ્તામાં બીમાર બાળકના કાને કેળાં વેચનાર ફેરિયાનો અવાજ પડે છે અને તુરંત જ બાળક કેળાં ખાવાની માંગણી કરે છે. જેના પ્રત્યુતરમાં નિરાશ થયેલા પિતાએ કહ્યું : ‘ભલે કેળાં ખાય...’ બીમાર બાળક બે કેળાં ખાઇ સૂઇ ગયું. અને સૌ-આંખોમાં નિરાશાનો અંધકાર લઇ ઘરે પહોચ્યાં. ‘કેળાં’ ખાવાનો સિલસિલો ગામડે પણ યથાવત્ રહયો. દરરોજ આ બાળક ડઝન બે ડઝન કેળાં ખાવા લાગ્યો અને બીમારીને માત આપી, શારીરિક રીતે સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયો. પરિવારમાં પણ ખુશીઓ માહોલ છવાય ગયો. એક જ વાતનો રંજ રહયો કે - આ બાળક હવે પછીની દુનિયા કયારેય નહિ

નિહાળી શકે. આ બાળક એટલે 'પ્રજ્ઞાચક્ષુઓના ગાંધીજી' કહી શકાય એવા શ્રી લાભુભાઈ ટપુભાઈ સોનાણી.

લાભુભાઈએ નાની ઉંમરે ટાઈફોઈડ તાવની બીમારીમાં આંખની દૃષ્ટિ ગુમાવી અને પાંચ વર્ષ પૂર્ણ કરે તે પહેલાં માતા અજવાળીબેનનું માતૃછત્ર પણ ગુમાવ્યું. તેમ છતાં હિંમત હાર્યા વગર પોતાના પરિવારના સંપૂર્ણ સહયોગથી નવ વર્ષની ઉંમરે પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવા ભાવનગરની અંધ ઉદ્યોગ શાળામાં પ્રવેશ મેળવ્યો અને શૈક્ષણિક કારકિર્દીની શરૂઆત કરી. આદર્શ નેતૃત્વનાં કૌશલ્યનું તેલ આ સમયે જ તેમના જીવનમાં પુરાયું. તેઓ સતત ચાર વર્ષ સુધી સંસ્થાનાં જી.એસ. (જનરલ સેક્રેટરી) તરીકે વિનાશરતે ચૂંટાઈ આવ્યા હતા અને વિદ્યાર્થીઓની નાની-મોટી કમિટીમાં જોડાઈ, વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન સંભાળ્યું હતું. સાથોસાથ વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોની રજૂઆત શિક્ષક સામે પારદર્શક રીતે કરી, ત્વરિત નિવારણ લાવવા સારા મધ્યસ્થીની ભૂમિકા ભજવતા. તેમણે માધ્યમિક શિક્ષણ ભાવનગરની વિશુદ્ધાનંદ વિદ્યામંદિર અને અંધજન મંડળ અમદાવાદમાં મેળવ્યું.

લાભુભાઈએ ન્યુ એસ.એસ.સી.ની પરીક્ષામાં શાળામાં તેમજ પ્રજ્ઞાચક્ષુ વિભાગમાં પ્રથમ સ્થાન મેળવી 'ગોલ્ડ મેડલ' પ્રાપ્ત કરેલ. આગળ તેમણે ભાવનગર યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ તેમજ ભોપાલ યુનિવર્સિટીમાંથી આર.સી.આઈ. માન્ય પ્રજ્ઞાચક્ષુ માટેનું સ્પેશ્યલ બી.એડ્. પણ સફળતાપૂર્વક પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરેલ. આ ઉપરાંત સંગીતમાં વિશારદની પદવી મેળવેલ છે.

લાભુભાઈનો મનપસંદ વિષય વિકલાંગ વ્યકિતઓનાં પુનઃસ્થાપન માટે ઘડાયેલા વિવિધ ધારાઓ છે.
તેઓ હંમેશાં તેના અસરકારક અમલીકરણમાં તત્પર રહે છે. તેઓ છેલ્લા



ત્રણ દાયકાથી પ્રજ્ઞાચક્ષુ, શ્રવણમંદ, મંદબુદ્ધિ, મગજનાં લકવાવાળાં બાળકો તેમજ હલન-ચલનની ખામી ધરાવતાં વ્યકિતઓ માટે નિદાન, સારવાર, શિક્ષણ, તાલીમ, પુનર્વસન તેમજ આ ક્ષેત્રે મેનપાવર ડેવલોપમૅન્ટ કરવાનું કાર્ય કરી રહયા છે. લાભુભાઈનો ધ્યેય વિકલાંગો માટે ભાવનગર જિલ્લો - સમગ્ર ભારતમાં એક આદર્શ જિલ્લો બની દેશનું કેન્દ્રબિંદુ બને અને કામના અભાવે કોઈપણ વિકલાંગને બિચારાં તરીકે જીવન વ્યતીત કરવું ન પડે તે છે. આ ઉમદા ધ્યેયને પરિપૂર્ણ કરવા લાભુભાઈ જિલ્લા અને રાજયસ્તરે વિવિધ સંસ્થાઓ સાથે જોડાઈ, અવિરત સેવા આપી રહયા છે. શ્રી લાભુભાઈ સોનાણીએ કરેલ કાર્યોની આ માત્ર સંક્ષિપ્ત વિગત છે. જેના સંપૂર્ણ કાર્યો વિશે માહિતીની નોંધ આપવી અતિ મુશ્કેલ છે. વર્ષ ૨૦૧૩માં તેઓ મૅનિન્જાઈટિસ (Meningitis)ની જીવલેણ બીમારીના ભોગ બન્યા હતા. જેના કારણે શરીરનાં લગભગ અડધા અંગો સાવ નિર્જીવ બન્યાં હતાં. આ બીમારી અડધા વર્ષથી પણ વધારે સમય સુધી ચાલી હતી. પણ તેઓ 'અડગ મનના માનવી' અને 'મજબૂત ઈચ્છાશકિત ધરાવતા વ્યકિત' હોવાને લીધે ફરી વાર આ જીવલેણ બીમારીને માત આપી, જીવનની બીજી ઘાત એક ઝાટકામાં વટાવી દીધી હતી ! સાચે જ... આ એક ઈશ્વરીય ચમત્કાર કહી શકાય. આ તેમનો પુનર્જન્મ હતો. વિકલાંગોનાં સર્વાંગી વિકાસની યાત્રામાં આવેલ અડચણરૂપ બીમારી દરમિયાન સ્થગિત થયેલ યાત્રાને તેઓએ બમણી ગતિએ આગળ ધપાવવા હવે પછીનું સમગ્ર જીવન વિકલાંગોનાં ઉત્કર્ષ માટે જીવવાનો દૃઢ સંકલ્પ કર્યો છે. તેઓની જીવનયાત્રા દરમિયાન કરેલાં મુખ્ય કાર્યોની નોંધ નીચે પ્રમાણે લઈ શકાય.

પિતાશ્રી ટપુભાઈના આશીર્વાદ સમો સમાજસેવાનો મળેલો બહુમૂલ્ય વારસો લાભુભાઈએ પૂરી લગન અને નિષ્ઠાથી આગળ વધાર્યો. તેઓ અંધજન સેવાકીય ક્ષેત્રે ૧૯૮૪માં સ્થાપેલ રાષ્ટ્રીય અંધજન મંડળ-ભાવનગર જિલ્લા શાખાના સ્થાપક-કારોબારી સભ્ય રહયા છે.

યુવાવસ્થામાં તેમણે શહેરની આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારમાં જનજાગૃતિ અને ફંડ એકત્રીકરણમાં સંસ્થાને સહયોગ પૂરો પાડયો છે. ૧૯૯૨માં તેઓને શ્રી અંધ અભ્યુદય મંડળના ડેવલોપમેન્ટ ઑફિસર તરીકે નીમવામાં આવ્યા. સંસ્થાના ૯૦૦ થી ૭૦૦ નોંધાયેલ સભ્યો સાથે સતત પત્ર-વ્યવહારથી સંપર્કમાં રહી, તેઓ અંધ ભાઇ-બહેનોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડતા. દર વર્ષે યોજાતા શ્રી અંધ અભ્યુદય મંડળનાં વાર્ષિક અધિવેશનનું નેતૃત્વ લઇ, અધિવેશન ખર્ચને પહોંચી વળવા ફંડ એકત્રિત કરવું, જરૂરી વ્યવસ્થા ઊભી કરવી વગેરે... કર્યો કરતા અને અધિવેશન દરમિયાન રોજગારીથી વંચિત સભ્યો અને જરૂરિયાતમંદ પરિવારને અનાજ-કપડાં, મેડિકલની સહાય તથા વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવાં જેવાં અનેકવિધ કાર્યો અવિરત રીતે મંડળ દ્વારા તેઓશ્રી કરી રહયા છે.

૧૯૯૫ માં રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખાના માનદ્‌મંત્રી તરીકે ચૂંટાઇ રોજગારવાંછુ નેત્રહીન વ્યકિતઓનો સર્વે કરી તેમને કામ અપાવવા-રોજગાર કેમ્પો કરવા, સરકારી નોકરી-આવા ઉમેદવારોને મળે તે માટે સરકારશ્રીને રજૂઆત કરવી, અંધત્વનિવારણના કેમ્પનું આયોજન, અખિલ હિંદ અંધજન ધ્વજ સપ્તાહની ઉજવણી, જનજાગૃતિ બૂથો સ્થાપી માહિતીઓનો પ્રચાર-પ્રસાર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અને કોમ્યુનિટીબેઇઝડ આરોગ્યકેન્દ્રમાં ફરજ બજાવતા ડોકટરોને વિકલાંગતા મેનેજમેન્ટ અંગેની તાલીમ આપવા જેવાં મહત્ત્વનાં કાર્યો હાથ ધરેલ છે. આવી તાલીમ અંતર્ગત સૌરાષ્ટ્રભરના ૩૦૦ થી વધુ ડૉકટર મિત્રોને ત્રિદિવસીય તાલીમ આપેલ છે. આ ઉપરાંત અંધ શિક્ષક સંઘને પુનઃ કાર્યશીલ કરવા યોજાયેલ અધિવેશનને વર્ષ ૨૦૦૧માં સંપૂર્ણ સહાય આપી ગતિવંત બનાવેલ છે.

આ ઉપરાંત તેઓ સાહસિક અને ઇતર પ્રવૃત્તિઓ દ્વારા પણ વિકલાંગ વ્યકિતઓની પ્રતિભા વિકસાવવાના પ્રયત્નો કરતા રહયા છે. તેઓ



વિદ્યાર્થી કાળ દરમિયાન ખોખો, કબડ્ડી, ક્રિકેટ અને ચેસ જેવી સાહસિક રમતોમાં વિશેષ રસ ધરાવતા હોવાથી ઉત્સાહભેર ભાગ લેતા. આગળ જતા રાષ્ટ્રીય અંધજન મંડળ-ભાવનગર જિલ્લા શાખાનાં નેતૃત્વ હેઠળ બ્લાઇન્ડ ક્રિકેટને પ્રોત્સાહિત કરવા વર્ષ ૧૯૯૫માં રાજયસ્તરીય 'ગુજરાત કપ' બ્લાઇન્ડ ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન તેમના વડપણ નીચે થયેલ છે. આ ઉપરાંત તેઓ જિલ્લાસ્તરની નાની-મોટી સ્પર્ધાઓનું સમયાંતરે આયોજન કરતા રહયા છે. વર્ષ ૨૦૧૩માં ખેલ મહાકુંભ અંતર્ગત સ્ટેટ લેવલે ટુર્નામેન્ટનાં સફળ આયોજનનું નેતૃત્વ કર્યું હતું. વધુમાં, તેઓ અખિલ ગુજરાત નેત્રહીન ક્રિકેટ કંટ્રોલ બોર્ડ-ગુજરાતનાં વાઇસ પ્રેસિડેન્ટ પણ છે. લાભુભાઇના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૧માં તળાજા ખાતે અને વર્ષ ૨૦૧૯માં ભાવનગર ખાતે રાજયકક્ષાની ચેસ ટુર્નામેન્ટનું આયોજન થયેલ છે, જેમાં કેટલાક ફિડે (FIDE)ની વિશ્વસ્તરીય રેટિંગ ધરાવતા પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓએ પણ ભાગ લીધો હતો. વર્ષ ૧૯૯૯માં ઑલ ગુજરાત એથ્લેટિકસ સ્પર્ધાનું સફળ સંચાલન પણ લાભુભાઇના નેતૃત્વ હેઠળ થયેલ છે. આ સિવાય સાહસિક અને ઇતર પ્રવૃત્તિઓમાં વર્ષ ૧૯૯૭માં રાજયકક્ષાની બ્લાઇન્ડ નાટયસ્પર્ધા, વર્ષ ૨૦૦૧માં કવિતા વાંચન સ્પર્ધા તેમજ વર્ષ ૨૦૧૯માં ૧૫૦ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના ૧૫ દિવસીય ઉત્તર ભારતના સાહસિક પ્રવાસનું આયોજન સમાવી શકાય. આવી પ્રવૃત્તિઓનું વર્ણન શબ્દોમાં શકય નથી. આ પ્રવૃત્તિઓ 'ગાગરમાં સાગર' સમાન છે.

નેત્રહીન વ્યકિતઓને સંગીત વિદ્યાસહાયક તરીકે નોકરી મળે તે માટે વિશિષ્ટ પ્રયત્નો કરી રજૂઆત, પત્રવ્યવહાર અને જનઆંદોલનનું નેતૃત્વ લીધેલ છે. આ ઉપરાંત વિકલાંગતાક્ષેત્રે કાર્યરત સંસ્થાઓનું સંગઠન -ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘનું નેતૃત્વ વર્ષ ૨૦૦૫થી સંભાળી રહયા છે.

વર્ષ ૨૦૦૯માં વિકલાંગ બાળકોની સ્થગિત કરાયેલ સંકલિત

શિક્ષણ યોજનાનાં ૧૨૫૦ શિક્ષકોને દોઢથી પોણા બે વર્ષ સુધી પગારથી વંચિત રાખવામાં આવ્યા હતા. આવા શિક્ષકોને લાભુભાઇની દરમિયાનગીરીથી તા.૦૧-૧૨-૨૦૧૨નાં રોજ પગારભથ્થાંની રકમ સરકાર દ્વારા ચૂકવવામાં આવી હતી. નવી સંમિલિત શિક્ષણ યોજના આવવાથી, જૂની સંકલિત શિક્ષણ યોજનામાં કાર્યરત આશરે ૧૦૦૦થી વધુ શિક્ષકો બેરોજગાર બન્યા હતા. તેને પુનઃ નોકરી પર સ્થાપિત કરવા લાભુભાઇએ જહેમત ઉઠાવી, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને નાણામંત્રી શ્રી સૌરભભાઇ પટેલ સાથે મસલતો કરી યોગ્ય નિરાકરણ લાવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત વિકલાંગતાના યોગ્ય અમલ માટે જનજાગૃતિના અનેક કાર્યક્રમોનું આયોજન તેમના માર્ગદર્શન નીચે થઇ રહયું છે, જેનો લાભ રાજયના સમગ્ર વિકલાંગ વર્ગને મળી રહયો છે.

વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧ની વિદ્યાસહાયકોની ભરતીમાં વંચિત રહી ગયેલ પ્રજ્ઞાચક્ષુઓને ઉચ્ચતર પ્રાથમિકમાં વિષય શિક્ષક તરીકે નિમણૂક અપાવવા જનઆંદોનલ છેડી, લાંબી કાનૂની લડાય ચલાવી, ગુણવત્તાયાદીમાં સ્થાન ધરાવતાં ૩૪ નેત્રહીન વ્યકિતઓને તા.૦૯-૦૭-૨૦૧૩નાં રોજ ગાંધીનગર મુકામે નિમણૂકપત્રો અપાવ્યા હતા. આમ, તેઓએ અન્યાય પામેલ નેત્રહીનોને હાઇકોર્ટમાં સરકાર સામે લડત કરવા જરૂરી કાનૂનીસહાય, જનઆંદોલન અને માર્ગદર્શન પૂરું પાડયું હતું અને વિકલાંગો પ્રત્યે આમસમાજની વિચારધારા બદલાય, તે માટે કરેલા અથાક્ પ્રયત્નોના લીધે ‘વિકલાંગોના ગાંધીજી’ એવું બિરુદ એકઠા થયેલા વિકલાંગ આંદોલનકારીઓએ આપ્યું છે. જે લાભુભાઇના વ્યકિતત્વને ખરી ઊંચાઇ આપે છે.

તેઓ ૨૦૧૩ની બીમારી બાદ સતત પ્રજ્ઞાચક્ષુ પ્રતિભાઓ અને પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓમાં છુપાયેલી સુષુપ્ત શકિતઓને સમાજ સામે લાવવાના ભાગરૂપે, ‘ચાલો, નિહાળીએ આંખ વિનાની દુનિયા’,‘ઓલવાયાં અંધારાં



ને ચમકયા સિતારા’, ‘આંખ વિનાનાં અનોખાં અજવાળાં’,‘ચાલો, બતાવું મારી આંખ વિનાની જીવનયાત્રા’, ‘દિવ્ય દૃષ્ટિના કલા સાગરમાં ડૂબકી’, ‘પાંગરી પ્રતિભા આંગળીના ટેરવે’, ‘આંગળીનાં ટેરવે દીઠી દુનિયા’ તેમજ ‘બંધ આંખે, પ્રગતિની પાંખે’, જેવાં હૃદયસ્પર્શી શીર્ષક સાથેનાં વિશિષ્ટ પ્રદર્શનો અને સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજ સામે પ્રસ્તુત કરી, પુનઃ સ્થાપનનો નવો ચીલો ચાતર્યો છે. આ ઉપરાંત-શ્રીમદ્ ભાગવત કથા જેવા ધાર્મિક કાર્યક્રમો, વિવિધ શૈક્ષણિક અને ધાર્મિક તહેવારોની સામાન્ય વ્યકિતઓની સાથે ઉજવણી કરવી વગેરે...જેવા કાર્યક્રમો અવિરત રીતે કરી રહયા છે.જેના પરિણામ સ્વરૂપ લાભુભાઇના વડપણ હેઠળ ચાલતી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાને વર્ષ ૨૦૧૯ની રાજયની ૧૧ હજારથી વધુ માધ્યમિક શાળાઓમાંથી દ્વિતીય શ્રેષ્ઠ શાળા તરીકે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પસંદ કરવામાં આવી છે. જે બદલ શાળાને રૂપિયા ૪ લાખનો પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત લાભુભાઇએ વિકલાંગો માટે શિક્ષણ, રોજગાર અને પુનઃ સ્થાપનનાં કાર્યોને વેગ આપવા યુવાવર્ગ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય સમુદાયનો સહયોગ મળે તેમજ તેમનામાં વિકલાંગો પ્રત્યે સંવેદના જાગે તેવા ઉમદા હેતુથી તા.૧૫ માર્ચ, ૨૦૧૭ના રોજ ‘સંવેદનાસેતુ’ અભિયાનની શરૂઆત કરી છે. સમગ્ર દેશનો આ પ્રથમ પ્રયાસ છે. જે અંતર્ગત વિવિધ શાળા-કોલેજોમાં, જુદા-જુદા પ્રાંતો અને વિસ્તારોમાં જઇ યુવાવર્ગ અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા-વિચારણા કરી સંવેદનાનો સેતુ સાધવામાં આવે છે, જેમાં વિકલાંગોને પડતી મુશ્કેલીઓથી વાકેફ કરી, સૌના સહિયારા પ્રયાસથી આવી મુશ્કેલીઓ નિવારવા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. જેનાં ફળ સ્વરૂપે વર્તમાન તેમજ ભવિષ્યમાં પણ વિકલાંગો સાથે થતા અન્યાયો અટકશે, પરિણામે વિકલાંગોને સમાજની મુખ્યધારામાં સ્થાન મળશે તેમજ તેઓને પુનઃસ્થાપિત થવા માટે યોગ્ય તક પ્રાપ્ત થશે.

પોતાની જન્મભૂમિને કર્મભૂમિ બનાવનાર લાભુભાઇ હાલ રાષ્ટ્રીય

અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામ ઉજ્જવળ કરનાર શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળાના સી.ઇ.ઓ. તરીકે ફરજ અદા કરી રહયા છે તેમજ ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ, અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ અને અંધ અભ્યુદય મંડળ-ભાવનગરનાં તેઓ પ્રમુખ છે. રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખામાં માનદ્ મંત્રી તરીકે સક્રિય સેવાઓ આપી રહયા છે સાથોસાથ તેઓ વિકલાંગ વ્યકિતઓની અનેક સંસ્થાઓમાં જોડાઇ સીમાચિહ્ન માર્ગદર્શન આપી રહયા છે.

**લાભુભાઇ સોનાણીને એનાયત કરાયેલ સન્માનપત્રો અને એવોર્ડ :**

(૧) વર્ષ ૧૯૯૭માં શ્રમ અને રોજગાર વિભાગ-ગાંધીનગર દ્વારા શ્રેષ્ઠ નોકરી ભરણી અધિકારી એવોર્ડ
(૨) વર્ષ ૨૦૦૭માં એન.એ.બી. રાજયશાખા દ્વારા સ્વ.શ્રી ભીખાભાઇ શાહ પારિતોષિક એવોર્ડ
(૩) વર્ષ ૨૦૧૪માં અંધ અપંગ વિકાસ મંડળ-મોગરી દ્વારા શ્રેષ્ઠ સમાજસેવા બદલ એવોર્ડ
(૪) વર્ષ ૨૦૧૫માં જિલ્લાના શ્રેષ્ઠ સમાજસેવક તરીકે ભાવનગર નાગરિક સહકારી બેન્ક દ્વારા સન્માન
(૫) વર્ષ ૨૦૧૭માં અંધ કલ્યાણ કેન્દ્ર-અમદાવાદ દ્વારા રાજયનો શ્રેષ્ઠ એવો ડૉ.નીલકંઠરાય છત્રપતિ એવોર્ડ
(૬) જી.સી.ઇ.આર.ટી.-ગાંધીનગર દ્વારા બેસ્ટ ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ ડેવોલોપમેન્ટ એવોર્ડ
(૭) રોટરી કલબ રાઉન્ડ ટાઉન, ભાવનગર દ્વારા શ્રેષ્ઠ સમાજસેવક તરીકેનો એવોર્ડ
(૮) રાષ્ટ્રીય સેવા યુનિટ-મહુવા દ્વારા અંધત્વ નિવારણ ક્ષેત્રે શ્રેષ્ઠકાર્યનો એવોર્ડ
(૯) એન.એ.બી. પોરબંદર દ્વારા અંધજન કર્મવીર એવોર્ડ
(૧૦) આ ઉપરાંત લાભુભાઇને ઘણા બધા નાના-મોટા એવોર્ડ અને સન્માનપત્રોથી રાજયની અનેક સામાજિક સંસ્થાઓ દ્વારા સંમાનિત



લાભુભાઇનો સ્વાભાવ ખૂબ જ મિલનસાર અને માયાળુ હોવાના લીધે તેઓ નાના-મોટા સૌ-કોઇ સાથે ક્ષણભરમાં જ સંકલન સાધી લે છે. તેઓ પાસે ઉચ્ચ પ્રકારની લીડરશિપ હોવાના લીધે અને પોતે સર્વાનુમતિમાં માનતા હોવાને કારણે પોતાના સહકર્મી, શિક્ષકો, સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, અધિકારીઓ-સૌને સાથે રાખીને જ હંમશાં કાર્ય કરે છે. તેઓ સારા વહીવટ કરતા તો છે જ, પણ શિક્ષણ, આરોગ્ય જેવા અનેક વિષયના જ્ઞાની પુરુષ છે, સારા વકતા છે. જેને સાંભળવા પણ એક લહાવો છે.

લાભુભાઇએ કયારેય પોતાની આંખ ગુમાવ્યાનો અફસોસ કર્યો નથી, પોતાની આ વ્યથા-કથાને હળવી રમૂજ સાથે કહેતા કે ‘ટાઇફોઇડમાં મારી આંખ બચી ગઇ હોત તો...હું આજે નાનો-મોટો હીરાનો વેપારી હોત, જીવનમાં વિશેષ કંઇ કરી શકયો ન હોત.’ તેમનું આ વિશેષ જીવન અનેક વિકલાંગ ભાઈ-બહેનો માટે સવિશેષ બની રહયું છે. આમ, સુંદર અને પ્રેરણાત્મક વ્યકિતત્વના ધની એવા લાભુભાઇ કુદરતના કોપને આશીર્વાદમાં રૂપાંતરિત કરી, દઢ નિશ્ચયશકિતને લીધે સામાન્ય વ્યકિતઓને આશ્ચર્યચકિત કરે તેવું જીવન જીવી રહયા છે. હાલ, તેઓ ભાવનગરમાં તેમનાં ધર્મપત્ની નીલાબેન કે જેઓ પણ પ્રજ્ઞાચક્ષુ છે અને જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. આ દંપતીની આંખો તેમની દીકરી નિષ્ઠા છે, જેના સહકારથી તેઓ વિકલાંગોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે.

ખરેખર...શ્રી લાભુભાઇ સોનાણી એક દીવાદાંડી સમાન છે. જે સૌ-કોઇને ‘સાચા માર્ગ પર કેમ ચાલવું ?’ તેની પ્રેરણા પૂરી પાડે છે. આશા રાખું કે-લેખક પરિચય બાદ આપશ્રીને લાભુભાઇ સોનાણીના જીવન પ્રસંગો પર આધારિત પુસ્તક ‘જીવનનો ધબકાર’ - મારી સ્મરણયાત્રા પુસ્તક વાંચવું ખૂબ જ ગમશે.

**સુરેશભાઇ ત્રિવેદી**
**પ્રકાશક**
**રત્ના પ્રિન્ટર્સ-ભાવનગર**

# અનુક્રમણિકા


(૧) દ્દષ્ટિ વિહોણાં દર્શન ........ ૧૯
(૨) કસોટીની એરણે ........ ૨૩
(૩) પિતાનું પ્રદાન ........ ૨૯
(૪) અનોખી પ્રતિભા ........ ૩૩
(૫) બીજનું વાવેતર ........ ૩૭
(૬) મહારાજની મઢીએ ........ ૪૩
(૭) ખીલ્યું સેવાનું પારિજાત પુષ્પ ........ ૪૭
(૮) વિચારોનું વાવેતર ........ ૫૧
(૯) કામધેનુ ........ ૫૫
(૧૦) ગુરુની પરખ ........ ૬૩
(૧૧) પરિવર્તનથી વિકસી પ્રતિભા ........ ૬૯
(૧૨) કાનૂન ધકેલાયો હાંસિયામાં ........ ૮૩
(૧૩) યાદોનું વન ........ ૯૩
(૧૪) સોહામણું સ્વપ્ન ........ ૧૦૧
(૧૫) ટ્રેઈનનો ડબ્બો ........ ૧૧૧
(૧૬) વિશ્વ વિકલાંગ દિવસની ભવ્ય ઉજવણી ........ ૧૨૧
(૧૭) કેવી હશે મારી શાળા ? ચાલો, કરીએ ખોજ... ........ ૧૨૭





(૧૮) દિવ્યાંગ ........ ૧૩૫
(૧૯) ટીકા અને વખાણ ........ ૧૪૩
(૨૦) ધોલકીમાં હોય છે ઘર ........ ૧૫૧
(૨૧) શાળા બોલે છે ........ ૧૫૫
(૨૨) સૂક્ષ્મદ્દષ્ટિ ........ ૧૬૩
(૨૩) દંભીઓની દુનિયા ........ ૧૬૯
(૨૪) મારી શાળાના વિકાસમાં મારું યોગદાન ........ ૧૭૩
(૨૫) કલ્યાણપથની યાત્રા ........ ૧૭૯
(૨૬) મારા કાર્યક્ષેત્રની પાઠશાળા ........ ૧૮૫
(૨૭) સત્યની શોધ ........ ૧૯૧
(૨૮) વસિયતનામું ........ ૧૯૫

૧

# દૃષ્ટિ વિહોણાં દર્શન

દાર્શનિક ચિત્રની સમજ આંખોની દૃષ્ટિ દ્વારા વ્યક્તિતને મળે છે. તે પોતાની આંખોની કીકી વડે તેની સામેના દૃશ્યો કેદ કરી મગજ સુધી તે સંકલ્પના પહોંચાડે છે. આ પ્રક્રિયાને આપણે આંખોથી જોયું અથવા આંખો જુએ છે તેમ કહીએ છીએ. મેં પણ બાલ્યાવસ્થામાં મારી આંખો વડે આવાં અનેક દૃશ્યો નિહાળ્યાં છે. બાલમાનસના કારણે તેની સ્મૃતિ તાજી થતી નથી પરંતુ ગામડા ગામની એક શેરીમાં આવેલા બ્રાહ્મણના મકાનમાં બાપુજી ભાડાથી રહેતા હતા. આ ભાડાનું મકાન મેડીવાળું હતું. મેડીની એક બારી જે મકાનના પાછળના ભાગમાં ખૂલતી હતી, ત્યાં પાછળ બાલમંદિર અને એક લીમડો હતો. આ મકાનમાં ૧૫ માર્ચ ૧૯૬૭ ના રોજ બપોરના સમયે મારો જન્મ થયો. જન્મ સમય બાદ મારો બાળ ઉછેર પણ આ જ મકાનમાં થઇ રહ્યો હતો. લગભગ બે સવા બે વર્ષની ઉંમરે પેલી પાછળની બારીથી બાલમંદિરના લીમડામાં ભરાયેલો એક પતંગ મેં જોયેલો તે યાદ આવે છે. પવનની લહેરખી આવતાં પતંગ જે ધમાચકરડી, ગુલાંટ લગાવી ઊંચે-નીચે ફરકતો તે આખું દૃશ્ય રોશની વગરની આંખોમાં આજે પણ તાજું છે ! મને એ પણ યાદ છે કે પિતાએ ખરીદેલા સીમ વિસ્તારમાં આવેલા પ્લોટમાં અમારે રહી શકાય તેવું એક ઘર બાંધવાનું છે.

લગભગ અઢી પોણા ત્રણ વર્ષની ઉંમરે આ પ્લોટમાં વિલાયતી નળિયાવાળું માટીની લીંપણવાળું મકાન બાંધવાનું કામ હાલતું હતું. તેમાં નાના-મોટા પથ્થરો ઉપાડવાનું કામ હું કરતો તેવું મેં વડીલો પાસેથી સાંભળ્યું છે પણ તે અંગે કશું જ યાદ આવતું નથી. દરમ્યાન એક દિવસ માથે ટોપલો ઉપાડી કોઇ બહેન કેરી વેચવા આવેલ અને તેની પાસેથી પિતાશ્રીએ ત્રાજવે જોખાવી કેરી ખરીદેલ જેને ઘરે લઇ જઇ બ્રાહ્મણના ભાડાવાળાં મકાનમાં એક વાસણમાં રસ કાઢયો, જે કેરીના રસનો રંગ આજે સ્મૃતિમાં આવે છે; બાકી જે કાંઇ જોયું તે કોઇ બાબત યાદ આવતી નથી. દરમ્યાન લગભગ સાડા ત્રણ વર્ષની ઉંમરે આંખોમાં ભારે દુઃખાવો ઊપડ્યો. બધા લોકો કહેતા કે આંખો આવી છે. આંખમાં જાત-જાતના અને ભાત-ભાતના આંજણ આંજવામાં આવતાં. કોઇ ઔષધિના નામ પણ જાણતા ન હોઇ તેવા લોકો આવીને સલાહ આપતા કે : 'આંખમાં આ આંજો અને તે આંજો !' આ બધું મેં મારા પર જે પ્રયોગ થયા છે તે વડીલો પાસેથી જાણ્યું છે. લગભગ ત્રણ માસ સુધી ખેતરમાં આવેલા આ પ્લોટમાં ઘાસની બનાવેલી ઝૂંપડીમાં મને એક ખોયમાં રાખવામાં આવ્યો અને એમાં જ આ બધા ઉપચારો ચાલતા હતા. આ દરમ્યાન ભયંકર તાવ પણ રહેતો જેના પરિણામે શરીર ક્ષીણ થઇ ગયું. આજે મરશે કે કાલે તેવી ચર્ચાઓ થવા લાગી ! કોઇએ દવાખાને લઇ જવાની સલાહ આપી. ભાવનગર સર.ટી.હૉસ્પિટલમાં સારવાર માટે મને લાવવામાં આવ્યો. ડૉક્ટરોએ તપાસ કરી, 'આંખો તો ગઇ પણ જિંદગી પણ જશે.' તેમ કહી આ બાળકને ઘરે લઇ જાવ અથવા પોઇઝનનું ઇન્જેકશન આપો, જેથી તે હેરાન ન થાય ; હવે તે જીવે તેમ નથી.' મારાં માતા-પિતાએ ડૉક્ટરની વાત સાંભળી પહેલો વિકલ્પ પસંદ કર્યો. ચાલો, અમે અમારા બાળકને ઘરે પાછો લઇ જઇએ છીએ. સાઇકલના હેંડલમાં લટકતી ખોયમાં મને સુવડાવવામાં આવ્યો અને સર.ટી.હૉસ્પિટલથી અમે ઘરે જવા નીકળી ગયાં. લગભગ ઘોઘાસર્કલની આસ-પાસ પહોંચ્યા હશું ત્યાં એક કેળાવાળાની બૂમ સંભળાઇ,



'કેળાં લ્યો, કોઇ કેળાં લ્યો.' બાળસહજ કેળાંની માંગણી થઇ. મને કેળાં આપવામાં આવ્યાં. બે-ત્રણ-ચાર કેળાં ખાવાથી થયેલ શરૂઆત દિવસે દિવસે સંખ્યા વધતી ગઇ ! રોજના બે ડઝન, અઢી ડઝન કે ત્રણ ડઝન સુધી કેળાં ખાવાનું પ્રમાણ વધ્યું. બધું ઠીક થઇ ગયું. કેળાં એક ઔષધિ બનીને આવ્યાં ! ઇશ્વરે આંખોની રોશની લીધી પણ જીવન પુનઃ આપ્યું. કેળાએ ચમત્કારિક બચાવ કર્યો. ડૉક્ટરે કહ્યું હતું કે, 'ચોવીસ કલાકથી વધુ આ બાળક નહિ જીવે, જે વિધાન કેળાંએ ખોટું ઠેરવ્યું. માનો કે ઇશ્વરે કેળાં સ્વરૂપે આવી ખોટું ઠેરવ્યું.

૨

# કસોટીની એરણે

કોઇપણ બીજ વૃક્ષ બનતાં પહેલાં ઘણી બધી પ્રક્રિયામાંથી પસાર થઇ અનેક વિપત્તિઓનો સામનો કરે છે અને પછી તે અંકુરિત થઇ, જેને વટવૃક્ષ તરીકે નિહાળીએ છીએ તેવું વૃક્ષ બને છે. અચાનક આવેલું અંધત્વ પરિવાર પર આભ તૂટી પડે તેવી સમસ્યાનું બીજ લઇને જાણ્યે આવ્યું હોય તેવો પ્રભાવ, ગમગીન વાતાવરણ અને એક સાંધતાં તેર તૂટે તેવું થયું.

પિતા ટપુભાઇ પટેલ ગામના સરપંચ. વિરોધી સભ્યશ્રીઓએ ખોટા આક્ષેપો કરી અદાલતી ચકકર બાપુજીને લગાવવા પડે તેવા અનેક આક્ષેપોના ભાવનગર કોર્ટમાં કેસ દાખલ કરી, પિતાને વિવશ કર્યા. ઘર કરતાં તેમને બહાર વધુ રહેવાનું થતું. પરિણામે તેઓ ઘરના પ્રશ્નોમાં ખાસ ધ્યાન આપી શકતા નહિ. વિરોધી પાર્ટી દ્વારા બીજી અનેક કનડગતનો સામનો પિતાને કરવો પડતો. વળી તેમને જહાંગીર વકીલ મિલમાં સર્વિસ પણ હતી તેથી તેઓ લાંબો સમય ઘરની બહાર જ રહેતા. મારી દ્દષ્ટિની સમસ્યાને હું કાંઇ સમજું તે પહેલાં પરિવારની આર્થિક સંકડામણનો અનુભવ અમને સૌ સભ્યોને સતાવવા લાગ્યો. માંડ-માંડ ગુજરાન ચાલતું. કોઇ વાર એકાદ ટંકના ફાંફાં પણ પડી જાય. દરમ્યાન મારાં માતુશ્રી અજવાળીબેનની તબિયત બગડી. દિવસે-દિવસે

બીમારી વધતી ગઇ. ઘરગથ્થુ ઉપચારો થાય, થોડી રાહત લાગે. ધીમે-ધીમે સમય પસાર થઇ રહયો હતો. એક દિવસ અચાનક તબિયત ખરાબ થઇ ગઇ હોય તેમ મારાં માતુશ્રીએ અમને કહી દીધું કે,‘હવે તમે પોતે તમારું સંભાળતાં શીખી જજો. હું લાંબું નહિ જીવું.’ ૧૯૭૧ ના ઑગસ્ટ માસમાં શ્રાવણ મહિનાની સુદ પાંચમના રોજ રાત્રિના તબિયત વધુ ખરાબ થઇ ગઇ. ડૉકટરને બોલાવવામાં આવ્યા. દવા વગેરે આપી, ડૉકટરે કહ્યું ‘એકાદ બે દિવસમાં ઠીક થઇ જશે’ સવારમાં તબિયતમાં સુધારો પણ થયો. એ દિવસ કણબીની રાંધણ છઠ્ઠ હતી. મારી નાનીબેન રંભાબેન અને મારા પિતાશ્રી રાંધણછઠ્ઠના દિવસે શીતળા સાતમનું આગલા દિવસે જે રાંધવાનું હોય તે રસોઇ તૈયાર કરતાં હતાં. બાપુજીએ અમને સૌને કહ્યું કે : ‘આ સાતમમાં જેવું થાય તેવું બધાં ખાઇ લેજો. મોટી સાતમે બધી રસોઇ તમારી મા બનાવશે.’ આ વાત સાંભળી માતુશ્રીએ કહ્યું કે : ‘જે બનાવવું હોય તે હવે તમારે જ બનાવવાનું રહેશે. હું હવે એકાદ દિવસની મહેમાન છું.’ ખરેખર, બે જ દિવસમાં તેમના કહેવા મુજબ મૃત્યુ થયું. આ ઘટના અમારાં ચાર ભાઇ-બહેનોમાં સૌથી વધુ મારા માટે દુઃખદ હતી. કહેવત છે. ‘‘ઘર નમ્યું તો ભલે નમ્યું. આ તો નમ્યો ઘરનો મોભાર’’ આખાં ઘરનો આધાર તેના મોભ ઉપર હોય છે. મોભ જો અચાનક નમી જાય તો ઘરનું અસ્તિત્વ ન રહે. એક અંધ બાળકની સંભાળ લેનાર માતાનું અચાનક મૃત્યુ થાય તો એક છત્ર ગુમાવે છે એટલે કે તે નોધારો બને છે. હું અચાનક આ રીતે નોંધારો થયો ! માતાના મૃત્યુ પછી ખૂબ લોકો અને સગાં સંબંધી ખરખરે આવતા. થોડા સંબંધી અને દૂરના સગપણની બહેનોનું ટોળું આવ્યું. મને જોઇ કેટલીક બહેનો બોલી કે : ‘અજવાળીબેનનું મૃત્યુ થયું તેના કરતાં ભગવાને આ આંધળા છોકરાને લઇ લીધો હોત તો કેવું સારું.’ બધી બહેનોએ આ વાતને ટેકો આપ્યો. હું આ બધું સાંભળતો હતો. ક્રોધનો પારો ચરમ સીમાએ પહોંચ્યો. ત્યાં એક કચરાનો ટોપલો હતો તે ઉપાડીને મેં પેલી બહેનોના ટોળાં પર ફેંકયો ! ભારે હોહા થઇ



ગઇ ! કેટલાંક સમજદાર બહેનો બોલ્યાં પણ ખરાં, ‘ચાલો, આ વાત જવા દો. હવે આના વિશે કોઇ ચર્ચા ના કરશો.’ થોડી વારે બધું શાંત થયું. પરંતુ થયેલો આ સંવાદ મારા હૃદયને હચમચાવી ગયો. મનોમન મેં નકકી પણ કરી લીધું કે ‘ભલે મારી પાસે આંખોનું તેજ નથી પણ બુદ્ધિનું તેજ છે તે સાબિત કરી બતાવું.’ સાહસ શક્તિના વિકાસ ક્ષેત્રમાં આગળ જવાનું પણ મેં નકકી કર્યું. સામાન્ય બાળકો જે રમતો જે રીતે રમતા તેવી બધી જ રમતો હું તે બાળકો સાથે રમતો. આજુ-બાજુના વિસ્તારમાં અને પછી ગામમાં જાતે અવર-જવર કરી મોટું મિત્રવર્તુળ ઊભું કર્યું. બધા જે રીતે જુદી-જુદી પ્રવૃત્તિમાં ભાગ લે તેમ હું પણ જોડાતો. આ બધી પ્રવૃત્તિઓમાં મને મારા સાથી બાળકો પાસેથી ઘણું શીખવા મળતું. દરમ્યાન મારા બાપુજીના ફઇના દીકરા બચુભાઇ લાઠિયા અમારા ઘરે આવતા. મારી સાથે વાતો કરતા, વાર્તાઓ કહેતા, અવનવું શીખવતા. કાચા સૂતરમાંથી તેઓ દોરડાઓ વણતા. હું આ બધું જોતો. નવું જાણવા અને શીખવામાં મને ખૂબ રસ પડતો. ગાડાના આગળના ભાગમાં જયાં બળદ જોડાય છે તે ભાગમાં લગાડવામાં આવતું લાકડું, જેને આ લોકો માંકડી કહેતા. આ માંકડીનો તૂટેલો એક કટકો જેમાં દોરી બાંધી શકાય તેવો એક હૉલ હતો. બચુદાદા જે દોરડા વણતા હતા, તેમાંથી એક દોરીનો ટુકડો પેલા લાકડાના હૉલમાં બાંધી અને દોરીનો બીજો છેડો તેણે મારા હાથમાં આપ્યો. એમણે કહ્યું કે,‘જા આ સાંઢિયો ચલાવ.’ હું દોરીનો છેડો પકડી, આ લાકડાનો ટુકડો ઢસડતો હોઉં ત્યારે બધા કહે, ‘સાંઢિયો ચલાવે છે.’ મેં એકવાર દાદાને પૂછયું,‘દાદા, આ સાંઢિયો છે ?’ દાદાએ કહ્યું,‘હા, આ સાંઢિયો છે.’ મેં કહ્યું, ‘દાદા, તે જાતે કેમ ચાલતો નથી ?’ દાદાએ કહ્યું, ‘તેમાં જીવ નાખવો પડે.’ હું બોલ્યો, ‘તે કયાં મળે ?’ દાદાએ કહ્યું, ‘ભગવાનને એક કાગળ લખવો પડે.’ હું એક કાગળ લઇને આવ્યો. દાદાના હાથમાં કાગળ આપી કહ્યું : ‘દાદા, લખી આપો. મારે એક જીવ જોઇએ અને સાંઢિયો દોડે તે મારે જોવું છે.’ દાદાએ

કાગળમાં ઘણી બધી ઘડીઓ પાડી મારા હાથમાં આપ્યો અને કહ્યું : 'લે, તારી વાત લખાઈ ગઈ.' મેં દાદાને કહ્યું : 'હવે, આ કાગળ કોને આપવાનો ? આપણા ટપાલી પોપટભાઈને આપી દઉં !' દાદાએ કહ્યું : 'ના, આ કાગળ લેવા ભગવાનનો ટપાલી આવશે. તું કાગળ દરવાજાની તિરાડમાં ભરાવી દે.' મેં દરવાજાની તિરાડમાં ઘડી વાળેલો કાગળ ભરાવ્યો. બે - ત્રણ દિવસ થયા, કાગળ જે રીતે મેં તિરાડમાં ભરાવ્યો હતો, તેમનો તેમ ત્યાંને ત્યાં હતો. મેં પાછું દાદાને યાદ આપ્યું : 'દાદા, હજુ કાગળ ટપાલી લેવા આવ્યો નથી !' દાદા કહે : 'આવશે શાંતિ રાખ. ટપાલીને આવાં ઘણાં કામ કરવાના હોય.' તે રાત્રિના દાદાએ કાગળ કાઢી લીધો. સવારનાં હું જોવા ગયો. કાગળ ન હતો. મારી ખુશીનો પાર ન રહયો ! ભગવાનનો ટપાલી કાગળ લઈ ગયો. હવે સાંઢિયામાં જીવ આવશે. સાંઢિયો ફેરવવાની મજા આવશે. દિવસ પછી દિવસ વીતતા ગયા. ટપાલમાં લખ્યા મુજબ કંઈ થયું નહિ. દાદાને રોજ ઉઘરાણી કરું. દાદા કહે : 'ભગવાનનો જવાબ આવશે, તું બરાબર ભકિત કર'. મેં ભગવાનનાં નાનાં મંદિરો બનાવવાનું શરૂ કર્યું. કૃષ્ણ ભગવાનનો સરસ હિંડોળો પણ બનાવ્યો. ઘણા સમય સુધી દાદાની સલાહ મુજબ નિયમિત પૂજા-આરતીઓ કરી. કાંઈ પરિણામ મળ્યું નહીં. ઘાસની જાત જાતની ઝૂંપડીઓ પણ બનાવી. આ બધી પ્રવૃત્તિમાં મિત્રવર્તુળ વધ્યું. સાંઢિયાની વાત ભુલાણી ને પ્રવૃત્તિમાં વળાંક આવ્યો. શાળામાં જતાં મિત્રો કવિતાઓ અને પાઠ વાંચે તે હું સાંભળું. બપોરના બધા મિત્રો સાથે ક્રિકેટ પણ રમીએ. બાળપણથી લીડરશીપના ગુણ ખીલેલા. ક્રિકેટમાં પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં ટીમનો કેપ્ટન હું બનું. મારા નેતૃત્વ નીચે અમે ક્રિકેટ મેચ રમતા. મારા નિખાલસ બાળપણના કારણે કોઈવાર મારા બાળમિત્રો ફાવતા. મારા કાકાને હીરાનું કારખાનું હતું. હીરા ઘસવાની ઘંટી વગેરે મેં સ્પર્શ કરી, જોયા હતા. મારા ઘરે પણ મેં એના જેવી લાકડાની હીરાની ઘંટી બનાવી મિત્રોને હીરાના સ્થાને લાલ પથ્થરો ઘસવાનું કામ આપતો. આના બદલામાં



કામ કરતા બાળમિત્રોને બેથી દસ પૈસા સુધીનો પગાર પણ ચૂકવતો. કોઈવાર પિતાશ્રીને કહેતો : 'લાવો, આટલા પૈસા, મારે આટલા કારીગરને પગાર ચૂકવી છૂટા કરી દેવા છે. તેઓ મારા કહેવા મુજબ કામ નથી કરતા.' બાલ્યાવસ્થામાં વિકસી રહેલા આ નેતૃત્વના ગુણને મારા પિતાશ્રીએ હંમેશાં પ્રોત્સાહન પૂરું પાડયું હતું. તેમણે આ રીતે બાળકોને તું ખોટા પૈસા વહેંચે છો. તેમ કહી કદી અટકાવ્યો નથી. એમની આ ઉદારતાના લીધે, મારામાં નેતૃત્વનું આ ઘડતર થયું છે, તેમ હું માનું છું. ઈશ્વરે લગભગ સાડા ચાર વર્ષની વયે માતાનું છત્ર ઝૂંટવ્યું. પરંતુ એક માતા-પિતા સંયુકત છત્ર ન આપી શકે તેવું વિશાળ પિતારૂપી છત્ર મને આપ્યું. તે મારા વિકાસનું સીમાચિહ્ન છે, તેમ હું માનું છું.

૩

# પિતાનું પ્રદાન

રાત્રિના અંધકાર પછી જે રીતે પૃથ્વી પર ધીરે-ધીરે ઉજાસની ચાદર પથરાય છે તેમ મારા જીવનમાં પણ બન્યું. ઇશ્વરની બે - બે કપરી કસોટી પછી પિતાની સંવેદના, બાળકો પ્રત્યેની મમતા અને તેમના નેતૃત્વ પ્રત્યેના ઉચ્ચારાતા ઉદ્‌ગારોની મારા વ્યકિતત્વ ઘડતર પર સાનુકૂળ અસરોની ધીરે-ધીરે શરૂઆત થઇ. બાળ રમતોએ અનેરો ઉત્સાહ વધાર્યો. આર્થિક સંકડામણ વધી, પરંતુ પરિસ્થિતિ સાથે સમાયોજન સાધવાની શકિત વધી. મારા પિતા, મારા કાકા - મોટા બાપા મળી કુલ પાંચ ભાઇઓના પરિવારમાં ઉછર્યા હતા. તેઓ સ્વતંત્ર માઇન્ડ ધરાવતા હોવાથી તેમને વારસાગત મિલકતનો તે સમયે કોઇ લાભ આપવામાં આવેલો નહિ. ઘણી બેઠકો પછી ખેતરના ભાગલા કરવામાં આવ્યા. ઓછી ઉપજવાળી જમીન મારા પિતાના ભાગમાં આપવામાં આવી. ખેતી ખર્ચના પ્રમાણમાં ઉત્પાદન ઓછું મળે. ખેતીકામ કરી શકે તેવા, પિતા સિવાય પરિવારમાં કોઇ સભ્ય ન હતા અને મજૂરીથી કામ કરાવવાનું પરવડે તેમ ન હતું. બાપુજી મિત્ર સર્કલમાંથી સાંતી-બળદ અને વાવણીનાં સાધનો મેળવી, વાવેતર કરાવતા. બાજરો લણવાના સમયે પણ તેઓ એકલા હાથે ચાર વીઘામાં પાકેલા બાજરાનાં ડૂંડાં લણી ગાંસડી વડે, ખેતરથી ઘર સુધી પહોંચાડતા !

રાત્રિના સમય મળ્યે, તડકામાં તપાવેલા બાજરાના ડૂંડાંને ધોકાવી તેમાથી કાંધું અને બાજરો અલગ કરવા એક ઢગલો કરતા. બપોરના પવન ઊડે ત્યારે તે ઉપણી, તેમાંથી બાજરો છૂટો પાડી, ચોખ્ખો કરી, તેને દળાવતા અને આ રીતે પોતે બાજરાના રોટલા, શાક વગેરે બનાવી, અમને રોજ જમાડતા. આવું ઘણો સમય ચાલ્યું. ગમે તેટલી મહેનત કરવી પડે, થોડા સમય માટે કોઇ કાર્યમાં નિષ્ફળતા મળે પરંતુ બાપુજી કદી નારાજ થતા નહીં, એમ કહો કદી હાર સ્વીકારતા નહીં. મહેનત કરવામાં એકપણ કસર છોડે નહીં. આવું ઉમદા વ્યકિતત્વ ધરાવનાર મારા પિતા ટપુભાઇ પટેલ અમારા સોનાણી પરિવારમાં કુટુંબ અને ગામના પણ મોભી ગણાતા. ગામના નાના-મોટા અનેક લોકોના કામમાં તે મદદ કરતા. તેમણે અનેક ગરીબોને સરકારી અને સમાજની મદદ અપાવી, ઘણા લોકોને પગભર કર્યા છે. એવા લોકો કે જેમને પિતાશ્રી તરફથી નાની મોટી મદદ મળી હોય તેવા મહાનુભાવો જયારે મળે છે અને મદદ સંબંધી અમારી સાથે વાત કરે, ત્યારે તેમણે કરેલી મદદની જાણકારી અમને મળે છે. તેઓ જેમનું કામ કરી આપતા તેની કદી કોઇ વાતો અમારી સાથે કરતા નહિ. મૂંગાં મોંએ તેમણે જીવનપર્યંત અનેક લોકોનાં આંસુ લૂછયાં હોય તેવી અનેક વાતો જાણવા મળતી રહે છે. ગામનાં સતત ત્રણ વખત સરપંચ તરીકે ચૂંટાઇ તેમણે લોકોના દિલ જીત્યા છે. ભાવનગર તાલુકા પંચાયતના પ્રમુખ અને ભાવનગર માર્કેટિંગ યાર્ડ, ચિત્રા-ભાવનગરના બાંધકામ ચેરમેન તરીકે સેવા આપી, સાચા લોકસેવકનો દાખલો બેસાડયો છે. માર્કેટિંગ યાર્ડના બાંધકામ વખતે તેમને મોટી ઑફરો મળતી, પરંતુ તેઓ કદી લાલચમાં આવ્યા નથી. તેઓ સરકારી ભથ્થાં સિવાય કોઇપણ રકમ સ્વીકારતા નહિ. જીવ્યા ત્યાં સુધી તેમણે બનાવેલા વિલાયતી નળિયાવાળા લીંપણના મકાનમાં તેઓ રહયા. હા, આ મકાનનું તેમણે થોડું રિપેરિંગ એટલે કે રિનોવેશન જરૂર અમારા કહેવાથી કરાવ્યું હતું. તેમને ભાવનગર દક્ષિણના ધારાસભ્ય તરીકે પસંદ કરવા તાલુકાના



સેંકડો કાર્યકરોએ ભલામણ કરી, દરખાસ્ત પણ કરી હતી, પરંતુ ગંદા રાજકારણના કારણે પ્રજાજનોની ઇચ્છા સંતોષાય નહીં. તેમણે પોતે સાદગી ભોગવી બીજાને પોતાની આવકમાંથી આર્થિક સહાય કર્યાના અમોને ઘણા જ પુરાવાઓ મળ્યા છે. તેમના જીવનકાળ દરમ્યાન તેમણે કોઇના વિશે કયારેય કોઇ ફરિયાદ કરી નથી, એટલું જ નહિ પરિવારના સભ્યો પ્રત્યે કોઇપણ પ્રકારની અપેક્ષા હોવાનો સૂર દર્શાવ્યો નથી. આવી ઉજ્જવળ પ્રતિભાની છાપ મારા હૃદયમાં અંકાણી છે, જેના કારણે મને હંમેશાં આપવામાં આનંદ થાય છે; પરંતુ લેવામાં હું સંકોચની લાગણી અનુભવું છું. મને હંમેશાં આપવાના વિચારો આવતા રહે છે, લેવાના નહીં. આ ઉમદા ગુણ પાછળ હું પિતાશ્રીની જીવનશૈલીને કારણભૂત માનું છું. હું એ પણ સમજું છું કે મારા જીવનમાં સંસ્કારનો સૂર્ય બની જેટલો મને પ્રકાશિત કરવામાં આવ્યો છે તેટલો હું ચમકી શકયો નથી. મારા જીવન પર સંસારના અંધકારની પડેલી અસર હું દૂર કરી શકયો નથી. જેટલું સત્યનું મારા જીવનમાં સિંચન થયું છે, તેટલો હું પ્રતિસાદ આપી શકયો નથી. નાવિક સમુદ્રમાં રાત્રિના અંધકારમાં દીવાદાંડીના પ્રકાશના પ્રતીકે જેમ પોતાની નાવ ચલાવતા - ચલાવતા આગળ વધતો રહે છે તેમ હું પણ પિતાશ્રીરૂપી મારા જીવનની દીવાદાંડીને પ્રતીક બનાવી આગળ વધતો રહું છું. લાખો વિટમણા રૂપી અંધકારમાં આ દીવાદાંડી મને જ્ઞાનરૂપી પ્રકાશ આપી ઉત્તમ જીવન જીવવા પ્રેરિત કરે છે. અચાનક અંધત્વનો ભોગ બની માતાનું છત્ર ગુમાવ્યું છતાં જીવવાની હિંમત સમર્પણના ગુણો પ્રાપ્ત થાય તેવો સ્રોત પરમ કૃપાળુ પરમેશ્વરે ખોલી આપ્યો, તે અમારા માટે મોટો ઉપકાર છે. જીવનમાં કેટ-કેટલી-સમસ્યાઓનો સામનો આ ઉજજવળ પ્રતિભા ધરાવનારા મારા પિતાની સેવા નિષ્ઠા અને ઉદારતાના કારણે શકય બન્યું છે. તેમના જીવનમાંથી હું એટલું જરૂર સમજયો છું કે જીવનમાં કોઇના પ્રત્યે કોઇ ફરિયાદનો અવકાશ નથી. દરેક પ્રત્યે ઉપકારની ભાવના કેળવવી એ જ સાચો માનવ ધર્મ છે. મને

તેઓ મંદિરો કે બીજાં ધર્મ સ્થળોએ પણ સાથે લઇ જતા. અમે ધર્મસભાઓમાં પણ જતા. વ્યાખ્યાનો સાંભળવા જતા, રામલીલા અને ભવાઇવેશ પણ જોવા જતા પરંતુ તેમનું વલણ હંમેશાં તટસ્થ રહેતું. તેઓ કોઇ અંધશ્રદ્ધામાં માનતા નહીં. ભૂત-ભૂવા કે વહેમમાં માનતા નહીં. કોઇ માનતા, યાત્રા, પૂજાવિધિ વગેરેમાં સમય બગાડવાને બદલે માનવ સેવામાં પોતાનો સમય ફાળવતા. તેઓ કોઇપણની મદદ માટે પોતાની સાઇકલ, એસ.ટી કે મ્યુનિસિપાલિટીની બસમાં બેસીને  જવાનું પસંદ કરતા. જેમને મદદ કરવાની હોય તેમના વાહનમાં ન બેસતા, છેક ગાંધીનગર મોટરકારમાં  જતા હોય છતાં બાપુજી હંમેશાં એસ. ટી. બસમાં વહેલા નીકળી જે તે લાભાર્થી પહેલાં પહોંચી જતા, જેમના કામ માટે બાપુજી ગાંધીનગર ગયા હોય તે કામ પૂરું થાય એટલે લાભાર્થીને ત્યાંથી બાય-બાય કરી એસ.ટી. માર્ગે ભાવનગર પરત આવતા. આવાં અનેક ઉદાહરણો મેં જોયાં છે. જે-તે સમયે આ બાબતે આવા લાભ મેળવનાર વ્યકિતઓને મળવાની મને ઘણી વખત તક પણ મળી છે. ઘોઘારોડ પર એક લુહારને જે તે સમયે રૂપિયા ત્રણસોની કિંમતનો પ્લોટ અપાવી તેના પૈસાનું પેમેન્ટ પણ તેમણે કર્યું હતું. આજે તે લુહાર પરિવારના સંતાનો તે પ્લોટમાં લોખંડના ઓજાર - જોડવાનો વેલ્ડિંગ પ્લાન્ટ ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. આવાં તેમણે અનેક કામ કરી લોકોનાં દિલ જીત્યાં છે છતાં તેના વિશે તેમણે કોઇ પણને કયારેય કશું કહ્યું નથી. આવા ઉમદા વ્યકિતત્વને મારા શત શત વંદન.



૪

# અનોખી પ્રતિભા

મારા જીવનકાળ દરમ્યાન મને ઘણી પ્રતિભાઓનાં દર્શન કરવાની તક મળી છે. મૂલ્યવાન મહાનુભાવોને મળવાનો આનંદ ઉઠાવ્યો છે પરંતુ પિતાશ્રીની જીવન શૈલી, સેવાનું સમર્પણ, પોતાના માટેની કોઇ ચોકકસ ચીજવસ્તુની કયારેય માંગણી નહીં. તે જોતાં તેમના માટે ‘અનોખી પ્રતિભા’ શબ્દો જ તેમનું યથાર્થ મૂલ્ય લેખાશે. ૧૯૬૧ માં પાંચ જાન્યુઆરીના રોજ તેમના સરપંચ કાળ દરમ્યાન તે વખતના વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુને પાણીના ટાંકાના ઉદ્‌ઘાટન માટે લઇ આવ્યા હતા. જે તરસમિયા ગામ માટે એક ઐતિહાસિક ઘટના ગણી શકાય. તેમણે તરસમિયા ગામ માટે પીવાના પાણીની જૂથ યોજના પણ મંજૂર કરાવી હતી. ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીના મૃત્યુ પછી રાજીવ ગાંધી વડાપ્રધાન થયા. પછી ભાવનગરની પ્રથમ મુલાકાત સમયે, મહાનગરપાલિકાના ટાઉન હોલમાં કોંગ્રેસી કાર્યકરોને રાજીવ ગાંધીએ સંબોધન કર્યું ત્યારે પિતાશ્રીને મંચ પર બોલાવી વિશેષ સન્માન સાથે બેસાડવામાં આવ્યા હતા. તેમને ચૂંટણી સમયે ઉમેદવારોને આપવામાં આવતી ટિકિટ માટે જુદા-જુદા વિસ્તારમાં પક્ષના નિરીક્ષક તરીકે પાર્ટી તરફથી મોકલવામાં આવતા તેમજ પક્ષની આંતરિક મીટિંગોમાં તેમનો નિયમિત અભિપ્રાય લેવામાં આવતો.

તેમણે જીવનપર્યંત પક્ષના વફાદાર કાર્યકર તરીકે કૉંગ્રેસ પક્ષમાં અનેક સેવાઓ પ્રદાન કરી હતી. તેમણે રોજગારવાંછુ યુવાવર્ગને પ્યૂનથી માંડી ડૉકટર સુધીની નિમણૂક અપાવવામાં મહત્ત્વનો સહયોગ આપી, અનેક લોકોને પ્રસ્થાપિત કર્યા હતા. રાત્રિના ૮ થી ૧૦ તેમની પાસે જુદા-જુદા પ્રશ્નોની રજૂઆત માટે લોકો નિયમિત આવતા, અનેક ચર્ચાઓ થતી. તેમની પાસેથી હંમેશાં નવા ઉકેલ અને માર્ગદર્શન લોકોને મળી રહેતાં. આવેલા લોકો સંતોષ સાથે પોતાના ઘરે જતા. આવી પરામર્શ સભાનો મને હંમેશાં લાભ મળતો. શાળામાં વેકેશન કે રજાના દિવસો હોય ત્યારે એક પણ દિવસ પાડ્યા વગર હું આવી તક અચૂક મેળવતો. આ સભા દરમ્યાન ધર્મની પણ અનેક ચર્ચાઓ થતી. પિતાશ્રી હંમેશાં માનવધર્મ અને માનવ સેવા પર ભાર મૂકતા. મને પણ તેમની વાતો ખૂબ ગમતી. આખો દિવસ આવેલા લોકોને ચા-પાણી પિવડાવવાનું કામ મારાં ભાભી ખૂબ ઉત્સાહથી કરતાં. તેમણે મને હંમેશાં માતાની જેમ સ્નેહ સાથે ઉછેર્યો છે. મારી નાની-મોટી તમામ કાળજી લેતાં. તેઓ પોતાનાં બાળકોને જે ખવડાવે તે બધાંમાં મારી પણ ગણતરી થતી. તેમને પણ હું સલામ કરું છું. મારા ઘડતર પાછળ આ બધા પરિવારના લોકોની ખૂબ કૃપા રહી છે. ચૂંટણી સમયે રેડિયો સમાચારનું ઉત્તમ માધ્યમ હતું. અમારે ત્યાં રેડિયો ચોવીસ કલાક ચાલે. મતગણતરી સમયે અમારું ઘર માહિતી મેળવવાનું કેન્દ્ર બનતું. જાત-જાતના લોકો આવીને મનઘડત વાતો અને અનેક ચર્ચાઓ કરતા. આ બધું મારા કાને પડતું રહેતું. તેથી સાચી ખોટી વાતોનું વિશ્લેષણ કરવાની શકિત મારામાં વિકસી. મારા માનવા મુજબ અનુભવ જીવનની સૌથી મોટી પદવી છે, જે કોઈપણ શાળા, કૉલેજ કે યુનિવર્સિટી ન આપી શકે. વ્યકિતગત ઘડતર માટે તેમને મળેલા અનુભવો ખૂબ અગત્યના હોય છે. જેમ મુસાફરને સાથે બાંધેલું ટિફિન ભૂખ લાગે ત્યારે ભોજન માટે ખપ લાગે છે તેમ અનુભવ દ્વારા મળેલું શિક્ષણ વિપરીત પરિસ્થિતિમાં તેમનો સામનો કરવા ટેકો આપે છે, શકિત આપે



છે, સમજણરૂપી દ્રષ્ટિ આપે છે. મેં આંખોની દ્રષ્ટિ ભલે બાલ્યાવસ્થામાં ગુમાવી પણ સમજણની દ્રષ્ટિ કિશોરાવસ્થામાં મેળવી લીધી. તે કદાચ આજની સફળતાનું સોપાન બન્યું છે. સફળતાના શિખર પર પહોંચવા અનેક સમસ્યારૂપી ચઢાણ ચડવાની શકિત, વ્યકિતને માત્ર અનુભવ જ આપે છે ! બે પૂંઠાં વચ્ચેનું શિક્ષણ રામનું નામ પોપટ મુખપાઠ બોલે તેવું છે. જેમ પોપટ જાણતો નથી, રામ શું છે ! તેમ પાઠ્ય પુસ્તકમાં લખેલી બાબતને વ્યકિત વાંચી જાય છે, પણ પામતો નથી. કારણ સમજરૂપી દ્રષ્ટિ અનુભવના અભાવે ખૂલી નથી, તે બંધ છે. તેથી તેની સામે જે આવે છે તેનું પૃથક્કરણ કરવા તે અસમર્થ છે. હું માનું છું કે પ્રત્યેક વિદ્યાર્થીને અનુભવનું શિક્ષણ મળે. બે પૂંઠાં વચ્ચેનું શિક્ષણ એ શિક્ષણ માટેની રૂપરેખા હોઈ શકે, પરંતુ તે શિક્ષણનો બેઈઝ નથી, પાયો નથી અને જ્યાં બેઈઝ કે પાયાનો લોપ છે, ત્યાં અસ્તિત્વનું જ જોખમ છે. આપણે મૂલ્ય શિક્ષણની વાતો ઘણી કરીએ છીએ પણ મૂલ્ય માટેના માઈલ સ્ટોન નથી. પિતાની વાતોએ મારા હ્રદયના તાર ઝંઝરીત કર્યા છે. જેમાંથી સંગીત, નિરંતર નીતરતું રહ્યું છે. અર્થાત્ ઝીણાં સંગીતનો સંવાદ જાણે કાને પડતો હોય તેવો અહેસાસ થતો રહે છે. હું એ પણ જાણું છું કે પિતાનું આ પ્રદાન મારા ઘડતર કે ચણતર માટે હશે. જગતમાં ઘણા લોકો આવે છે અને જાય પણ છે. યાદ એવા જ લોકો રહે છે કે જેમણે પોતાના આત્માના તેજથી ઈશ્વરની સૃષ્ટિને સમજવાનો અને બીજાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. સૃષ્ટિના સર્જકે જીવસૃષ્ટિનું સર્જન કરી, સંસારમાં અનેક જીવોનું અવતરણ કરી, સંસાર પર ઉપકાર કર્યો છે. તેમાંય માનવનું સર્જન અન્ય જીવોથી આગવું અને ઉમદા શરીર રચના, બુદ્ધિરૂપી ઉત્તમ કૌશલ્ય આ બધું શા માટે એ સમજવા આંતર દ્રષ્ટિની જરૂર પડશે, આ આંતર દ્રષ્ટિ મને પિતાના વ્યકિતત્વમાંથી મળી છે. તેઓ ગાંધીજીના ચાહક હતા. પોતાનું કામ જાતે કરતા, ભારે હિંમતવાન હતા. મોટી નાળચાવાળી બંદૂક પણ રાખતા. તેમણે તે માટે પોલીસ ખાતા પાસેથી બંદૂક

રાખવાનું લાયસન્સ મેળવ્યું હતું. કદી આ જીવલેણ હથિયારનો કોઇના પર પ્રયોગ કર્યો ન હતો. તેઓ નીડર જીવન જીવવા આ લાયસન્સવાળી બંદૂક રાખતા હશે તેમ હું માનું છું. તેમને લોકોના કામ અર્થે અડધી રાતે પણ વારંવાર અવાવરુ જગ્યાએ જવું પડતું એટલા માટે પણ આવા હથિયારની જરૂર પડતી હોય ! ટૂંકમાં, મને આ બધું જોયા પછી જીવન જીવવા માટેની નૈતિક હિંમત તેમના પાસેથી મળી છે. આ ઉપરાંત તેઓ જે વાતો કરતા, ઉદાહરણો આપતા, વાર્તાઓ કહેતા-તેમાંથી મને ખૂબ મળ્યું છે. આને હું વારસામાં મળેલો અમૂલ્ય ખજાનો માનું છું.



૫

# બીજનું વાવેતર

"હે પ્રભુ, પ્યારા, દુઃખ હરનારા, સૃષ્ટિ સર્જનારા, સુંદરતા બક્ષનારા," પરમ કૃપાળુ પરમેશ્વર ખૂબ દયાળુ છે. તે માત્ર સૃષ્ટિનું સર્જન કરીને અટકી જતા નથી, પણ તેને સુંદર પણ બનાવે છે. જેમણે આંખોનું તેજ ઝૂંટવી લીધું, જીવનમાં કાળાં ડિબાંગ વાદળોની વણજાર સાથે આંખોમાં અંધારાં આંજવાનું જેમણે કામ કર્યું, તે જ ઇશ્વરે ચમકતી સંધ્યા જાણે કે સર્જી ! ઇશ્વર સાથે જોડાયેલા એક તાર, સાંઢિયાનો જીવ ન મળ્યો પરંતુ માણવા જેવું આખું જીવન જરૂર મળ્યું. આગળના ચેપ્ટરમાં લાકડાની માકડીમાં એટલે કે સાંઢિયામાં જીવ મૂકવા માટે ઇશ્વરને શ્રદ્ધાથી લખેલ પત્ર જાણે કે ઇશ્વરે વાંચી લીધો હોય તેમ પોતાની સર્જનશકિતની કૃપા વરસાવવાનું શરૂ થયું. જેમ વરસાદ પછી ધરતી લીલીછમ બને છે એક ઓઢણી ઓઢી, શણગાર સજી જેવી સજજ બને છે, તેવું જ મારા જીવનમાં ઇશ્વરની કૃપાથી થયું ! ભદ્દભાઇ નામના તલાટી-કમ-મંત્રી બાપુજી પાસે રોજ મળવા આવે, તેમની સાથે જ્ઞાન સંબંધી બાપુજીની વાતો ચાલતી. મને તેમની વાતોમાં ઊંડાણથી રસ પડતો. તેઓ રેડિયો સાંભળવાના શોખીન હોય તેવું મને લાગ્યું. તે વખતે આકાશવાણી, અમદાવાદ રેડિયો પર શાણાભાઇ શકરાભાઇ કાર્યક્રમ ભારે જાણીતો બન્યો હતો. તેમાં ગીત-સંગીત,

જ્ઞાનની વાતો, નાટક અને એના જેવા ઘણા બધા ઉપક્રમો આવતા. આ કાર્યક્રમમાં પત્ર લખી શકાય તેવી વાત એક દિવસ ભટ્ટભાઇ કરતા હતા. હું બીજે દિવસે - ભટ્ટભાઇ આવે તે પહેલાં પંદર પૈસાનું પોસ્ટકાર્ડ લઇ આવ્યો. ભટ્ટભાઇ આવ્યા, તે કાંઇ બોલે તે પહેલાં, તેના હાથમાં મેં પોસ્કાર્ડ મૂક્યું અને કહ્યું : 'શાણાભાઇ - શકરાભાઇના કાર્યક્રમમાં મને કાગળ લખી દો. તેમાં મારું નામ પહેલું લખજો.' તે જ દિવસે પોસ્ટ કાર્ડ લખાયું અને તે રવાના પણ થઇ ગયું. લગભગ આઠ દિવસ પછી અમારા પત્રનો કાર્યક્રમમાં સમાવેશ થયો. મારું નામ રેડિયો પર બોલાયું. રેડિયો સાંભળવામાં રસ લાગવા માંડયો ! ખાવાનું ભુલાય પણ રેડિયો સાંભળવાનું ક્યારેય ચૂકાય નહિ. ગમતા બધા કાર્યક્રમો સાંભળું ! રેડિયો પર એકવાર સાંભળવા મળ્યું કે અંધ વ્યકિત બ્રેઇલલિપિ દ્વારા ભણી શકે છે. આ વાત મારા માટે પૂરતી હતી. મેં તલાટી-કમ-મંત્રી ભટ્ટભાઇને તે વાત કરી. ભટ્ટભાઇ ભારે ઉત્સાહી હતા. તેમણે થોડા દિવસ પછી ભાવનગરમાં ચાલતી અંધશાળા વિશે બધી માહિતી આપી. મેં શાળામાં ભણવા માટે દાખલ થવાનો નિશ્ચય કર્યો. બાપુજી લાગણી અને સંવેદનામાં ગૂંચવાયેલા હતા. જુદા - જુદા તહેવારને આડા ધરી તેઓ કહેતા : 'શ્રાવણ મહિના પછી, દિવાળી પછી, હોળી પછી' - મૂરત આવતું ન હતું. લગભગ બે વર્ષનો સમય વીતી ગયો હશે. હવે હું બાપુજીની તહેવારના લિસ્ટની વાતોથી ટેવાઇ ગયો હતો. હું એ પણ જાણતો હતો કે તેઓ મને અંધશાળામાં ભણવા મૂકવા નથી માગતા. હું મનોમન વિચારતો હતો કેઅંધજનો કેવી રીતે ભણતા હશે ? તેની લિપિ કેવી હશે ? વગેરે પ્રશ્નોના ઉત્તરો મેળવવા હું મંથન કરતો પણ જવાબ મળતો નહિ. ગુજરાતીમાં કહેવત છે કે 'લાખો નિરાશામાં એક આશા છુપાયેલી હોય છે' તેવું જ મારી બાબતમાં થયું. અંધશાળાના વિદ્યાર્થીઓનો ફંડ રેજિંગ માટે તરસમિયાના રામજીમંદિરમાં એક કાર્યક્રમ યોજાયો. રાત્રિના આ કાર્યક્રમનું આયોજન થયું હતું. ગામમાં વાયુવેગે અંધશાળાના કાર્યક્રમ વિશે ચર્ચા થવા લાગી. મારા કાને તે વાત



પડતા કોઇને પૂછયા વિના રાત્રિના નવ કલાકે હું રામજીમંદિર પહોંચી ગયો. મંડળી જોરદાર હતી. વાજું, તબલાં ને મંજીરાં જમાવટ કરી રહ્યાં હતાં. આવેલ કલાકારો એક પછી એક ભજનો લલકારી રહ્યા હતા. એક પ્રજ્ઞાચક્ષુ બહેન કુસુમબેન માંડાણીએ બધાની આંખો ભીની થઇ જાય તેવી હૃદયદ્રાવક નાટયાત્મક શૈલીમાં વાર્તા રજૂ કરી હતી. મારા બાપુજીથી મોટાભાઇ જેને અમે મોટા બાપા કહેતા. તે ગોરધનદાદા પણ આ કાર્યક્રમમાં હાજર હતા. તેમની સાળીનો દીકરો અંધ હતો. તે પણ આ કાર્યક્રમમાં કલાકાર તરીકે હાજર હતો. તે તબલાનો વિદ્વાન કલાકાર હોવાથી આખા કાર્યક્રમમાં તબલાં વગાડવાની જવાબદારી તેમના શિરે હતી. કાર્યક્રમ દરમ્યાન હું આ બધા મિત્રોને પણ મળ્યો. તબલાવાદક પ્રજ્ઞાચક્ષુ કલાકાર દેવરાજભાઇ ગોપાણી જેઓ અલ્પદૃષ્ટિ ધરાવતા તેની સાથે મારા મોટા બાપુ ગોરધનભાઇએ મારો પરિચય કરાવ્યો. બીજા દિવસે અંધશાળામાં ભણવા માટે તેમની સાથે જ મારે જવાનું તેવું મોટાબાપાએ નકકી કર્યું. મારે ગુજરાતી કહેવત મુજબ ભાવતું ભોજન મળ્યું. બીજા દિવસે વહેલી સવારે ઊઠી, જાતે તૈયાર થઇ, એક જોડી કપડાં થેલીમાં મૂકી, હું મોટાબાપુ ગોરધનભાઇના ઘર તરફ જવા નીકળું તે પહેલાં મારી હિલચાલની ઘરના લોકોને ખબર પડી. મેં રાત્રિના કાર્યક્રમ વિશે બધાને વાત કરી. તેમજ મોટાબાપુએ પરિચય કરાવેલ પ્રજ્ઞાચક્ષુ દેવરાજભાઇ ગોપાણી વિશે પણ વિગતે વાત કરી. હું આજથી ભાવનગર અંધશાળામાં ભણવા જાઉં છું, તે વાત જાણી ભાભી રડી પડયાં. કોઇ કાંઇ બોલે તે પહેલાં મેં ચાલવાનું શરૂ કર્યું. મોટાબાપુના ઘરે પહોંચી ગયો. ત્યાં કાર્યક્રમમાં આવેલાં તમામ અંધ ભાઇ-બહેનોના ચા-પાણી નાસ્તાનો કાર્યક્રમ હતો. અમે નાસ્તાનો કાર્યક્રમ પતાવી મ્યુનિસિપાલિટી બસમાં નીકળી ગયા. શાળામાં મારી ઉંમરના અંધમિત્રોને મળવાનું થયું. બ્રેઇલ વિશે માહિતી મેળવી ખૂબ ઝડપથી હું બ્રેઇલ શીખી પણ ગયો. ભણવામાં ઊંડો રસ પડતો તેના કરતાં શાળાનો સમય પૂરો થયા પછી

અવનવી રમતો રમવાની મિત્રો સાથે ભારે મજા પડતી. દેવરાજભાઇ અને બીજા મોટાભાઇઓને મળવાનું ટાળતો. અમારી ટુકડીમાં ગિજુ જોષી ભારે તોફાની. અમને બધાને મારીઝૂડીને કાબૂમાં રાખતો. કોઇવાર ચાલુ હિંડોળે નીચે પણ ફેંકી દેતો. ગિજુને કોઇ કાંઇ કહી શકે નહિ. બધા મિત્રોને ભારે દાબમાં રાખતો. તેના કરતાં તેના સગા મામા ભાવનગરમાં નોકરી કરતા તે આવીને અમને ઘણીવાર દબડાવી જતા. તેનો અમને બહુ ડર લાગતો એટલે અમે ગિજુ જોષીનું તોફાન સહન કરતા. મિત્રો માર ખાઇ લેતા. મેં થોડા મિત્રો ભેગા કર્યા. અમે નક્કી કર્યું : ‘એક દિવસ ગિજુને સીધો કરવો છે.’ શાળા છૂટવાનો બેલ પડયો. અમે હિંડોળા પર ગોઠવાયા. હીંચકો ખાવાનું શરૂ કર્યું. ગિજુ રોજની માફક આવ્યો. તેમણે હિંડોળો ખાલી કરી આપવા બૂમ પાડી. આજે અમે નક્કી કર્યું હતું કે ગિજુ ગમે તેટલા ઠેકડા મારે, એ કહે તેમ કરવું નહિ. તેમણે તેમની ટેવ મુજબ અમારા એક મિત્રને ચાલુ હિંડોળે ધક્કો મારી નીચે પાડયો. અમે એક સાથે બધા મિત્રો ગિજુ પર તૂટી પડયા. ખૂબ લાતો મારી. તે આવું કદી નહિ કરે, તેવું અનેકવાર બોલાવ્યું. મોઢું ખોલી થોડી માટી પણ મોંમાં નાંખી. ‘તમારી ગાય છું’ તેવા શબ્દો અનેકવાર બોલાવ્યા પછી મને લાગ્યું હવે તે ભવિષ્યમાં આપણને આ રીતે હેરાન નહિ જ કરે. તેમની ભારે વિનંતી પછી ધર્મના સોગંદ ખવડાવી તેને મુક્ત કર્યો. અમારા માટે એ વિજયનો દિવસ હતો. ગિજુના મામાનો ડર પણ હવે ન હતો કારણ કે એ જ દિવસે તેની બદલીનો ઓર્ડર નીકળી ગયો છે, તેના સમાચાર મળ્યા હતા એટલે અમને ખબર હતી કે હવે ગિજુભાઇ સીધા થશે, એને સીધા થવું પડશે ! કોઇ પણની જિંદગીમાં આવા અવરોધો આવતા હોય છે પણ ધીરજ રાખવાથી આ જ રીતે અવરોધ દૂર પણ થતા હોય છે. હવે ગિજુ મારો અંગત મિત્ર બની ગયો. અમને સંગીત શીખવતો. ગિજુ જોષી અને અમારી મિત્રતા દિવસે-દિવસે ગાઢ બનવા લાગી ત્યારે મને ખરેખર સમજાયું કે જીવનમાં ઝેર પણ ઔષધી બની શકે છે. એ જ રીતે જયાંથી પોષણ મળે છે. એ જ પોષણ



સ્રોત વ્યકિતના મૃત્યુનું કારણ બની શકે છે. કવિ કલાપીની પંકિતની સમજ કિશોરાવસ્થામાં મળી ‘જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી’ શ્રી ગિજુ જોષીની બાબતમાં આ પંકિત અમારા માટે યથાર્થ ઠરી. તે પહેલાં અમને મારતો પરંતુ પાછળથી તે અમારા માટે ખૂબ ઉપયોગી બન્યો. આવું જ આપણા જીવનકાળમાં બનતું હોય છે. મારા જીવનમાં આંખોરૂપી આવેલો અંધાપો આજે મારા વિકાસનું ઉજજવળ તેજસ્વી કિરણ થયું છે. જે સૂર્યના કિરણથી વધુ પ્રકાશિત છે. આંખોની રોશની દાર્શનિક અનુભવ આપી શકે, જયારે અંતરની આંખો અવનવા ભેદ ઉકેલવામાં, રહસ્યો સમજવામાં સહાયભૂત બને છે. દૃષ્ટિ માત્ર આંખો આપતી નથી, શરીરની પ્રત્યેક જ્ઞાનેન્દ્રિય દૃષ્ટિ આપવા સમર્થ છે. જેથી જેમણે આંખોની તેજસ્વિતા ગુમાવી છે, તેમણે અન્ય ઇન્દ્રિયોની શકિતઓ વિકસાવવા યત્ન કરવો જોઇએ તેમ હું માનુ છું. મંજિલ વગરના મુસાફર કશું પામતા નથી, મંજિલવાળા મુસાફર કશું ગુમાવતા નથી.

૬

# મહારાજની મઢીએ

શિક્ષણ જીવનપર્યંત ચાલતી પ્રક્રિયા છે. તેનો પ્રારંભ પિંડના બીજથી થાય છે. વ્યક્તિ ડગલેને પગલે નવું શીખતો રહે છે. બાળપણમાં બાપુજીના અંગત મિત્ર પરંતુ સાધુનો ભેખ ધારણ કરનાર વલ્લભ મહારાજ એક મઢીમાં રહેતા હતા. મહારાજની મઢીએ સદ્‌ગૃહસ્થો ભેગા થઇ ધર્મની વાતો કરતા. કોઇવાર મહાભારતનું વાંચન પણ થતું. અમારા કાકા દુલાભાઇ મેઘજીભાઇ મહાભારતનું વાંચન કરવામાં ખૂબ પાવરધા. તેઓ સંગીત લય સાથે કવિશ્રી પ્રેમાનંદ રચિત મહાભારતનું આગવી શૈલીમાં વાંચન કરતા. આ દુલાકાકાને બધા 'ભગત' તરીકે ઓળખતા. તેઓ શાસ્ત્રોની ઊંડાણથી વાતો કરતા. હું આ ધર્મ પરિષદમાં નિયમિત હાજરી આપવાનું પસંદ કરતો. વાંચન બાદ મારા મનમાં ઘણા પ્રશ્નો ઉદ્‌ભવતા. દરેક પ્રશ્નો વિશે હું બાપુજી સાથે હંમેશાં પરામર્શ કરતો, જેના કારણે મારી કેળવણી બાલ્યાવસ્થાથી શરૂ થઇ. શિક્ષણ એ વર્ગખંડમાં મેળવવાની પ્રવિધિ નથી, પરંતુ શિક્ષણ સાર્વત્રિક મળી શકે તેવી ટંકશાળ છે. જેમાંથી જ્ઞાનશક્તિ ઉદ્‌ભવે છે. આ શક્તિ જ આજે મને માર્ગદર્શન પૂરું પાડી રહી છે. મહારાજની મઢીએ શાસ્ત્રોના વાંચન સાથે નિયમિત પધારનાર સાધુ મહંતોની જ્ઞાનગોષ્ઠિ યોજાતી. કોઇવાર ખાણી-પીણીના કાર્યક્રમો

યોજાતા, જેમાં રંધાતાં ભજિયાં, દાળવડાનો સ્વાદ આજે પણ મને યાદ છે ! વલ્લભ મહારાજની અવનવી રસોઇમાં આગવી કલા હતી. માલપૂવા, પરોઠા કે એની જેવી ઘણી વાનગીઓ બનતી. કોઇવાર રાત્રિના કાર્યક્રમમાં મોડું થઇ જાય, ભજિયાં બને તે પહેલાં હું મઢીના પાથરણે જ ઊંઘી જતો. મને ખૂબ મહેનત કરી, ઉઠાડી તેઓ ભજિયાં અચૂક ખવડાવે. એક વખત મઢીએ કોઇ સાધુ મહારાજ પધાર્યા હતા. તેમણે મારા માથા પર હાથ મૂકી કહ્યું - ‘હું ઔષધિ આપુ, તે બે દિવસ આ છોકરાની આંખમાં આંજો તો તેને દેખાતું થઇ જશે. મહારાજના કહેવા મુજબ મારી આંખો પર તે પ્રયોગ અજમાવવામાં આવ્યો. આંખોમાં ભારે બળતરા સહન કરવી પડતી હતી. ઘણી આનાકાની કરું, હાથ-પગ બે ત્રણ વ્યકિત જકડી લે. આવું ત્રણ-ચાર દિવસ ચાલ્યું. કલાકે - બે-કલાકે પેલી ઔષધિ મારી આંખોમાં નાખવામાં આવતી. થોડીવારમાં હનુમાનદાદા બધું સારું કરશે તેવું બધા બોલતા, પરંતુ તેનો ફાયદો કંઇ થયો હોય તેવું યાદ નથી. મને લાગે છે- હિન્દુસ્તાનમાં અનેક અંધજનોની આવી જ હાલત થઇ હશે ! દૃષ્ટિ ગુમાવવી અર્થાત્ આંખોનું તેજ ગુમાવવું, તે આપણો દોષ નથી પરંતુ ઈશ્વરે આપેલી આંખોનું તેજ ગુમાવ્યા પછી તે પરત મેળવવા જાત-જાતનાં નુસખાઓ કરવામાં સમય બરબાદ કરવો તે આપણો દોષ છે-તેમ હું માનું છું. મને વિશ્વાસ છે કે - આટલી જાગૃતિ પછી હવે કોઇ આંખોની દૃષ્ટિ ગુમાવનાર અંધજનને આવું સહન નહિ કરવું પડે. મહારાજની મઢીએ શાસ્ત્રોના વાંચનમાંથી જેટલું હું શીખ્યો છું, તેના કરતાં લોકોની અંધશ્રદ્ધામાંથી ઊભી થતી પરિસ્થિતિને લીધે વ્યકિતને થતાં નુકસાન વિશે વધુ શીખ્યો છું - તેમ હું માનું છું. સાધુસંતોને ભગવાન અવાર-નવાર મળતા હશે તેવી મારી માન્યતા હતી, પરંતુ અનેક ફકીરો અને સાધકસાધુઓને મળ્યા પછી હું એ સમજી શકયો છું કે - સાધુ બનવા પાછળ જો કોઇ મનોરથ હોય તો તે કર્મથી બચવાનો છે, ઈશ્વર મેળવવાનો નહીં. જેઓ સંપત્તિનો ત્યાગ કરવાનો દંભ કરે છે, તેવા સાધુઓ પણ એનકેનપ્રકારેણ આવી



સંપત્તિ મેળવવા મથતા હોય છે. નિષ્કામ સેવા કરનાર માનવી સાચો સાધુ છે, સાધક છે. કામના બદલામાં જયારે કોઇ અપેક્ષા રાખવામાં આવે છે, ત્યારે કરેલા કાર્યનું કોઇ મૂલ્ય રહેતું નથી, પરંતુ અપેક્ષા વગરના કાર્યનું કોઇ મૂલ્ય આંકી શકાતું નથી. ઘીનો દીવો કરી, ટોકરી વગાડતા પૂજારીઓ અને મોક્ષ મેળવવા આસન લગાવી બેઠેલા સાધુઓ કરતાં સ્વાર્થ વગર જરૂરિયાતમંદ માનવીને મદદ કરનાર મનુષ્ય સૌથી મોટો સાધુ છે-તે મંત્ર હું મહારાજની મઢીએથી શીખ્યો છું. મને જે મહારાજની મઢીમાં જાણવા મળ્યું, જોવા મળ્યું એ તમામ સાધુઓની મઢીઓમાં ને આશ્રમોમાં બનતું જ હશે ! આપણા દેશમાં આવું કેમ ચાલતું હશે? તે પ્રશ્નનો ઉત્તર મને આજદિન સુધી મળ્યો નથી. આ પુસ્તકના વાચક આ પ્રશ્નનો જવાબ મને આપશે તો મને જરૂર આનંદ થશે.

૭

# ખીલ્યું સેવાનું પારિજાત પુષ્પ

ઈશ્વરની સૃષ્ટિનો સિદ્ધાંત અવલંબન પર રહેલો છે. એકબીજાના આધારે એકબીજા પોતાનું અસ્તિત્વ સ્થાપિત કરે છે. પૃથ્વી સૂર્યની સાપેક્ષમાં પોતાની ધરી પર જે રીતે પ્રદક્ષિણા કરે છે, તેવું જ સૃષ્ટિના પ્રત્યેક પદાર્થમાં બને છે. પછી તે જીવિત હોય કે નિર્જીવ પદાર્થ હોય ! મારો ઉછેર સેવાના સંકુલ સાથે થઇ રહ્યો હતો, તેથી તેની સ્વાભાવિક અસર થવાની જ હતી અને તે થઇ પણ ખરી. સંગીત વિશારદ થયા પછી સંગીત શિક્ષક બની પરિવારને સંભાળીશ તેવા સીમિત વિચારો મગજ પર પ્રસ્થાપિત હોવા છતાં તેમ થઇ શક્યું નહીં. હા, સંગીત વિશારદની પરીક્ષા બૃહદ્ ગુજરાત સંગીત સમિતિ અમદાવાદ અને અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય - મિરજ (મહારાષ્ટ્ર) બંને સંસ્થાઓની પદવી મેળવી. આવી પદવી મેળવનાર ગુજરાત સરકાર દ્વારા સેંકડો અંધજનોને સંગીત શિક્ષક તરીકે નિમણૂક પણ અપાઇ છે, પરંતુ હું આ પ્રક્રિયાથી મારા પર આવેલ એક ટૅલિફૉનના કારણે અલિપ્ત રહ્યો. આ ટેલિફૉન શ્રી અંધ અભ્યુદય મંડળ, ભાવનગરના માનદ્‌મંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ જોષીનો હતો. તેઓ એસ.ટી. બસ સ્ટેન્ડ ભાવનગરમાં લોકલ ટેલિફૉન પી.સી.ઓ. ચલાવતા હતા. તેમને હું નામથી જ ઓળખતો. કોઇવાર રૂબરૂ મળવાનું થયું હશે પણ ખાસ કોઇ પરિચય કેળવેલ નહિ. તેમણે તરસમિયા ગામમાં એકમાત્ર ટૅલિફૉન ધરાવનાર અમારા

કુટુંબી વડીલશ્રી છગનભાઇ રવજીભાઇ સોનાણીની દુકાને આવેલા ટેલિફોન પર ફોન કરી મને બોલાવી આપવા મારા કુટુંબીભાઇ છગનભાઇને વિનંતી કરી, તેમણે તેમની વિનંતીને માન આપી, મને ગામમાંથી શોધી ટેલિફોન પર જોશીભાઇ સાથે વાત પણ કરાવી આપી. ચંદ્રકાંતભાઇ જોશીએ મને એસ.ટી. બસ સ્ટેન્ડે રૂબરૂ મળવા બીજા દિવસે બોલાવ્યો. મારી અડધો કલાકની તેમની સાથે મુલાકાત થઇ. તેમણે મંડળના સંચાલન માટે મને જોડાવા કહ્યું. 'હું સંગીત શિક્ષક તરીકે નોકરીમાં જોડાવા માગુ છું' તેમ પણ જોશીભાઇને મેં કહ્યું. તેમણે કહ્યું : 'સેવાના કામમાં એકવાર જોડાવ તો ખરા ! પછી તમને ગમે તેમ કરવું'. હું ત્રીજા જ દિવસથી મંડળમાં જોડાઈ ગયો. સેંકડો નબળી આર્થિક સ્થિતિવાળા અંધજનોને મળવાની તક મને મળી. મારું હૃદય પરિવર્તિત થઇ ગયું. કોઇપણ સરકારી નોકરી કરવી નહિ તેવો સંકલ્પ કર્યો. અગાઉ રેલવે કર્મચારીઓની પસંદગી માટે યોજાયેલ લેખિત પરીક્ષામાં હું પાસ થયો હોઉં તેવું પરિણામ પણ આવ્યું, છતાં પણ ઓરલ ઇન્ટર્વ્યૂ નહિ આપવાનું હું મન મનાવી શકયો. આ અને આવી ઘણી બધી નોકરીની તકો જતી કરી, મેં પસંદ કરેલા માર્ગ પર હું આજદિન સુધી મકમતાથી ચાલતો રહ્યો છું અને ચાલતો રહીશ. ૧૯૯૪ માં મારી પાસે અંધશાળામાં જોડાવાની એક ઑફર આવી. આ માટે તે વખતનાં સંસ્થાના સંચાલક શ્રી અંતુભાઇ રાવળ અને શ્રી બાબાભાઇ મને પ્રસંગોપાત મળતા ત્યારે 'અંધશાળામાં પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓને સમજી શકે તેવા કાર્યકરની અમારે જરૂર છે' તેમ કહેતા. અંધશાળાના નાનામોટા- પ્રશ્નોના ઉકેલમાં હું બહારથી સહભાગી થતો. શ્રી અંતુભાઇ રાવળ ઘણી વખત અમારી અંધ અભ્યુદય મંડળની ભાંગલીગેઇટ પાસે આવેલી ભાડાની ઑફિસમાં આવતા અને મને કહેતા, 'અંધશાળામાં તમે આવો, તમારી આ કામમાં જરૂર છે, પેલા કામમાં જરૂર છે' તેવી અનેક વાતો ચાલતી. એકાદ - બે વખત બાબાભાઇ પણ મને મળવા આવ્યાનું મને યાદ છે. તેમની સાથે બહેરાં-મૂંગાં શાળામાં પણ આ



અંગે અનેકવાર ચર્ચાઓ થતી રહેતી. શ્રી બાબાભાઇ એન.એ.બી. રાજય શાખાની દરેક મીટિંગમાં મને જવા હંમેશાં આગ્રહ કરતા. ૧૯૯૫ માં હું અંધશાળાની પ્રવૃત્તિ સાથે જોડાયો. નાનામોટા- કામકાજમાં મેં મારું યોગદાન આપવાનું શરૂ કર્યું. અંધજનોની રાજય કક્ષાની કોઇ વિશિષ્ટ પ્રવૃત્તિ ભાવનગરના આંગણે થાય તેવી વર્ષો જૂની અંતરની ઇચ્છા હતી. રાજય શાખાની યોજાયેલ એન.એ.બી. ની મીટિંગમાં અખિલ ગુજરાત નેત્રહીન ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજનની જવાબદારી એન.એ.બી. ભાવનગર વતી મેં સ્વીકારી. ૧૯૯૫માં જ મને એન.એ.બી. ભાવનગર જિલ્લા શાખાનો માનદ્ મંત્રી તરીકે કાર્યભાર સોંપવામાં આવ્યો. તેના જ ભાગરૂપે આ ટુર્નામેન્ટના આયોજનની જવાબદારી સ્વીકારી. રાજયભરમાંથી વીસ ટીમોએ ભાગ લેવા સંમતિ આપી અને બધી ટીમોએ ભાગ પણ લીધો ! ૧૧, ૧૨, ૧૩ ડિસેમ્બર ૧૯૯૫ના રોજ ભાવનગરના આંગણે પ્રથમ વખત રાજયકક્ષાની અંધજનોની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવાની તક મળી. જેનું ફંડ પણ મારા માર્ગદર્શન નીચે અમારી ટીમે એકત્રિત કર્યું. સંસ્થાના પ્રમુખ શશીભાઇ વાધરે સૌથી પહેલો આર્થિક સહયોગ આપ્યો. તેમણે માઝા અગરબત્તીના નામે ટુર્નામેન્ટના પ્રથમ સ્પોન્સર બની, અમારું કામ હળવુ બનાવ્યું. બીજા અનેક મહાનુભાવોનો આર્થિક સહયોગ સાંપડયો. શ્રી બાબાભાઇએ મારા પર મુકેલ વિશ્વાસમાં હું સાંગોપાંગ સફળ થયો. આ પછી આવા અનેક કાર્યક્રમો ભાવનગરના આંગણે સફળતાપૂર્વક પાર પાડયા છે અને હજુ આવા અનેક કાર્યક્રમો પાર પાડવાની નેમ છે. સંકલ્પશકિત અને દૃઢ મનોબળ એ મારી આંતરિક આંખો છે. જેના વડે હું જગતને જોવા માગું છું. આ આંખોનુ દૃષ્ટિક્ષેત્ર ખૂબ વિશાળ છે. કેમેરાની માફક તે જોઇતાં દ્દશ્યો કેદ કરી, ઈશ્વરને સુંદર ફિલ્મ (પિકચર) અર્પણ કરવા માંગે છે. બાહ્ય આંખો જે ન જોઇ શકે તે મારી ઉપર જણાવેલી બંને આંખો જુએ છે. આ એવી આંખો છે કે જેમાં કદી નંબર કે ચશ્માં આવતાં નથી. વળી, આ એવી આંખો છે કે જેને પ્રકાશ કે અંધકાર

અસર કરતા નથી. મને ઈશ્વરે આપેલી બંને આંખોનું ગૌરવ છે. શરૂઆતમાં આ સ્થૂળ આંખો જગતનું અનિવાર્ય સાધન લાગે છે અને લાગતું પણ ખરું ! પરંતુ આજે તેનાથી તદ્દન હું પર છું. પ્રાથમિક શાળાના શિક્ષકોની એક ટ્રેનિંગમાં મારે જવાનું થયું. ૩૦૦ થી વધુ પ્રાથમિક શિક્ષકોને હું સંબોધી રહ્યો હતો. મારી વિકલાંગ બાળકોના શિક્ષણ વિશેની ઘણી વાતો શિક્ષકોને હૃદયસ્પર્શી લાગી. મને એક શિક્ષકે પ્રશ્ન પૂછયો : 'તમારા જીવનનો યાદગાર અને આનંદનો દિવસ કયો ?' મેં કદી આવું વિચાર્યું પણ ન હતું. એક જ સેંકડમાં મારા મસ્તિક પર તે પ્રશ્નનો ઉત્તર સ્ફુર્યો. મેં કહ્યું : 'જે દિવસે મેં મારી આંખો ગુમાવી એટલે કે હું અંધ થયો તે દિવસ મારી જિંદગીનો યાદગાર અને આનંદનો દિવસ હતો !' બધા શાંત થઇ ગયા. કોઈએ હિંમત કરી વળી પૂછયું : 'એમ કેમ સર ?' મેં કહ્યું : 'હું પટેલ જ્ઞાતિમાં જન્મેલો સામાન્ય ખેડૂતનો દીકરો, વધી વધીને ખેડૂત અથવા મારા જ્ઞાતિબંધુની જેમ હીરાઘસુ થયો હોત !' 'પથ્થરને ઘસવાનું કામ જો હીરા જેવા શબ્દના મૂલ્યથી આંકવામાં આવતું હોય તો જે હું આજે કરું છું તે માણસને લાગેલા કાટ ઘસવાનું કામ કરું છું તો તેના માટે કેટલા અમૂલ્ય શબ્દોનો ઉપયોગ કરવો પડે તે વિચારો ! હીરાઘસુને 'રત્નકલાકાર' તરીકે ઓળખ આપવામાં આવતી હોય તો મારી ઓળખ માટે હવે શબ્દ ક્યાંથી આવશે તેનો જવાબ આપો !' બધા સમજી ગયા. ખરેખર, મારી જિંદગીનો યાદગાર અને આનંદનો દિવસ તે બની રહે તેવું હું જીવન જીવવા ઇચ્છું છું. રાત-દિવસ હું તેના પર વિચારતો રહું છું. અંધજનોના શિક્ષણ, રોજગાર, તાલીમ અને પુનઃસ્થાપન માટે અવનવા કાર્યક્રમો આપવામાં આવે તેવા પ્રયત્નો કરવા માગું છું. અંધજનોની આંખોની દૃષ્ટિની મર્યાદા બીજાં ઉપકરણો પૂરી કરી આપે તેવા સક્ષમ અને સબળ પ્રજ્ઞાચક્ષુને બનાવવા સમાજ અને સરકાર સહયોગી ભૂમિકા ભજવી ઉત્તમ સમાજનાં નિર્માણ માટે કમર કસે એ જ અભ્યર્થના...



૮

# વિચારોનું વાવેતર

સૃષ્ટિના ઉદ્‌ભવથી માનવે પોતાની જાતને વિકસાવવા મથામણ કરી છે. શારીરિક આવતી મર્યાદાઓને માનવે પડકાર ફેંકવા અનેક વિધ શોધખોળ કરી નવાં સાધનો, ઉપકરણો અને બીજું બધું કામે લગાવી પરિસ્થિતિ સામે ટકી રહેવા અવનવા પ્રયાસો કરી સિદ્ધિના શિખરો સર કર્યાનાં અનેક ઉદાહરણો આપણને જોવા મળે છે. વર્ષો પહેલાં અંધજનોને શિક્ષણ અને તાલીમ આપવા માટે ભાવનગરમાં સ્થપાયેલી અંધશાળા વિશે સમાજને ખાસ જાણકારી ન હતી. શાળામાં આવાં બાળકોને સમયસર દાખલ કરવામાં આવતાં ન હતાં. સમાજમાં જાગૃતિનો તદ્દન અભાવ જોવા મળતો. જે પરિવારમાં અંધબાળકનો જન્મ થયો હોય તેવા પરિવારનાં લોકો પણ આ બાળક ભણી-ગણી આગળ વધી શકે તેવા વિચારો સાથે જવલ્લે સંમત થતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા વિકલાંગ બાળકોના અસરકારક શિક્ષણ માટે નવો સંકલિત શિક્ષણ ઈન્ટિગ્રેશન પ્રોગ્રામ વિશ્વના દેશોને આપ્યો. ભારત સરકારે તે સ્વીકારી દેશમાં અમલમાં પણ મૂકયો. ૧૯૭૪ થી પ્રાયોગિક ધોરણે આપણા દેશમાં આ કાર્યક્રમનો અમલ થવા છતાં ઘણાં વર્ષો પછી દેશના મોટાભાગનાં રાજ્યોએ એટલે કે નેવુના દાયકા પછી સ્વીકાર્યો. ૧૯૯૫માં વિકલાંગ વ્યક્તિઓ માટે વિશેષ કાયદો ઘડાયો. જેના પરિણામે આવાં

બાળકોને ફરજિયાત શિક્ષણની સેવા નીચે આવરી લેવામાં આવ્યાં. મારા જીવનમાં ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલા આ કાયદાની ગહેરી અસર થઇ. કાયદાનો મેં ઊંડાણથી અભ્યાસ કર્યો. તેના અમલ માટે સેમિનારો, કાર્યશિબિરો, શાળા મુલાકાતો, કૉલેજ મુલાકાત વગેરે યોજી કાયદાની જોગવાઇઓ વિશે લોકોને અવગત કરવા ઠીક-ઠીક પ્રયાસ કર્યો. વિકલાંગ બાળકોને ખાસ કરીને પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ અપાવવા ગ્રામ્ય વિસ્તારની શાળાઓની મુલાકાત લઇ શિક્ષકો, આચાર્યો અને ગામલોકો સાથે સંવાદ કરી વિકલાંગ બાળક શિક્ષણ મેળવવા માટે હકદાર છે, તે સમજાવવામાં સફળ થયો. ૧૩૦૦ થી વધુ વિકલાંગ બાળકોની ઓળખ મેળવી શાળાઓમાં પ્રવેશ અપાવ્યો. જેમની વિકલાંગતા-શસ્ત્રક્રિયા કે અન્ય ઉપચારથી દૂર થઇ શકે તેમ ન હોય તેવાં તમામ બાળકોને સમયસર શિક્ષણ મળે તેવા પ્રયાસો હાથ ધર્યા. જેમાં કૉમ્યુનિટી બેઇઝ રિહેબિલિટેશન પ્રોગ્રામ એટલે કે સી.બી.આર મહત્ત્વનો કાર્યક્રમ બની રહયો. આ કાર્યક્રમ અંતર્ગત ફિલ્ડવર્કરો પાસે સર્વે કરાવી બાળકોની અને વિકલાંગોની માહિતી એકત્રિત કરી, અનુરૂપ સેવા કાર્યક્રમો અને શિક્ષણની સેવા જે-તે વિકલાંગને ઉપલબ્ધ બને તેવા પ્રયાસો શરૂ કર્યા. અંતરિયાળ ગામમાં પહોંચવા યાત્રાનો પ્રારંભ સવારના છ કલાકથી થાય અને કોઇવાર કાર્ય પૂર્ણ કરી ઘરે આવીએ ત્યારે રાત્રિના નવ-દસ થઇ ગયા હોય. લગભગ પાંચેક વર્ષની મથામણ પછી ભારત સરકારના રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તાલીમી કાર્યક્રમ નીચે આરોગ્ય વિભાગના (CHC, PHC) સૌરાષ્ટ્રભરના ડૉકટરોને રિહેબિલિટેશન મેનેજમૅન્ટ વિષય પર રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખાના બેનર નીચે અસરકારક શૈક્ષણિક કાર્યક્રમને વેગ આપ્યો છે. આ તમામ તબીબી મિત્રોનો હું હંમેશાં ઋણી રહીશ. જિલ્લાભરના સી.આર.સી., બી.આર.સી. મિત્રોને પણ આવી જ તાલીમથી સુસજ્જ કરવાની ઇશ્વરે આ જ સમયગાળા દરમ્યાન તક આપી છે, તેના કારણે



પણ વિકલાંગ બાળકોનાં શિક્ષણ કાર્યક્રમને બહોળો પ્રતિસાદ સાંપડી રહયો છે. પ્રાથમિક શાળાના સંખ્યાબંધ શિક્ષકો, આચાર્યોના તાલીમી કાર્યક્રમોમાં પણ ડિસેબિલિટી મેનેજમૅન્ટ અંગે અનેક વાર્તાલાપો કર્યા છે. જેના પરિણામે વિકલાંગ બાળકોનાં શિક્ષણ, તાલીમ અને પુનઃવસનને ઠીક-ઠીક ટેકો મળ્યો છે. દેશભરમાં આવા સેંકડો કાર્યક્રમો અને કાર્યકરોની જરૂર છે. ભાવનગર શહેર અને જિલ્લો વિકલાંગ વ્યકિતઓનાં શિક્ષણ, રોજગાર, તાલીમ અને પુનઃવસનનું આદર્શ સેવાકેન્દ્ર બની રહે તેવી નેમ છે. અનેક સ્વપ્નાં મેં મારી જિંદગીમાં જોયાં છે. તેમાં સૌથી મોટું સ્વપ્ન વિકલાંગોના સર્વાંગી વિકાસનું કેન્દ્રસ્થાન ભાવનગર શહેર ભારતભરમાં વર્ષો સુધી બની રહે તે છે. દૃષ્ટિના અભાવે અન્ય વ્યકિત પર આધારિત જીવન જીવવા દૃષ્ટિહીન વ્યકિત અવલંબિત બનવાને બદલે અસરકારક તાલીમ, ટૅકનોલોજી, સહાયક સાધનો અને ઉપકરણોથી સુસજ્જ બની સામાજિક સેવાનું એક પ્રજ્ઞાચક્ષુ વ્યકિત નેતૃત્વ લઇ, તેમના જીવનમાં આવેલો પડકાર ઝીલવા સક્ષમ અને સબળ બની સમાજનું અભિન્ન અંગ પુરવાર થઇ રહે તેવી અંતરની ભાવના છે. રચનાત્મક સામાજિક વિચારધારા માટે અવનવાં શીર્ષક નીચે પ્રતિવર્ષે કાર્યક્રમો આપવાનો મારો યત્ન રહે છે. ''ઓલવાયાં અંધારાં ને ચમકયા સિતારા'' અંધારું પોતે જ પ્રકાશે ગુમાવેલી સ્થિતિનું સ્વરૂપ છે. તેથી તેને ઓલવવાનું જ નહીં કાળામાં કાળું ટપકું કરો તો તે દેખાય નહીં. જેથી એમ કહી શકાય જેનું અસ્તિત્વ નથી તેને મિટાવવું. પોતે જ અંધારું અને એ જ અંધારાને ઓલવવું-આ વિચાર જયારે મારા મનમાં આવ્યો ત્યારે જ મને આ ઉકિત હૃદયસ્પર્શી બની ગઇ.

સ્થૂળ આંખોનો અંધાપો એટલે ઓલવાયાં અંધારાં. આંખોથી કશું ન દેખાવું એ અંધાપો જ નથી. સગી આંખે જે લોકો દૃશ્ય જોયા પછી પણ તેને સમજી શકતા નથી, તે જ સાચો અંધાપો છે. આ સ્થૂળ આંખોમાં આવેલો અંધાપો જાણે ઓસરી ગયો, ઓલવાય ગયો. એવું જયારે મને લાગ્યું, એવો

જયારે મને અહેસાસ થયો ત્યારે એ શબ્દને મેં એક શીર્ષક તરીકે સ્વીકારી, મારા જીવનને એક આદર્શ સંદેશરૂપ લેવા. 'ઓલવાયાં અંધારાં' શીર્ષક પસંદ કર્યું. શીર્ષકનો બીજો ભાગ ''ચમકયા સિતારા'' સમજવું અઘરું નથી કારણ કે જેમણે સ્થૂળ આંખોમાં આવેલો અંધાપો ભૂલી જઇ સિતારારૂપ પોતાની તેજસ્વિતા સમાજ સામે પાથરી પોતાની જ્ઞાનશકિતને પ્રજ્જવલિત કરી છે, તે તમામ સિતારા છે. આવી ઉમદા વિચારધારા દ્વારા સમાજને પ્રત્યેક દૃષ્ટિહીન પ્રત્યે સિતારારૂપ સ્વીકૃતિ સાથેના દૃષ્ટિકોણથી વર્તવા અને વ્યવહાર કરવા શાબ્દિક શીર્ષકમાં અનુરોધ છે.

આ અને આવાં બીજાં ઘણાં શીર્ષકો દ્વારા સમાજરૂપી ભૂમિ પર અંધશાળારૂપી આવેલ વિશિષ્ટ ખેતરમાં વિચારોની ખેતી દ્વારા આવતાં અવનવાં ફળોનો સ્વાદ આમલોકોને કરાવવા બીજાં અનેક શીર્ષકો પણ આપ્યાં. જેવા કે ''ચાલો, બતાવું મારી આંખ વિનાની દુનિયા'' આંખો નથી અર્થાત્ સ્થૂળ આંખોમાં તેજ નથી પણ મારા વિચારોનું તેજ છે તે-ચાલો બતાવું. બીજું શીર્ષક ''આંખ વિનાના અનોખાં અજવાળાં'' જે બાળકોને કે વ્યકિતઓને સ્થૂળ આંખોના પ્રકાશનો કોઇ લાભ મળતો નથી પરંતુ તેમના અંતરમાં આવેલી આંખોનાં અનોખાં અજવાળાં એટલે કે જેમણે આંખોની રોશની કોઇ કારણસર ગુમાવી છે અથવા તેનાથી વંચિત છે, તેવા લોકો દૃઢ મનોબળ અને સંકલ્પશકિત જેવી આંખો વડે કેટ-કેટલું નિહાળી શકે છે ! તેમના દૃષ્ટિપાત સમજવા અને જાણવા સમાજને આમંત્રણ આપી, વિશાળ માનવ સમુદાય વચ્ચે પોતાની શારીરિક ક્ષતિના કારણે કોઇ વ્યકિતને વિવશ જીવન જીવવા મજબૂર ન બનવું પડે તેવાં વૈચારિક બીજોનું ઉત્પાદનકેન્દ્ર કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળા, રાષ્ટ્રીય અંધજન મંડળ - ભાવનગર જિલ્લા શાખા કે અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ જેવી સંસ્થાઓ બની ઉત્તમ સમાજ રચનાના પાવન કાર્યમાં યોગદાન આપતા રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના...



૯

# કામધેનુ

દેવો અને દાનવોએ કામધેનુ વિશે જાણકારી મેળવી એવું આપણાં શાસ્ત્રોમાં જાણવા મળે છે. દેવો અને દાનવો વચ્ચે આના માટે અનેક યુદ્ધો પણ ખેલાયાં. મૃત્યુલોકના મનુષ્યે પણ કામધેનુ મેળવવા મહાભકિતનો આશ્રય લઇ પરમ કૃપાળુ પરમેશ્વરને રીઝવવા અનેક પ્રયત્નો કર્યા. ઋષિમુનિઓએ પોતાની ભકિત-શકિતના આધારે મેળવેલી કામધેનુ ખૂંચવી લેવા અસૂરોએ અનેકહુમલા કર્યા હોય તેવી કથાઓ આપણને વાંચવા મળે છે.

લક્ષ્મીએ પરમ કૃપાળુ પરમાત્માને હિંડોળા પર ઝૂલતાં પૂછયું : 'પ્રભુ, કામધેનુ માટે આટલા યુદ્ધ દેવો, માનવો અને દાનવો વચ્ચે કેમ ખેલાતાં રહે છે? તેનો કાંઇ ઉપાય કરો.' પ્રભુએ કહયું : 'હું પ્રત્યેક માનવીના દેહમાં તેના મનરૂપી કામધેનુનું દાન આપી તેનો ઉપયોગ કરવા આ બધા લોકોને સમજાવીશ, પછી કામધેનુ માટે કોઇ યુદ્ધ કે જંગ થશે નહિ.'

સાચે જ પ્રભુએ માનવ શરીરમાં મનનું નિર્માણ કરી તેમાં ગજબની શકિત મૂકી છે. સામાન્ય રીતે માનવીના શરીરમાં કુલ બે મન હોય છે (૧) જાગૃત મન (૨) અર્ધજાગૃતમન. અર્ધ જાગૃત મન નેવું ટકા શકિત ધરાવે છે, જયારે જાગૃત મન માત્ર દસ ટકા શકિત ધરાવે છે. જાગૃત મન વ્યકિતની જાગૃત

અવસ્થામાં કાર્ય કરે છે, જયારે અર્ધ જાગૃત મન ચોવીસ કલાક કાર્યરત રહે છે. જાગૃત મન માલિક છે, જયારે અર્ધ જાગૃત મન-સેવક છે. આ સેવક એટલે જ કામધેનુ. અર્ધજાગૃત મનને સોંપેલ દરેક કાર્ય હંમેશાં સફળ બને છે, કારણકે તે કામધેનુને મળેલા વરદાનનો ઉપયોગ કરી શકે છે. કામધેનુને એવું વરદાન હતું કે તે પોતાના માલિકને ઇચ્છે તે આપી શકે અથવા એમ કહો, માલિક જે માગે તે આપી શકે. આનો અર્થ એ થયો કે જાગૃત મન માલિક છે અને અર્ધજાગૃત મન સેવક છે. તે કામધેનુ પણ છે એટલે માલિકની ઇચ્છા મુજબ તે બધું જ આપવા શકિતમાન છે. મારા અનુભવ પ્રમાણે તે વાત સાચી છે. અર્ધજાગૃત મનને સોંપેલ પ્રત્યેક કાર્ય સફળ થાય છે. જેના માટે દઢ સંકલ્પ શકિત, શ્રદ્ધા અને વિશ્વાસની જરૂર પડે છે. મને આ બધી શકિતઓના પરિણામે અનેક ક્ષેત્રોમાં સફળતા મળી છે. જયારે હું શાળામાં અભ્યાસ કરતો ત્યારે મારા મિત્રોને એકત્રિત કરી આગવી શૈલીમાં જે રીતે સત્યનારાયણની કથા થાય છે તે મુજબ મારા ભાવિ સંકલ્પોની સંગીતમય શૈલીમાં હું કથા કરતો. તેમાં હંમેશાં હું કહેતો તળાવની પાળ પરથી એક રૂપિયાની ભરેલી સૂટકેશ મને મળી જાય અને તે રૂપિયામાંથી હું સરસ એક અંધશાળા બનાવું. આ વાત મિત્રોની હસી ખુશી પૂરતી સીમિત ન રહી પરંતુ મારી કામધેનુમાં એટલે કે અર્ધજાગૃત મનમાં જે વાત વારંવાર અંકિત થતી તે અંકુરિત થઇ મને એક સારી શાળાના સંચાલક બનવાની સંભાવનાઓ મારા અર્ધજાગૃત મને પ્રસ્થાપિત કરી, સુંદર મનોચિત્રણ દ્વારા પોતાના મનમાં જે મંથન થયું તેનું પરિણામ આપ સૌની સામે છે. ગામડા ગામમાં રહેતો સામાન્ય પ્રજ્ઞાચક્ષુ વ્યકિત કોઇક મોટી શાળામાં મુખ્ય સંચાલક સુધી પહોંચી, સફળ સંચાલન કરી, સૌ કોઇના દિલ જીતવામાં સફળ થતો હોય તો એનો યશ માત્ર ને માત્ર અર્ધજાગૃત મન, કામધેનુને આપી શકાય. આ સફળતા મળવાનું બીજું એક કારણ મને એ પણ લાગે છે, મેં કદી આ મારાથી નહિ થઇ શકે તેવા શંકાના કીડાને સ્થાન આપ્યું નથી. ૧૯૯૭ માં ગુજરાત



સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા મંગાવામાં આવેલ અરજીઓમાંથી જયારે મારા નામની પસંદગી થઇ ત્યારે તેની પ્રતીતિ મારા અર્ધજાગૃત મન દ્વારા મને એવોર્ડના પરિણામ પહેલાં થઇ હતી. આવી અનેક ઘટનાઓની જાણકારી મને અર્ધજાગૃત મનની શકિતથી થયાનું યાદ છે. અર્ધજાગૃત મન ઈશ્વરના ઇન્ટરનેટનું એક એકમ છે અને તે દુનિયાના પ્રત્યેક મનુષ્યના મન સાથે જોડાયેલું હોય છે. માનવીનું શરીર હાર્ડવેર છે, પરંતુ અર્ધ જાગૃત કે જાગૃત મન તેના સૉફટવેર છે. જે રીતે સૉફટવેર વગર ગમે તેવું કૉમ્પ્યૂટર કામ કરવા અસમર્થ હોય છે. તેવી જ રીતે પોતાના મનની શકિતઓનો ઉપયોગ કરવામાં કુશળ નથી તેવા લોકો કામ કરવામાં હંમેશાં નિષ્ફળ રહે છે.

૧૯૯૮ ની એક ઘટના યાદ આવે છે. પ્રથમ વિદ્યા સહાયકોની ભરતીમાં ભાવનગર જિલ્લામાં પસંદગી પામેલ વિદ્યા સહાયકો પૈકી કુલ ૧૮ વિદ્યાસહાયકોને લગભગ ૪૮ દિવસ પછી જુદાં જુદાં કારણોસર ફરજમાંથી મુકત કરવામાં આવ્યા. દર્શાવેલ કારણો ઉમેદવારોની લાયકાત, ગુણવત્તા કે આવડત સંબંધી ન હતા. તેમણે દર્શાવેલાં કારણો ઓવર સેટઅપ, સીટી એરિયા જેવા વહિવટી કારણો ચકાસ્યા વિના ઉમેદવારને નિમણૂક અપાય હોય તેવા હતા. આ મુકત કરાયેલ ૧૮ ઉમેદવારમાં ત્રણ વિક્લાંગ વિદ્યાસહાયકો હતા. જેમાં એક મારી ધર્મપત્ની નીલા પણ હતી. જિલ્લા પંચાયતમાં આ પ્રશ્ને રજૂઆત કરી, કોઇ સાંભળવા તૈયાર ન હતું. મનમાં સંકલ્પ કર્યો, દરેક ઉમેદવારને છૂટા કર્યાની તારીખથી પગાર મળે તે રીતે પુનઃનિમણૂક કરાવવી, તેનો એક પણ દિવસ નોકરીમાં બ્રેક ન થાય તે રીતે ઑર્ડર કરાવવો લાઠીદડમાં જે વિક્લાંગ ભાઇને શિક્ષક તરીકે નિમણૂક મળી હતી તે ખૂબ દુઃખી હતા. માંડ કરીને તેમને નોકરી મળી હતી. તેઓ મારી ઑફિસમાં કોઇ ગુજરી જાય ને આપણા રિવાજ મુજબ બધા ધ્રુસકે - ધ્રુસકે રડે તેમ દસેક મિનિટ રડેલા. મેં તેમને શાંત પાડી આશ્વાસન આપ્યું. તમારો પુનઃઑર્ડર હું કરાવી આપીશ. કોઇનું મન માનતું ન હતું.

સત્તાવાળાઓ કોઇ વાત સાંભળવા તૈયાર ન હતા. હું અને મારા સાથી ઉમેશભાઇ નાંદવા એસ.ટી. બસમાં ગાંધીનગર ગયા. આખા દિવસના અંતે સાંજના સાડા સાત કલાકે તે વખતના મુખ્ય મંત્રી શ્રી કેશુભાઇની મુલાકાત મળી. તેમણે તે વખતના શિક્ષણ મંત્રીને મળવા કહ્યું. એ વખતે શિક્ષણમંત્રી આનંદીબેન પટેલ હતાં. કેશુભાઇની મુલાકાત પછી શિક્ષણમંત્રીની મુલાકાત થઇ શકે તેવો સમય ન હતો. રાત-વાસો ગાંધીનગર રહેવું અને આવતી કાલે આનંદીબેનને મળવું, પછી જ ભાવનગર જવું- તેવું નક્કી કર્યુ. ગાંધીનગરના પથિકાશ્રમમાં અમે રાતવાસો રહેવા પહોંચ્યા. સરકારી અધિકારીને જ ટોકન ભાવે રૂમ મળી શકે તમારે અહીં રોકાવું હોય તો રૂપિયા ત્રણસો સવારના દસ સુધીના થશે. અમે તે રાત્રે પથિકાશ્રમમાં રોકાયા, બળેલાં ગોદડાં, ગંધાતી પથારીઓ જોઇ ઊંઘવાનું મન થતું ન હતું. ઘણા સમય સુધી પલંગ પર બેસવાનું નક્કી કર્યું. મોડી રાત્રિએ ઊંઘના હુમલાના કારણે કશી ખબર રહી નહિ. જેમ તેમ સવાર પડી. વહેલાં તૈયાર થઇ સચિવાલય તરફ જવા નીકળી ગયા. ફરી શિક્ષણમંત્રીની ઑફિસ સામે બેસી ગયા. આનંદીબેન મીટિંગમાં છે, હજુ આવ્યાં નથી - તેવા અવાજો સતત કાને અથડાતા રહેતા હતા. આમને આમ સાંજ પડી ગઇ. સાંજે તે વખતના ગૃહ રાજયમંત્રી મહેન્દ્રભાઇ ત્રિવેદી તેમની ઑફિસમાં મળ્યા. તેમને બધી વાત સમજાવી. તેમણે કહ્યું ''આનંદીબેન આવતીકાલે જરૂર મળશે. કાલે અગિયાર વાગ્યા સુધીમાં સચિવાલયે આવી જશો તો તમારું કામ થઇ જશે. અમારા માટે રાત્રી રોકાણની કપરી સમસ્યા આવી. પાકિટમાં રાત્રિ રોકાણ થઇ શકે એટલા પૈસા પણ ન હતા. ઘણું વિચાર્યા પછી યાદ આવ્યું. નીલાના ફઇ ગાંધીનગરમાં સેકટર-૨૦ માં રહે છે. ફૂવા જજ છે. એકાદ દિવસની મહેમાન ગતિ તેઓ જરૂર કરશે જ. અમે તેમનો બંગલો શોધી કાઢયો. નવવધૂનું સ્વાગત થાય તેવો વિશેષ અમને આવકાર મળ્યો. એક રહેવા માટે અલગ રૂમ અમને ફાળવી દેવામાં આવ્યો. ત્યાં બધી જ સુવિધા હતી. મૃત્યુલોકના માણસને સ્વર્ગમાં જવાથી



જેવો આનંદ મળે તેવા આનંદની ઘડી અમારા માટે હતી. રાત્રિના કોર્ટ પતાવી અમારા ફૂવા વી.કે.શાહ આવ્યા. તેમને આખો કેસ સમજાવ્યો. તેમણે ખૂબ શાંતિથી મારી બધી વાતો સાંભળી પછી તેમણે એક જ લીટીમાં કહી દીધું : 'આમાં કંઇ થશે નહિ. નોકરીના પૂરા નેવું દિવસ પણ થયા નથી. તેથી કંઇ થઇ શકે નહિ.' તેમ કહી ફૂવા તેના રૂમમાં ગયા. ઉમેશભાઇ નાંદવાએ મને પૂછયું : ''હવે આપણે શું કરવું છે ? કાલે સવારે ભાવનગર નીકળી જવું છે ?'' મેં કહ્યું : ''ઉમેશભાઇ, આપણે તેમના બંગલાનો એક દિવસ રહેવા માટે ઉપયોગ કરવાનો છે. તેમની સલાહ લેવા આવ્યા નથી. તેમની વાતો સાંભળવાની હોય. આપણે જે કરવું છે તે કાલે થશે.'' બીજા દિવસે અગિયાર સુધીમાં અમે નવા સચિવાલય બ્લોક-૫ માં આનંદીબેનની ઑફિસમાં પહોંચી ગયા. આનંદીબેનનો રૂઆબ જોઇ ભલભલાના ટાંટિયા થથરી જાય. તેઓ મુલાકાતીઓને જેમ-તેમ ધકેલતાં હતાં. ભાજપના કાર્યકરોને પણ સાંભળતા ન હતા. કાર્યકરોને તે ખખડાવી નાખતા હતા. મારો નંબર આવે ત્યારે શું થશે ? તેની ચિંતા સામાન્ય માણસને સ્વાભાવિક થાય, પરંતુ મારા અર્ધજાગૃત મનની અગાધ શકિતના કારણે તે ડર મારામાં કયાંય ડોકિયાં કરી શકયો નહિ. હું બહેન સુધી પહોંચી ગયો. કેસની વિગતસર વાત કરી, શિક્ષણમંત્રી આનંદીબહેને ભારે અચરજ સાથે તેના પી.એ. ને બોલાવી રિનિમણૂક કરવાનો આદેશ કરવા સૂચના આપી. અમારું કામ થઇ ગયું. અમે પી.એ. ને મળ્યા. મેં પી.એ. ને કહ્યું : 'આનંદીબેને અમને રૂબરૂ ઑર્ડરની નકલ આપવા કહ્યું છે - સાથે તમારો નંબર પણ અમને જરૂર આપશો. જેથી, ભાવનગર જિલ્લા પંચાયતના પ્રાથમિક શિક્ષણ અધિકારી કોઇ પણ જાતની આના-કાની કરે તો આપનું ઘ્યાન દોરી શકાય.' અડધો કલાકમાં અમારા હાથમાં ઑર્ડરની નકલ આવી. મેં ઑર્ડર વાંચી પણ લીધો. તેમાં અઢાર દિવસની નોકરીમાં આવેલ વિક્ષેપનો કોઇ ઉલ્લેખ ન હતો. ફરી પી.એ. ને મળ્યો. અઢાર દિવસ સરભર કરી આપવા મેં બહેનને

રજૂઆત કરેલ છે, તે અંગે તમો ઇચ્છો તો બહેનને પૂછી શકો છો. તેમણે જરૂરી પૃચ્છા કરી અમારી રજૂઆત મુજબ સુધારો કરી આપ્યો. નોકરીમાંથી તમામ મુકત કરાયેલ ઉમેદવારને અઢાર દિવસ જિલ્લા પંચાયતના હવાલે ગણી હુકમો કરવા સૂચના આપવામાં આવી. આ સફળતા કામધેનુની હતી. મારા અર્ધજાગૃત મનમાં ગાંધીનગર નીકળતા પહેલાં આ બીજનું વાવેતર થઇ ચૂકયુ હતું, એટલે જ આ પ્રકારનો નિર્ણય હું મેળવી શકયો. પ્રત્યેક વ્યકિતને સફળ થવા પોતાના અર્ધજાગૃત મનમાં તેઓ મેળવવા ઇચ્છતા હોય તેવા સંકલ્પોના બીજ રોપવાં જોઇએ. આ રોપાએલાં બીજ એક દિવસ ચોકકસ વટવૃક્ષ બનીને જ રહે છે.

વર્ષ - ૨૦૧૦ માં વિકલાંગોના પ્રશ્ને ગાંધીનગરમાં મહારેલી યોજવાનો સંકલ્પ કર્યો. રાજયભરની વિકલાંગોની સંસ્થાઓનો સહયોગ મળ્યો. મોટી સંખ્યામાં વિકલાંગો જોડાયા. સમસ્ત મીડિયાના મિત્રોએ મોટું કવરેજ આપ્યું. આ રેલી પહેલાં માત્ર બે જ દિવસ બાકી હશે ત્યાં શાળાની પાસે જ મારી સાથે એક માર્ગ અકસ્માત થયો. પગના પંજા પર મોટી ઇજા થઇ. દસ-બાર દિવસ સુધી એક પણ ડગલું નહિ ચાલવા ડૉકટરની સૂચના હોવા છતાં પ્લાસ્ટરવાળા પગે ગાંધીનગરમાં આ મહારેલીનું સુકાન સંભાળ્યું. જેમાં લગભગ વીસ હજાર વિક્લાંગો, કાર્યકરો અને નગરજનો જોડાયા. વિકલાંગ સંગઠનો દ્વારા કરવામાં આવેલ આ સૌથી મોટી ઐતિહાસિક મહારેલી પુરવાર થઇ. આ સફળતા પણ મારા અર્ધજાગૃત મનની હતી. રેલીનું આયોજન અને તેની તૈયારીઓ મારા ઘરમાં સતત ચાલતી. માત્ર અગિયાર વર્ષની મારી દીકરી નિષ્ઠા જુદી જુદી સંસ્થાઓમાંથી ફોન આવતા તેની વિગતો નોંધતી અને જરૂર પડ્યે તે વિગતો મને આપતી. અમે જયારે ઘરમાં બેઠાં હોઇએ ત્યારે અમારી રેલીમાં વધુ ને વધુ લોકોને જોડવા માટેની ચર્ચા સતત ચાલતી રહેતી. જેના કારણે રેલીનું મનોચિત્રણ રચાતું રહેતું હતું. આ મનોચિત્રણ દ્વારા એક માનવીય મનનું નેટવર્ક ઊભું થયું. જેના કારણે આટલી મોટી સફળતા અમને મળી શકી- તેમ હું માનું



છું. ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘના બેનર નીચે યોજાયેલ આ રેલીની નોંધ દેશભરના અખબારો અને વિજાણુ માધ્યમોએ લીધી. રેલીનું નેતૃત્વ વ્હિલચેરમાં બેસી વરસતા વરસાદમાં હું સફળ રીતે મારા અર્ધજાગૃત મન સાથે જોડાયેલ હજારો મનની શકિતના કારણે કરી શકયો હઇશ તેમ હું માનુ છું. જે લોકો પોતાના મનની શકિતનો ઉપયોગ કરી શકતા નથી તે જ ખરા અર્થમાં વિક્લાંગ છે. અમેરિકાનો વૉલ્ટર સમગ્ર શરીરનો નીચેનો ભાગ ખોટો પડી ગયા પછી દૃઢ સંકલ્પ દ્વારા ઑલમ્પિકમાં ઊંચી કૂદમાં સુવર્ણચંદ્રક જીતી શકતો હોય તો તેની પાછળ માત્ર ને માત્ર તેનું અર્ધજાગૃત મન કારણભૂત છે. ‘અપંગોના ઓજસ’ પુસ્તક લખનાર કુમારપાળ દેસાઇ મારા આદર્શ લેખક છે કારણ કે તેમણે આવા ક્ષતિગ્રસ્ત લોકોની શકિતને ઉજાગર કરી, લાખો લોકોના અર્ધજાગૃત મનને પ્રજ્વલિત કરી, સંકલ્પ શકિતના દીપકને પ્રગટાવવાનું કામ કર્યું છે. મારી દૃષ્ટિએ કોઇપણ ગાથા જયારે લેખક પોતાની કલમે લખવા તૈયાર થાય તે પહેલાં તેઓ જે પ્રસંગ કે કથા લખવા માગે છે તેમાંથી સમાજને શું પ્રાપ્ત થશે તે જરૂર વિચારવું જોઇએ. પુસ્તક કેટલું દળદાર બનાવવું તે વિચારવાને બદલે પુસ્તક વિચારોથી કેટલું સમૃદ્ધ બનાવવું તે વધુ મહત્ત્વનું છે. મારા જીવનમાં મેં ઘણાં પુસ્તકો કે લેખો વાંચ્યાં છે. પરંતુ શ્રીમદ્ ભગવદ્ ગીતા પછી જો કોઇ પુસ્તકને મારે સ્થાન આપવું હોય તો હું કુમારપાળ દેસાઇના અપંગોનાં ઓજસને જ આપું, કારણ કે ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને કર્મ કરવા વિપરીત પરિસ્થિતિમાં પણ વિચલિત થયા વગર તત્પર રહેવું જોઇએ અને કર્મ કરતાં રહેવું જોઇએ તેમ કહ્યું છે. તે જ વાત ઘણા વિકલાંગોએ પોતાનાં અંગો ગુમાવ્યા પછી દૃઢ મનોબળ દ્વારા કર્મ કરતા રહેવાની જે ચેષ્ટા બતાવી છે, તેને કુમાળપાળ દેસાઇએ પોતાની કલમે ઉજાગર કરવાનો મહાપ્રયત્ન કર્યો છે. તેને હું શત-શત વંદન કરું છું.

**૧૦**

# ગુરુની પરખ

**ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય,**
**બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાઇ...**

હિંદુ ધર્મમાં દરેક વ્યકિતએ દીક્ષાગુરુ ધારણ કરવા જ જોઇએ. જેમણે દીક્ષા ગુરુ ધારણ ન કર્યા હોય તેવા લોકોને હિંદુ ધર્મ ની પરંપરા પ્રમાણે 'નુગરા' કહેવામાં આવે છે. તેથી હિંદુ ધર્મના પરિવારના પ્રત્યેક સભ્ય આવા ગુરુ ધારણ કરવા-ગુરુની શોધમાં હોય છે. મહદ્અંશે આવા દીક્ષાગુરુ કેટલીક ધાર્મિક વિધિઓ સાથે શિષ્યનો કાન ફૂંકી પોતાનો અનુયાયી બનાવે છે. મારે પણ તેવા ગુરુનો ભેટો ૧૯૭૩-'૭૪ માં મારા મોટા ભાઇના લગ્ન સમયે ગુરુધારણની વિધિમાં થયો હતો. આ ગુરુ મહારાજ ઘોઘા તાલુકાના હોયદડ ગામના વતની હતા. તેમણે અમને ચાર ભાઇબહેનોને એક ઓરડામાં બોલાવી, ઓરડો બંધ કરી કેટલીક વિધિઓ શરૂ કરી. એક દીવો તેમણે પ્રગટાવ્યો. આ દીવાનો પ્રકાશ મારી આંખ વડે - આંખો ગુમાવ્યા પછી પણ તે સમયે - હું જોઇ શકતો હતો. તેઓ થોડા મંત્રો બોલ્યા. થોડું ગડબડ શું બોલી ગયા તે પણ સમજી શકાયું નહિ. થોડીવાર પછી તેમણે બધાંને એક સંકલ્પ લેવા કહ્યું. તેઓ બોલ્યા : 'ઇશ્વરના

નામે સોગંદ લઇ અમે સૌ જણાવીએ છીએ કે કદી ખોટું બોલીશું નહીં, કોઇનું ધન ઝૂંટવીશું નહીં, ચોરી કરીશું નહીં, અમારાં માતા-પિતાને કલંક લાગે તેવું કોઇ કામ અમે કરીશું નહીં.' આ બધા વાકયો ગુરુજી બોલતા હતા ને મારા બંને ભાઇઓ અને એક બહેન પાછળ-પાછળ બોલતાં હતાં. ગુરુજી છેલ્લે આવતા નહીં શબ્દ પર ભાર મૂકતા હતા. 'નહિ ' શબ્દ જે વાકયના અંતમાં દરેક વાર ગુરુજી બોલતા તે શબ્દ આખા વાકયનું હાર્દ હતો. તે બરાબર બોલવાને બદલે જાણે કે શબ્દ બધા ગળી જતાં હતાં. હું એકલો હરવખતે મોટેથી બોલતો. વિધિ દરમ્યાન મને એમ પણ થતું હતું કે- આ લોકો ગુરુજી 'નહિ' શબ્દ બોલે છે તેનો ઉચ્ચાર કેમ કરતા નહિ હોય ! હું મોટો થયો પછી મને આ વાત સમજાઇ કે 'નહિ'બોલવાથી આખા વાકયનું બંધન વ્યકિતને લાદી જાય છે. અર્થાત્ જે તે સંકલ્પ સાથે વ્યકિતની પ્રતિજ્ઞા જોડાય છે. તેથી આવા શબ્દો મહદ્અંશે લોકો ગળી જવાનું પસંદ કરે છે. આપણા દેશમાં વિધાનસભાઓ, લોકસભા, રાજયસભા, રાજયમંત્રી મંડળ કે કેન્દ્રીય મંત્રી મંડળમાં જે સભ્યો શપથ વિધિમાં જોડાય છે. તે મારા બંધુઓની જેમ જ કરતાં હશે તેમ હું માનું છું, એટલે જ કદાચ આઝાદીનાં આટલાં વર્ષો પછી હજુ આપણે ભ્રષ્ટ્રાચારના ભીષણ ભાર નીચે દબાયેલા છીએ. કામચોરીના દૂષણના કારણે આપણે ધારી પ્રગતિ કરી શકતા નથી. જેમણે અમારો કાન ફૂંકવાનું વિધિવત્ કામ કર્યું હતું. તે ગુરુજી વિશે મારે કંઇક ચોકકસ પ્રકાશ પાડવો છે. તે લોકોમાં અંધશ્રદ્ધા ફેલાઇ તેવા અવનવા નુસખાઓ કરતા. જેવા કે -હથેળીમાંથી કંકુ પાડવું, સાકર બનાવવી, કાચના ટુકડા ખાવા, આવા અનેક નુસખા કરીને લોકોને પ્રભાવિત કરતા. મને આ બધી વાતો ગળે ન ઊતરતી. કોઇવાર ગુરુજીને મળવાનું થતું ત્યારે હું કહેતો : 'કંકુ પાડો ને !' તેઓ કહેવા મુજબ કદી કંકુ પાડતા નહિ, લોકોનું મોટું ટોળું હોય ત્યાં જઇ અચાનક કંકુ પાડવાનો હંમેશાં પ્રયોગ અજમાવતા. લાંબી તપાસ બાદ હું એ રહસ્ય ઉકેલી શકયો. તેઓ કંકુની અગાઉથી બનેલી ટીકડીઓ આંગળીના



પોલાણમાં દબાવી રાખતા. આંગળીના પ્રેશરથી તેમાંથી કંકુ પાડવાનું નાટક કરતા. જે ગુરુ અન્યને દીક્ષા આપે છે અને પોતાના અસ્તિત્વ માટે આટલા મોટા નાટકો રચે છે, તેના શિષ્યો તેનાથી પણ મોટાં નાટકો ભજવી શકે તેવા આપમેળે - પાવરધા બને છે. આપણા દેશવાસીઓની આવી માનસિકતાના કારણે આપણા લોકનેતાઓમાં નિષ્ઠાનો અભાવ, ભ્રષ્ટ્રાચાર કે દુરાચાર જેવા અવગુણો નીપજે છે, તેમ હું માનું છું. આપણા રાષ્ટ્રપિતા ગાંધીબાપુ સત્યના આગ્રહી હતા. તેમણે જીવનપર્યંત કદી અસત્યનો સહારો લીધો નથી. શાળામાં જયારે તેઓ ભણતા હતા ત્યારે એક ઇન્સ્પેકશન દરમ્યાન ગાંધીજીએ એક જોડણી ખોટી લખી હતી. ગાંધીજીના શિક્ષકે તે જોડણી બાજુના વિદ્યાર્થીની નોટમાં જોઇ સુધારી લેવા બૂટની અણી મારી, પરંતુ બાપુએ તેના પર ધ્યાન આપ્યું નહી. આજે વિશ્વભરના ખૂણે-ખૂણામાં ગાંધીજીને મહાપુરુષ તરીકે પૂજવામાં આવે છે, પરંતુ નોટમાં ખરી જોડણી લખનાર ગાંધીજીની બાજુમાં કોણ વિદ્યાર્થી હતા તેની કોઇને ખબર પણ નથી અને તેને કોઇ ઓળખતું નથી. બાપુની પ્રામાણિકતા, નિષ્ઠા અને સત્યાપ્રિયતાને કારણે મહાપુરુષ બની શકયા. તેમને કોઇ દીક્ષા ગુરુની કાનમાં મરાયેલ ફૂંક મહાન બનાવવામાં ઉપયોગી બની નથી, હું સમજુ છું કે જેની પાસેથી કંઇક શીખવા મળે તે દરેક આપણા ગુરુ ગણાય અને મારા દીક્ષા ગુરુ પાસેથી શીખવા એ મળ્યું કે કંકુની ટીકડીઓ દ્વારા પણ હથેળીમાંથી કંકુ પાડી લોકોને પ્રભાવિત કરી શકાતા હોય તો અંતરમાંથી ઝરતાં અમી દ્વારા સૌ કોઇને ભીંજવી, આપણે જરૂર રસતરબોળ કરી જ શકીએ અને રસતરબોળ થયેલ પ્રત્યેક વ્યકિત આપણા દરેક કાર્યોમાં ખભા સાથે ખભો મેળવી અવશ્ય કામ કરે. મારી દૃષ્ટિએ ગુરુ માત્ર વિદ્વાન વ્યકિતને જ બનાવી શકાય તેવું નથી. જેમના મુખમાંથી આપણો જીવન ઉપયોગી સંદેશ આપણને પ્રાપ્ત થાય તેવા પ્રત્યેક પાત્રને ગુરુ સ્થાને બેસાડી શકાય. એમ કહો કે આવા વ્યકિતને આપણા ગુરુ સમજી તેમની પાસેથી મળેલ

જ્ઞાનનો ઉપયોગ આપણા જીવનમાં વ્યાપેલા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા જ્ઞાનરૂપી દીપક પ્રગટાવી કરી જ શકાય છે. મને શિક્ષણ આપનાર મારા ઘણા બધા ગુરુજનોનો મારા પર બહુ મોટો ઉપકાર રહ્યો તે મારા દરેક ગુરુજનને વંદન કરું છું.આ પ્રસંગે થોડા ગુરુજનોની શિખામાણની મને નોંધ લેવાનું મન થાય છે.

ગુજરાતી ભાષાને ઉંડાણથી સમજવાની તક વિશુદ્ધાનંદ હાઇસ્કૂલના મારા શિક્ષિકાબેન દેવયાનીબેન પંડિત પાસેથી મળી. પૂરા પ્રાથમિક શિક્ષણમાં ગણિતના દાખલામાં ઉપર નીચે આવતાં મીંડાં ભાગાકારના દાખલામાં કેવી રીતે ઊડી જાય છે, તે હું સમજી શક્યો ન હતો પરંતુ તેની સાચી સમજ પણ મને વિશુદ્ધાનંદ હાઇસ્કૂલના ગણિત-વિજ્ઞાનના શિક્ષક હરિભાઇ ભૂંગળિયા પાસેથી મળી, તેમણે મને સમજાવ્યું કે ઉપર નીચે આવતાં મીંડાનું મૂલ્ય તેમજ છેદ અને મૂળ રકમના સમાન અંકોનું મૂલ્ય સમાન થવાને કારણે મીંડે મીંડા ગણિતના નિયમ મુજબ ઊડે છે. હું આજદિન સુધી આ ઊડેલા મીંડાં ક્યાં જાય છે? તે ટેલરફ્રેમમાં હાથ ફેરવીને જોયા કરતો. મીંડાની માયાજાળમાંથી બચવા હું આવા દાખલા મોઢે ગણી લેવાનું હંમેશાં પસંદ કરતો. અમારા ગુરુ હરિભાઇના કારણે હું ધોરણ-૧૦માં અંધજનોને બોર્ડ દ્વારા ગણિત વિષયમાં મુક્તિ મળતી હોવા છતાં ગણિત સાથે સારા માર્કે પાસ થઇ અમદાવાદ અંધજન મંડળમાં ગોલ્ડ મેડલ મેળવવામાં સફળ થયો હતો. ધોરણ - ૧૦માં અંધજન મંડળ ખાતે એડમિશન માટે પ્રિન્સિપાલસાહેબની ઑફિસમાં જવાનું થયું. ઑફિસમાં જઇ ખુરશી ખેંચી હું તેના પર બેસી ગયો. અમારા પ્રિન્સિપાલ જશુભાઇ કવિ ગુસ્સે થઇ બોલ્યા : 'મેં તમને બેસવાનું કહ્યું ?' હું બધું સમજી ગયો. મેં માફી માગી. જશુભાઇ કવિએ કહ્યું : 'તમારામાં આટલી શિસ્ત નથી તો આ શાળામાં કેવી રીતે ભણી શકશો?' આ મારા માટે સૌથી મોટું શિક્ષણ હતું. જેના કારણે મારામાં શિસ્તનું સિંચન થયું. આજે પણ મને કવિસાહેબનું એ વાક્ય અને તેમણે ઉચ્ચારેલા દરેક શબ્દો હંમેશાં યાદ આવે છે. આવો જ એક



બીજો પ્રસંગ ભાવનગર અંધ ઉદ્યોગ શાળાના સંચાલન દરમ્યાન આવ્યો. શાળામાં વિદ્યાર્થીઓની હડતાલ ચાલતી હતી. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ શાળાના સંચાલકો સામે કેટલાક પ્રશ્નો ઉકેલવા ઉગ્ર આંદોલન છેડયું હતું. આ વિદ્યાર્થીઓને બાહ્ય બેક અપ હતું. એક પોલીસ અધિકારી ચાવડાસાહેબ વિદ્યાર્થીઓની રજૂઆતને લઇ પ્રશ્નોના ઉકેલ માટે અમારી પાસે આવ્યા. શાળાના ટ્રસ્ટીઓ સાથે તેમણે એક બેઠક કરી. ખૂબ વિગતે વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે છણાવટ થઇ. પ્રશ્નો સામાન્ય અને નજીવા હતા. પોલીસ અધિકારી ચાવડાએ કહ્યું : 'આટલા નાના પ્રશ્નો માટે વિદ્યાર્થીઓને આટલું મોટું આંદોલન કેમ કરવું પડે?' મેં કહ્યું : 'સાહેબ, બાહ્ય બેક અપ છે.' ચાવડાસાહેબે કહ્યું: 'બહારના લોકો વિદ્યાર્થીઓને તમારી સામે લડવા આટલા ઉગ્ર કરી શકે, પોતાના કહ્યા મુજબ બધું કરાવી શકે તો તમારી પાસે ચોવીસ કલાક રહેતા વિદ્યાર્થીઓને તમે કેમ સમજાવી શકતા નથી?' આ વાત મને સ્પર્શી ગઇ. તે દિવસથી મેં વિદ્યાર્થીઓના વિકાસ માટે કોઇ કસર છોડવી નહીં. જાત ચાલે ત્યાં સુધી કામ કરી વિદ્યાર્થીઓના દિલ જીતી લેવા-જેવા અનેક સંકલ્પો પાર પાડવા નિશ્ચય કરી લીધો. તે માટે જે કંઇ કરવું પડે તે કરતાં રહેવામાં મેં આજદિન સુધી પાછુંવાળી જોયું નથી. હું મારા શિક્ષા ગુરુ અને દીક્ષા ગુરુને અંતઃકરણપૂર્વક વંદન કરું છું.

૧૧

# પરિવર્તનથી વિકસી પ્રતિભા

જગત પરિવર્તનશીલ છે. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ એ સૃષ્ટિનો નિયમ છે. ભાવનગર શહેરના અંતરિયાળ વિસ્તારમાં સ્થપાયેલી આ અંધ ઉદ્યોગ શાળા, અંધજનોને નાના-મોટા ગૃહ ઉદ્યોગની તાલીમ આપી, તેને પગભર બનાવવાનું કામ કરતી હતી. શરૂઆતમાં અંધ છોકરાઓને સિલાઇકામ, બીડીકામ, મસાજ વગેરે શીખવી પોતાનું આર્થિક ઉપાર્જન કરી શકે તેવી તાલીમ આપવા પૂરતું સંસ્થાનું મર્યાદિત કામ હતું. આઝાદીબાદ બૉમ્બે પબ્લિક ચેરીટી એકટ નીચે શાળાના ટ્રસ્ટની નોંધણી થયા બાદ રાજયના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા વિકલાંગ બાળકોના શિક્ષણની જવાબદારી ઉઠાવવામાં આવતાં તેનો લાભ ભાવનગરની આ શાળાને પણ થયો. F-૨૪ નીચે નોંધણી થયેલ આ શાળામાં અંધજનોને પ્રાથમિક શિક્ષણ આપવાનું શરૂ થયું. શાળામાં સરેરાશ પચ્ચીસ, ત્રીસ વિદ્યાર્થીઓની હાજરી રહેતી. મહિલા મંડળમાં ભાવનગર જિલ્લાની પ્રજ્ઞાચક્ષુ બહેનોને ભાવનગર શહેરમાં જ શિક્ષણ મળી રહે તેવા વર્ગો ચલાવવામાં આવતા. આ વર્ગનું શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળાનાં ૧૯૬૩માં વિલીનીકરણ થતાં પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે શાળાના પ્રજ્ઞાચક્ષુ ભાઇઓ સાથે સહ શિક્ષણ શરૂ થયું. તે વખતે બ્રેઇલલિપિ, સંગીત, મસાજકામ જેવાં

કાર્યો પર વધુ ભાર મૂકવામાં આવતો. ૧૯૭૭માં જયારે મારો વિદ્યાર્થી તરીકે શાળામાં પ્રવેશ થયો ત્યારે મારો ક્રમ ૩૩મો હતો. તે જ વર્ષે બીજા ત્રણ ચાર વિદ્યાર્થીઓ પણ દાખલ થયેલા. બધું મળી માંડ તે અંક ૩૭ સુધી પહોંચ્યો હતો. આ ઉપરાંત સાત-આઠ બહેનો તે વખતે શાળામાં શિક્ષણ મેળવતી હતી. એક દિવસ વહેલી સવારે વિદ્યાર્થીઓને ઊઠવા માટેનો બેલ પડયો. હૉસ્ટેલમાં રહેતા દરેક વિદ્યાર્થીને વહેલી સવારે ઊઠવા સવારના છ કલાકે નિયમિત બેલ પડતો. ઊઠયા બાદ દરેક વિદ્યાર્થી નીચેની લૉબીમાં લાઇનમાં ઊભા રહી, નરસિંહ મહેતાનું પ્રભાતિયું 'જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા; તુજ વિના ઘેનમાં કોણ જાશે?' ભારે ઉતાવળથી વિદ્યાર્થીઓ ગાઇ જતા. કોઇવાર રસ્સી ખેંચની સ્પર્ધામાં જેમ સ્પર્ધકો જોર લગાવે તેવી ખેંચાખેંચી પ્રભાતિયામાં થઇ જતી. આ પ્રભાતિયાને વિદ્યાર્થીઓ સવારની પ્રાર્થના કહેતા. એક દિવસ આવી પ્રાર્થનામાં બેલના અવાજ સાથે ઊઠી હું લૉબીમાં પહોંચી ગયો. પૂરી ઊંઘ ઊડી હોય કે નહિ તેની પણ ખબર નથી. પ્રાર્થનાની બે-ત્રણ લાઇન પૂરી થાય તે પહેલાં હું ધડાક દઇને નીચે પડયો. બધાને હસવાનું સાધન મળ્યું. તે ઘટનાએ મને વિચાર કરતો કરી દીધો. મને થયું : 'સવારની પ્રાર્થના આ રીતે કરવાની હોય? કોઇ બ્રશ કે દાતણપાણી પણ કર્યા ન હોય, મોં પર પાણીની છાલક પણ લાગી ન હોય અને કૂતરાને ખેંચે તેમ ખેંચાખેંચ કરી, પ્રાર્થના ગાઇ જવી એ તે કંઇ શાળા છે! 'પરંતુ તે સમયે તેમાં ફેરફાર કરવો મારા માટે અશકય હતું. ત્રણ-ચાર વર્ષના સહવાસ અને અભ્યાસ પછી હું શાળામાં વિદ્યાર્થીઓના જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાઇ આવ્યો. જી.એસ. થવાની સાથે જ મારા મનમાં પડેલો વિચાર સળવળી ઊઠયો. મેં વિદ્યાર્થીઓની મીટિંગ બોલાવી ક્હ્યું : 'આવતી કાલે સવારે છ કલાકે ઊઠવાનો બેલ પડશે ને બરાબર એક કલાક બાદ સાત વાગે પ્રાર્થનાનો બેલ પડશે. પ્રાર્થનાહોલમાં બેસીને સંગીતના સાધનો સાથે લય, તાલ અને રાગ સાથે



વિદ્યાર્થીઓએ પ્રાર્થના બોલવાની રહેશે.' વિદ્યાર્થીઓએ તે વાત વધાવી. થોડા સમય સુધી વિદ્યાર્થીઓ થોડા અનિયમિત રહેતા તે નિવારવા મેં બ્રેઇલમાં હાજરીપત્રક પણ તૈયાર કર્યું. રોજ સવારે હું જ બધા વિદ્યાર્થીઓની હાજરી પૂરતો. આવી જ એક બાબત રસોડામાં જમવાના મેનુમાં હતી. તે વખતે બાજરાનો રોટલો, કઢી અને શાક એવું મેનુ મંગળ-ગુરુનું ચાલતું હતું. તે બહેનો જે રોટલા બનાવતી - તેને રોટલો કે'વો કે લોટનો પિંડો કે'વો, તે મારી બુદ્ધિ નકકી નો'તી કરી શકતી. વિદ્યાર્થીઓ આ બંને દિવસ ભૂખ્યા રહેતા. કેટલાક જડ ભરત રોટલાની ખબર લઇ લેવામાં આગળ પડતા હતા, મેં આ માટે તે વખતના સંચાલકો સામે બંડ પોકાર્યો, ઠીક-ઠીક સફળતા મળી. ઘઉં - બાજરાના લોટની મિક્સ ભાખરી બનવા લાગી. શનિવારે મહિનામાં એકવાર ફરસાણ નકકી થયું. જેના પરિણામે વિદ્યાર્થીઓ સંતોષથી ખાઇ શકતા. નવરાત્રિનો તહેવાર આવ્યો. તે વખતે વિદ્યાર્થીઓ એક જાજમ પાથરી બજારમાંથી તૈયાર ગરબો લાવી, એક ટેબલ પર પધરાવતા અને સાંજે હાર્મોનિયમ, તબલાં સાથે રોજ ગરબા ગાતા. મને થયું કે-સરસ માતાજીની ગરબી કરાવવી જોઇએ. નવરાત્રિ કમિટી જે વિદ્યાર્થીઓમાંથી બનાવવામાં આવી હતી તેમાં મેં પ્રસ્તાવ રજૂ કર્યો. બધા સંમત થયા અને આ માટે પૈસા કયાંથી લાવવા? વિદ્યાર્થીઓએ ગરબી નિર્માણ માટે આયોજન અને ફંડ એકત્રિત કરવા એક કમિટી બનાવી. જેમાં મારી સિવાય ચંદુ વઘાસિયા, જીતુ ચૌહાણ, અશ્વિન મગનિયા વગેરે મિત્રોને કામ સોંપવામાં આવ્યું. બીજા જ દિવસે અમે કામ ઉપાડી લીધું. ફંડ એકત્રિત કરવા અમે બે-બે સભ્યોની ટુકડી બનાવી. પ્રથમ ટીમના કેપ્ટન ચંદુ વઘાસિયા નકકી થયા અને તેના સહાયક તરીકેની કામગીરી અશ્વિન મગનિયાએ કરવી તેવું નકકી થયું. આ ટીમ નિર્મળનગર વિસ્તારમાં ફંડ એકત્રિત કરશે. જયારે બીજી ટીમનું કામ મને સોંપવામાં આવ્યું. મારા સહાયક તરીકે જીતુ ચૌહાણ હતા. અમારે સરદારનગર

અને ઘોઘારોડ પર ફંડ એકત્રિત કરવા જવાનું હતું. આખો દિવસ ફંડ માટે ફર્યા. સરદારનગર અને ઘોઘારોડ પરથી માંડ બસો પંચાસી રૂપિયા ભેગા થઈ શકયા. અમારા બીજા મિત્રોએ પણ આખો દિવસ નિર્મળનગરમાં ખૂબ મહેનત કરી, સાંજે માંડ પાંચ રૂપિયા મળ્યા. બંને મિત્રો રિક્ષા કરી અંધશાળા પરત આવ્યા. તે સમયે બે વ્યકિતના રૂપિયા પાંચ ભાડું થયું એટલે કે બીજી ટીમ પાસે ગરબીના યોગદાન માટે ફંડની કોઈ રકમ મળી નહીં. રાત્રે વિદ્યાર્થીઓની ફરી મીટિંગ મળી. બધા વિદ્યાર્થીઓ કહે : 'બે જ દિવસમાં નવરાત્રિ છે. આ રીતે ફંડ ભેગું નહિ થઈ શકે તો ગરબી કેવી રીતે આવશે ! આપણે વિચાર માંડીવાળીએ.' મેં કહ્યું : 'મિત્રો, હું આપને ખાતરી આપુ છું, પાંચમા નોરતાએ આપણે જરૂર ગરબી પધરાવી, તેનું ઉદ્‌ઘાટન કરીશું. હું ગમે તે રીતે ફંડ ભેગું કરી આપીશ.' ફંડ ભેગું કરવામાં સૌથી મોટી મુસીબત દાતાને આપેલ દાનની રસીદ અમે આપી શકીએ તેમ ન હતા કારણ કે શાળાના સંચાલકોએ અમને આ માટે ડૉનેશન બુકનો ઉપયોગ કરવાની મંજૂરી આપી ન હતી. ગરબી નિર્માણમાં તે વખતના સંચાલકોની કોઈ રુચિ ન હતી. બીજા દિવસે સંઘેડિયા બજાર ગરબી બનાવનાર મિસ્ત્રી પાસે ગયા. અમારી જરૂરિયાત મુજબની ગરબી તૈયાર કરી આપવા ઑર્ડર આપ્યો. ભાવ નકકી થયો. મિસ્ત્રી પંદરસો રૂપિયામાં પાંચમા નોરતા પહેલાં ગરબી તૈયાર કરી આપવા સંમત થયો. આ માટે ડિપોઝિટ પેટે રૂપિયા એક હજાર સવાર સુધીમાં ભરવાના, પછી તે કામ શરૂ કરે તેમ કહ્યું. હવે મારી ચિંતા વધી, હજાર રૂપિયા મેં હાથ ઉછીના કરી પેલા મિસ્ત્રીને પધરાવી દીધા. જેમની પાસે ફંડ માંગીએ તેને કહેતા 'ગરબીના ઉદ્‌ઘાટનમાં તમો ચોકકસ પધારજો. તમારા હાથે જ ઉદ્‌ઘાટન થશે.' પછી પચાસ રૂપિયા આપી ઉદ્‌ઘાટનમાં હાજરી આપવાની બધા જ ના પાડી દેતા. દીવાનપરા પેટ્રીએટ ટાઈપ કલાસના માલિક મહેન્દ્ર ગોસ્વામી મને મળ્યા. મેં ગરબી નિર્માણ વિશે તેમને વિગતે વાત કરી. તેમણે



કાંઈ પણ સાંભળ્યા વિના મારા હાથમાં રૂપિયા અગિયારસો મૂકયા અને કહ્યું : 'આટલી નાની ઉંમરે આવું સાહસિક કામ કરવા બદલ તને અભિનંદન આપુ છું! ઉદ્‌ઘાટનમાં હું નહિ આવું પણ કોઈવાર શાળામાં જરૂર આવીશ. ઉદ્‌ઘાટનમાં મારા મિત્ર ટપુભાઈ પટેલ આવશે.' મેં કહ્યું : 'તેઓ મારા પિતા છે.' તેઓ અચરજ સાથે ખુશ થતા બોલ્યા : 'આ માટે વધુ પૈસાની જરૂર પડે તો મને અવશ્ય કહેજે.' ડૉનેશન મેળવવા માટેનું મારું આ પ્રથમ કાર્ય હતું. તે વખતે આટલી રકમ ભેગી કરવી સૌ કોઈને માટે ઘણું કઠિન હતું. હું મારા જીવનમાં પરિવર્તનો કરવા હંમેશાં ટેવાયેલો છું. તેના પરિણામે આજે શાળા જે પ્રગતિ કરી રહી છે. તેમાં અવનવા કાર્યક્રમો દ્વારા શાળાને ચેતનવંતી બનાવવા ખાસ કરીને કર્મચારી વર્ગનો મને જે સહયોગ સાંપડે છે, તે હું કારણભૂત સમજુ છું. આ પુસ્તકમાં મેં અવાર નવાર કહ્યું છે કે : 'શિક્ષણ વર્ગખંડનો ઈજારો નથી. અનુભવ-રૂપી શાળામાં મળતું શિક્ષણ એ જ સાચું શિક્ષણ છે.' મને આવું શિક્ષણ મેળવવાની ભવ્ય તક મળી છે. મારા સાહસિક કાર્યમાં ઘણા મિત્રોનો અને પરિવારનો સહયોગ મળતો રહ્યો છે. મારો ભાણેજ અશ્વિન આ માટે મને હંમેશાં યાદ રહેશે. કોઈપણ કપરા કાર્યો જયારે તેમને સોંપતો ત્યારે હંમેશાં તે સફળતાપૂર્વક પાર પાડી આપતો. તેમનું વ્યકિતત્વ અજોડ અને પ્રભાવશાળી હતું. ઘણીવાર મારે કોઈને મળવા જવાનું હોય તો તેને સાથે લઈ જતો. ગમે તેવી ભીડ હોય, રસ્તો કપરો હોય કે વાતાવરણ તંગ હોય, ગમે તેવી સ્થિતિમાં નીડરતાથી તે મારા કાર્યને સફળ બનાવવા હંમેશાં મારી સાથે રહેતો. તેને કૉમ્પ્યૂટરનો પણ સારો મહાવરો હતો. મારા આંદોલન કાર્યમાં જયારે પ્રસાર - પ્રચારનું કામ ગણતરીની મિનિટોમાં પાર પાડવાનું હોય ત્યારે તેમણે હંમેશાં ચેલેન્જ ઉપાડી છે, એટલું જ નહીં જે-તે સમયે મીડિયા અહેવાલ પ્રસિદ્ધ કરી શકે તે રીતે મીડિયા સુધી પહોંચાડવાના કાર્યમાં પણ તેમણે સાથ આપ્યો છે.

ગાંધીનગરની મહારેલીમાં બનેલી તમામ વિગતો ભાવનગરની ઑફિસમાં બેસી તેમણે મેળવી, અહીંના લોકલ છાપાઓ અને ચેનલો સુધી પહોંચાડી મીડિયામાં પ્રસિદ્ધ કરવા મૂલ્યવાન યોગદાન આપ્યું હતું, જયારે સરકાર સામે વિકલાંગોના વિવિધ પ્રશ્ને ભારે ચળવળ ચાલતી હતી તેવા સમયે અચાનક સત્તરમી ઑગસ્ટ ૨૦૧૧ ના રોજ તીવ્ર હૃદયરોગના હુમલામાં તેમણે મારો અચાનક હંમેશને માટે સાથ છોડયો. જે ખોટ મને જીવનપર્યંત રહેશે. અચાનક અશ્વિનના ગયા પછી મારાં પત્ની નીલા અને દીકરી નિષ્ઠા મને જરૂરી સહકાર અને સહયોગ આપી હૂંફ આપવાનું કાર્ય કરે છે. અશ્વિનના ગયા પછી આ લોકોની નૈતિક હિંમત મળવાને કારણે મેં આંદોલનને જરા પણ નબળું થવા દીધું નહિ. ૩જી સપ્ટેમ્બરે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સામે ધરણા કર્યા. ૧૪ સપ્ટેમ્બરે ભાવનગર તખ્તેશ્વર મંદિર રામધૂન થઇ. જયારે ૧૭મી સપ્ટેમ્બરે અમરેલી ખાતે ધરણાનો કાર્યક્રમ યોજાયો. ૧૯મી સપ્ટેમ્બરે ફરી વખત ભાવનગર ઘોઘાગેઇટ વિકલાંગ સમસ્યાની સંસદ યોજી, સરકાર સામે ઉગ્ર દેખાવ કરવામાં આવ્યો. બાદ ૩૦, સપ્ટેમ્બરના રોજ સિદ્ધિ વિનાયક ગણપતિના મંદિરે કાળિયાબીડ ખાતે સરકારને વિકલાંગોના પ્રશ્ને વિઘ્નહર્તા ગણપતિ સદ્દબુદ્ધિ આપે તેવા હેતુસર મહાહવન યોજાયો, જેમાં પાંચ હજારથી વધુ લાડુ હોમી ગણપતિની આરાધના કરી કે અમદાવાદ ખાતે યોજાનાર બે થી છ ઑકટોબર પાંચ દિવસના ન્યાય ઉપવાસને સફળતા મળે. વિકલાંગોના પ્રત્યેક પ્રશ્નોનું નિવારણ થાય.

૨ ઓકટોબર ગાંધી જયંતીના દિવસે ટાઉન હોલ એલિસબ્રીજ અમદાવાદ ખાતે પાંચ દિવસના ન્યાય ઉપવાસનો પ્રારંભ થયો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં રાજકીય નેતાઓ, સંસ્થાના સંચાલકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, પત્રકાર ઊમટી પડયા. માનનીય શ્રી શકિતસિંહ ગોહિલ, નરહરિ અમીન, ગોરધનભાઇ ઝડફિયા, મનીષ દોશી, અશોક પંજાબી-જેવા અનેક



નામી-અનામી મુલાકાત લેનાર મહાનુભાવો હતા. ન્યાય ઉપવાસની મંજૂરી માટે પોલીસ કમિશનર કચેરી, અમદાવાદ સહિત અનેક મુલાકાતો પછી સફળતા મળી હતી. પોલીસ કમિશનરની કચેરીએ ચલક-ચલાણાની રમતની માફક એક ચેમ્બરથી બીજી ચેમ્બરે ધકકા ખાવા પડયા હતા. ઉગ્ર અવાજે રોષ ઠાલવ્યા પછી પોલીસ કમીશનરની મુલાકાત શકય બની હતી. ઉપવાસ દરમ્યાન સાથી ઉપવાસી મિત્રોની તબિયત ખરાબ થવાના સમાચાર સમયસર મુખ્યમંત્રીની કચેરીએ પહોંચાડવામાં આવતા, તેઓ પોલીસ અધિકારીને મોકલી અમારા સાથી મિત્રોને સારવાર આપવાની ચેષ્ટા કરવા સિવાય કંઇ વધુ કરવા માંગતા હોય તેવું મને લાગ્યું નહીં. હેમ-ખેમ અમોએ પાંચ દિવસના ઉપવાસ પાર પાડયા. ગુજરાતના સમગ્ર મીડિયા વિભાગે અમારા આંદોલનને ખૂબ સારો પ્રતિસાદ આપી વિકલાંગોને તેમની લાયકાતના ધોરણે નોકરી પ્રાપ્ત થાય તેવા અમારા કાર્યને સરળ બનાવ્યું. જેના કારણે અમારા આંદોલનમાં રાજયભરના અંધજનો સહિત વિકલાંગો જોડાયા. ચોવીસ કલાક સુધી અમે ફૂટપાથ પર ઉપવાસના સ્થળે રહેતા, રાત્રિના ફૂટપાથ પર સૂતા તેમાં અમારા રક્ષણ માટેનો જો કોઇ વિશ્વાસ હોય તો એકમાત્ર આ મીડિયા પરિવાર પર જ હતો. મીડિયાના ડરથી અમારા પર કોઇ સત્તાનો ગેર-ઉપયોગ નહિ કરી શકે તેની મને તે વખતે પૂરી શ્રદ્ધા હતી. ઉપવાસ દરમ્યાન અમારા સિનિયર વિદ્યાર્થિની બહેન શ્રી મુકતાબેન ડગલીનો અદ્દ્ભુત સહકાર મળ્યો. તેઓ અમારા ઉપવાસી મિત્રો અને આવનાર તમામ પ્રજ્ઞાચક્ષુઓની ભારે સાર-સંભાળ રાખતાં હતાં. બધાના નાસ્તા ભોજનની વ્યવસ્થાની જવાબદારી અમારા મોટાંબેન મુકતાબેન જ સંભાળતાં હતાં. આંદોલનમાં સેંકડો અંધજનો અને વિકલાંગો જોડાયા હોવા છતાં બેન તમામની ખૂબ ઉત્સાહથી કાળજી લેતાં. પોતે પણ ઉપવાસ રાખતાં હતાં છતાં તેમના ઉપવાસની કોઇને જાણ થવા દીધી ન હતી. ઉપવાસના

પારણા કરાવવામાં તેમણે જાત-જાતના ભોજન તૈયાર કરાવ્યાં હતાં. અનેક અગ્રણી નેતાઓ અને સાધુ-સંતોની હાજરીમાં અમને પારણા કરાવવામાં આવ્યા હતા.

અમદાવાદ સહિત જુદા-જુદા જિલ્લાઓના લોકલ સમાચારપત્રો અને ટીવી ચેનલોમાં અમારા પ્રશ્નોની ઉપવાસ દરમ્યાન મોટા હેડિંગો સાથે નોંધ લેવામાં આવી હતી. આ આંદોલન વિકલાંગોને સમાનતક, તેના અધિકારોની પ્રાપ્તિને સમાજના દરેક ક્ષેત્રે સહભાગિતા પ્રાપ્ત થાય, તે માટે સરકાર અને સમાજને જાગૃત કરવા ઉપાડેલ જન-અભિયાન હતું. જેને બહોળો પ્રતિસાદ સાંપડે તે સ્વાભાવિક હતું. રાજયના તમામ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં અંધજનો અને વિકલાંગો પાંચ દિવસ સુધી અમારા ઉપવાસના સ્થળે અમને ટેકો આપવા ઊમટી પડયા હતા. સરકાર પર તેની મોટી અસર પડી, ૨૯ નવેમ્બર ૨૦૧૧ ના રોજ સરકારના પ્રવકતા અને નાણાં રાજયમંત્રી શ્રી સૌરભભાઈ પટેલે ભાવનગરના જિલ્લા કલેકટર ઝાલાવાડિયાસાહેબ મારફતે સચિવાલયમાં મને ચર્ચા માટે ઉપસ્થિત રહેવા સંદેશ આપવામાં આવ્યો. ઉપર જણાવેલ દિવસે હું સમયસર સચિવાલય પહોંચી ગયો. પ્રથમ સમાજ સુરક્ષા ખાતા સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને મુખ્ય અધિકારીઓ સાથે મારી મીટિંગ યોજાઈ. વિકલાંગોને સ્પર્શતા વિવિધ ૧૮ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. જે અંગે યોગ્ય પગલાં લેવા, ઘટતી કાર્યવાહી કરવા અધ્યક્ષશ્રીએ લાગતા-વળગતા લોકોને સૂચનાઓ પણ આપી. ત્યારબાદ મને સૌરભભાઈ પટેલની ઑફિસમાં વધુ ચર્ચા માટે બોલાવવામાં આવ્યો. માધ્યમિક તબકકે કાર્યરત સંમિલિત શિક્ષણ યોજનાના વિશિષ્ટ શિક્ષકોને પ્રતિમાસે સમયસર તે વખતે પગાર ચૂકવવામાં આવતો ન હતો તે પગાર દરેક શિક્ષકને સમયસર ચૂકવવામાં આવે, તેવી ધારદાર રજૂઆત મંત્રીશ્રી સમક્ષ કરી, લાગતા વળગતા



અધિકારીઓને મારી હાજરીમાં સૂચનાઓ પણ આપવામાં આવી. અમારી બેઠક લગભગ પાંચ કલાક સુધી ચાલી. બાદ હું ભાવનગર જવા નીકળી ગયો. ૩જી ડિસેમ્બરના રોજ તે વખતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ભાવનગરમાં સદ્ભાવના ઉપવાસ માટે એક દિવસ બેસવાના હતા. તેની સામે વિકલાંગોને ન્યાય મળે તેવા ઉદ્ધેશથી આલ્ફ્રેડ સ્કૂલના મેદાનમાં મેં પણ દસ હજાર વિકલાંગો સાથે ઉપવાસમાં બેસવાની જાહેરાત કરી હતી. આ ન્યાય ઉપવાસના કાર્યક્રમની માહિતી આપવા ભાવનગરમાં મેં તા.૩૦-૦૯-૨૦૧૧ના એક પત્રકાર પરિષદ બપોરના ચાર કલાકે બોલાવી. જેમાં પોલીસ મંજૂરી અમારા સંગઠનને હજુ મળી નથી, તે વાત ઉચ્ચારતાં એક પત્રકાર મિત્રએ મને ક્હ્યું: 'અખિલ ગુજરાત જાગૃત સંઘને ઉપવાસ અંગેની ભાવનગર પોલીસ દ્વારા કેમ મંજૂરી મળતી નથી?' મેં કહ્યું : 'ભાવનગરના પ્રભારીમંત્રી સૌરભભાઈ પટેલની પોલીસ વિભાગને મંજૂરી નહિ આપવા સૂચના મળેલ છે.' પત્રકારે કહ્યું : 'સૌરભભાઈના કહેવા મુજબ પોલીસ વિભાગ આપના સંગઠનને મંજૂરી નહિ આપે તો આપનું સંગઠન શું કરવા માંગે છે?' મેં કહ્યું : 'ગુજરાત કોઈના બાપની નથી, વિકલાંગોના હિત માટે છેડવામાં આવેલ આંદોલનના ભાગરૂપે આ અમારો ઉપવાસ કાર્યક્રમ છે. સાચી સદ્ભાવના શું છે તેનો સંદેશ અમે રાજય સરકારને આપવા માંગીએ છીએ.' ત્યારબાદ પત્રકાર પરિષદ પૂર્ણ કરવામાં આવી. લગભગ દસ જ મિનિટમાં મારા પર એક ફોન આવ્યો. જે મંત્રી વિશે મેં શાબ્દિક પ્રયોગ કર્યો હતો, તેના તરફથી જ આ ફોન હતો. મને ટેલિફોનમાં કહેવામાં આવ્યું : 'તમે સરકારને ગાળો આપો છો ?' મેં કહ્યું :'બિલકુલ નહિ. જે વ્યકિત સરકારના નામે મનમાની કરવા માંગે છે, તેની મેં વાત કરી છે અને છતાં એમની પાસે ગુજરાત કબજે કર્યાનો લેખિત દસ્તાવેજ હશે તો હું તે ઉચ્ચારેલ શબ્દ માટે જરૂર દિલગીરી વ્યકત કરીશ.' અડધો કલાક બાદ મને

કલેક્ટર કચેરી બોલાવવામાં આવ્યો ત્યાં પણ મેં આવી જ સ્પષ્ટતા કરી. કલેક્ટરસાહેબે મને ઉપવાસનું સ્થળ અન્ય જગ્યાએ બદલવા કહ્યું ! મેં તેમને જણાવ્યું : 'અમારા આંદોલન માટેના સ્થળ અને તારીખ અગાઉથી જ નક્કી થઇ ચૂક્યા છે. મુખ્યમંત્રીના ઉપવાસની તારીખ બદલાય અને અમારી તારીખ સાથે પાછળથી નક્કી થઇ છે તેથી સ્થળ તેમની સદ્‌ભાવના ઉપવાસનું બદલાવવું જોઇએ.' મારી સાથે સંઘની ઘણી વાતો થઇ. સરકાર દરેક પ્રશ્ન ઉકેલી આપશે તેવી મને ખાતરી આપવામાં આવી. મેં લેખિત ખાતરીનો આગ્રહ રાખ્યો. ચોવીસ કલાકની અંદર કલેક્ટરશ્રીએ ખાતરી આપતો પત્ર મને લેખિતમાં આપી પણ દીધો ! રાજ્યભરમાં વિકલાંગ બાળકોના વિશિષ્ટ શિક્ષકોને પગાર ચૂકવી આપવા કરેલ માંગણીનો પ્રતિસાદ માત્ર બાર કલાકમાં મળ્યો. પહેલી ડિસેમ્બરના રોજ યોજના ચલાવતાં સંગઠનો કે સંસ્થાઓને જીસીઇઆરટીએ શિક્ષકોના પગારની રકમ સત્વરે ચૂકવી આપી. જે મારા માટે આનંદનો વિષય હતો. જેઓ વિકલાંગ બાળકો માટે કામ કરે છે તેવા લોકોને સમયસર પગાર મળવો જ જોઇએ. મારી દૃષ્ટિએ સરકાર દ્વારા તેમને તો વિશેષ લાભ મળવા જોઇએ કારણ કે આવા શિક્ષકોએ જેમને શારીરિક કે માનસિક ક્ષતિના કારણે વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે, તેમના માટે અનેક નવા શૈક્ષણિક ઉપક્રમો તૈયાર કરી કામ કરવાનું હોય છે. તેમનામાં પડેલી શક્તિઓને એકત્રિત કરી તેમને સમાજમાં પુનઃસ્થાપિત કરવાના હોય છે, આવાં બાળકો સાથે કામ કરવું એક મોટો પડકાર હોય છે. મને યાદ છે-વર્ષો પહેલાં ખાસ શાળાઓમાં કામ કરતા શિક્ષકોને અન્ય શિક્ષકો કરતાં વિશેષ પગાર ધોરણો આપી સન્માનિત કરવામાં આવતા. વિકલાંગ વર્ગને અન્ય સમાજની માફક આત્મવિશ્વાસ સાથે જીવન જીવવા સક્ષમ અને પ્રબળ બનાવવા સરકાર અને સમાજે વિશેષ અને આગવાં પગલાં લેવાં રહ્યાં.



રાજ્યના વર્તમાનપત્રોએ ભાવનગરમાં મુખ્યમંત્રીના સદ્‌ભાવના ઉપવાસ સામે અમારા યોજનાર ન્યાય ઉપવાસની મોટી નોંધ લીધી હતી. જેના પરિણામે આ આંદોલનમાં દસ હજારથી વધુ વિકલાંગો જોડાવા તૈયાર થયા હતા. આ નેતૃત્વ શક્તિ માટે મને મારા પરિવારમાંથી, મિત્ર સર્કલ અને વિકલાંગ સંસ્થાના આગેવાનો પાસેથી સતત નૈતિક હિંમત મળતી હતી. તેમ છતાં સરકાર તરફથી લેખિતમાં પ્રશ્નોના નિવારણ અંગેની ખાતરી મળતાં હું આંદોલન પર અલ્પવિરામ મૂકવા વિવશ બન્યો.

ગુજરાતીમાં 'વાડ ચીભડાં ગળે' કહેવત મેં વડીલો પાસેથી સાંભળી હતી પરંતુ તેનો અર્થ મારા મગજમાં ઊતરતો ન હતો. વર્ષ - ૨૦૧૨ માં સરકારે લેખિતમાં ખાતરી આપ્યા પછી પણ જ્યારે અમારા પ્રશ્નો હાથ પર ન લીધા ત્યારે પેલી કહેવત મારા મગજમાં સમજાય - જેઓ રખેવાળ છે, એ જ ભક્ષક બને અર્થાત્ ''અભી બોલા અભી ફોક'' લેખિતમાં ખાતરી પ્રશ્નો જેમના તેમ. હું ચોક્કસ એવું માનું છું કે  જેઓ સત્તાના શિખરે બેઠા છે તેમણે હંમેશાં યાદ રાખવું જોઇએ કે તેઓ જે ખાતરી આપે તે પાલન કરી શકે તેવી જ આપે. આપવા ખાતર અપાયેલ ખાતરી એ સત્તાધીશ જ નહિ પણ તેને જે સીટ દ્વારા અર્થાત્ જે હોદ્દાદારી સત્તાનું સુકાન સાંપડ્યું છે તેનું જ તેઓ પોતે આપેલ ખાતરી ફોક કરી અપમાન કરે છે. પહેલાના સમયમાં રાજાઓ જે ખાતરી આપતા, જે કહેતા તે અવશ્ય કરતા. અનેક રાજા મહારાજાના ઇતિહાસો વાંચ્યા પછી હું એમ કહી શકુ કે : 'આજના લોકતંત્રમાં જેઓ પ્રજાની જંગી બહુમતિથી ચૂંટાઇ આવે છે એવા લોકોએ પણ સારા રાજા મહારાજાનાં જીવન ચરિત્રોનો અભ્યાસ કરવો જોઇએ.' ભાવનગરના મહારાજાનું ઉદાહરણ આપવાનું મને મન થાય છે. કોઇ એક ભિખારી પસાર થતો હતો. તેને કકડીને ભૂખ લાગી હતી. તે આમ તેમ ચારેય તરફ જોઇ રહ્યો હતો. તેમને નીલમબાગની બોરડી નજરે પડી. બોરડી પર

લટકતાં બોર નિહાળી તે ખુશ થયો. હાથમાં પથ્થર ઉપાડ્યો. પથ્થર બોરડી પર ફેંક્યો. સડસડાટ બોર નીચે પડ્યાં. તેણે ખૂબ ઝડપથી જમીન પર પડેલાં બોર વીણી લીધાં. તે બોર ખાવા લાગ્યો. થોડી જ વારમાં તે બધા બોર ખાઇ ગયો. હજુ ભૂખ અટકવાનું નામ લેતી ન હતી. તેણે બીજો પથ્થર ઉપાડ્યો. પથ્થર જોરથી ફેંક્યો. તે બોરડીની ડાળ સાથે અથડાઇ મહારાજાના બગીચા સુધી પહોંચી ગયો. બગીચામાં બેઠેલા મહારાજાના કપાળે તે પથ્થર વાગ્યો. લોહીની ધાર વહેવા લાગી. સિપાઇઓ દોડ્યા. મોટી કોલાહલ થઇ. ભિખારી ગભરાયો. તે કંઇ કરે તે પહેલાં કેટલાક સિપાઇઓ તેની પાસે પહોંચી ગયા ! તેને પકડી રાજા સમક્ષ હાજર કરવામાં આવ્યો. મહારાજાએ પૂછ્યું : 'તેં પથ્થર કેમ માર્યો?' ભિખારીએ પોતાની બધી વાત કરી. મહારાજાએ કહ્યું : 'એક બોરડી તને પથ્થર મારવાથી તારી ભૂખ સંતોષવા બોર આપતી હોય તો મારે તને કશુંક જરૂર આપવું જોઇએ.' રાજાએ દીવાનને બોલાવી સોનામહોરો લઇ આવવા કહ્યું. દીવાન સોનામહોર લઇ આવી પહોંચ્યો. રાજાએ કહ્યું : 'એક ખોબો ભરી સોનામહોર ભિખારીના હાથમાં મૂકો.' બધાં અચરજ પામ્યાં ! શિક્ષાને બદલે ભેટ! લોકશાહી રાજ્યમાં આ ઉદાહરણ દરેક સત્તાધીશે યાદ રાખવું રહ્યું. હું નમ્રતાથી સ્વીકારું છું. વિકલાંગ વ્યક્તિઓને શિક્ષણ, રોજગાર, તાલીમ અને પુનઃસ્થાપનની સમયસર સેવાઓ મળે. આવી સેવાઓમાં કાર્યરત કર્મચારીઓને સમયસર યોગ્ય વેતન મળે એવી મહેચ્છાની ભૂખ ધરાવનાર એક ભિખારી છું. આ ભૂખના કારણે પથ્થરરૂપી આંદોલન છેડી સરકારની ઇચ્છા શક્તિરૂપી બોરડી પર પથ્થર મારવાનો મેં પ્રયાસ કર્યો છે. સિપાઇઓ પકડવા જરૂર આવ્યા, પરંતુ સાંભળનાર કોઇ રાજવી મળ્યા નથી. પેલા ભિખારીની ભૂખ જેમ થોડા ખરેલાં બોર દ્વારા સંતોષાઇ હતી, તેમ અધકચરા ઉકેલાયેલ પ્રશ્નોથી મારી ભૂખ પણ સંતોષાય છે. અન્યના માટે માગવું એ પણ 'ભીખ' છે છતાં નિઃસ્વાર્થપણે માંગેલ ભીખ મારી



દૃષ્ટિએ ઉત્તમ પ્રાર્થના છે. આવી પ્રાર્થના દેશના બુદ્ધિશાળી નાગરિકોએ સમયાંતરે કરતા રહેવી જોઇએ - તેવું હું માનું છું. મહાત્મા ગાંધી નિયમિત પ્રાર્થના કરતા, તેના કરતાં તેમણે લોકોના સુખ માટે નિયમિત અવનવા કાર્યક્રમો આપી ગોરા લોકોની આંખો ખોલી આપે તેવી પ્રાર્થના કરી હતી, તેને હું નિત વંદન કરું છું. હું બાપુની આ પ્રાર્થનાને વધુ મહત્ત્વની માનું છું. તેમણે અન્યને પોતાના અધિકાર મળે તેવી ચળવળ ચલાવી, ઇશ્વરની મોટી આરાધના કરી છે તેમ પણ હું માનું છું. જીવન પોતાના માટે જીવવું તેના કરતાં જીવન અન્ય લોકોના ઉત્થાન માટે જીવવું વધુ સારું છે. એમ કહો એ જ જીવનની સાચી ભક્તિ છે, મંદિરમાં ટોકરી વગાડનાર પૂજારી છે ને એટલે જ કદાચ મેં વિકલાંગોના કલ્યાણ માટે સુવિધાઓ અને સગવડો પ્રસ્થાપિત કરવા સરકાર સમક્ષ રજૂઆતો કરી, આ કાર્યને જન આંદોલન સુધી લઇ જઇ પડકારરૂપ વ્યક્તિઓ માટે નવા યુગના આગમન માટે દીપક પ્રગટાવવા યત્ન કર્યો છે. આ દીપકનો પ્રકાશ સૌ વિકલાંગોના જીવનમાં જરૂર પથરાશે. તેના ઉજાસથી સૌ કોઇનું જીવન ઉજજવળ બનશે, તેની પણ મને શ્રદ્ધા છે.

૧૨

# કાનૂન ધકેલાયો હાંસિયામાં

અંધજનો શિક્ષણને બાધક છે તેવા કરાયેલ પરિપત્રને પુરવાર કરવા જોષી સમિતિની રચના કરાઇ. સમિતિમાં ત્રણ સરકારી પ્રતિનિધિઓ ઉપરાંત બીનસરકારી સંસ્થાના પ્રતિનિધિ તરીકે શ્રી ભૂષણ પુનાની, અંધજન મંડળ - અમદાવાદ અને મારી પસંદગી કરવામાં આવી. સરકારશ્રી દ્વારા સમિતિને રાજ્યની વિવિધ પ્રાથમિક શાળાઓમાં સંગીત શિક્ષક અને વિષય શિક્ષક તરીકે ફરજ બજાવતાં પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોની વર્ગખંડની કામગીરી ચકાસવા નીચેના મુદ્દા પર પરીક્ષણ કરવાની કામગીરી સોંપાઇ. સમિતિના અધ્યક્ષશ્રી ટી.એસ.જોષીના વડપણ નીચે અમારે તે અહેવાલ તૈયાર કરવાનો હતો. રાજ્યની વિવિધ પ્રાથમિક શાળાઓની અમારી સમિતિએ મુલાકાત લીધી. અહેવાલ માટેના તૈયાર કરેલ ફોર્મેટની વિગતો સાથે હું અને મારા સાથી બિનસરકારી સભ્યશ્રી ભૂષણ પુનાની સંમત ન હતા. ફોર્મેટના મુદ્દા નીચે મુજબ હતા.

(૧) શાળામાં ફરજ બજાવનાર પ્રજ્ઞાચક્ષુ શિક્ષક બ્લેક બોર્ડ પર વિવિધ વિષયો દર્શાવી, ભણાવી શકે છે ?

(૨) સ્વાધ્યાય અને પ્રયોગપોથી ચકાસી શકે છે ? ધો. ૧ અને ૨ ના બાળકો

સ્લેટ પાટી પર મૂળાક્ષરો લખે, તે ચકાસી શકે છે ? તેમાં કોઇ ભૂલ હોય તો તે સુધારી શકે છે ?

(૩)મફત અને ફરજિયાત શિક્ષણના ધારા મુજબની પ્રવૃત્તિઓ બાળકો પાસે પ્રજ્ઞાચક્ષુ શિક્ષક કરાવી શકે છે ? વગેરે મુદ્દાઓનું મૂલ્યાંકન કરી સમિતિએ સરકારને અહેવાલ આપવાનો હતો. આ અહેવાલ પૂર્વ આયોજિત મનોવલણને સંતોષી શકે. પરિપત્રની વિગતોને સમર્થન મળે તેવા ઉદ્દેશથી એકતરફી માન્યતાઓને મંજૂરી મળે તેવા અગાઉથી ઇચ્છિત અભિપ્રાય પ્રાપ્ત કરી તૈયાર કરવાની મનસ્વી અપેક્ષાઓ પૂર્ણ કરવા નીમવામાં આવેલ સમિતિ પાસે તૈયાર કરવાનો હોય તેવું મને સતત લાગતું હતું. અમારા કોઇપણ સૂચનો સમિતિના સભ્યો હોવા છતાં ગ્રાહ્ય લેવામાં આવ્યા નથી તેમજ ચોકકસ ફોર્મેટમાં માત્ર ‘હા’ કે ‘ના’ ના વિકલ્પમાં સાથી શિક્ષકો કે આચાર્યના પણ અભિપ્રાય મેળવી લેવામાં આવ્યા હતા. પ્રજ્ઞાચક્ષુ શિક્ષકને બ્લેક બોર્ડના વિકલ્પે તેઓ અન્ય કયા સહાયક ઉપકરણો વાપરી શિક્ષણ આપવા પ્રયત્ન કરી શકે તેવી કોઇ વાત તેમની સાંભળવામાં આવી ન હતી. તેમજ એક શિક્ષક લેપટોપ પર અનેક શૈક્ષણિક સામગ્રી શાળા માટે તૈયાર કરી કાર્ય કરતા હતા તેની પણ કોઇ નોંધ લેવામાં આવી નહોતી. આખરે આઠ જ દિવસની ટૂંકા સમયની મર્યાદામાં અહેવાલ ૨ વિરૂધ્ધ ૩ ના એકતરફી અભિપ્રાયથી તૈયાર કરી સરકારને સુપ્રત કરી દેવામાં આવ્યો. જેનો રાજ્યભરમાં વિરોધ થયો. ઇતિહાસમાં સૌથી ઓછા દિવસમાં સરકાર દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આ સમિતિએ રેકોર્ડ નોંધાવ્યો. જેમાં પ્રજ્ઞાચક્ષુઓની કોઇ સુષુપ્ત કે દેખિતી શકિતઓને સ્થાન ન હતું. જેમાં વિકલાંગ ધારો-૧૯૯૫ ની કલમ ૩૨ માં નેત્રહીનો માટે થયેલ મુકરર જગ્યાની કોઇ નોંધ પણ લેવાની પરવા કરવામાં આવી ન હતી. કાયદાથી પણ એક વ્યકિત દ્વારા કરાયેલ પરિપત્રને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. જેના કારણે ભવિષ્યના પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓને તેમના વ્યવસાયી હિત માટે ન્યાય અપાવવો



અનિવાર્ય હતો. આ અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટને વિગતે અહેવાલ આપી, રાજ્ય સરકાર સામે મજબૂત લડત આપવામાં આવી. તેમજ ગાંધી ચીંધ્યા માર્ગે જનઆંદોલન છેડતાં રહેવાનું અમારા અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત સંઘના તમામ પ્રતિનિધિઓએ નકકી કર્યું. ગાંધીનગરમાં મહાસભા યોજવી અને સરઘસના સ્વરૂપમાં વિધાનસભામાં અધ્યક્ષશ્રીને લેખિત આવેદન પત્ર સાથે રજૂઆત કરવાનું નકકી થયું. પોલીસ મંજૂરી માટે જરૂરી કાર્યવાહી પછી પણ મંજૂરી નહિ મળતા નિશ્ચિત તારીખ મુજબ ગાંધીનગરમાં પથિકાશ્રમ પાસેના મેદાનમાં તા.૧૫-૦૩-૨૦૧૨ ના રોજ સવારના દસ કલાકે લગભગ ત્રણથી સાડા ત્રણ હજાર વિકલાંગ ભાઇ-બહેનો અને વિશાળ સમર્થકોની ઉપસ્થિતિમાં સભા યોજાઇ. પોલીસના મહાકાફલા વચ્ચે અમારી સભા ચાલતી હતી. સભામાં ઉપસ્થિત સૌ કોઇ વિકલાંગ ભાઇ-બહેનો અને નગરજનોનું અમારા સંઘના મંત્રીશ્રી દીપક ડાભીએ સ્વાગત કર્યું. રાજ્યમાં આગલી રાતથી એક મોટી અફવા ફેલાઇ હતી. અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત સંઘના પ્રમુખશ્રી લાભુભાઇ સોનાણીને નજરકેદ કરવામાં આવ્યા છે. જેના કારણે આંદોલનમાં ગાંધીનગર પહોંચવાનું અનેક વિકલાંગ ભાઇ-બહેનોએ માંડી વાળ્યું. આંદોલનમાં ફાટા પડાવવા બીજી ઘણી મોટી અફવાઓ પણ ફેલાવવામાં આવી હતી. અગાઉથી પોલીસ અટકાયત માટે મારો પીછો કરવામાં આવ્યો હતો. પરંતુ તેમાં કોઇ સફળતા તંત્રને મળી શકી નહિ. સભામાં એક પછી એક અમારા નેતાઓએ અંધજનોના અધિકારો અને જોષી સમિતિના અહેવાલની ટીકા કરી. અહેવાલ સરકારને પાછો ખેંચવા રજૂઆત કરી રહ્યા હતા. પંદરમી માર્ચ મારો જન્મ દિવસ. તે દિવસે જન્મ દિવસની ભેટ ગાંધીબાપુ પાસે માંગણી કરતું એક ગીત રજૂ કર્યું.

“વિકલાંગ બાળકો બોલાવે, હો બાપુ! તમને,
વિકલાંગ બાળકો બોલાવે.
ગુજરાત સરકારની વાતો જણાવવા સ્વર્ગમાં ફોન લગાવે”

ગીત ભારે જામ્યું. પોલીસમિત્રો પણ ગદ્‌ગદિત થઇ ગયા. લાકડીઓ અને બંદૂક નીચે મુકાઇ ગયાં. બધા અમારી માફક શાંતિથી એન્જોય કરવા લાગ્યા. પછી પોલીસ કે જનતા વચ્ચે માત્ર કપડાથી ભેદ સ્પષ્ટ થઇ શકતો હતો. અમારા વાયદા મુજબ દોઢ કલાકે વિધાનસભા તરફ રેલીના સ્વરૂપમાં અમે જઇ રહયા હતા. અમારી પોલીસ અટકાયત થઇ. બધાને પોલીસ સ્ટેશન લઇ જવાયા. કેટલાક અંધજનો એ પણ જાણતા ન હતા કે પોલીસ દ્વારા તેઓની અટકાયત થઇ છે. કેટલાક અંદરો અંદર વાતો કરતા હતા : 'અહીં મજા આવતી નથી. ચાલો, પેલા જે જગ્યાએ હતા, ત્યાં વધુ મજા આવશે, ત્યાં જ સારું છે. અહીં તો માઇક પણ નથી, ત્યાં મુખ્ય રસ્તો હતો, ત્યાં લોકો અવર-જવર કરતા હતા. ત્યાં વધુ મજા આવતી હતી. ચાલો આપણે સૌ ત્યાં જ જઇએ.'

તો બીજા કેટલાક એવું પણ કહેતા હતા : 'હવે કેટલી વાર છે ? ચાલો, હવે અહીથી નીકળીએ.' આટલી ભોળી પ્રકૃતિના અંધજનોને અટકાયતનો, ન્યાય માટે ભોગ બનવું પડ્યું તેનું મને આજે પણ અત્યંત દુઃખ છે. મેં આ બધા લોકોને સમજાવ્યું કે : 'અહીં આવ્યા નથી, આપણને લાવવામાં આવ્યા છે. આપણે ન્યાય માટે રજૂઆત કરવા જઇએ છીએ, તેને આ લોકો આપણી ભૂલ અર્થાત્ આપણો ગૂનો સમજે છે. એટલે આપણા સૌની પોલીસ અટકાયત થઇ છે ! આપણને સૌને આઝાદી અપાવવા ગાંધીબાપુએ અનેકવાર જેલ ભોગવી છે. તેમને અનેકવાર જેલ લઇ જવાયા છે. આપણે પણ અંધજનોના અધિકાર માટે લડીએ છીએ અને એટલે આપણી પોલીસ અટકાયત થઇ છે. આપણી જેવા બીજા અંધ ભાઇ-બહેનોને નોકરી મળી શકે એટલે જ આપણે સૌ આ પ્રકારનું આંદોલન ચલાવી રહયા છીએ. અધિકાર માટે આપણાં જ ભાઇ-બહેનો માટે અવાજ ઉઠાવવાની આપણી આ નૈતિક ફરજ છે'. ગુજરાતભરના છાપાંઓએ અમારા આ આંદોલન અને પોલીસ અટકાયતની મોટા હેડિંગ સાથે નોંધ લીધી. અંગ્રેજી છાપાઓમાં વિગતવાર છપાયું પરંતુ જેના



દિલમાં છપાવવાની જરૂર હતી તે અમે છપાવી શકયા નહિ. આવી લડત અમે રાજકોટ શહેરમાં પણ આપી, ત્યારબાદ પહેલી મે ગુજરાત ગૌરવ દિવસ એ અમારી 'મુખ્ય લડતનો' દિવસ હતો. વિકલાંગ સમસ્યાની પરિષદ અમો ગુજરાત ગૌરવ દિવસના રોજ દાહોદમાં યોજાનાર સરકારના મુખ્ય કાર્યક્રમ સમયે દાહોદના રેલવે ગ્રાઉન્ડમાં મોટી સભા દ્વારા કરવાના હતા. રાજ્યભરમાંથી વિકલાંગો ઊમટી પડવા ભારે ઉત્સુક હતા. દાહોદ પોલીસ સાવધ બની. આંદોલનને દબાવી દેવા ગૃહમંત્રાલય દ્વારા દરેક જિલ્લાના પોલીસવડાને સૂચના આપવામાં આવી. જિલ્લામાંથી કોઇ વિકલાંગો દાહોદ ન આવે તે માટે જિલ્લે-જિલ્લે પોલીસ કાફલો ગોઠવાયો. ભાવનગરમાં મારા પર તે વખતના એસ.પી. ના અવાર નવાર ફોન આવે. મને ચર્ચા માટે સતત આમંત્રણ આપવામાં આવતું હતું. આંદોલન બંધ રાખવા અનેક મહાનુભાવો સમજાવવા આવતા. સંસ્થાની આસપાસ પોલીસની ગાડીઓ, પત્રકાર પરિષદથી જ અટકાયત કરવાનું આયોજન થવા છતાં હું હેમખેમ દાહોદ પહોંચી શકયો. દાહોદમાં સભાના સ્થળે પહોંચતાં લોકોની પોલીસ અટકાયત શરૂ થઇ. ગાંધીનગરમાં એક હજાર અંધજનોની પોલીસ અટકાયત થઇ ત્યારે પોલીસ સ્ટેશનમાં ભારે હોહા થઇ હતી. સૂત્રોચ્ચાર થયા હતા, તેથી તેમાંથી બોધપાઠ લઇ આ વખતે જે વિકલાંગોની અટકાયત કરવામાં આવે તેને અલગ અલગ જગ્યાએ લઇ જવાનું પોલીસ પ્લાનિંગ થયું હોય તેવું અમને લાગતું હતું. બપોર સુધીમાં પાંચસોથી વધુ અમારાં ભાઇ-બહેનોની અટકાયત થઇ. મારી અટકાયત યોજનાબદ્ધ રીતે થઇ. મીડિયા પ્રતિનિધિને ઇન્ટર્વ્યૂ કરવા મોકલી, છૂપી રીતે ઘેરી લેવામાં આવ્યો. યોજનાબદ્ધ રીતે અટકાયત કરી સહાયક વિના મને સૌથી અલગ અજાણી જગ્યા પર લઇ જવામાં આવ્યો. અનેકવાર પોલીસમિત્રોને મને કઇ જગ્યા પર લઇ જઇ રહયા છો ? તેમ પૂછવા છતાં તેઓ સૂચના મુજબ કાંઇ પણ બોલ્યા વગર મને દૂર-દૂર લઇ જઇ રહયા હતા. મારી સાથે દાહોદના અમારા

સ્થાનિક પ્રતિનિધિ મૂકેશભાઇ પરમાર હતા. તેને પણ વચ્ચેથી અલગ કરી દેવામાં આવ્યા. હવે હું એકલો હતો. મારા મોબાઇલની માંગણી પોલીસ મિત્રો કરી રહયા હતા. મેં તેઓને મોબાઇલ આપવાની ઘસીને ના પાડી. મેં કહ્યું : 'મોબાઇલ માટે આપ જે કોઇ શિક્ષા કરશો, હું મોબાઇલ નહીં જ આપું. ગોળી ચલાવો તો પણ નહી.' તેઓ કશું બોલ્યા નહીં. ગાડી દૂર-દૂર જઇ રહી હતી. એકાદ દોઢ કલાક સુધી આમ ને આમ ગાડી ચાલતી રહી. મને એક પોલીસ સ્ટેશન લઇ જવામાં આવ્યો. ત્યાં બધાને અગાઉથી ટ્રેઇન કરવામાં આવ્યા હોય તે રીતે બધા મારી સાથે વર્તી રહયા હતા. હું કોઇ પણ પોલીસ કર્મચારીને પૂછું, 'આ કયું પોલીસ સ્ટેશન છે ? કોઇ બોલવા તૈયાર ન હતું. પોલીસ સ્ટેશને જે કોઇ ફોન આવતા અને કર્મચારીઓ ફોન ઉઠાવીને બોલતા તો તેઓ પણ પોલીસ સ્ટેશન એટલું જ બોલતા હતા. કયું પોલીસ સ્ટેશન એવું ભૂલથી પણ કોઇ બોલતું નહીં. રાત્રીના અઢી કલાક સુધી જેટલા ફોન પોલીસ સ્ટેશને આવ્યા, તે દરેક ફોન ઉઠાવનાર પોલીસ કર્મચારીએ એટલી કાળજી રાખી કે કોઇ પોલીસ સ્ટેશનનું નામ બોલ્યા નહીં. તેથી મને ખબર ન પડી કે હું કયાં છું ? ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીની મીટિંગો પણ પૂરી થઇ. મુખ્યમંત્રી દાહોદથી ગાંધીનગર જવા રવાના થયા પછી મને રાત્રિના અઢી કલાકે એટલે કે બીજી મે ના રોજ મુકત કરવામાં આવ્યો. પોલીસ સ્ટેશનમાં અમારા બીજા મિત્રોએ ભારે ધાંધલ ધમાલ પણ મારી અટકાયત વિશે કરી હતી. હું કયાં છું ? તેવો પ્રશ્ન પણ ઉઠાવ્યો હતો પરંતુ પોલીસ તંત્ર દ્વારા તેનો કોઇને જવાબ મળ્યો ન હતો. પોલીસ હંમેશાં ધાર્યું કરે છે. ગાડીમાં મેં મારો મોબાઇલ પોલીસને આપવાની ઘસીને ના પાડી હતી. પોલીસ સ્ટેશન પર જયારે હું હતો ત્યારે મોબાઇલ પર મારી વાત ચાલુ હતી. બેટરી ઊતરી ગઇ. બેટરી ચાર્જ કરી આપવાના બહાના નીચે મને મોબાઇલ આપવા કહ્યું, હું તેમાં ફસાઇ ગયો. મેં ચાર્જ કરવા એક પોલીસને મોબાઇલ આપ્યો તેમનું નામ મને આજે યાદ નથી. તે



ખૂબ હોશિયાર હતા. તેમણે વિસ્તારની ઓળખ આપી, આપણે સૌરાષ્ટ્રના ભાઇઓ કહેવાઇએ, તેમ કહી મોબાઇલ ચાર્જ કરી આપવાની લાલચ આપી. ખરા સમયે મોબાઇલ મારી પાસેથી લઇ ઑફિસમાં ચાર્જમાં મૂક્યો. રાત્રિનો સમય હતો. મુકત થનાર અમારા મિત્રો મોબાઇલ કરતા હતા અનેક રિંગો વાગતી હતી. મારા પરિવારના સભ્યોની રિંગો પણ આવતી હતી પણ મોબાઇલ જે રૂમમાં ચાર્જ થતો હતો તેને લોક લગાવી દેવામાં આવ્યું હતું. લગભગ ત્રણ સાડા ત્રણ કલાક સુધી મારા મોબાઇલને રાખવામાં આવ્યો. મેં ભારે ધમાલ કરી, મોડી રાત્રિના મને મોબાઇલ આપવામાં આવ્યો. મિસકોલને ચકાસી મેં પરિવારના સભ્યો સાથે વાત કરી. મારી દીકરી નિષ્ઠા મારો અવાજ સાંભળી ખુશ થઇ ગઇ. મને મોબાઇલ આપવા અનેક વિનંતીઓ મેં પોલીસ મિત્રોને કરી હતી છતાં તેઓ એકના બે ન થયા હતા. તેમને અન્યના પરિવારમાં કેટલી ચિંતા હશે તેનો કદી વિચાર આવતો નથી, ગુનેગારને આ રીતે શિક્ષા કરવામાં આવે તે સમજી શકાય તેવી વાત છે. પરંતુ લોકશાહી દેશમાં લોકો માટે ન્યાય અપાવવા લોકશાહીના હિમાયતી માટે આટલું ક્રૂર મનસ્વી વલણને કોઇ સ્થાન ન હોઇ શકે છતાં પોલીસ સ્ટેશનમાં મારી સારસંભાળ ખૂબ સારી રાખવામાં આવી હતી, તેની હું કદર કરું છું. સંવેદના શું છે ? તે સમજવા ચોર કે લુટારાના હૃદય સુધી પહોંચવાની જરૂર છે. મધ્યપ્રદેશમાં લૂટારાઓએ એક અંધ વ્યકિતને ટ્રેનમાં મદદ કરી ખાવાનું લાવી આપ્યું હતું. તો બીજી એક ઘટના મુજબ એક ડાકુએ અંધ વ્યકિતને રસ્તો પસાર કરાવી તેને પૂછયું : 'તમારે કયાં જવું છે ?' અંધભાઇએ કહ્યું : 'મારે ટ્રેનમાં જવું છે પણ મારું પાકીટ ભુલાઇ ગયું છે. પૈસા નથી તેથી ઘરે પરત જવું પડશે' ડાકુએ તે અંધ વ્યકિતના હાથમાં પાંચસોની નોટ મૂકી તેને ટ્રેનમાં પહોંચાડી આવ્યા હતા. જયારે સત્તાધીશ અંધ વ્યકિતને નહીં સમજી શકે ત્યારે ડાકુના હૃદયની સંવેદનાને આપણે સૌએ ઓળખવી પડશે. એક પ્રજ્ઞાચક્ષુ બહેનને પણ પોલીસ તંત્ર દ્વારા દાહોદમાં હેરાન પરેશાન કરવામાં આવી હતી.

મોબાઇલ પરત મેળવવા માટે તેને દાહોદમાં રાત્રિ રોકાણ કરવું પડયું હતું. આ અંગે અમોએ તંત્ર સમક્ષ ફરિયાદ પણ દાખલ કરેલ પરંતુ કોઇ યોગ્ય પગલાં લેવામાં આવ્યાં ન હતાં.

પોલીસ અટકાયતની વિરુદ્ધમાં પંદર મે ના રોજ વડોદરા ખાતે એક ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં પણ મોટી સંખ્યામાં પ્રજ્ઞાચક્ષુ અને વિકલાંગો ઊમટી પડયા હતા. આ ધરણામાં બીનઅધિકૃત રીતે અંધજનો અને વિકલાંગોની પોલીસ અટકાયત સામે વિરોધ નોંધાવામાં આવ્યો હતો. અનેક પ્રેશર અને દબાણ પછી સરકારે અમારા કેટલાક પ્રશ્નો હાથ પર લીધા સંસ્થામાં અભ્યાસ કરતાં બાળકોની ભોજન ગ્રાન્ટમાં રૂપિયા છસોની જગ્યાએ એક હજાર કરી આપવામાં આવ્યા. શિષ્યવૃત્તિ અને સહાયની રકમમાં પણ વધારો કરવામાં આવ્યો. શાળાઓમાં ખાલી જગ્યાઓની મંજૂરી આપવામાં આવી. બાદ નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદાના પગલે ૩૪ પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓને પ્રાથમિક શાળાઓમાં વિષય શિક્ષક તરીકે નિમણૂક આપવામાં આવી. આ આંદોલન દ્વારા અમુક સફળતાઓ મળી, કોઇને અન્યાય કરવો તે યોગ્ય નથી તેના કરતાં ખોટો અન્યાય સહેવો તે તેનાથી પણ યોગ્ય નથી. ખોટું લેવું એ ગુનો છે પરંતુ અધિકારનું ગુમાવવું તે મહાગુનો છે - તેમ હું સમજુ છું. અંગ્રેજોને હટાવવા ગાંધીજીએ ચળવળ ચલાવી તે સૌની સુખાકારી માટે, તેથી દેશના પ્રત્યેક નાગરિકને ન્યાય મળે તે જોવાની જવાબદારી પ્રત્યેક શિક્ષિત નાગરિકની બને છે તેમ સમજી ગુણવત્તા યાદીમાં સ્થાન ધરાવનાર પ્રજ્ઞાચક્ષુઓને ઉચ્ચતર પ્રાથમિક શાળામાં તેમની લાયકાત મુજબ નોકરી મળે તે માટે આ ઝૂંબેશ ચલાવી મેં યત્કિંચિત્ અંધજનોના વિકાસમાં યોગદાન આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે -તેમ હું માનુ છું.



આ વિષે મારા મિત્ર ભાસ્કરભાઇ ભાવસાર કહે છે કે......

**એકલવીર**

**હજારે એકલવીર તમો**
**હજારે એકલવીર તમો**
**નાનપણમાં બીમાર, પણ યમરાજાને હરાવ્યો**
**એકલવીર તમો . . .**
**નામ છે લાભુભાઇ સોનાણી**
**એકલવીર તમો**
**પ્રજ્ઞાચક્ષુઓના મસિહા તમો . . .**
**એકલવીર તમો . . . પ્રાર્થનામાં બેસો,**
**સાથે પ્રજ્ઞાચક્ષુ બાળકો, પણ ઇશ્વર પાસે માંગો . . .**
**મારાં પ્રજ્ઞાચક્ષુ બાળકો અનેરી સિદ્ધિ હાંસલ કરે**
**અનેરી સિદ્ધિ હાંસલ કરે . . .**
**પોતા માટે કાંઇ નહિ બધું જ પ્રજ્ઞાચક્ષુઓ માટે . . .**
**હજારે એકલવીર તમો . . .**
**મારા પ્રજ્ઞાચક્ષુ માટે, હે ઇશ્વર ! રહેવા – જમવા માટેની**
**હોસ્ટેલ આપો . . . અને સતત પ્રજ્ઞાચક્ષુ સાથે રહો . . .**
**એકલવીર તમો . . .**

૧૩

# યાદોનું વન

વન શબ્દ આપણા કાને પડતાં જ આપણે તેની સુંદરતા વિશે તથા તેની ઉપયોગિતા વિશે ઘણું બધું ઊંડાણથી જાણવા અને સમજવા વિચારોમાં ખોવાઇ જઇએ છીએ. આપણે દિવસે-દિવસે વનોનો વિનાશ કરી રહયાં છીએ તેના કારણે આપણે અનેક વિપરીત પરિણામોને કારણે વિકટ પરિસ્થિતિનો સામનો પણ કરી રહયાં છીએ, એવી જ રીતે આપણી યાદોના વનને પણ આજકાલ વિસ્મરી રહયાં છીએ. જેનાં પરિણામે જીવન સંઘર્ષમય, યાતનારૂપ અને કંટાળાજનક બન્યું છે. બાલ્યાવસ્થામાં પરિવાર અને મિત્રો તરફથી મને જે સ્નેહ સાંપડયો તેની ‘સ્મૃતિના વન’ વચ્ચે હું ઘણીવાર વિહરવાની તક ઝડપી લઉં છું. જૂની વાતો પરિચિતો સાથે વાગોળવાનું મને ખૂબ ગમે છે એટલે જ મને આ પુસ્તકમાં મારી કેટલીક યાદો કંડારવાનું મન થાય છે.

શાળામાં જયારે હું ભણતો હતો, દિવાળી કે ઉનાળુ વેકેશનમાં ઘરે જવાનું થાય ત્યારે મારા પિતાના સૌથી નાના બંધુ વીરજીકાકા તેમના દીકરાને મારા ઘરે મોકલી, મને તેમના ઘરે લઇ આવવા કહેતા. અમારા પરિવારમાં એકમાત્ર કાકાને તે વખતે મોટો બંગલો હતો. બંગલામાં અલગ-અલગ રૂમમાં જુદી-જુદી સગવડો પણ હતી, કાકાએ અમારા માટે એક ઓરડો વાંચવા-લખવા

ખાસ અલગ રાખ્યો હતો, ત્યાં આખું વેકેશન હું અને મારા કાકાનો દીકરો સનત છાપાં, મૅગેઝિન અને સારાં પુસ્તકો વાંચતા. કેટલીક અવનવી રમતો પણ રમતા. મારા કાકાની દીકરી ભાવુબેન અમને સૌને રોજ અવનવી વાનગીઓ જમાડતી. મારો ભાઈ એટલે કે કાકાનો મોટો દીકરો સનત મને કોઈ વાર ઘરે લેવા આવવાનું ભૂલી જાય તો ભાવુબેન તેને યાદ કરી, મને લેવા માટે મોકલી દેતી. મારા સારા સંસ્કાર અને શિક્ષણ માટે મારા વીરજીકાકા અને તેમના પરિવારને જેટલો યશ આપું તેટલો ઓછો છે. તે મારી નાની-મોટી જરૂરિયાતો માટે વેકેશન ખૂલતાં મારે શાળાએ જવાનું હોય તે પહેલાં રોકડા પૈસા પણ આપતા. પરિવારમાં એકમાત્ર કાકા જ મારો ખ્યાલ રાખતા તેવું નથી, કાકી પણ એટલું જ ધ્યાન આપતાં. માતુશ્રીના મૃત્યુ પછી મને આ લોકોનો મારા વિકાસમાં અદ્ભુત સહકાર મળ્યો છે.

કૉલેજના શિક્ષણ દરમ્યાન અંધ અભ્યુદય મંડળની પ્રવૃત્તિ મારે સંભાળવાની આવી ત્યારે તેના સંચાલનની મને કોઈ સૂઝ ન હતી. ૧૯૮૧થી અંધજન કલ્યાણ મંડળની સામાન્ય સભાની બેઠકમાં ભાગ લઈ પ્રવૃત્તિ વિશે થોડી જાણકારી જરૂર મેળવી હતી પરંતુ માત્ર વર્ષની એકાદ સામાન્ય સભામાં મંડળના સંચાલન વિશે કે સંસ્થા સંચાલનના નિયમો વિશેની જાણકારી મેળવી લેવાનું સરળ નથી. તેથી જ્યારે કાર્યભાર માથે આવી પડયો ત્યારે તેનું હું સતત ચિંતન કરતો. અંધ અભ્યુદય મંડળના સ્થાપક પ્રજ્ઞાચક્ષુ શ્રી શાંતિલાલ રૂગનાથ ઓઝા અમારા વડીલ મારી સાથે કામ કરતા હતા. હું તેને વહીવટી ક્ષેત્રના મારા પ્રથમ ગુરુ માનું છું. તેઓ વિશેષ ભણ્યા ન હતા. તેઓ ગામડાની ભાષા બોલતા પરંતુ તેમની કોઠાસૂઝ આગવી અને અકલ કામ ન કરે તેવી હતી. નોટિસના જવાબ, સરકારી ક્ષેત્રે રજૂઆત વગેરે બાબતમાં તેઓ ભારે જ્ઞાની હતા. તેઓ હંમેશાં કચેરીઓમાં રૂબરૂ મળવાનું કે સંપર્ક કરવાનું પસંદ કરતા.



તેમણે મને હંમેશા હિંમત આપી કાર્ય કરવા પ્રેરિત કર્યો હતો. મારા અને અમારા સૌના તેઓ વડીલ હોવા છતાં તે હંમેશાં અમારી સૌ સાથે નમ્રતાથી અને શિસ્તબદ્ધ રીતે સંબોધન સાથે વાત કરતા, તેમના આ પ્રકારના સ્વભાવથી કુશળ વહીવટકર્તા-માટે જરૂરી એવા સમતાના ગુણનો વિકાસ મારામાં થયો છે તેવું હું માનું છું.

એક દિવસ હું ઑફિસે આવવા તૈયાર થઈ ગયો હતો, દરમ્યાન મેં લટકાવેલ મારા શર્ટના ખિસ્સામાં મૂકેલી **₹** સોની નોટ અચાનક કોઈ લઈ ગયું. મારી પાસે આવવા -જવાના ખર્ચ માટે રાખેલ એ માત્ર સો રૂપિયાની નોટ હતી. હું ચિંતામાં પડી ગયો. ઑફિસે જવાનો સમય થઈ ગયો હોવાથી મ્યુનિસિપાલિટીની બસ પકડવી જરૂરી હતી. મેં વગર પૈસે ઘરેથી નીકળી જવાનું નક્કી કર્યું. તે વખતે મ્યુનિસિપાલિટીમાં પ્રજ્ઞાચક્ષુ વ્યકિતને મુસાફરી વિનામૂલ્યે કરવાની મંજૂરી હતી. હું તરસમિયાથી તળાવ અને તળાવથી ભાંગલી ગેઈટ બે બસ બદલી પહોંચી ગયો! મંડળની ઑફિસમાં પહોંચતાંની સાથે અમારા વડીલ શાંતિદાદાને બધી વાત કરી. દાદાએ વાત સાંભળી એક જ સેકન્ડમાં મારા હાથમાં સો રૂપિયાની નોટ મૂકી કહ્યું-‘ચિંતા નહીં કરવાની. આવું જીવનમાં અનેકવાર બનશે. જે જાય તેને ભૂલી જાવ, જે સામે છે, જે તમારા હાથવગું છે તેનો ઉપયોગ કરતા શીખો.’ દાદાએ સો રૂપિયા કયારે અને કેવી રીતે મારે પરત કરવા તે વિશે કશું જ ન કહ્યું. તે સમયે સો રૂપિયાની ઘણી મોટી કિંમત હતી. મારા માટે આ પ્રસંગ જીવનપર્યંત પ્રેરણા પૂરી પાડે તેવો હતો. સંવેદના શબ્દ શાળાકાળ દરમ્યાન ઘણી વખત સાંભળ્યો અને વાંચ્યો પણ હતો, પરંતુ આ જીવનનો પ્રથમ એ દિવસ હતો કે જે દિવસે સંવેદના વિશે મને સાચી સમજ મળી. જેની સાથે મારે કોઈ લોહીનો સંબંધ ન હતો. તે દાદાએ કોઈપણ ઓળખ વિના એક ઘડીનો વિચાર કર્યા વિના, મને પૈસા વગર કેટ-

કેટલી તકલીફ પડશે, હું કેવી રીતે પૈસા વિના અવર-જવર કરી શકીશ! તે વેદના જાણે પોતે અનુભવી હોય તેમ સમજી પોતાની પાસે માત્ર સવા બસો રૂપિયા હોવા છતાં સો રૂપિયા તેમણે મને આપ્યા. આ ઘટના મારી દૃષ્ટિએ સામાન્ય નથી. શાંતિદાદા મહિને માત્ર સાડા સાતસો રૂપિયા કમાતા હતા. તેની પાસે કોઇ મૂડી પણ ન હતી. હાઉસિંગ બોર્ડના તેમને મકાનના હપ્તા પણ આવતા, લાઇટ બીલ, મકાનવેરો અને ખાવા પીવાનું બધું આમાંથી જ કરવાનું હોય! આજે જેમણે અબજો રૂપિયા દબાવ્યા છે, એનકેનપ્રકારેણ પૈસા કમાણા છે તેવા લોકો રૂપિયા પાછળ કૂતરા માફક દોડી રહ્યા છે. તેમને આવી કોઇ વેદના ક્યારેય સ્પર્શતી હશે ? વેદના સમજવા વ્યકિતએ અન્યની વેદનાને અનુભવવાની હોય છે. આજે આપણે માત્ર જંગલોનો વિનાશ નથી કર્યો. આજે આપણે આપણા પર થયેલા અનેક ઉપકારોની યાદોના જંગલોનો જડમૂળથી નાશ કર્યો છે. આપણાં માતા-પિતા, ભાઇ-બહેન કે પરિવારના અન્ય સભ્યો દ્વારા ભૂતકાળમાં કરાયેલ મદદને સાવ ભૂલી ગયા છીએ. એટલું જ નહીં, ઉપકારનો બદલો આપણે અપકારથી આપતાં ખચકાતા નથી. જમીન અને અન્ય મિલકત માટે આજે એક માતાના સંતાન એવાં બંધુ કે બહેન આપણને દુશ્મન જેવાં લાગે છે. જેનું કારણ યાદોના વનનો વિનાશ છે.

જ્યારે આપણા પર આપત્તિ આવે છે. ત્યારે અચાનક સગા-સંબંધીઓ, મિત્રો કે હિતેચ્છુઓ આપણને યાદ આવવા લાગે છે. જ્યારે આપણી ગાડી ગતિમાં હોય છે, સિદ્ધિનાં શિખરો આપણે એક પછી એક સર કરતાં હોઇએ ત્યારે આ બધા લોકો આપણને કદી યાદ આવતા નથી. ઊલટાનું આ લોકોના દોષો આપણને જ્યાંને ત્યાં નજરે પડે છે. પરિણામે આપણે તેનાથી સતત દૂર ભાગતા હોઇએ છીએ વિપત્તિઓનું આગમન ઇશ્વર દ્વારા કોઇવાર આપણને સૌને જોડવા સારુ થતું હોય છે. મારી રૂપિયા સોની નોટ અચાનક કોઇ ચોરી ગયું જેના



કારણે હું શાંતિદાદાના હૃદયની સંવેદનાના સાગર સુધી પહોંચી શક્યો. સાગરના મંથનમાંથી હું અમૃત પણ પામી શક્યો. આવી જ એક ઘટના પંદર સત્તર વર્ષ પહેલાં ભાવનગરમાં ઘટી. લગભગ તેત્રીસ-ચોત્રીસ વર્ષમાં ક્યારેય જોવા ન મળ્યું હોય તેવી આ ઘટના હતી. ભાવનગરની બાજુમાં આવેલ તરસમિયા ગામમાં તે વખતે આવતા ધરતીકંપનું એ.પી.સેન્ટર હતું. બારમી સપ્ટેમ્બર - ૧૯૯૯ સવારના ૬ઃ૨૫ કલાકે અચાનક શકિતશાળી ભૂકંપ આવ્યો. એ.પી. સેન્ટર અમારા ઘરથી ખૂબ નજીક હતું. મકાનમાં મોટી તિરાડ પડી. આ મકાનમાં અમે રહેતાં હતાં. બધા લોકો ટોળે વળીને બેસતા થયા. શહેરમાં જ્યાં જવાનું થાય ત્યાં મોટી સંખ્યામાં લોકો ટોળે વળી ભૂકંપની ચર્ચા કરતા રહેતા. સંસ્થાઓ અને ઉદ્યોગપતિઓ વિનાશક ભૂકંપ આવે તો શું કરવું? તે વિશે મીટિંગો યોજી એક્શન પ્લાન ઘડવા લાગ્યા. રાત્રિના અંધશાળાના મેદાનમાં આપણી તમામ સહયોગી સંસ્થાઓના ટ્રસ્ટીઓ, કર્મચારીઓ અને પરિવારના સભ્યો મેદાનમાં સૂતાં, બધા સાથે મળી રાત-વાસો રહેતા. ઘણા દિવસ સુધી ડરના માર્યા લોકો આ રીતે મેદાનમાં સૂતાં. કોઇ કોઇને ઓળખતું ન હોય તેવા લોકો પણ ભારે લાગણી સાથે રહેતા અને વાતો કરતાં. ભાવનગર પર આ ભૂકંપનો ઓથાર લગભગ દોઢ બે વર્ષ રહ્યો. સમયાંતરે આંચકા આવતા રહેતા. વર્તમાનપત્રોમાં ભૂકંપ વિશે અવનવા લેખો પ્રસિદ્ધ થતા રહેતા. ભાવનગરમાં ભૂકંપના સંશોધન માટે વેધશાળા સ્થાપવાની જાહેરાત તત્કાલિન મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલે કરી હતી. આમ, સર્વત્ર ભૂકંપ છવાયો હતો. લોકો એકમેકની નજીક આવ્યા હતા. છવ્વીસ જાન્યુઆરી ૨૦૦૧ના રોજ લગભગ નવ કલાકે ફરી મોટો ભૂકંપ આવ્યો. દોઢ બે મિનિટ ચાલેલા ભૂકંપનું એ.પી. સેન્ટર ભાવનગર જ હશે તેવું બધાનું માનવું હતું, પરંતુ બપોર પછી રેડિયો અને ટીવી પર સમાચાર મળ્યા ત્યારે બધાને ખબર પડી કે ખરેખર ભૂકંપનું એ.પી. સેન્ટર કચ્છ હતું! કચ્છમાં મોટો વિનાશ થયો. ભાવનગરમાં જેની શરૂઆત થઇ

હતી તે ભૂકંપ દ્વારા ભાવનગરવાસીઓને કોઇ પણ હાનિ થઇ નહીં, તે પણ એક ઇશ્વરની કૃપા હતી. મોટા ભાગે હોનારતોની અસર ભાવનગરને નહિવત્ થઇ છે તે પણ કદાચ ઇશ્વરની મહેરબાની છે. અહીં મોટા ઉદ્યોગો નથી પરંતુ માણસને માણસ સાથે જોડી શકે તેવી સંવેદના પ્રસ્થાપિત કરી શકે તેવી સામાજિક મહામૂલી સંસ્થાઓ છે. કચ્છના ભૂકંપમાં જેમણે હાથ-પગ ગુમાવ્યા તેવા લોકોની સારવાર માટે આપણા પી.એન.આર. સોસાયટી અને બીજી અનેક સંસ્થાઓએ કાર્ય કરી, સાચી સંવેદનાના દર્શન કરાવ્યાં. ૨૮ મી જાન્યુઆરી ૨૦૦૧ ના રોજ અંધજનોની પરિસ્થિતિ વિશે જાત માહિતી મેળવવા અમારી ટીમે કચ્છની મુલાકાત લીધી હતી. લગભગ પંદર પ્રજ્ઞાચક્ષુ વ્યકિતની માહિતી મેળવી તેમને અનાજકીટ અને રૂપિયા પાંચ હજાર દરેક પરિવારને આપી તેમના પર આવેલી આપત્તિને દૂર કરવા યત્કિંચિત પ્રયત્ન કર્યો હતો. બાદ ભાવનગરના જાણીતા ઉદ્યોગપતિ શ્રી શશીભાઇ વાઘર કે જેઓ આપણી સંસ્થાઓના પ્રમુખ પણ છે. તેના સહયોગથી પીડિત માટે એક રસોડું અને મેડીકલ કૅમ્પ શરૂ કરવામાં આવ્યો. લાખો લોકોની સારવાર કરી, ભાવનગરે સાચી સંવેદના બતાવી-અનેક લોકોની સમસ્યાઓના ઉકેલ માટે મહત્ત્વનું યોગદાન આપ્યું.

શાંતિદાદાની સંવેદનાએ મારા હૃદયરૂપી સરોવરને એક અનોખી નાવ આપી, નાવ એટલે હોડી. સામે કિનારે પહોંચવા આવી હોડીની પ્રત્યેક ઉતારુઓને જરૂર પડે છે. ૧૯૯૫માં રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખાના મંત્રી તરીકે મને જયારે ચૂંટવામાં આવ્યો ત્યારે સંસ્થા ભારે મોટી આર્થિક કટોકટીમાંથી પસાર થઇ રહી હતી. મારા ઘણા મિત્રોએ અંધ અભ્યુદય મંડળ છોડી, અંધશાળામાં આવી જવાબદારીઓમાં નહીં જોડાવા મને ટકોર કરી હતી! શ્રી બાબાભાઇ ઉર્ફે અનંતભાઇ આ સંસ્થાઓ સંભાળતા હતા. તેઓ ભારે



મુત્સદ્દી વ્યકિતત્વ ધરાવનાર પ્રતિભાશાળી વ્યકિત છે. તેની સાથે હું કામ નહીં કરી શકું તેમ મારા મિત્રોનું કહેવું હતું. કેટલાક મને એવી પણ સલાહ આપતા હતા કે મારો જરૂરિયાત પૂરતો ઉપયોગ કરીને તિલાંજલિ આપી દેવામાં આવશે, તેથી મંડળ છોડી મારે આ લોકો સાથે ન જોડાવું જોઇએ, તેવું જ બધા મને કહેતા હતા. મારે ગૌરવ સાથે કહેવું જોઇએ કે, ‘મને જે મિત્રો સલાહ આપતા હતા, તેવો મને કોઇ અનુભવ આ લોકો તરફથી આજ સુધી થયો નથી. હું વહીવટી ક્ષેત્રના મારા મહામૂલા જ્ઞાન માટેના મહાન ગુરુ બાબાભાઇને જ માનું છું. તેમની પાસે દરેક ક્ષેત્રનું વિઝન છે તેઓ એક સારા આર્કિટેકને પણ માર્ગદર્શન આપી શકે તેવી વિદ્વાતા બાંધકામક્ષેત્રમાં ધરાવે છે, તો સાહિત્યનું પણ તેમને ઊંડું જ્ઞાન છે. સૌથી અગત્યની વાત તેમની દષ્ટિશકિતની છે તેઓ કોઇપણ જગ્યાએ જાય ત્યાં તેમની દષ્ટિ ખામી અને ખૂબી બંને પર પડે છે. દરેક ક્ષેત્રે તે ઝીણવટથી જુએ છે. ગાંધીજીની જેમ તેઓ ચોખ્ખાઇના આગ્રહી છે. સૌ કોઇને સાથે લઇને કામ કરવાની તેમની આગવી અને અદ્વિતીય શૈલી છે, જેના કારણે તેઓ દાયકાઓથી સૌના માનીતા બની સંચાલન ક્ષેત્રે સૌના દિલ જીતી શકયા છે. તેઓ બધી જ બાબતોને ખૂબ ધ્યાનથી જુએ . દરેક વ્યકિતએ સામેની વ્યકિતના સારા ગુણોની આ રીતે હંમેશાં નોંધ લેવી જોઇએ. મને મહાત્મા ગાંધીજીનો એક પ્રસંગ યાદ આવે છે. બાપુ એક ટેબલે બેસી તેમને મળેલા લેખિત પત્રોનો અભ્યાસ કરી રહયા હતા. બાપુના હાથમાં એક પત્ર આવ્યો પણ ખોલતાંની સાથે સામાન્ય વ્યકિતનો મિજાજ આસમાને પહોંચે તેવું પત્રનું લખાણ હતું. લખનારે પત્રમાં ગાંધીબાપુને મોટી-મોટી ગાળો આપી હતી. બાપુએ શાંત ચિત્તે પત્ર વાંચી જઇ તેમાં લગાવેલી ટાંચણી લઇ, ટાંચણી બોક્સમાં મૂકી. કોઇ પણ પ્રકારના હાવ-ભાવ બદલ્યા વગર તેમણે બીજો પત્ર ઉઠાવવા હાથ લંબાવ્યો. બાપુના અનુયાયી મહાદેવ ભાઇએ કહ્યું-‘બાપુ, પત્રમાં શું હતું?’ બાપુએ કહ્યું : ‘સારું હતું તે લઇ લીધું’ મહાદેવભાઇની ઉત્કંઠા વધી. તેમણે કચરા ટોપલીમાંથી

પત્ર ઉઠાવ્યો પણ વાંચતાં જ તેમણે કહ્યું, 'બાપુ, આ પત્રમાં સારું શું છે ? બાપુએ કહ્યું: 'પત્રમાં કામ લાગે તેવી ટાંચણી હતી, જે મેં ટાંચણી બોક્સમાં મૂકી દીધી છે. આપણને પત્ર લખનારે તો ટાંચણી આપીને ફાયદો જ કર્યો છે ને !' ગાળો લખનાર વ્યક્તિ પ્રત્યે પણ બાપુનો આ ભાવ જેવો તેવો ન ગણાય અને એટલે જ કદાચ તે મહાન છે, માટે જ આપણે તેને મહાત્માના નામે ઓળખીએ છીએ.



૧૯

# સોહામણું સ્વપ્ન

સામાન્ય રીતે દરેક વ્યક્તિ રાત્રિના ગાઢ નીંદરમાં સ્વપ્ન નિહાળે છે. આ સ્વપ્ન આનંદમય, સુખમય કે કોઈવાર હચમચાવી મૂકે તેવું બિહામણું પણ હોય શકે છે. ગાઢ નીંદરમાં જોવા મળતું સ્વપ્ન વ્યક્તિની પસંદગી મુજબનું મહદ્અંશે હોતું નથી. કેટલીકવાર નીંદરમાં નિહાળેલું સ્વપ્ન હંમેશને માટે દિવાસ્વપ્નું પૂરવાર થતું હોય છે, પરંતુ દૃઢનિશ્ચય અને મજબૂત મનોબળ સાથે આગળ વધતી વ્યક્તિને જાગૃત અવસ્થામાં પણ સુંદર સ્વપ્નનો સંગમ થાય છે.

ઈતિહાસમાં વિકલાંગો વિશે આપણને જે માહિતી મળે છે, તે તપાસતાં જીવનપર્યંત વિકલાંગો સંઘર્ષ કરતા આવ્યા છે. આવા ક્ષતિગ્રસ્ત લોકોને સમાજે શાપિત કે પાપી ગણાવ્યા છે. કેટલાક લોકો પૂર્વજન્મનાં કર્મોનો બદલો આપનાર વ્યક્તિઓ હોવાનું માને છે. જેમને ત્યાં આવાં બાળકોનો જન્મ થાય છે. તે પણ પ્રારબ્ધને દોષ આપે, દુઃખી થઈ જાય છે. પરંતુ મેં મારા અર્ધજાગૃત મનને ઢંઢોળી જયારે જયારે પૂછયું છે, ત્યારે ત્યારે તેના તરફથી એકમાત્ર ઉત્તર સાંપડયો છે, તે છે ''વિકલાંગો નથી શાપિત, વિકલાંગો છે સૃષ્ટિનું ઋણ અદાકરનાર મૂલ્યવાન માનવીઓ'' અર્ધજાગૃતમનની અવસ્થાને પામવા અનેક

પરિશ્રમ પછી મળેલ આ ઉત્તરને સમજવા મેં ભીતરની અનેક યાત્રા પછી એક ચોક્કસ નિષ્કર્ષ મેળવ્યો, જેના વિશે જાણવું આપ સૌને માટે રસપ્રદ બનશે.

ઇશ્વરે સૃષ્ટિના નિર્માણ સમયે જીવોને જુદી-જુદી અવસ્થામાં, જુદાં-જુદાં સ્વરૂપે, ચોક્કસ સંદેશ સાથે ધરતી પર મોકલ્યા. સૌથી છેલ્લો વારો મનુષ્યનો હતો. મનુષ્યને અન્ય જીવસૃષ્ટિ કરતાં કશુંક વિશેષ આપવાનું હતું. જેના બદલામાં મનુષ્યે પોતાને મળેલ અંગોમાંથી સૌની સુખાકારી માટે ઇશ્વર દ્વારા પ્રદાન કરેલ સૃષ્ટિના બદલામાં વ્યાજ સ્વરૂપે કેટલાક માનવીઓએ પોતાને મળેલ ઇન્દ્રિયો, અંગો કે ઉપાંગોની ભેટ ધરવાની, જેના સ્વરૂપમાં ઇશ્વર પોતે બુદ્ધિનું સ્વરૂપ ધારણ કરી પ્રત્યેક માનવીમાં અવતરણ કરશે. ઇશ્વર દ્વારા કરાયેલ ઉપરોકત સંવાદથી મૃત્યુલોકમાં આવવાની તૈયારી કરતા માનવીય જીવો મોટી વિમાસણમાં પડયા. કેટલાક કલ્યાણના ઉમદા હેતુ માટે પડકાર સ્વીકારવા તૈયાર થયા. કોઇએ આંખ, કોઇએ કાન કે બીજી ઇન્દ્રિયોનું દાન-સૃષ્ટિ નિર્માણ માટે આપવા સંમતિ આપી. આ સંમતિ આપનાર મનુષ્ય તરીકે જન્મનાર પ્રત્યેક ક્ષતિગ્રસ્ત વ્યકિત જેને આપણે વિકલાંગ કહીએ છીએ, તે જ છે સૃષ્ટિનું ઋણ અદા કરનાર મૂલ્યવાન માનવીઓ! તમે જ કહો આવા લોકોને શાપિત કે અભિશાપિત કેવી રીતે કહી શકાય? બેંકમાંથી જયારે આપણે ઋણ લઇએ છીએ ત્યારે તેના બદલામાં આપણે થોડી વધારે રકમ ચૂકવવાની શરત સ્વીકારીએ છીએ. આ વધારાની રકમ એટલે વ્યાજ. ઇશ્વરની બેંકમાંથી માનવસૃષ્ટિરૂપી મળેલ ઋણ વધારાની રકમ એટલે માનવીમાં જન્મ કે જન્મ પછી આવતી વિકલાંગતારૂપ ચેલેન્જ. જે પડકાર ઇશ્વર તરફથી મળેલા ઋણનું વ્યાજ છે, તે કોઇ અભિશાપ નથી.

આપણે કોઇપણ બેંકમાંથી આપણા ઉત્થાન માટે કરજ લઇએ છીએ ત્યારે કરજનું વ્યાજ સાથે ચૂકવણું કરતા હોઇએ છીએ. આ રકમ આપણી શાખ



જળવાઇ રહે તે માટે, સમયસર ચૂકવવા કાળજી લઇએ છીએ, પરંતુ ઇશ્વર દ્વારા માનવસૃષ્ટિના નિર્માણ માટે જે લોકો પોતાનાં અંગોની આહુતિ આપી એક પડકારરૂપ જીવન જીવવા સતત પ્રયત્નશીલ છે, એવા લોકોની આપણે કદી ઊંડાણથી ચિંતા કરી નથી. કેટલાક લોકોનું આ ક્ષેત્રે અમૂલ્ય ચિંતન જોવા મળે છે, એટલે જ કદાચ આપણો વ્યવહાર ચાલી રહ્યો છે! હજુ દેવાળુ ફુકાયું નથી. હું આશાવાદી છું. મને શ્રદ્ધા છે. જે કોઇ આ પુસ્તકનું, આ પ્રકરણ વાંચશે તે આ દિશામાં વિચારી વિકલાંગોના કલ્યાણ માટે યત્કિંચિત યોગદાન આપવા જરૂર સંકલ્પ કરશે.

બેંકોનું ઉઠમણું કરી મૂકે તેવા-વિજય માલ્યા જેવા ઋણ લેનાર માનવીઓ છે, તે જ પ્રમાણે આ સૃષ્ટિનું પણ ઉઠમણું કરી મૂકે તેવા ક્રૂર સત્તાધીશો પણ સત્તાના સિંહાસને બેઠા છે! જયાં સુધી આવા લોકોનું વર્ચસ્વ સૃષ્ટિ પર બળવત્તર હશે ત્યાં સુધી ઇશ્વરની સૃષ્ટિનું ઋણ ચૂકવનાર વિકલાંગોને સહન કરવું જ પડશે! જે રીતે વૈભવી સુખ માટે લેવાયેલ કરજ માટે વ્યાજ પેટે ચૂકવવામાં આવતી રકમ સદ્-ગૃહસ્થની શોભા બની શકતી નથી અથાત્ સદ્-ગૃહસ્થના ઘરમાં સ્થાન પામી શકતી નથી છતાં તે સદ્-ગૃહસ્થના હિત માટે વલોવાય છે, તેવી જ રીતે સૃષ્ટિના હિત માટે પ્રત્યેક વિકલાંગોએ વલોવાવું રહ્યું!

સામાજિક વિચારોની ક્રાંતિ દ્વારા વિકલાંગોને દરેક ક્ષેત્રે ઉજ્જવળ તક મળે તેવા ઉમદા હેતુ માટે હું જનચેતના આંદોલન ચલાવી રહ્યો છું. આ આંદોલન દ્વારા વિકલાંગોની વિશિષ્ટ શકિતઓનો પરિચય સમાજના એક-એક વ્યકિતને કરાવવાનો હેતુ છે. જેના માટે દિવસે-દિવસે અવનવા કાર્યક્રમો દ્વારા સમાજની વચ્ચે જવાનો મનસૂબો છે. દુનિયાના અન્ય દેશોમાં ક્ષતિગ્રસ્ત લોકોને જે સગવડો, સાધનો કે વિશિષ્ટ નિયમોનો લાભ આપવામાં આવે છે, તેટલો લાભ આપણા દેશના વિકલાંગોને વાસ્તવિક રીતે મળી શકતો નથી.

દેશના કાયદાઓ, નિયમો અને ઉપનિયમોની જોગવાઇઓનો લાભ વિકલાંગો માટે જેટલો કાગળ પર જોવા મળે છે, તેટલો વાસ્તવમાં મળતો નથી. જુદી-જુદી યોજનાઓનો લાભ મેળવવા માટે વિકલાંગોને ભારે સંઘર્ષ કરવો પડે છે. વારંવાર એકના એક પુરાવાઓ સરકારી કચેરીઓ દ્વારા વિકલાંગો પાસે મંગાવવામાં આવે છે. કોઇ યુનિક માપદંડ વિકલાંગોની યોજના માટે લાભ મેળવવા જોવા મળતો નથી. એક જ દેશના રાજયોમાં જુદા-જુદા નિયમો અને માપદંડોનો અમલ થાય છે! વિકલાંગ ધારો ૧૯૯૫ની જોગવાઇઓના અર્થઘટનમાં પણ કેટલીક વિસંગતતાઓ જોવા મળે છે. વર્તમાનપત્રો, ટીવી કે રેડિયોમાં પ્રસિદ્ધ થતા સમાચારોમાં વિકલાંગો વિશે યોજનાઓ અંગેની જે માહિતી મળે છે, તેનો લાભ ભાગ્યે જ નસીબવાન વિકલાંગો લઇ શકે છે. આવી વિષમ પરિસ્થિતિને નાથવા હું શરૂઆત નીચેથી કરવા માંગું છું. શાળામાં કે કૉલેજમાં અભ્યાસ કરતાં છોકરા-છોકરીઓને આવા વિશિષ્ટ વર્ગની સમસ્યાઓ અને શકિતઓથી માહિતગાર કરી, તેમનામાં સંવેદનશીલતા કેળવવા વિશેષ પ્રયત્નો સામાજિક સંસ્થાઓ અને સરકારે સાથે મળી કરવા જોઇએ. કોઇ એક વ્યકિત કે સંગઠન ધારી સિદ્ધિ કદાપિ મેળવી શકે નહિ, તેથી આપણે સૌએ સંગઠિત બની જેમને શારીરિક કે માનસિક ક્ષતિનો સામનો કરવો પડે છે એવા વર્ગના પુનઃસ્થાપનની પ્રત્યેક પ્રવૃત્તિને વેગ મળે તે માટે તન-મન-ધનથી જોડાઇ, પોતાનું ઉમદા યોગદાન આપવું જોઇએ.

વિકલાંગો સૃષ્ટિ નિર્માણના વ્યાજદાતા હોવાથી તેમની પણ કેટલીક વિશેષ જવાબદારીઓ બને છે. લેવા કરતાં આપવામાં મોટો આનંદ છે. જયારે સૃષ્ટિ નિર્માણના મહામૂલા કાર્યમાં આપણે આપણા અંગો કે ઇન્દ્રિયોની આહુતિ આપી છે ત્યારે સમાજને આપણી સેવાની જયાં પણ જરૂર હોય ત્યાં આપણી મહત્તમ શકિતનો ઉપયોગ કરી, આપણે કાર્યાન્વિત રહેવું જોઇએ. આમ થશે તો



સૃષ્ટિ નિર્માણ માટે આપણે આપેલી આપણી આહુતિ મૂલ્યવાન બનશે, જેનાથી પરમ કૃપાળુ પરમેશ્વર પણ આપણાં પર જરૂર ખુશ થશે.

હું માનુ છું, જીવન પણ એક સ્વપ્ન છે, તેને ચિંતકો ક્ષણભંગુર પણ કહે છે, દુઃખ કે સુખ એક ક્ષણના મહેમાન છે. જીવનકાળમાં કદી આજીવન સુખ કે દુઃખ હોતાં નથી. હકીકત તો એ છે કે જીવનની પ્રત્યેક ક્ષણને વ્યકિતએ આનંદથી માણી, સત્કાર્ય માટે હંમેશાં પ્રયત્ન-શીલ રહેવું. બીજાને કશુંક આપી તેના જીવનને સુવાસિત બનાવવું. બગીચામાં ખીલેલા પુષ્પને કોઇએ પૂછયુંઃ‘તું જગતને સુવાસ આપે છે, તેના બદલામાં જગતના કોઇ પ્રાણીઓ, પક્ષીઓ કે મનુષ્યો તને શું આપે છે?’ ત્યારે પુષ્પએ હસીને કહ્યુંઃ ‘બદલામાં લઇને જે આપે, તેને તો વેપાર કહેવાય! પરંતુ કોઇપણ અપેક્ષા વિના જે આપે તે જ સાચો સત્કાર કહેવાય. હું અન્યને ખુશ કરવા કોઇ પણ બદલાની અપેક્ષા વિના સુવાસ આપુ છું તેમાં જ મારો સાચો આનંદ, મારા ખિલ-ખિલાટમાં તમોને દેખાશે.’ પુષ્પના ઉદાહરણથી આપણને સૌને સમજાય છે કે-લેવા કરતાં આપવામાં વિશેષ આનંદ હોય છે. રસ્તે માગતા ભિખારીઓ સતત લેતા રહે છે. કેટલાક ભિખારીઓ પાસે મોટું બેંક બેલેન્સ પણ ભેગું થઇ જાય છે, છતાં રસ્તા પર તમે જયારે જુઓ ત્યારે હંમેશા દુઃખી દેખાય છે. તે કદી આપવાનો આનંદ માણી શકતા નથી. જયારે થોડુંક કમાતો વ્યકિત પણ બચેલી રકમમાંથી કોઇને, ભોજન કરાવી પોતાના જીવનને આનંદિત બનાવવાનું ચૂકતો નથી. સુખ અને સમૃદ્ધિ ભોગવવાં પૂરતાં મર્યાદિત નથી તેને વહેચવાં એટલાં જ જરૂરી છે. કોઇપણ આપત્તિ આપણી ખુશીને અટકાવી શકતી નથી. જે રીતે બોર્ડની પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થી જીવનમાં નિષ્ફળ ગયો તેવું કહેવાય નહિ. તે જ રીતે એકાદ ધારેલ કાર્ય પાર પાડવામાં નાની મોટી મુશ્કેલી આવે તો પણ દ્રઢસંકલ્પશકિત દ્વારા તે મુશ્કેલીને દૂર કરી સફળતા મેળવી શકાય છે. તેવી જ

રીતે શારીરિક કે માનસિક ક્ષતિની મર્યાદા પછી પણ બચેલી ઈન્દ્રિયો કે અંગોની શકિતને વિકસાવી, ધારી સિદ્ધિ હાંસલ કરી શકાય છે. અમેરિકાની હેલન-કેલર અંધ,બહેરી-મૂંગી સ્ત્રી પોતાના દઢ મનોબળ દ્વારા સશકત વ્યકિત જે કાર્ય ન કરી શકે તેવું કામ કરી એક દીવાદાંડી સમાન વિકલાંગો માટે પ્રકાશિત આધારસ્તંભ પુરવાર થાય છે. વિશ્વના ખૂણે-ખૂણે આવા અનેક આધારસ્તંભોએ પોતાની અદ્વિતીય શકિતઓનાં દર્શન કરાવ્યાં છે. જેને મારા કોટી-કોટી વંદન કરું છું. જૉન મેડકાફે ઇંગ્લેન્ડના સંપૂર્ણ દષ્ટિહીન વ્યકિતએ વિશ્વને સૌથી પહેલાં ભાંગેલા પથ્થરમાંથી પાકા રસ્તા બનાવવાનો ઉમદા ખ્યાલ આપ્યો, જેના કારણે આજે કરોડો કિલોમીટરના પાકા રસ્તાઓ વિશ્વમાં તૈયાર થઇ શકયા છે. નિકોલસ સૉંડરસન સંપૂર્ણ દષ્ટિહીન હોવા છતાં ન્યૂટનના અનુગામી બની, અનેક વૈજ્ઞાનિક શોધખોળ કરી, મધપૂડા પરનું તેમનું સંશોધન અનેક વૈજ્ઞાનિકોને આકર્ષવામાં સફળ રહ્યું. તો જહોન મિલ્ટન કે જેઓને વિશ્વના ઉત્તમ કવિ માનવામાં આવે છે જેમણે દષ્ટિ ગુમાવ્યા પછી 'ધ પેરેડાઇસ લૉસ્ટ' નામના મહાકાવ્યની રચના કરી. આવાં અનેક ઉદાહરણો આપણને ઇતિહાસમાં જોવા મળે છે. આપણે ઇતિહાસ ને વર્તમાનનો અભ્યાસ કરી વિકલાંગોને અસરકારક શિક્ષણ, તાલીમ અને પુનઃસ્થાપનની દરેક ક્ષેત્રમાં કોઇ પણ પ્રકારના ભેદભાવ વિના સમયસર સેવા મળે તેવું પર્યાવરણ ઊભું કરવા આગળ આવવું રહ્યું.

રાત્રિની ગાઢ નિંદરમાં આપણે જયારે કોઇ આનંદદાયી કે બિહામણું સ્વપ્ન જોઇએ છીએ ત્યારે આપણને એ પણ ખબર નથી હોતી કે આ હકીકત છે કે સ્વપ્ન! એવી જ રીતે જન્મથી મૃત્યુ વચ્ચેનો સમય પણ જયારે પસાર થઇ જાય છે ત્યારે આપણને ખબર પણ પડતી નથી કે આપણે જોયું તે હકીકત હતી કે એક સ્વપ્ન! એટલે જ કદાચ કોઇ કવિએ કહ્યું છે કે, ''સ્વપ્નાં જેવો છે આ



સંસાર'' અને જો ખરેખર સ્વપ્નાં જેવો જ આ સંસાર હોય અને સારું સ્વપ્ન જોવાનું આપણા હાથમાં હોય તો આપણે સારું સ્વપ્ન જોવાનું શા માટે પસંદ ન કરવું? આજે માણસ, માણસથી દૂર ભાગતો થયો છે. સંયુકત પરિવારો તૂટતા જાય છે. વિભકત કુટુંબોમાં પણ શાંતિ નથી. સર્વત્ર અજંપો છે. તેનું કારણ એક માત્ર એનકેનપ્રકારેણ મેળવવાની મહેચ્છા છે. વ્યકિત જીવનપર્યંત ભેગુ કરતો રહે છે. ભેગું કર્યા પછી અચાનક વિદાય થવાનું આવે છે. તે સાથે કશું પણ લઇ જઇ શકતો નથી. આખરે તે ઉદાસ, હતાશ અને નિરાશ થઇને સૃષ્ટિમાંથી જાય છે. તેના કરતાં જન્મથી મૃત્યુ સુધી અન્યના સુખ માટે કાર્ય કરીને જો તે જશે તો તે જરૂર ખુશી સાથે વિદાય થઇ શકશે. પણ આવી વિદાય આપણે કેમ પામી શકતા નથી? તેનું મને ભારે અચરજ છે. જે રીતે પુષ્પ સુવાસ આપે છે, તેવી જ રીતે અગરબત્તી પણ અન્યને સુવાસ આપવા પોતે ખતમ થઇ જાય છે અને અન્યને સુગંધિત કરવા પોતાનું બલિદાન આપે છે, પોતે બુજાતા પહેલાં તે વધુ પ્રકાશિત થઇ બુજાય છે. પ્રત્યેક ઓલવાતો દીવો કે દીપક અંતે વધુ પ્રકાશતો હોય છે તેના પરથી આપણે સમજી શકીએ કે તે અન્યને પ્રકાશિત કરી, ઉત્સાહ અને ખુશીથી વિદાય થાય છે. સૃષ્ટિમાં આવનાર પ્રત્યેક જીવે પરત જવાનું જ હોય છે, પરંતુ જતા - પહેલાં તે કેટલું આપીને જાય છે? તે જ તેના જીવનની સાચી સફળતાની પ્રતીતિ કરાવે છે.

મારી સમજણ પછી મારી યાત્રા, મારા આનંદિત સ્વપ્ન મુજબ મેં આગળ વધારવા પ્રયત્ન કર્યો છે. અન્યના કલ્યાણ માટે જાત ચાલે ત્યાં સુધી કાર્ય કરવું તે મારો સંકલ્પ રહ્યો છે. ૧૯૮૪ માં સ્થપાયેલી રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખાની સ્થાપક કમિટીનો સત્તર વર્ષની ઉંમરે હું સભ્ય હતો. તે વખતે ગામડે-ગામડે સંતવાણીના કાર્યક્રમો કરી, અંધજનોને મળતી વિવિધ સવલતો તાલીમ અને શૈક્ષણિક કાર્યક્રમો વિશે આ સંતવાણીના કાર્યક્રમ

દરમ્યાન જાણકારી આપવામાં આવતી. ગામડે - ગામડેથી ફંડ પણ એકત્રિત કરવામાં આવતું. મારા બાપુજી ટપુભાઇ પટેલ તાલુકા કૉંગ્રેસ પ્રમુખ હોવાને નાતે દરેક ગામમાં કાર્યક્રમની વ્યવસ્થામાં સંસ્થાને સહયોગ આપતા, જેના કારણે મને સંસ્થાની કમિટીમાં સ્થાન આપવામાં આવ્યું હતું. હું ગામડે - ગામડે યોજાતા કાર્યક્રમોની વ્યવસ્થા, ભોજન, કલાકારોને લાવવા-લઇ જવાના વગેરે કાર્યમાં સહયોગ આપતો. મારા શિક્ષક શ્રી ચૂનિભાઇ કે.જોષી અને રમણીકભાઇ આર. ચંદારાણા મને આ કાર્ય કરવા માટે ખાસ પ્રેરણા આપતા. તેઓ મને હંમેશાં કહેતાઃ'તારા પિતાશ્રી મોટા કાર્યકર છે. તારે અંધજનો માટે સેવાના કાર્યમાં મદદ કરવી જોઇએ. ગામડે - ગામડે કાર્યક્રમો ગોઠવવાની જવાબદારી તારી, કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો આવે તેવા પ્રયત્નો પણ તારે કરવાના રહેશે.' આવી ઘણી વાતો ચૂનિભાઇ અને ચંદારાણાસાહેબ મને અવાર-નવાર કરતા, અમારા ચૂનિભાઇ જોષી તે વખતે અંધઉત્કર્ષ સેવા મંડળ ચલાવતા હતા. તેમણે અંગ્રેજી ટૂંકાણની બુક તૈયાર કરી હતી. તે એન.એ.બી. મુંબઇ બ્રેઇલ પ્રેસમાં છપાવવાની હતી. અંધઉત્કર્ષ સેવા મંડળ પાસે બુક છપાવી શકે તેવું ફંડ ન હતું. જોષીસાહેબે મને ફંડ એકત્રિત કરવા જવાબદારી સોંપી. તે વખતે આવી સો અંગ્રેજી ટૂંકાણની બુક તૈયાર કરવાના લગભગ ઓગણીસસો રૂપિયાની કિંમત થતી હતી. તે રકમ બાપુજીના સહકારથી મેં એકત્રિત કરી આપી. બંને સાહેબોનો મારા પર મોટો આશીર્વાદ હતો.

આ જ રીતે વિદ્યાર્થી અવસ્થામાં મારા સહાધ્યાયી મિત્રોનું કૌશલ્ય વધે તેવી વિવિધ સ્પર્ધાઓ પણ હું કેટલાક મિત્રો સાથે મળી સમયાંતરે યોજતો. તે વખતે શાળાના સંચાલક મંડળ દ્વારા આવી કોઇ સ્પર્ધાઓનું આયોજન થતું નહિ. અમારા મિત્ર સર્કલ દ્વારા રકમ એકત્રિત કરી, બ્રેઇલ વાંચન, વક્તૃત્વ અને સંગીત જેવી સ્પર્ધાઓ યોજાતી. સંસ્થાના મૂકસેવક અને અમારા માર્ગદર્શક શ્રી



વિનુભાઇ શાહ તે વખતે અમોને દર રવિવારે જુદી - જુદી પ્રવૃત્તિઓ શીખવવા માટે હંમેશાં આવતા. તેમનો આવી સ્પર્ધાઓમાં અમોને ખૂબ સહકાર મળતો. હું શાળાના વિદ્યાર્થીઓને સાંપ્રત પ્રવાહોની માહિતી મળે તે માટે બ્રેઇલમાં નિયમિત એક દૈનિકપત્ર પણ બહાર પાડતો. આ સમાચારપત્રમાં દેશ-વિદેશ, શહેર અને શાળાની બાબતો વિશે માહિતી આપવામાં આવતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વારાફરતી આ પ્રસિદ્ધ થયેલ સમાચારો નિયમિત પણે વાંચતા. એક પણ દિવસ ન પડે તે રીતે મોડી રાત્રિના સમાચારપત્રોનું બ્રેઇલમાં હું લખાણ તૈયાર કરતો. આ માટે હું રેડિયોનો વિશેષ સહારો લેતો. સંસ્થા સમાચાર માટે અધિકારીઓ અને વિદ્યાર્થીઓની મુલાકાત લઇ, હું વિગતો તૈયાર કરતો. આમ, વિદ્યાર્થી અવસ્થાથી અંધજનોના સર્વાંગી વિકાસ માટે યથાયોગ્ય કાર્ય કરવાનું અને તે કાર્ય દ્વારા સિદ્ધિઓ હાંસલ કરવાનું હું સ્વપ્ન જોતો આવ્યો છું. મારા સ્વપ્નને સાચું ઠેરવવા હું હંમેશાં કાર્યશીલ રહું છું. ભેદભાવ રહિત અને સમદૃષ્ટિ સાથેના મારા સ્વપ્નને ઇશ્વર હકીકત બનાવે એ જ અભ્યર્થના.

૧૫

# ટ્રેઇનનો ડબ્બો

જીવનરૂપી ટ્રેઇનમાં મુસાફરી કરનાર પ્રત્યેક વ્યકિત પોતાની જ ટ્રેઇનનો ડબ્બો હોય છે. સૃષ્ટિનો પ્રત્યેક માનવી એકમેકના જોડાણ સાથે એક ટ્રેઇનની શૃંખલામાં નિયત ગતિમાં પ્રવાસ કરતો રહે છે. આપણી સુખ સગવડ માટે પ્રસ્થાપિત કરેલ ટ્રેઇન મુસાફરીના માળખા મુજબ સંસાર એકસપ્રેસ પણ ત્રણ પ્રકારનાં રસ્તા પર દોડે છે. પ્રત્યેક વ્યકિત ત્રિસ્તરીય માર્ગ પર દોડતી ટ્રેઇનનાં કોઇને કોઇ તબક્કે મુસાફર બનતા હોય છે. કોઇવાર તેની ટ્રેઇન નેરોગેજ પર, કોઇવાર મીટરગેજ પર તો કોઇ જીવનની અવસ્થાએ બ્રોડગેજ પર ગતિ કરે છે. મહદ્અંશે નેરોગેજમાં દોડતી ટ્રેઇનનાં મુસાફરોનો આપણને સંગ થાય છે. વાસ્તવિક ટ્રેઇન મુસાફરીમાં આપણું સ્ટેશન નિશ્ચિત હોય છે, પરંતુ સંસારરૂપી ત્રિમાર્ગીય ટ્રેઇનનાં કોઇ મુસાફરનું સ્ટેશન કે ઉતારવાનો સમય નિશ્ચિત હોતો નથી.

મારા જીવન કાળના પ્રારંભથી નેરોગેજ ટ્રેઇનની મારી લાંબી મુસાફરીમાં મને અનેક સહપ્રવાસી સાથે પરિચય કેળવવાની મહામૂલી તક સાંપડી... ટ્રેઇનનાં ડબ્બામાં પ્રવાસીઓ સાથે થતો પરિચય તે સમય પૂરતો પરિવાર જેવો બની જાય છે, પરંતુ તેનું સ્ટેશન આવતા તે મુસાફર અચાનક

ટ્રેઇન છોડી જયારે ઊતરી જાય છે ત્યારે ગણતરીની મિનિટોમાં આપણે તેને ભૂલવા લાગીએ છીએ, તો કેટલીક વખત આવા પરિચિતો સાથે સંબંધોનો સેતુ આપણા વ્યવસાય, નોકરી કે મિત્રતા માટે લંબાતો પણ હોય છે, પરંતુ આવા ઔપચારિક સંબંધો ક્ષણિક સંતોષ આપનારા પુરવાર થાય છે. મારા જીવનની નેરોગેજ ટ્રેઇને જે અંતર કાપ્યું છે તેની યાદગાર સ્મૃતિઓ વાગોળવી રહી.

નાની ઉંમરે માતાના અવસાન પછી સ્નેહ અને સંવેદના ગુમવી તે મેળવવા અનેક ડોકિયાં કર્યાં, પરંતુ ઇચ્છિત સંવેદના, સ્નેહ કે લાગણી પ્રાપ્ત થયાં નહીં. શાળા શિક્ષણ અને ઉચ્ચતર શિક્ષણે પણ એ પરિણામ ન આપ્યું. અનેક સંબંધો સ્થાપિત થયા પછી પણ પંચમનો સ્વર સંભળાયો નહિ. વિદ્યાર્થી અવસ્થામાં બાકડા પર બેસી કોયલના ટહુકામાં જે ભીનાશ, જે મધુરતા સંભળાય તે મેળવવા હરણ જે રીતે કસ્તુરી પાછળ-તેની જ નાભીમાંથી આવતી સુવાસની દિશામાં-ભાગતું રહે છે તેમ ભાગવા છતા કશું જ પ્રાપ્ત થયું નહિ ! ઉત્તમ પુસ્તકો પણ એક બેઠકે વાંચ્યાં અને સાંભળ્યાં પણ છે પરંતુ મનોરથને સંતોષી શકે એવી કોઇ સંવેદના સ્પર્શી શકી નહિ. આ બધી પરિસ્થિતિમાંથી બહાર આવવા પ્રવૃત્તિઓ સાથે જોડાઈ દિવસ-રાત કાર્ય કરવાનું પસંદ કર્યું. શ્રી અંધ અભ્યુદય મંડળ - ભાવનગરની વિવિધ પ્રવૃત્તિઓની જવાબદારીઓ મારે શિરે આવવાના કારણે અનેક પીડિતોના અંતરમાં વલોવાતી અવદશાનાં દર્શન થયાં. વર્ષોથી જે શોધતો હતો તેવી જ સંવેદના, તેવી જ લાગણી, સ્નેહ અને હૂંફ માટે કેટલા લોકો તડપી રહ્યા છે તેની ખબર પડી. દિવસે દિવસે પ્રવૃત્તિઓનો વેગ વધતો રહ્યો. નવી નવી જવાબદારી ઉપાડવાની તક સાંપડી. ૧૯૯૫માં જયારે રાષ્ટ્રીય અંધજન મંડળના માનદ્‌મંત્રી તરીકેની જવાબદારીઓ અદા કરતો હતો ત્યારે અંધજન મંડળનાં સંચાલક શ્રી જગદીશભાઇ પટેલને મળવાનું થયું. તેમનાં પત્ની સનેત્ર ભદ્રાબેન સત્યા હતાં. આ બંને મળ્યાં પછી મને એક વિચાર



આવ્યો. એક મોટી સંસ્થાનો પ્રજ્ઞાચક્ષુ સંચાલક પોતે અંધ સ્ત્રી પર ભરોસો મૂકવાને બદલે પોતાની સગવડ ખાતર સનેત્ર પાત્રની પસંદગી કરે તે કેટલા અંશે વાજબી કહેવાય ? હું આવું નહિ કરું, મનોમન સંકલ્પ કર્યો. થોડા દિવસોમાં મારા મિત્ર ચંદ્રકાંતભાઇ જોશીના બતાવ્યા પ્રમાણે એક છોકરી જોવા માટે હું, મારા મોટાભાઇ વલ્લભભાઇ અને બહેન રંભાબેન સાથે જોશીભાઇ પણ ખરા... આણંદ પાસે પેટલાદ પહોંચી ગયાં. લાંબી મંત્રણાઓ થઇ. સાંજે છૂટા પડતાં પહેલાં કેટલીક સ્પષ્ટતાઓ થઇ. હા-ના નો જવાબ અમારા મધ્યસ્થી જોશીભાઇ મારફતે એકબીજાને મળશે તેવું નકકી થયું. તે વખતે ભારતમાં મોબાઇલ ફોનનો પ્રવેશ થયો ન હતો. એસ.ટી.ડી. ફોનનું નવું આકર્ષણ હતું. ઠેર-ઠેર એસ.ટી.ડી. - પી.સી.ઓ. બુથ ખુલતાં હતાં. વાત થયા પછી ઘણા લાંબા સમય સુધી કોઇ જવાબ આવતો ન હતો. રાત્રીના શાળાએથી તરસમિયા પહોંચી-બે કામ કરતો. કવિતા લખવી અને બે-ત્રણ-ચાર દિવસે બ્રેઇલમાં પેટલાદ પત્ર લખતો. કાગળનાં ખાસ કોઇ જવાબ મળતા નહિ, કોઇવાર તેના પિતા પાસે પોસ્ટકાર્ડમાં પત્ર મળ્યાની પહોંચ તે જરૂર પાઠવતા. પરિવારનાં સભ્યોની તબિયતના સમાચાર પણ પૂછે પણ જેની ઇંતેજારી હતી તે વિશે એક શબ્દ પણ લખે નહીં. તેથી પત્ર વાંચ્યા પછી મનોમન થોડું બડબડ કરી લેતો. ફરી એકાદ પત્ર લખવા બેસી જાઉં. આમને આમ એકાદ વર્ષ પસાર થઇ ગયું. અમારા મધ્યસ્થી જોશીભાઇએ બીજી એક કન્યા બતાવવાની ઓફર કરી. હવે મને કોઇ કન્યા જોવામાં રસ ન હતો. મેં તેને કન્યા જોવાની ઘસીને ના પાડી. થોડા દિવસમાં મને પેટલાદ આવી જવાનાં ટેલિફોનથી સમાચાર મળ્યા. તે વખતે મારા સહાયક તરીકે અમારા ભાણેજ અશ્વિનને મેં સાથે લીધો. મારી ભત્રીજી પુષ્પા પણ સાથે હતી. પુષ્પા મારું લેખન કાર્ય સંભાળતી. હું તેને નિયમિત ભણાવતો પણ ખરો. તેની શાળાએ તેમના અભ્યાસ માટે ચર્ચા કરવા તેમના શિક્ષક પાસે ગયો ત્યારે શિક્ષકોએ કહ્યું કે,‘આ છોકરી વર્ગમાં ૨૨ થી ૨૫ મા ક્રમે રહે છે, તેનું થોડું ધ્યાન

આપો તો બોર્ડમાં પાસ થઇ જશે.' મેં કહ્યું:'પ્રથમ નંબરની કેટલી ટકાવારી હોય છે?' તેના શિક્ષકોએ કહ્યું કે,'ત્રણ છોકરીની ત્રિપુટીને કોઇ તોડી શકે તેમ નથી. પ્રથમ નંબરનાં દીવાસ્વપ્નમાં તમે રાચશો નહિ.' મારી સામે એક મોટો પડકાર હતો. તે જવાબદારી અદા કરતાં કરતાં મારો ગૂંચવાયેલો પ્રશ્ન પણ હલ કરવાનો હતો. બોર્ડમાં મેં દિલ લગાવીને પુષ્પાને મહેનત કરાવી. તરસમિયા માધ્યમિક શાળામાં તેણી બોર્ડની પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઇ, ત્યારથી તે દીકરીનો મારા પર તેના માતા-પિતા કરતાં વધુ ભાવ હતો, તેથી તેને જે કામ સોંપું તે હંમેશાં કરવા તૈયાર રહેતી.

ટેલિફોનમાં મળેલ સંદેશા મુજબ પેટલાદ પહોંચી ગયાં. તે સાંજે અમારે સૌને અંબાજી જવાનું નક્કી થયું. આઠ દિવસ સુધી અમારો યાત્રા પ્રવાસ ચાલ્યો. મારા જીવનનો આ સૌથી મોટો પ્રવાસ હતો. પ્રવાસ પછી હું ધારતો હતો તે ઉત્તર મને મળ્યો નહીં. બધા એમ જ છૂટા પડયાં. વેવિશાળ વિશે કોઇ વાત છોકરી કે તેના માતા પિતા તરફથી સાંભળવા ન મળી. વળી, બે માસ પસાર થઇ ગયા. ટેલિફોન પર અવારનવાર વાત થતી રહેતી. એસ.ટી.ડી.નું બીલ મહીને મહીને વધવા લાગ્યું, પરંતુ સ્પષ્ટ સમાચાર મેળવવાની હિંમત એટલા ટેલિફોન થયા પછી પણ હું કેળવી શકયો નહિ. આખરે તેમની સંમતિનું પોસ્ટકાર્ડ મળ્યું. તેઓ વેવિશાળ માટે સામે આવવા સંમત થયા. ૧૯ નવેમ્બર, ૧૯૯૬નો દિવસ હતો. ત્યારબાદ બધું કામ મારા માટે સરળ થઇ ગયું. જમીનના ધંધામાં રૂપિયા એક લાખ તે સમયે મળવાના હતા. આ રૂપિયામાંથી લગ્ન પ્રસંગ ઉકલી જશે તેમ હું માનતો હતો, પરંતુ કામ પૂરું થયા પછી તે પૈસા મને મળવાને બદલે અમારા પરિવારને મળ્યા. જેના પર પિતાએ નક્કી કર્યું કે-રૂપિયા પચાસ હજાર મોટાભાઇને આપવા અને પચાસ હજાર લગ્ન માટે તને મળશે. મેં તે વેળાએ પણ મારું મન મનાવ્યું. મારાથી મોટા અને મોટાભાઇથી નાના માવજીભાઇ કે,



જેનું થોડાં વર્ષો પહેલાં અવસાન થયું. તેમને લગ્ન માટે દીકરી મળતી ન હતી. મહારાષ્ટ્રમાં જલગાંવની એક છોકરી સાથે થોડા પૈસા આપી તેમનાં લગ્ન ગોઠવવાનું નક્કી થયું. અમે લોકો તે ગોઠવણી થવાને લીધે ખુશ હતા. બાપુજીએ બચેલા પચાસ હજાર રૂપિયા મારી પાસેથી પરત માંગી લીધા. આ પૈસા મારી પાસે હતા એટલે મારો લગ્નપ્રસંગ ધામધૂમથી ઉજવાય તેવું મારું આગવું આયોજન થઇ ચૂકયું હતું. અચાનક મારે પૈસા આપવાના થયા... વાત કોને કરવી તે સમજાતું ન હતું. લગ્ન કાર્ડ છપાઇ ચૂકયાં હતાં, તેમને કપડાં, ઘરેણાં આપવાનો સમય થઇ ચૂકયો હતો. તેવા સંજોગોમાં મારે શું કરવું? એનો માર્ગ મને મળતો ન હતો. દિવસ પછી દિવસ વીતવા લાગ્યા. જાન માટે બસ બંધાવવાની હતી. રિસેપ્શન માટે પણ વ્યવસ્થા ગોઠવવાની હતી. પૈસા કયાંથી લાવવા અને પૈસા ઉછીના મળે તો પણ તે પરત કઇ રીતે કરવા? તે સમજાતું ન હતું. આખરે હું એક ઉદ્યોગપતિને મળ્યો. તેની પાસેથી રૂપિયા પચ્ચીસ હજાર ઉછીના લેવાનું નક્કી થયું. એકાદ મહિનામાં તે રૂપિયા પરત કરવાના હતા. હાલ, મારું કામ થઇ જાય તેમ હતું. કેટલુંક પેમેન્ટ 'ચાંદલો' આવ્યા પછી ચૂકવવાનું નકકી કર્યું. મહા મહેનતે પ્રસંગને સાંગોપાંગ પાર પાડયો અને નીલા સાથે પ્રભુતામાં પગલાં પડયાં. રિસેપ્શનમાં તરસમિયાથી અંધશાળા સુધી આવવા રિક્ષાનાં પૈસા ભેગા કરવા ફાંફાં મારવા પડયા હતા. રાત્રીના ૭ કલાકે અંધશાળાનાં પટાંગણમાં રિસેપ્શન રખાયું હતું. ખૂબ લોકો ઊમટી પડયા. શુભેચ્છામાં રકમ પણ સારી એવી આવી. લગભગ ખર્ચને સરભર કરી દે તેટલી, લોકોએ સ્મૃતિ ભેટો આપી. મોટી વિભૂતિઓ પણ રિસેપ્શનમાં આવી. અમોને શુભેચ્છાઓ પાઠવી, તે અમારા માટે આનંદની ઘડી હતી. ૯ અને ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૭નાં બંને દિવસ અમારાં નવા જીવનની શરૂઆતનાં દિવસો હતાં. જે લોકોની શુભેચ્છાઓથી અમો પાર પાડી શકયા. થોડા દિવસમાં આંખમાં જામરનાં કારણે ભારે દુઃખાવો ઊપડયો આંખમાંથી લોહી ટપકે તેવો

તીવ્ર દુઃખાવો. એક સેકન્ડ પણ સહી ન શકાય તેવી સ્થિતિમાં ડૉ. માલતીબહેન મહેતા પાસે પહોંચ્યાં. તેમણે આંખની તપાસ કરી, જામરનાં પ્રેશરને કારણે દુઃખાવો છે-તેવું કહ્યું. દવાથી બધું જ મટી જશે તેવું આશ્વાસન પણ આપ્યું, લગભગ આઠ દિવસ બાદ ફરી તીવ્ર દુખાવો... આ જ રીતે ડૉ.માલતીબહેન પાસે પહોંચ્યા. તેમણે વારંવાર દુઃખાવો સહન ન કરવો હોય તો આંખ કાઢી નાખવી વધુ સલાહભર્યું છે તેમ કહ્યુ. તેણીની સલાહ મુજબ મારી આંખનું ઓપરેશન થઇ ગયું ત્યારબાદ આંખનો દુખાવો કાયમ માટે ગયો. અમારા પતિ-પત્નીનાં જીવનમાં ખુશીનું છોગું તારીખ ૯ નવેમ્બર, ૧૯૯૯નાં રોજ પૂર્ણ સ્વસ્થ નિષ્ઠાના જન્મથી ઉમેરાયું. માતા-પિતા બનવાની ધન્યતાનો અનુભવ કર્યો.

ડૉ.જગદીશભાઇ પટેલના વ્યવહારનો મેં મનોમન વિરોધ કરી ટીકા કરી હતી તે મુજબ મારા વાસ્તવિક જીવનમાં જે ઉદાહરણ બેસાડવા ઇચ્છતો હતો, તેવો ન્યાય મારાં પત્ની નીલાને આપ્યો નથી. તે માણસ પારખું છે, કોઇ પણ વ્યકિતને સાંભળ્યા પછી તેના વર્તન વિશે ઘણી જ ઝડપથી તે અનુમાન બાંધી લે છે. મહદ્અંશે તેણે કરેલું અનુમાન સાચું પણ હોય છે. તે મારી જેવા ભટકેલા માણસની સાન ઠેકાણે લાવી, યોગ્ય દિશામાં મોકલવા; યોગ્ય માર્ગ પર ચાલતા રાખવા શકિતમાન છે. તેણીએ તેમની શકિતનો પરિચય આપી મને સબળ અને સક્ષમ બનાવવા મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેમની આ બધી શકિતનો સાચો પિરિચય મારી બીમારીમાં થયો. નવેમ્બર ૨૦૧૩માં જાણે કે ઇશ્વરે મારી ટ્રેઇનનું સ્ટેશન નક્કી કરી તેમની પાસે રાખેલી ટિકિટ મને મોકલી આપી હોય તેમ સામાન્ય દેખાતી બીમારીમાંથી, મને અસાધારણ અવસ્થામાં મોકલી, સમગ્ર રીતે અસમર્થ બનાવી; વિવશ કરી મૂકયો જયાંથી મને ખુદને મારી કોઇ જાત સંભાળ લઇ ન શકું તેવી અવસ્થામાં ધકેલી, પથારીવશ કર્યો, ત્યારે શાસ્ત્રોમાં સતી અનસૂયાનું પાત્ર જોવા મળે છે તેવાં વાસ્તવિક દર્શન થયાં.



પી.એન.આર.ની હૉસ્પિટલમાં દાખલ થયો ત્યારે સભાન અવસ્થામાં હતો. પરંતુ ત્યાંથી મને સ્ટર્લિંગ હૉસ્પિટલ લઇ જવામાં આવ્યો તે, કેવી રીતે લઇ ગયા ? કોણ લઇ ગયું અને કયાં લઇ ગયા ? તેની ખબર નથી. જેણે આજ સુધી કોઇ નિર્ણયો લીધા ન હતા. તેણીએ બધી જ જવાબદારી ઉપાડી લઇ, નોકરીમાં લાંબી રજા મૂકી ખડે પગે ઊભાં રહી, મારી સારવારનો તમામ પ્રબંધ કર્યો. પી.એન.આર.ની હૉસ્પિટલમાં જ મારો અંતિમશ્વાસ પૂરો થઇ જવાનો હતો ત્યારે જ તેણીએ હિંમત એકત્રિત કરી, સગા-સબંધી, મિત્રો અને વડીલોને તાત્કાલિક સારી હૉસ્પિટલમાં સારવાર આપવા નિર્દેશ આપ્યો. અનેક રિપોર્ટો પછી પણ દર્દ પકડાતું ન હતું. એક-એક રિપોર્ટ વિશે તે ડૉકટરો સાથે પરામર્શ કરે, મારી દીકરી નિષ્ઠા પણ તેની બાલ્યાવસ્થા હોવા છતાં આ સમયગાળા દરમિયાન ખૂબ મોટો રોલ ભજવતી હતી. સ્ટર્લિંગ હૉસ્પિટલનાં ડૉકટરોએ મારો શ્વાસ પાછો લાવી, કહી દીધુંઃ 'આ પ્રોબ્લેમ ન્યૂરોલોજિસ્ટનો છે તેથી તેની સાચી સારવાર ન્યુરોલોજિસ્ટ જ કરી શકે.' તેમણે ડૉ.ગુરુમુખાણી પાસે લઇ જવા સલાહ આપી. મને ત્યાંથી ખસેડવામાં આવ્યો. સીટીસ્કેન અને અન્ય જરૂરી રિપોર્ટ પછી ડૉ.ગુરુમુખાણીએ સાચું નિદાન મેળવ્યું. તેમના કહેવા મુજબ મગજમાં ટીબીની નાની ટયૂમર છે તે દવાથી ઓગળી જશે તેવી ચર્ચા મારી પત્ની નીલા, તેમના મોટાભાઇ સંદીપભાઇ, વિપુલ અને અમારા ભાણેજ કાનજી સાથે કરી હતી. બધાએ ડૉકટરની સલાહ મુજબ આગળ વધવા સહમતિ આપી. થોડા દિવસ પછી અમોને ઘેર આરામ કરવા રજા આપવામાં આવી. એક દિવસ રાત્રીના હું પથારીમાં ઊભો થયો. અચાનક ડાબો પગ અને ડાબો હાથ કામ નથી કરતા તેવું મને લાગ્યું, તેમ છતાં જેટલી શકિત હતી તે એકત્રિત કરી હું જેમ-તેમ પથારીમાં ઊભો થયો, ધડાક કરતા મોડીરાત્રીના નીચે પડયો. અવાજ સાંભળી નીલા અને નિષ્ઠા ઊંઘમાંથી જાગી સફાળાં દોડયાં. બંનેએ ભારે મહેનત પછી મને ઊંચકીને પથારીમાં સુવડાવ્યો. સવાર પડતાની સાથે મને ઊંચકીને રિક્ષામાં

બેસાડી દવાખાને લઇ જવામાં આવ્યો. ડૉ.ગુરુમુખાણીએ તપાસ કરી. મગજનાં ટ્યુમરનાં કારણે પેરાલિસીસનો એટેક આવ્યો છે તેવું કહી તાત્કાલિક અમદાવાદ જવું પડશે અને ડૉ.સુધીર શાહ પાસે સારવાર લેવા સલાહ આપી. શકય હોય તેટલા વહેલા અમદાવાદ પહોંચી જવા તેમણે જણાવ્યું. ડૉ.સુધીર શાહને તેમણે ફોન કરી દર્દીને ઇમરજન્સીમાં સારવાર આપવા અનુરોધ કર્યો, અમે ડૉ.ગુરુમુખાણીની હૉસ્પિટલથી માત્ર અઢી કલાકમાં ફોર વ્હીલ દ્વારા અમદાવાદ સ્ટર્લિંગ હૉસ્પિટલ પહોંચી ગયા. ડૉ.સુધીર શાહે ઇમરજન્સીમાં તપાસ કરી સારવાર શરૂ કરી. લગભગ ૪૫ મિનિટમાં હાથ-પગ હલતા થઇ ગયા. અમદાવાદ હોસ્પિટલમાં દવાની માત્રા ખૂબ આપવામાં આવતી હતી. અસંખ્ય ગોળીઓ, ઇન્જેકશન અને બાટલા સતત ચડતા રહેતા... હું સતત સારવારથી ખૂબ થાકી જતો... કંટાળી જતો... કોઇને હૉસ્પિટલમાં ખાસ સાથે રહેવાની છૂટ ન મળતી. તેમ છતાં નીલા પોતે અને એકાદ વ્યકિત ગમે તે રીતે સાથે રાખી મને અપાતી સારવારની દેખરેખ રાખતી હતી. નિષ્ઠાએ પણ થાકયા વગર બધી જ સારવારમાં ખડે પગે પોતાની ફરજ બજાવી. આજ સુધી જે સંવેદના પાછળ હું દોડી રહ્યો હતો, તે જ સંવેદના મારા ઘરમાં હતી, તેની ખબર મને હૉસ્પિટલની પથારીમાં પડી.

આપણે આપણા જીવનકાળ દરમિયાન અખાએ લખેલા છપ્પા મુજબ વર્તીએ છીએ

**‘આંધળો સસરો ને સરંગટ વહુ, એમ કથા સાંભળવા ચાલ્યા સહુ,**

**કહ્યું કશું ને સમજ્યાં કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.**

**ઊંડો કૂવો ને ફાટી બોક, શીખ્યું, સાંભળ્યું સર્વે ફોક.’**

સસરો આંધળો છે છતાં વહુ લાંબો ઘૂમટો તાણી સસરાનો હાથ પકડી કથા સાંભળવાના રસ્તે આગળ વધતાં રહે છે. સસરો આંધળો છે છતાં ઘૂમટો



તાણવાની શી જરૂર ? વળી, તેનો હાથ તો પકડવાનો જ છે પછી આવા રિવાજની શી જરૂર ? એ જ રીતે કથાકાર જે કહે છે એના કરતાં આપણે ઊલટું સમજીએ છીએ-જે કાજળ આંખમાં આંજવાની જરૂર છે તેને ગાલે ઘસીએ છીએ. કૂવો ઊંડો છે. તેમાંથી પાણી ખેંચવાની બોક-જે ચામડાની હોય છે તે-ફૂટલી છે, તો પાણી શી રીતે બાહર આવશે ? બોક કૂવામાંથી આવે ત્યાં સુધીમાં બોક ખાલી થઇ જાય છે, પરિણામે તરસ છિપાવવા પાણી પ્રાપ્ત થતું નથી. જીવનકાળ દરમિયાન આપણને જે મળે છે તેને સમજવામાં આપણે સમય ગુમાવીએ છીએ, પરિણામે પ્રાપ્ત વસ્તુઓનો આપણે લાભ પામી શકતા નથી. આજ સુધી જેમની શકિતઓને હું સમજી શકયો નહીં તે શકિતઓનો ટૂંકો પરિચય મારે આપવો રહ્યો... શાળાની પ્રજ્ઞાચક્ષુ દીકરીઓ શિક્ષણ પૂરું કર્યા પછી પોતાનું ઘર સંભાળી શકે તેવી તાલીમ આપવા સમર્થ છે. તેવી પાત્રવતી નીલાને તક નહિ આપી, જીવન ઉપયોગી તાલીમથી પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને આજ સુધી વંચિત રાખવામાં હું મારો દોષ સમજું છું. આ એક માત્ર મારું ઉદાહરણ છે. આવાં અનેક ક્ષેત્રે તેમની શકિતઓનો ઉપયોગ થઇ શકયો હોત. ગુજરાતીમાં ખૂબ સરસ કહેવત છે ‘જાગ્યા ત્યારથી સવાર’ મારી સવાર એક બીમાર પથારીમાં પડી. સામાન્ય રીતે દરેક વ્યકિતની સવાર પથારીમાં જ પડે છે, પણ મારી સવાર અનોખી સવાર છે. હું મૃત્યુના મુખમાંથી નથી ઊગર્યો, હું ખરેખર મારી જડ પ્રકૃતિમાંથી, મારી અસમજણ અને અજ્ઞાનતામાંથી બહાર આવ્યો છું. ૨૦૧૩ સુધી મેં જે કાર્ય કર્યું તે એક હોદ્દાના નશામાં પ્રાપ્ત થતી સત્તાના અધિકારનાં રૂપમાં કર્યું. પરંતુ બીમારીમાંથી બેઠા થયા પછી ઇશ્વરના પેગમ્બર બની કાર્ય કરવા ઇચ્છુ છું. ખાસ કરી અંધજનોનાં શિક્ષણ, રોજગાર, તાલીમ અને પુનઃસ્થાપનક્ષેત્રે અદ્વિતીય કાર્ય કરવાનો મનોરથ છે. વિકલાંગક્ષેત્રે કાર્યરત કર્મચારીઓનાં ઉત્થાન માટે સરકાર અને સમાજ દ્વારા સંયુકત રીતે-અનેક ક્ષેત્રમાં-પગલાં લેવાય, તેમનાં સુખ અને કલ્યાણ માટે માળખાકીય સવલતો પ્રસ્થાપિત બને તે દિશામાં કાર્ય

કરવા ઝંખું છું. સંસારસાગરમાં ડૂબકીઓ લગાવી સફળતાના મોતી શોધી કાઢવાની મનોકામના છે. નેરોગેજ ટ્રેઇનની મુસાફરીથી શરૂ કરેલ યાત્રા બ્રોડગેજ ટ્રેઇનમાં હૃદયની વિશાળતા સાથે ગુજારવા ઇચ્છું છું. આ એવી ટ્રેઇન હશે કે જયાં કોઇ પણ પ્રકારની સંકીર્ણતાને લેશ માત્ર પણ અવકાશ નહિ હોય. સામાન્ય રીતે આવી જ ટ્રેઇનની મુસાફરી સૌના માટે સંતોષકારક નીવડે તેમજ ગતિ અને પ્રગતિમય બને તેવું દિવ્ય સ્વપ્ન હું જોઉં છું.



૧૯

# વિશ્વ વિકલાંગ દિવસની ભવ્ય ઉજવણી

વિકલાંગોનાં શિક્ષણ, રોજગાર, તાલીમ અને પુનઃસ્થાપનના કાર્યને વેગ આપવા અનેક વિધ યોજનાઓ સફળ બનાવવા યત્કિંચિત પ્રયત્નો પછી પણ ધારી સફળતા નહિ મળવાને કારણે પેચીદા પ્રશ્નોને સરકાર સમક્ષ રજૂઆતના માધ્યમથી પ્રસ્તુત કર્યા. લેખિત અને મૌખિક રજૂઆત બાદ ગાંધી ચીંધ્યા માર્ગે ધરણા અને જન આંદોલનના અનેક શહેરોમાં કાર્યક્રમો આપ્યા. ન્યાય મેળવવા ગુજરાત નામદાર હાઇકોર્ટ સમક્ષ દાવો દાખલ કરવામાં આવ્યો. નામદાર હાઇકોર્ટના ચુકાદાના પગલે વંચિત દૃષ્ટિહીન ઉમેદવારોને તેમની યોગ્યતા મુજબ નોકરી પ્રાપ્ત થયા પછી પણ આ ક્ષેત્રમાં વધુ અસરકારક કાર્યમાં સમાજ અને સરકારનો સહયોગ પ્રાપ્ત થાય તેવા ઉદ્દેશથી રચનાત્મક આંદોલન છેડવા આયોજન ઘડયું. સૌ પ્રથમ ૧૧ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૨ થી પ્રારંભ થયેલ આંદોલનને વેગ આપવા વર્ષ ૨૦૧૪ ના ત્રીજી ડિસેમ્બરના રોજ વિશ્વ વિકલાંગ દિવસને આગવી રીતે ઉજવવા સંકલ્પ કર્યો. કાર્યક્રમનું શીર્ષક ‘‘ઓલવાયાં અંધારાં ને ચમકયા સિતારા’’ આપવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય અતિથિ રાજયના રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલી સાહેબને આમંત્રિત કરવામાં આવ્યા. નિમંત્રણનો સ્વીકાર કરી રાજયપાલશ્રી વિશ્વ વિકલાંગ દિવસની

ઉજવણીના કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા. તેમણે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ પ્રદર્શનના પ્રત્યેક ઝૉનની ઝીણવટપૂર્વક મુલાકાત લઇ સંવાદનો સેતુ પ્રસ્થાપિત કર્યો. એક કલાકથી પણ વધુ સમય આપી, ઊભા કરેલા પ્રત્યેક ઝોનની મુલાકાત લઇ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતઓને સમજવા અને જાણવા પ્રદર્શન નિહાળ્યું. કોઇ પણ રાજકીય ઓળખાણ કે દબાણ વિના સ્વયંભૂ રીતે રાજયપાલશ્રીએ એક લેખિત પત્રની વિનંતીને માન આપી. વિકલાંગોના આ વિશિષ્ટ કાર્યક્રમમાં હાજરી આપી તે પણ એક અદ્વિતીય ઘટના લેખી શકાય. આ કાર્યક્રમમાં શહેરના ઉદ્યોગપતિઓ, અધિકારીઓ, વેપારીઓ અને શિક્ષણકારોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. કાર્યક્રમમાં મહામહિમ રાજયપાલશ્રીએ સર્વેને સંબોધતાં કહ્યું.

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળામાં આવવાનું કેટલું મહત્ત્વપૂર્ણ હતું, તેનો મને ત્યાં સુધી ખ્યાલ નહોતો જયાં સુધી હું અહીં આવ્યો નહોતો. પરંતુ અહીં આવી મેં આ સંસ્થાની જે પ્રવૃત્તિઓ જોઇ, તે જોતાં લાગ્યું કે હું અહીં જો ન આવ્યો હોત તો જિંદગીની એક મૂલ્યવાન અનુભૂતિથી વંચિત રહી જાત!!!

અહીં થતી પ્રવૃત્તિઓને વિકલાંગોના પુનર્વસનની પ્રવૃત્તિ કહી શકાય, તેને સામાજિક ગતિવિધિ પણ કહી શકાય, પણ એવું કહેવાને બદલે હું તેને એક ધાર્મિક ગતિવિધિ કહેવાનું પસંદ કરીશ. તેનું કારણ છે કે આપણે ત્યાં ધર્મની પરિભાષા કરવામાં આવી છે કે જે સમાજને ધારણ કરે છે, જેના પર સમાજ ટકે છે, આધાર રાખે છે, સહારો લે છે - તે ધર્મ. જો ધર્મ ન હોય તો સમાજ અને સામાજિક કાર્યો ટકે નહીં. ધર્મનું કાર્ય સમાજને ધારણ કરવાનું છે.

અહીં મેં જે પ્રવૃત્તિઓ જોઇ તે બધી જ -હકીકતમાં તો સમાજને ટકાવવા માટે, સહારો આપવા માટે છે. માટે જ આ પ્રવૃત્તિઓને એક જ નામ આપવું હોય



તો તે, આ સંસ્થામાં ધાર્મિક પ્રવૃત્તિઓ થાય છે એમ હું કહું છું.

ધાર્મિક પ્રવૃત્તિઓ જુદી-જુદી રીતે થઇ શકે છે. કોઇ કીડિયારું પૂરે, તરસ્યાંને પાણી પાય, કોઇને પગ પર ઊભો રહેતા શીખવે, જોવામાં, શીખવામાં મદદ કરે, કોઇનામાં આત્મવિશ્વાસ જગાવે તો તે પણ ધર્મ છે. આ સંસ્થા આપણા સમાજનાં એ વિકલાંગ બાળકોનાં મનમાં આત્મવિશ્વાસ જગાવવાનું કામ કરે છે. આ કાર્ય એટલું મહાન છે કે તેની તુલના કરવી સંભવ નથી. એક શબ્દ છે તે સંવેદના.

સંવેદનાનો અર્થ છે અન્યની વેદના જોઇને પોતાને પણ તે વેદનાની અનુભૂતિ થવી. સમાજ અનેક લોકોથી બનેલો છે પણ તેને જોડવાનું જે કામ કરે છે તે સંવેદના છે. ફકત રેતી અને સિમેન્ટથી કોઇ ઇમારત બનતી નથી, તેમાં પાણીની જરૂર પડે છે, તેવી જ રીતે ઉત્તમ સમાજ રચના માટે સંવેદનાની જરૂર પડે છે. આ સંવેદના જગાવવી એ બહુ જ અઘરું કામ છે. ગમે તેટલી માળા જપીએ, મંદિર જઇએ, તિલક કરીએ, પણ આપણે વૈષ્ણવજન ત્યાં સુધી ન બની શકીએ જયાં સુધી નરસિંહ મહેતાની સંવેદનાની પરિભાષા ન જાણીએ.

''વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે...'' જયાં સુધી પરપીડાથી જોડાઇએ નહીં ત્યાં સુધી સાચા વૈષ્ણવજન બની ન શકીએ. અન્યની પીડા જોઇ દ્રવી ઊઠે તે જ સાચો માનવી. સંવેદના વિના તંદુરસ્ત સમાજનું નિર્માણ થતું નથી. સંવેદના વિનાનો સમાજ પણ નિરર્થક છે. સંવેદના મનમાં જાગે તેના માટે ઇશ્વરની કૃપા જોઇએ.

ઇ.સ.૧૯૨૮માં ભાવનગરનાં પ્રજાવત્સલ મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ મુંબઇમાં એક સમારંભ દરમિયાન ઘટના જોઇ અને તેમના મનમાં સંવેદના જાગી. તેના પરિણામ સ્વરૂપે ઇ.સ.૧૯૩૨માં આ સંસ્થાનો જન્મ થયો. આ સંસ્થામાં ઘણી બધી પ્રવૃત્તિઓ થાય છે, જેને આગળ મેં

'ધાર્મિકપ્રવૃત્તિ' કહી છે. ધર્મની ઘણી બધી વ્યાખ્યા આપી શકાય પણ સરળતાથી કહેવું હોય તો પરોપકાર તે જ ધર્મ. આ સંસ્થા આ ધર્મનું ઉત્તમ રીતે પાલન કરી રહી છે. દરિદ્રનારાયણની સેવા એ જ શ્રેષ્ઠ સેવા અને શ્રેષ્ઠ કાર્ય છે. માટે જ કોઈ વ્રત લેવું હોય તો દરિદ્રનારાયણની સેવાનું લેવું. તેનાથી ઉત્તમ કોઈ પુણ્ય નથી.

૧૯૪૭માં આપણે રાજકીય આઝાદી મેળવી પણ હજુ તેને આર્થિક અને સામાજિક આઝાદીમાં ફેરવવાનું બાકી છે. દેશનું પુનઃનિર્માણ થઈ રહ્યું છે. તેમાં જુદી-જુદી પ્રતિભાઓની જરૂર છે. આ બહુઉદ્દેશીય વિકાસ માટે સમાજનાં તમામ લોકોનાં સહકારની જરૂર છે. જેમાં વિકલાંગોને કઈ રીતે સમાજમાં પુનઃસ્થાપિત કરી શકાય તેની પદ્ધતિઓ - રીતો શોધવાની જરૂર છે. તેમાં ટૅકનોલોજીના ઉપયોગની જરૂર છે. આ એક ક્ષેત્ર છે જેમાં ઘણું બધું કામ થઈ શકે છે તેમાં સંશોધનનું પ્રમાણ વધારવાની જરૂર છે.

અંતમાં, એટલું કહીશ કે સંસ્થાનાં સંચાલકો અને કાર્યકરો જે ઉત્તમ કાર્ય કરી રહ્યા છે, તેમને યોગ્ય લાગે તે સમયે આ બાળકોને ગાંધીનગર રાજભવનમાં લાવે. ત્યાં અમે આ બાળકોનો સત્કાર કરવા ઈચ્છીએ છીએ અને સંસ્થાના સંચાલકો અને કાર્યકરોનું અભિવાદન કરવા પણ ઈચ્છીએ છીએ. આવું કરીને કદાચ રાજભવન પણ ધાર્મિક ગતિવિધિઓ સાથે જોડાય જશે.

સૌને અભિનંદન પાઠવી મહામહિમ રાજયપાલશ્રીએ પોતાનું પ્રવચન પૂર્ણ કર્યું. પોતાના પ્રવચનમાં તેમણે સમગ્ર શાળાના વિદ્યાર્થીઓને રાજભવનમાં પધારવા નિમંત્રણ પાઠવી પોતાની સંવેદનાનાં દર્શન કરાવ્યાં હતાં. એટલું જ નહીં આ પ્રસંગે યોજાયેલ ''દિવ્ય દૃષ્ટિના કલાસાગરમાં ડૂબકી'' સાંસ્કૃતિક કાર્યક્રમની કૃતિઓ નિહાળી ધન્યતાની લાગણી અનુભવી હતી. સંસ્થા માટે આ એક સીમાચિહ્ન રૂપ સિદ્ધિ હતી, આ કાર્યક્રમનો હેતુ દરેક



સ્તરે કાર્યરત અધિકારીઓ, શાળા કૉલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો પ્રાધ્યાપકો વગેરેના વૈચારિક પરિવર્તન અને સંવેદના જગાડવાનો હતો. જેને ખૂબ સફળતા મળી. મહામહિમ રાજયપાલે પોતાના વકતવ્યમાં પાઠવેલ નિમંત્રણ મુજબ શાળાના વિદ્યાર્થીઓ, કર્મચારીગણ સહિત રાજભવનની મુલાકાત અમોએ તા.૦૯-૦૭-૨૦૧૫ના રોજ લીધી. જે પણ ઈતિહાસના પાને સુવર્ણ અક્ષરે લખાય તેવી એક ઘટના હતી. કોઈ પ્રજ્ઞાચક્ષુ શાળાના વિદ્યાર્થીઓ, કર્મચારીઓને રાજભવનની મુલાકાતનું નિમંત્રણ સામેથી મળ્યું હોય તેવી રાજયની આ પ્રથમ ઘટના હતી. આ મુલાકાતમાં ૧૧૯ વિદ્યાર્થીઓ, ૨૬ કર્મચારીઓ અને ૦૬ ટ્રસ્ટીશ્રીઓ જોડાયા હતા. એટલું જ નહિ પ્રત્યેક વિદ્યાર્થીઓને રાજભવન તરફથી શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી સંસ્થાના કાર્યકરને રાજભવન દ્વારા સત્કારવામાં પણ આવ્યા હતા. હું રાજયના શિખરે બિરાજમાન એવા રાજભવનના મોભી શ્રી ઓમ પ્રકાશ કોહલીને તેમની આ સંવેદના માટે વંદન કરું છું.

૧૭

# કેવી હશે મારી શાળા ? ચાલો, કરીએ ખોજ...

તા.૨૭-૦૬-૨૦૧૫ના રોજ સંસ્થા વિકાસ માટે આપેલ વાર્તાલાપનું શબ્દ ચિત્ર 'કેવી હશે મારી શાળા? ચાલો, કરીએ ખોજ'. આ વિષય અંતર્ગત તમારી સામે શાળા કેવી હોવી જોઇએ તેનું એક ચિત્ર ઉપસ્થિત કરવું છે. એ પહેલાં શાળા અથવા સંસ્થા કેવી રીતે અસ્તિત્વમાં આવે તે વિશે થોડી ચર્ચા કરીશ.

સામાન્ય રીતે જ્યારે કોઇ પણ સામાજિક જરૂરિયાત ઊભી થાય ત્યારે તેને પહોંચી વળવા સંગઠન બને છે અને તેમાંથી સંસ્થાનો ઉદ્‌ભવ થાય. સંસ્થામાં બે તત્ત્વો હોય છે. માનવીય તત્ત્વ અને ભૌતિક તત્ત્વ. માનવીય તત્ત્વમાં વિદ્યાર્થીઓ, કાર્યકરો ટ્રસ્ટીશ્રીઓ, સામાજિકકાર્યકરો આગેવાનો અને સરકાર આવે, જ્યારે ભૌતિક તત્ત્વમાં જમીન, મકાન ...ફર્નિચર અને અન્ય સાધનો આવે આ માનવીય અને ભૌતિકતત્ત્વનું સંમિશ્રણ એટલે સંસ્થા. આ સંસ્થાને જીવંત રાખવાનું કાર્ય માનવીય તત્ત્વો કરે છે.

આપણે જ્યારે ભવિષ્યદર્શન કરવાનું છે ત્યારે થોડો ઇતિહાસ અને વર્તમાન સ્થિતિની પણ વાત કરીએ. ઇતિહાસ એટલા માટે કે આ સંસ્થા જે ઉદ્દેશથી શરૂ થઇ તેને જીવંત રાખવાનો છે.

આપણી આ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળાની સ્થાપના ૦૬ જાન્યુઆરી ૧૯૩૨ ના રોજ થઇ. ભાવનગર રાજ્યના નેક નામદાર મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીને મુંબઇની વિકટોરિયા મેમોરિયલ સ્કૂલમાં પારિતોષિક વિતરણ સમારોહમાં જવાનું થયું. આ સમારોહ દરમિયાન તેમનો એક વિદ્યાર્થી સાથે સંવાદ થયો અને તેમના મનમાં વિચાર ઉદ્‌ભવ્યો કે મારા રાજયમાં પણ એક આવી સંસ્થા હોવી જોઇએ તેમણે એ વિદ્યાર્થીને આમંત્રણ આપ્યું કેઃ ‘ તું ભાવનગર આવ ત્યારે રાજમાં આવજે. આ સંસ્થા જેમ મુંબઇમાં કામ કરે છે તેવી જ રીતે આપણે ભાવનગરમાં પણ આવી સંસ્થા શરૂ કરવી છે.’ જયારે એ વિદ્યાર્થી એટલે કે નટુ દોલત ઓઝા (જે આજે એન.ડી.નેતરવાળા તરીકે ઓળખાય છે) ભાવનગર આવ્યો ત્યારે મહારાજાને મળીને સંસ્થા વિશેનો ખ્યાલ આપ્યો. આવી સંસ્થા જો આપણા રાજયમાં હોય તો અંધવ્યકિતઓ શિક્ષણ મેળવી પગભર થઇ શકે અને તેમણે બીજાના આધારે જીવન ન જીવવું પડે તેવો વિચાર આપ્યો. મહારાજાસાહેબ આ વિચારથી ખૂબ જ પ્રભાવિત થયા અને આ દિશામાં પ્રયાસો આરંભાયા. તેમણે રાજયમાંથી શ્રેષ્ઠીઓને બોલાવી આ વિચાર મૂકયો. તેમાં મનહરદાસ છગનદાસ શાહ અને વિઠ્ઠલદાસ છગનદાસ શાહ (લોઢાવાળા પરિવાર) નામના બે ભાઇઓ હતા. તેમણે આ સંસ્થા માટે પોતાનો બંગલો વગર ભાડાથી આપ્યો. તેમાં આ સંસ્થાની શરૂઆત થઇ અને વિકાસની પ્રક્રિયા આરંભાણી.

વર્તમાન સ્થિતિની વાત કરીએ તો આજે શિક્ષણમાં ખૂબ જ ભાર છે. કેટલાક વિદ્યાર્થીઓ આ ભાર સહન ન કરી શકતા પોતાનો જીવનદીપ બુઝાવી નાખે છે. ત્યારે આપણી સંસ્થામાં ધો.૧૦ એસ.એસ.સી.નું બોર્ડનું પરિણામ છેલ્લાં સત્તર વર્ષથી ૧૦૦% આવે છે અને ધો.૧૨ એચ.એસ.સી. બોર્ડનું પરિણામ હાયર સેકન્ડરીની શરૂઆત થઇ ત્યારથી ૧૦૦% આવે છે. આ સિવાય સહઅભ્યાસક પ્રવૃત્તિઓમાં પણ સિદ્ધિનાં અનેક શિખરો આપણે સર કર્યા છે.



આ જબરજસ્ત સિદ્ધિઓ પાછળ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સખત મહેનત છે. તે માટે સૌને મારાં ખૂબ-ખૂબ અભિનંદન છે. પણ તેનાથી સંતોષ માનવાનો નથી કારણ કે સંતોષ એ પૂર્ણવિરામ છે. તેથી અભિનંદન સાથે મારો અનુરોધ છે કે આનાથી પણ વિશેષ ધ્યેયો નકકી કરી તેને પૂર્ણ કરવા કમર કસીએ.

આપણા દેશમાં સામાન્ય શિક્ષણ આપતી સેંકડો સંસ્થાઓ છે, પણ એમાંની મોટાભાગની સંસ્થાઓ માત્ર માહિતી જ આપે છે. ખરા અર્થમાં વ્યકિતત્વનો વિકાસ થાય તેવું શિક્ષણ આપતી સંસ્થાઓ બહુ જ ઓછી છે. આપણે વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિકશકિતઓનો વિકાસ થાય તેવું શિક્ષણ આપવાનું છે. કોઇનું વ્યકિતત્વ બહુ સારું છે તો તેની કોપી કરવાની જરૂર નથી. ક્ષણિક લાભો પાછળ દોડવાને બદલે સુષુપ્તશકિતઓના વિકાસ માટે ધ્યાન આપવાનું છે. તે માટે આંતરિક શકિતનો વિકાસ થાય અને તે દ્વારા હું મારી સંસ્થાને, મારા દેશને શું નવું આપી શકું ? એ વિચારવાનું છે. ભલે દ્રષ્ટિની મર્યાદા હોય, પણ તે આપણને બાધક ન બનવી જોઇએ. એ કયારે બાધક ન બને ? જો આપણામાં આત્મવિશ્વાસ હોય તો આ મર્યાદા બાધક ન બની શકે. આ માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ જાગૃત થવાની જરૂર છે.

૨૧મી સદી ઇન્ફર્મેશન ટૅક્નોલોજી - આઇ.ટી. ની સદી છે. કમ્પ્યૂટરનો ઉપયોગ વધી રહ્યો છે. કમ્પ્યૂટરના ઉપયોગમાં દ્રષ્ટિની કોઇ મર્યાદા નડતી નથી. પ્રત્યેક પ્રજ્ઞાચક્ષુ કમ્પ્યૂટર પર દરેક કાર્ય કરી શકે છે. એ માટે માત્ર જોજ સોફટવેરનો ઉપયોગ કરવાનો છે. આ સૉફટવેર જેવા બીજા અનેક સૉફટવેરો છે અને નવા-નવા આવી પણ રહ્યા છે. જેના દ્વારા આપણે અનેક કામો કરી શકીએ. હવે એવા સંજોગો આકાર લઇ રહ્યા છે કે અંધ વિદ્યાર્થીને પરીક્ષા માટે રાઇટરની જોગવાઇ રદ થશે અને તેના બદલે તેમણે કમ્પ્યૂટરનાં ઉપયોગ દ્વારા જાતે જ પેપરો લખવાં પડશે. આ માટે ટૅક્નોલૉજીનો ઉપયોગ કરતાં શીખવું પડશે. તે થકી સક્ષમ બની આપણે એક નોર્મલ વ્યકિતની સાથે

સ્પર્ધામાં ઊભું રહેવાનું છે અને જીતવાનું પણ છે. વિશ્વમાં નવું-નવું જ્ઞાન મેળવવા ટૅક્નોલોજી પાંગરતી જ રહે છે, એનાથી આપણે સૌએ અવગત થવાનું છે; અપડેટ થવાનું છે અને આ કાર્ય અવિરત કરવાનું છે.

આ નવી ટૅકેનોલૉજી આપણે આપણી સંસ્થામાં લાવવી પડશે. તે મોંઘી પણ છે. આ માટે આપણે સૌએ નવા-નવા પ્રોગામો કરવા પડશે, આયોજનપૂવર્ક આગળ વધી દાતાઓ સુધી પહોંચવાનું છે, તો જ આ નવી ટૅકેનોલૉજી આપણે શાળામાં વસાવી શકીશું. આપણે સૌ જાણીએ છીએ કે આ સૉફટવેરનો ઉપયોગ કરવા અંગ્રેજી ભાષા જાણવી - સમજવી ખૂબ જ જરૂરી છે. કારણ કે પ્રાદેશિકભાષાઓમાં આવા સૉફટવેરો બહુ તૈયાર થતા નથી, માટે વિદ્યાર્થીઓ અને કાર્યકરો અંગ્રેજીભાષાને જાણે-સમજે તે માટે મહેનત કરે, તે બહુ જરૂરી છે. નવી ટૅકનોલૉજીને આપણી જરૂર પ્રમાણે આપણા ઢાંચામાં ઢાળવાની છે.

પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે સંગીત એક ખૂબ જ અગત્યનો વિષય છે. સંગીતમાં અનેક વાદ્યો છે. તે દરેકની પોત-પોતાની વિશિષ્ટતા છે. દરેકનાં અવાજ અને શકિત જુદાં છે. જેવું વાદ્યોમાં છે, તેવું જ વિદ્યાર્થીઓમાં પણ છે. દરેક વિદ્યાર્થીઓમાં પણ ભિન્ન-ભિન્ન શકિતઓ હોય છે. દરેક વાદ્યોની આ વાત આપણે જો બરાબર સમજી શકીશું, હૃદયમાં ઉતારી શકીશું તો આવતા દિવસોમાં સમાજની પ્રત્યેક વ્યકિતને આપણે સમજી શકીશું અને તેમની માંગ પ્રમાણે આપણે આપણી જાતને ઢાળી શકીશું.

વાયોલિનવાદનમાં શ્રી નાનજીભાઇ મિસ્ત્રીનું પ્રદાન ખૂબ જ મોટું છે. તેમણે વર્ષો સુધી આકાશવાણી રાજકોટ કેન્દ્રમાં પોતાની સેવાઓ આપી અને દેશમાં વાયોલિનવાદન ક્ષેત્રમાં નામના મેળવી. તેવી જ રીતે તબલાવાદનમાં નરેન્દ્રભાઇ મહેતાનું પણ આવું જ પ્રભુત્વ! આ બન્ને વાદકો આપણી અંધશાળાનાં વિદ્યાર્થીઓ. તેમણે સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. અહીં ભણતા



વિદ્યાર્થીઓની ધ્યેય નિષ્ઠા પણ એવી હોવી જોઇએ કે અમારામાં પડેલી શકિતઓ વિકસાવી આ સંસ્થાનું ગૌરવ વધારવું છે. કર્મચારીગણે આવી ટેલેન્ટ ધરાવતા વિદ્યાર્થીઓને શોધી કાઢવાના છે. તેમને પ્લેટફોર્મ પૂરું પાડવાનું છે. આ માટે કર્મચારીઓએ સદાય ભકત કવિશ્રી નરસિંહ મહેતાનાં પ્રસિદ્ધભજન વૈષ્ણવજનની પંકિતનો એક ભાગ ‘સમદષ્ટિ ને તૃષ્ણાત્યાગી’ પોતાના હૃદયમાં રાખવાનો છે પૂર્વગ્રહો ત્યજી કોઇપણ પ્રકારની અંગત તૃષ્ણાઓ ત્યાગીને આ કામ કરવાનું છે. તો આ સંસ્થા એવા હજારો વિદ્યાર્થીઓ આપી શકશે, જે દેશ અને સંસ્થા માટે ગૌરવરૂપ બની શકે. શિક્ષકનું ધ્યેય વિદ્યાર્થીને ગૌરવપૂર્વક જીવન જીવી શકે, સમાજને - પરિવારને કંઇક આપી શકે. સમાજની-પરિવારની એક જૂની માન્યતા કે ‘અંધ વ્યકિત શું કરી શકે !’ તેને તોડી શકે તેવું કરી બતાવવાનું છે. હવે થોડું વાતાવરણ પણ બદલાય રહયું છે. વાલી હવે વિદ્યાર્થીઓમાં વધુ રસ દાખવતા થયા છે. મારો અનુરોધ છે કે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ માત્ર કંઇક મેળવવાની જ અપેક્ષા નથી રાખવાની પણ વૈષ્ણવજન પદ ‘વણલોભી ને કપટ રહિત છે’ તેવું જીવન બનાવવાનું છે. આ બધી બાબતો સાકાર થશે ત્યારે આ સંસ્થાને આગળ વધતા કોઇ જ અટકાવી નહીં શકે.

આ બધા પ્રત્યનોને સફળ બનાવવા એક મોટી ટીમની જરૂર પડે. તેમાં સંચાલકો, કાર્યકરો, દાતાશ્રીઓ તથા શુભેચ્છકો હોય. સંચાલકો એ સંસ્થાના માલિકો નથી સંસ્થાના રખેવાળ છે. તેમણે દીર્ઘદષ્ટિથી સંસ્થાનું સંચાલન કરી માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવવાની છે. તેમણે દરેક પ્રત્યે સમદષ્ટિ રાખી ધ્યેય પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. ઉપરાંત સંચાલનમાં ઉપયોગી થાય તેવાં વ્યકિતઓ અને શુભેચ્છકોને શોધવાનાં છે. તેમને આ કાર્યમાં જોડવાના છે કારણ કે જો આમ ન થાય તો સંસ્થા પોતાનું અસ્તિત્વ ગુમાવી શકે. આજે એવા અનેક દાખલાઓ સમાજમાં જોવા પણ મળે છે. માટે

સંચાલન માટેની નવી ટીમ પણ ઊભી કરતાં જવી જોઇએ. આ ટીમ ગુણવાન, નિષ્પક્ષ, અંગત અપેક્ષા રહિત, સ્વાર્થ રહિત હોય. નવી ટીમની માત્ર બીજી હરોળ જ નહીં ત્રીજી, ચોથી, પાંચમી હરોળ હોવી જોઇએ. જેથી વર્ષો સુધી એક જ ગતિમાં, એક જ ક્ષમતા સાથે સંસ્થા આગળ વધતી રહે. વિકાસ કરતી રહે. પ્રગતિ કરતી રહે અને અમર બની શકે.

સંસ્થાના વિકાસ માટે બાહ્ય મદદની ખૂબ જરૂર પડે છે પણ તેની સાથે આંતરિક તાકાત પણ ઊભી કરવાની જરૂર છે. ગાંધીજીના મતે શાળા 'સ્વાવલંબી' હોવી જોઇએ એટલે કે શાળા પોતાનો ખર્ચ જાતે ઉપાડી શકે તેવું આયોજન થવું જોઇએ. અહીં ભણેલા અને પોતાના જીવનમાં બરાબર સ્થાયી થયેલા પગભર લોકો સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરતા રહે તો સંસ્થા અવિરત પ્રગતિ કરતી રહે, તેમની ગતિ ક્યારેય મંદ ન પડી શકે. બાહ્ય તાકાત કરતા આંતરિક તાકાત અગત્યની છે. આ સંસ્થા પ્રત્યે ઋણ અદા કરવાનો ભાવ બધામાં ઊભો થશે ત્યારે મારો સંકલ્પ પૂર્ણ થશે. મારો સંકલ્પ શું છે ? તે થોડી પંક્તિ દ્વારા જણાવીશ.

સુંદર મજાની શાળા મારી,
સોહામણી દેખાય છે.
વિદ્યા શી વર્ષા વડે,
અહીં સૌ કોઇ ભીંજાય છે. સુંદર મજાની...
અહીં પાંગરે પારિજાતનાં પુષ્પો,
ચોમેર મહેકાય છે.
અહીં એક નહિ અનેક માળી,
નિત પાણી પાય છે. સુંદર મજાની...

આ સંકલ્પ પૂર્ણ કરવા માટે અનેક માળીઓ એટલે કે અનેક વ્યક્તિઓ પછી તે દેશનાં હોય કે પરદેશનાં, પ્રત્યેક પોતાનું યોગદાન આપે છે.



આધુનિક યુગમાં સંસ્થાને ટકાવવા માટે પ્રત્યેક વ્યક્તિએ પોતાની ક્ષમતા પ્રમાણે સહયોગ આપવાનો છે.

આદર્શ શાળા - સુંદરશાળા માત્ર વાતો કરવાથી નહિ પણ કાર્ય કરવાથી બને છે. સુંદરશાળાનાં ગીતો ગમે તેટલાં ગાઇએ પણ જ્યાં સુધી સૌ પોતાની શક્તિ પ્રમાણેનું કાર્ય કરે નહિ તો શાળા ક્યારેય સુંદર અને સુઘડ બની શકે નહિ. માટે દરેકે પોતાની શક્તિ પ્રમાણેનું યોગદાન આપવાનું છે. શાળા એ માત્ર બિલ્ડિંગ નથી પણ શાળા એ સજીવ છે - જીવંત છે. તે ચાલે છે, ગૌરવ અનુભવે છે, રડે પણ છે. તેને જીવંત બનાવવાનું કામ શાળા પરિવાર કરે છે. શાળા પરિવારે સંસ્થા સતત ગૌરવ અનુભવે તે માટે શક્તિ પ્રમાણે યોગદાન આપવાનું છે. આ વાત ભુલાય નહીં તે માટે દેશના રક્ષણ માટે તૈનાત સૈનિકો કે જે અનેક હાડમારીઓ વેઠી દેશનું રક્ષણ કરે છે તેનું ઉદાહરણ ધ્યાનમાં રાખવાનું છે.

આજનાં આધુનિકયુગમાં ઇન્ટરનેટની સેવાઓ વિસ્તરી રહી છે. એ થકી આજે અનેક સેવાઓ ઘેર બેઠા ઉપલબ્ધ બની રહી છે. આ ક્ષેત્ર હજુ પણ વધુને વધુ વિસ્તરતું જાય છે. રોજગારીની અનેક તકો આ ક્ષેત્રમાં ઊભી થઇ રહી છે. વિશ્વભરમાં ખાનગીકરણનું મોજું ફેલાઇ ગયું છે અને ખાનગીક્ષેત્ર વિસ્તરી રહ્યું છે. આ ક્ષેત્રમાં રોજગારી મેળવવા - પગભર થવાની અનેક તકો ઊભી થઇ છે. આ પ્રકારની રોજગારી મેળવવા માત્ર ડિગ્રીઓ કામ આવતી નથી. તેના માટે કોઇ એક ક્ષેત્રમાં પારંગત બનવાની જરૂર છે, કૌશલ્યવાન બનવાની જરૂર છે. વિદ્યાર્થીઓએ પોતાનામાં અનેક ગુણો ખીલવવાની સાથે કોઇ એક ક્ષેત્રમાં પારંગતતા હાંસલ કરવી પડશે. દેશ અને દુનિયા સાથે કદમ મિલાવવા સક્ષમ બનવું પડશે. તેના માટે સંસ્થામાં એવા પ્રોજેકટો, અભ્યાસક્રમો અને હાલની જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેનાં તાલીમ સેન્ટર ઊભાં કરવાં પડશે. જેથી આ સંસ્થામાંથી બહાર પડતો પ્રત્યેક વિદ્યાર્થી સ્વમાનભેર સમાજમાં ઊભો

રહી શકે અને સંસ્થાનું નામ રોશન કરી શકે. સંસ્થાનું નામ ઉજજવળ થશે તો વિદ્યાર્થીનું ગૌરવ થશે અને વિદ્યાર્થીની શોભા વધશે તો સંસ્થાની પણ શોભા વધશે આ ભૂમિકા પરસ્પર પૂરક છે.

સંસ્થાનાં સંચાલકો અને કાર્યકરોને અપીલ છે કે વિદ્યાર્થીઓને વધુને વધુ અનુભવો પ્રાપ્ત થાય તેવા કાર્યક્રમો ગોઠવે, એવા લોકોને આમંત્રિત કરવામાં આવે, એવા સ્થળોએ લઇ જવામાં આવે, જયાંથી તેમને વધુને વધુ અનુભવો મળે કારણ કે અનુભવોથી જ શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થાય છે. કૂપમંડૂકતામાંથી બહાર લાવવાનો આ જ શ્રેષ્ઠ રસ્તો છે. વિદ્યાર્થીઓ પણ પોતાનામાં રહેલી આંતરિક શકિતઓ - માનસિક શકિતઓને જગાવે. જે પ્રાપ્ત કરવું હોય, મેળવવું હોય તેનું મનોચિત્રણ કરે. આ ચિત્રણ જે પ્રાપ્ત કરવું હોય તેનું આબેહૂબ હોવું જોઇએ. ચિત્રણ પછી તેને દરરોજ વાગોળવું એટલે કે જોવું. આનાથી આપોઆપ એવા સંજોગો ઊભા થતા જશે જે તમને ઘ્યેયસિદ્ધિની દિશામાં લઇ જશે. પ્રબળ સંકલ્પ સિદ્ધિ અપાવે છે, પણ તેમાં શંકા-કુશંકાને કયાંય સ્થાન ન હોવું જોઇએ. મારા જાત અનુભવથી કહુ છું કે, ‘આમાં સફળતાની ટકાવારી સો એ સો ટકા છે. મારાં અનેક સ્વપ્ન આ રીતે સિદ્ધ થયાં છે. તમામ સ્વપ્નો પણ આ રીતે પૂરા થાય, એ જ અભ્યર્થના’.



૧૮

# દિવ્યાંગ

વિશાળ માનવ સમુદાય વચ્ચે કોઇ શારીરિક કે માનસિક અક્ષમતાના કારણે કોઇ પણ વ્યકિતને તેની મર્યાદાઓના કારણે વિવશ કે અન્ય પર આધારિત જીવન જીવવા મજબૂર બનવું પડે તે સમગ્ર માનવ સમાજ માટે ચિંતા ને ચિંતનનો વિષય બને છે. આઝાદી પૂર્વથી વિકલાંગ માટે અનેક કલ્યાણકીય પ્રવૃત્તિઓ થતી આવી છે. પરંતુ આવા વર્ગના લોકો માટે આ તમામ પ્રવૃત્તિઓ કલ્યાણની ભાવનાઓથી વિશેષ આગળ વધી શકી નથી. વિકલાંગોને અપાતું શિક્ષણ તેના અધિકારની પ્રવૃત્તિ કરતાં તેના પ્રત્યેના અહોભાવની પ્રવૃત્તિ હોવાનું ઇતિહાસમાં વિશેષ નજરે પડે છે.

સર્વ પ્રથમ યુનાઇટેડ નેશન દ્વારા ૧૯૮૧નું આખું વર્ષ વિકલાંગ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. જેના પરિણામે વિકલાંગો પ્રત્યે સમાજ અને દુનિયાના તમામ દેશોમાં જાગૃતિ આવી. અનેક વિશ્વ પરિષદોમાં વિકલાંગોનાં શિક્ષણ, રોજગાર અને પુનઃસ્થાપન માટે પરામર્શ યોજાઇ. તજ્જ્ઞો દ્વારા વિવિધ વિષય પર તલસ્પર્શીય અભ્યાસ સાથે અનેક પેપર પ્રસ્તુત થયાં. વિશ્વના દેશો વિકલાંગ બાળકોને પણ તમામ અસરકારક સેવાઓનો સમયસર લાભ મળે તે

દિશામાં પગલાંઓ લેવા એકમત થયા.

આપણા ભારતમાં ૧૯૮૬માં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ તૈયાર કરવામાં આવી. જેમાં સર્વ પ્રથમ વિકલાંગોને અપાતા શિક્ષણને તેના અધિકારનાં સ્વરૂપમાં સ્વીકારી શિક્ષણનો દરજજો આપવામાં આવ્યો. આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ચેપ્ટર-૬ વિકલાંગોના શિક્ષણ માટે લખવામાં આવ્યું. જેમાં વિકલાંગો માટેની ખાસ શાળાઓ, સંકલિત શિક્ષણ, સંમિલિત શિક્ષણ, વિકલાંગો માટેનાં શૈક્ષણિક સાધનો અને પદ્ધતિઓનું સંશોધન જેવા અનેક મુદ્દાઓનો સમાવેશ થયેલો જોવા મળે છે. ભારતમાં ૮૦નાં દાયકા બાદ વિકલાંગોનાં પુનઃસ્થાપનની સેવાઓને વેગ મળે તેવા અનેક પ્રયાસો થયા. ૧૯૮૭માં સર્વ પ્રથમ 'મેન્ટલ હેલ્થ એકટ' ઘડવામાં આવ્યો. ભારતની પાર્લામેન્ટે આ બીલને સંમતિ આપી. વિકલાંગ વ્યકિતઓના ઉત્થાન માટેની તેમની પ્રતિબદ્ધતા પુરવાર કરી. ૧૯૮૭માં જ સમગ્ર વિકલાંગ જગતને તમામ અસરકારક સેવાઓનો લાભ ઉપલબ્ધ બને તેવા ઉદ્દેશથી અનેક તજજ્ઞ મિત્રોની મદદથી એક વિકલાંગધારાના વિધેયક માટે મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. કેન્દ્રીય મંત્રી મંડળ અને પાર્લામેન્ટ વચ્ચે આ તૈયાર થયેલ મુસદ્દાને અનેક સંઘર્ષોનો સામનો કરવો પડયો. આખરે આ મુસદ્દાને પાર્લામેન્ટની અલમારીમાં સ્થાન મળ્યું. સમય પાણીના વહેતા પ્રવાહની માફક ચાલવા લાગ્યો. દરમિયાન ૧૯૯૨માં વિકલાંગ બાળકોને ગુણવત્તાયુકત અને અસરકારક શિક્ષણની સેવાઓ દેશભરમાં ઉપલબ્ધ બને તેવા ઉમદા હેતુસર રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયાની રચના આર.સી.આઇ. એકટ દ્વારા કરવામાં આવી. આ ભારતીય પુનર્વસન સંસ્થા દ્વારા વિકલાંગ બાળકો ઉપરાંત તેમને તાલીમ આપતા શિક્ષકો માટે અનેક તાલીમી અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવ્યા. વર્ષોથી કાર્યરત શિક્ષકો માટે સેતુ અભ્યાસક્રમ ઘડી કાઢી તેમને પણ સેવારત



તાલીમી અભ્યાસ દ્વારા સુસજ્જ કરવા મહત્ત્વનું પગલું ભર્યું. બાદ વિકલાંગ બાળકોનાં કૌશલ્ય વિકાસ અને શૈક્ષણિક અભિવ્યકિતમાં અનેક સારાં પરિણામો મળવાની શરૂઆત થઇ.

૧૯૮૭ માં તૈયાર કરાયેલ અને પાર્લામેન્ટની અલમારીમાં વર્ષોથી ધૂળનો સામનો કરનાર મુસદ્દાને એક વૈધાનિક સ્વરૂપ મળવાની સંભાવનાઓ પ્રજ્જવલિત બની ૨૨, ડિસેમ્બર, ૧૯૯૫નાં રોજ પાર્લામેન્ટમાં ઘણા સમયથી જેની રાહ જોવામાં આવતી હતી તે બિલ પ્રસ્તુત કરવામાં આવ્યું, આ બિલ એટલે 'પર્સન વીથ ડિસેબિલિટી એકટ-૧૯૯૫' (વિકલાંગ ધારો-૧૯૯૫). આ કાયદામાં કુલ ૧૪ ચેપ્ટરની ૭૪ કલમોમાં વિકલાંગોના અધિકાર વિષે વિસ્તૃત પ્રકાશ પાડવામાં આવ્યો છે. જેમાં સાત પ્રકારની ક્ષતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. (૧) સંપૂર્ણ અંધ (૨) અલ્પ દૃષ્ટિ (૩) મટી ગયેલ રકતપિત્તવાળી વ્યકિત (૪) શ્રવણ ખામી (૫) હાડકાની ખોડખાપણ કે હલન-ચલનની વિકલાંગતા (૬) માનસિક પછાત અને (૭) માનસિક બીમારી.

ઉપરોકત પૈકી કોઇપણ ક્ષતિ ધરાવતા ક્ષતિગ્રસ્તને વિકલાંગતાની વ્યાખ્યામાં કાનૂની રીતે મૂકવામાં આવેલ છે. આ કાયદાના ચેપ્ટર-૧ માં વિકલાંગતાની વ્યાખ્યાઓ કરવામાં આવેલ છે. તેમજ કાયદામાં વપરાયેલ શબ્દોની સમજૂતી પણ આપવામાં આવી છે. કાયદાના અમલ માટે કેન્દ્ર અને રાજયસ્તરે કાનુન મુજબ કરવામાં આવેલ વ્યવસ્થાની સમજુતી ચેપ્ટર-૨ અને ૩માં કરવામાં આવી છે. વિકલાંગતાનું સમયસર નિદાન, નિવારણ, વિકલાંગ બાળકોનું શિક્ષણ, રોજગારી, પુનર્વસન, અવરોધ મુકત વાતાવરણ, તેમને મળતી સવલતો વગેરે વિશે સવિસ્તૃત જોગવાઇઓ આ કાયદાને આધીન

કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ૧૯૯૯માં કેટલીક ગંભીર વિકલાંગતા માટે 'નેશનલ ટ્રસ્ટ એકટ' પણ ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલ છે. ૧૯૯૦ થી ૨૦૦૦નાં દાયકાને વિકલાંગોનો સુવર્ણકાળ લેખી શકાય. કારણ કે, આ સમય ગાળામાં વિકલાંગો માટે સમગ્ર વિશ્વમાં ક્રાંતિનો યુગ આવ્યો. જેના પરિણામે વિકલાંગોને 'ડિસેબલ' ને બદલે લોકો 'ડિફરન્ટલી એબલ' કહેતા થયા. કોઇ પણ વ્યકિતની શારીરિક કે માનસિક ક્ષમતાને પિછાણીને તેમને આવશ્યક સગવડો પૂરી પાડી. જયારે સામાન્ય સમાજની વચ્ચે પોતાની શકિતઓનો પરિચય કરાવવા સમાજ અને સરકાર દ્વારા ઉત્તમ તક આપવામાં આવે છે. ત્યારે જ તેના માટે વપરાયેલા 'દિવ્યાંગ' શબ્દનો અર્થ ચરિતાર્થ બને છે. આપણે જોયું વિકલાંગ ધારો ૧૯૯૫માં અવરોધ મુકત વાતાવરણ માટે આખું એક ચેપ્ટર આપવામાં આવ્યું છે. આ કાયદામાં વિકલાંગો માટે ભૌતિક અવરોધમુકત બાબતો પર જેટલું લક્ષ આપવામાં આવ્યું છે, તેટલું લક્ષ સમાજની વિચારશ્રેણીની માનસિક અવરોધમુકત બાબતો પર આપવામાં આવ્યું હોત તો, આજે જે વિકલાંગોએ પ્રગતિ કરી છે તેનાં કરતા પણ તેઓ અનેકગણા આગળ વધી શકયા હોત. છેલ્લા દોઢ દાયકામાં વિકલાંગોનાં શિક્ષણ માટે કામ કરતા કર્મચારીઓ માટેના નિયમોમાં અનેક વિસંગતતા જોવા મળે છે, જેના પરિણામે એક અંધકારમય વાતાવરણ તરફ આપણે ધકેલાય રહ્યા છીએ. એક બાજુ ૨૧ મી સદી ટૅકનોલૉજીની સદી પુરવાર થઇ છે અનેક ઉપકરણો અને ઇલેકટ્રોનિક ટૅકનોલૉજીનાં કારણે લોકોની સુખાકારીમાં અભિવૃદ્ધિ થઇ રહી છે જેમણે આંખોનું તેજ ગુમાવ્યું છે તેવા વ્યકિતઓ પણ આજે કમ્પ્યૂટરની મદદથી સામાન્ય વ્યકિતની જેમ સક્ષમ અને સબળ પુરવાર થઇ રહ્યા છે, પરંતુ તેમને આવી તાલીમ અને તજ્જ્ઞોની સેવાઓ પ્રાપ્ત થઇ શકે તેવી માળખાકીય



સવલતોનો અભાવ જોવા મળે છે. ડબ્લ્યુ.એચ.ઓ. દ્વારા વિકલાંગ બાળકોને સામાન્ય બાળકો સાથે શિક્ષણ આપવાથી તેઓ વધુ શકિતશાળી અને ક્ષમતાવાન બને છે. તેવો અભિપ્રાય આપ્યા પછી પણ આ કાર્યક્રમ માટે કોઇ યોગ્ય રૂપરેખા કે તે માટે સચોટ માળખાકીય સવલતો કે વહીવટી તંત્ર નથી. જેના પરિણામે મંજિલ વિના મુસાફર માર્ગ કાપી રહ્યો છે.

આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિકલાંગ વ્યકિત માટે 'દિવ્યાંગ' શબ્દનો પ્રયોગ કરી વિકલાંગોને સન્માન આપવાનો મહામૂલો પ્રયત્ન કર્યો છે. શેરીઓ અને ગલિયોમાં લોકો 'દિવ્યાંગ' શબ્દ બોલતા થયા છે. હું ઘણીવાર કહુ છું: 'વિકલાંગોને 'દિવ્યાંગ' કહી સન્માનિત કરવા તે ખૂબ સારી વાત છે, પરંતુ આવો શાબ્દિક સન્માન આપવા પૂરતો આ શબ્દ મર્યાદિત બનશે તો સમય જતા આ શબ્દનું કોઇ મૂલ્ય રહેશે નહિ. મને યાદ છે વિકલાંગ ધારાની કલમ-૩૨ અંતર્ગત અંધજનોને પ્રાથમિકથી કૉલેજ સુધીના શિક્ષક તરીકે કાર્ય કરવા મુકરર કર્યા પછી પણ ગુજરાત સરકારે એક વિશેષ સમિતિની રચના કરી તેમની ક્ષમતાઓને ચકાસવા કાર્ય મૂલ્યાંકન માટે ૫ સભ્યોની સમિતિ પાસે કાર્યરત પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોની જાત તપાસ કરી અહેવાલ મંગાવ્યો હતો. અહેવાલ માટેના તૈયાર થયેલ ફોર્મમાં નીચે મુજબની બાબતો દર્શાવામાં આવી હતી.

(૧) બ્લેકબોર્ડ ઉપર લખીને ગુજરાતી, અંગ્રેજી, ગણિત, સાયન્સ અને સામાજિક વિજ્ઞાનના વિષયો ભણાવી શકે છે ?

(૨) તેઓ વિદ્યાર્થીઓની સ્વાધ્યાયપોથીઓ, ધોરણ ૧ તથા ૨ માં પાટી અથવા સ્લેટ પર વિદ્યાર્થીઓ જે લખાણ કરે છે તેમાં કોઇ ભૂલ છે કે કેમ ? અને જો હા, તો તેમાં સુધારા કરી શકે છે કે કેમ ? તથા તેઓ

વિદ્યાર્થીઓની નકશાપોથીઓ અને પ્રયોગપોથીઓની ચકાસણી કરી શકે છે કે કેમ ?

(૩) તેઓ બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ ૨૦૦૯ મુજબ બજાવવાની ફરજો બજાવી શકે છે કે કેમ ?

શિક્ષણ વિભાગ દ્વારા સમિતિને આપવામાં આવેલ ફોરમેટની વિગતો ચકાસતાં આપણને ખ્યાલ આવે છે કે ૧૦૦ ટકા દૃષ્ટિની ખામી ધરાવનાર કોઇપણ વ્યકિત બ્લેકબોર્ડ પર શી રીતે વિગતો દર્શાવી શકે ? આપણે તેને આવી ચકાસણી માટે ચેલેન્જ કરી તેના માટે વપરાયેલ 'દિવ્યાંગ' શબ્દની ગરિમાની ધજિયા ઉડાડીએ છીએ અને એ પણ એક તંત્ર દ્વારા. તેનાથી જરા હટીને આ સમસ્યાના નિવારણ માટે વૈકલ્પિક સ્રોતોનો વિચાર કરવામાં આવ્યો હોત તો સંપૂર્ણ અંધત્વ ધરાવતા ઉમેદવાર પણ અગાઉથી પાઠ્યક્રમની સામગ્રી રોલ-અપ બોર્ડ પર લેખિતમાં તૈયાર કરાવી વિદ્યાર્થીઓની સંકલ્પનાઓને સંતોષવા કેવી રીતે પ્રયત્ન કરી શકે અથવા ટૅકનોલોજીના યુગમાં લેપટોપ કે કમ્પ્યૂટરની મદદથી સ્ક્રીન પર પણ આવી સામગ્રી દર્શાવી શૈક્ષણિક સંકલ્પનાઓ પ્રજ્ઞાચક્ષુ શિક્ષક કેવી રીતે પ્રસ્તુત કરી શકે અને આ માટે તેણે જરૂરી ઉપકરણો, તાલીમ માટે શી વ્યવસ્થા થઇ શકે તેના તરફ થોડો દૃષ્ટિપાત થયો હોય તો ખરા અર્થમાં 'ડિફરન્ટલી એબલ' કે 'દિવ્યાંગ' શબ્દને ન્યાય મળી શકે. વિકલાંગધારાની કલમ-૩૨ અંતર્ગત મુકરર થયેલ જગ્યાના મુદ્દાને લક્ષમાં લઇ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં મેરીટ યાદીમાં સ્થાન ધરાવતા ૩૪ પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારોએ જયારે ન્યાય માટે દાવો દાખલ કર્યો ત્યારે શિક્ષણ વિભાગનાં પ્રજ્ઞાચક્ષુઓને નોકરીથી વંચિત રાખવા ફોર્મેટ તૈયાર કરનાર અધિકારીને પણ કલ્પના નહિ હોય. તેવો નામદાર ગુજરાત હાઇકોર્ટેએ ન્યાયિક



ચુકાદો આપ્યો. જેના પરિણામે સરકારશ્રીના નિયમોને આધીન લાયકાત ધરાવતા ૩૪ પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારોને સન્માનપૂર્વક નિમણૂક મળી. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'દિવ્યાંગ' શબ્દને જેટલા લોકો અનુસરી રહ્યા છે એટલા જ નામદાર ગુજરાત હાઇકોર્ટને અનુસરી શકશે ત્યારે જ જેને આપણે વિકલાંગ કહીએ છીએ તે ખરા અર્થમાં 'દિવ્યાંગ' પુરવાર થશે. અથાત્ દિવ્યાંગતાને પામશે.

યુ.એન.સી.આર.પી.ડી. (યુનાઇટેડ નેશન કન્વેન્શન એકટ) ની વિભાવનાઓને વિકલાંગોનાં ઉત્થાન માટે ચરિતાર્થ કરવા વિકલાંગ વિધેયક-૨૦૧૬ તૈયાર કરવામાં આવ્યું છે. આ બિલ વિકલાંગોની ક્ષમતાઓને તેમની શકિતઓને ઉજાગર કરી શકે તેવા ઉદ્દેશ્યથી ૨૧મી સદીના પડકારોને ધ્યાનમાં લઇ ઘડવામાં આવ્યું છે. જેનો ઉદ્દેશ્ય વિકલાંગતાનાં કારણે કોઇપણ જાતના ભેદભાવ વિના વિકલાંગ વ્યકિતઓના માનવ અધિકાર, મૂળભૂત અધિકારો સંપૂર્ણપણે પ્રાપ્ત થાય તે છે. વિકસિત રાષ્ટ્રની પરિકલ્પનાને સિદ્ધ કરવા જેમણે શારીરિક કે માનસિક અડચણોનો સામનો કરવો પડે છે, તેવા વર્ગને પણ અસરકારક સેવાઓનો લાભ મળે તે અનિવાર્ય છે. ખાસ કરીને આવાં પડકાર રૂપ બાળકો અને વ્યકિતઓને સેવા આપનાર કર્મચારીઓને પણ સમાજની મુખ્યધારામાં તેઓ સુવ્યવસ્થિત રીતે કદમ સાથે કદમ મેળવી શકે તેવા આર્થિક ફાયદાઓ સાથે તેમના કલ્યાણ માટે પગલાં ભરવાં રહ્યાં. વિશ્વના વિકસિત દેશોની માફક આપણા દેશનાં વિકલાંગ બાળકોને શિક્ષણના દરેક ક્ષેત્રે આગળ વધવા તક મળે, તેમની સરળ પહોંચને અનુરૂપ જરૂરી સગવડો ઉપલબ્ધ બને, તેમના માટે મનોસામાજિક પાસાંઓ સહિત માનવ સંસાધન વિકાસની દિશામાં પણ યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તો સમાન અને ભેદભાવ રહિત પર્યાવરણ પ્રસ્થાપિત થઇ શકશે. વિકલાંગ બાળકો અને વિકલાંગ મહિલાઓ માટે પણ

અલગ પગલાં લેવાં રહ્યાં. તેમજ આ બધી જ અસરકાર સેવાઓ માટે વૈધાનિક સવલતો પણ ઉપલબ્ધ બનાવવી પડશે. વિકલાંગોને પણ રાજકીય અધિકારો આપવા રાજકીયપક્ષો અને સરકારે વિચારવું રહ્યું. જેમાં ખાસ કરીને સ્વતંત્રતાનો અધિકાર, ન્યાયપ્રાપ્તિનો અધિકાર, સંમિલિતપણાનો અધિકાર, હિંસા-સતામણી કે શોષણ સામે રક્ષણ મેળવવાનો અધિકાર, ગોપનીયતાનો અધિકાર, વાણી અને અભિવ્યક્તિનો અધિકાર, ઘર અને કુટુંબનો અધિકાર, મતદાનનો અધિકાર, ચૂંટણી માટે ઉમેદવારી અને જાહેર હોદ્દાઓ પર રહેવાનો અધિકાર જેવા વિકલાંગોને આપણા બંધારણની વિભાવના મુજબ પ્રાપ્ત બને તે જોવાની જવાબદારી સૌ કોઇની બને છે.



૧૯

# ટીકા અને વખાણ

ટીકા કે વખાણ શબ્દ એક સિક્કાની બે બાજુઓ છે. કોઇ પણ વ્યક્તિની જેટલી પ્રશંસા થાય તેટલી જ તેની પ્રગતિ માટે ટીકા થવી અનિવાર્ય છે. અન્યથા તે પ્રશંસાના નશામા ચકચૂર થઇ સમાજને હાનિ પહોંચાડી શકે અથવા તો એમ કહી શકાય કે સમાજ માટે ભારરૂપ પુરવાર થાય. તે સમાજ રચનાને સાનુકૂળ બનવાને બદલે પ્રતિકૂળરૂપ પ્રવૃત્તિઓને પોષવા લાગે. તેથી વ્યક્તિના સમતોલ વિકાસ માટે તેની ટીકા અને વખાણ બંને જરૂરી છે.

આપણે જાણીએ છીએ કે પૃથ્વી પર પ્રત્યેક તત્ત્વ બેવડી ધારા વડે વર્તે છે. લીમડાનો સ્વાદ કડવો છે, પરંતુ લિંબોળીનો રસ મીઠો હોય છે. જગતના અસ્તિત્વ માટે પૃથ્વી પણ આકર્ષણ ને અપાકર્ષણના સિદ્ધાંતથી કાર્ય કરે છે. પૃથ્વીના પરિપ્રેક્ષ્યમાં આવતા તમામ પદાર્થો પૃથ્વીના ગુરુત્વાકર્ષણના ગુણધર્મને કારણે તેની સાથે જકડાયેલા રહે છે અથવા તો એમ કહો કે તેના તરફ આકર્ષાતા રહે છે. જયારે પૃથ્વી પોતે સૂર્યના અપાકર્ષણના કારણે વાતાવરણમાં સ્થિર સ્થાન મેળવી શકી છે. બ્રહ્માંડનો દરેક પદાર્થ, ગ્રહો આકર્ષણ અને અપાકર્ષણના સિદ્ધાંતને અવલંબે છે. તે વાત આપણા જીવનમાં પણ એટલી જ લાગુ પડે છે. ટીકા કરનાર પ્રત્યેક વ્યક્તિ આપણો એટલો જ હિતેચ્છુ છે જેટલો

પ્રશંસા કરનાર છે. કારણ કે આપણી ટીકા કરનાર વ્યકિત આપણા દોષો તરફ અંગુલીનિર્દેશ કરે છે, જેનાથી આપણે આપણી નબળાઇઓ દૂર કરવા આયોજન કરી શકીએ છીએ, આપણી નબળાઇઓનો સંશોધક આપણો ટીકાકાર હોય છે. કોઇપણ સંશોધન પાછળ આપણે કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. જયારે આપણી નબળાઇ શોધવાનું કામ આપણો ટીકાકાર વગર પૈસે કરી આપે છે. હું તેને સંશોધક મહાનુભાવ માનુ છું. વિશિષ્ટ શોધ કરનાર વ્યકિતને આપણે વૈજ્ઞાનિક કહીએ છીએ, આપણી પ્રગતિમાં અડચણરૂપ એવા આપણા દુર્ગુણોની શોધ કરનાર વૈજ્ઞાનિક આપણો ટીકાકાર છે તેથી હું મારા ટીકાકારોને અંતરથી વંદન કરુ છું. વધુ પડતાં વખાણ કરનાર આપણા માટે ફૂડ પોઇઝન બની શકે છે. જે રીતે વ્યકિત વધુ પડતો આહાર લે છે અને અપચાને કારણે તે માંદો પડે છે, તેવી જ વાત આપણા વખાણ કરનાર વ્યકિતઓ માટે પણ લાગુ પડે છે.

સામાન્ય રીતે આપણી આસપાસ રહેતા આપણા મિત્રવર્તુળના લોકો એનકેનપ્રકારેણ આપણી વધુ નજીક રહેવા કેટલીકવાર કારણ વગરની પ્રશંસા કરતા હોય છે. આવી પ્રશંસા આપણને હૃદયસ્પર્શી અને આનંદદાયક લાગે છે. પરંતુ લાંબા સમયે તે આપણા માટે ખૂબ હાનિકારક નીવડે છે. જે કારણ વગરના આપણા વારંવાર વખાણ કરતા હોય તેવા લોકોથી શસ્ત્ર ધરાવનાર દુશ્મન કરતાં વધારે ચેતવા જેવું હોય છે. શસ્ત્રધારક દુશ્મન આપણા પર હથિયાર ચાલવતા પહેલાં અનેકવાર વિચારે છે, પરંતુ મીઠો શત્રુ જે રોજ- બરોજ આપણા ડગલે ને પગલે વખાણ કરતો હોય તે આપણને મોટું નુકસાન કરતા જરા પણ ખચકાતો નથી.

વારંવાર વ્યકિતની જયારે ટીકા થાય છે ત્યારે વ્યકિત પોતે સાવધ બની તેમનો સામનો કરવા આગળ આવતો હોય છે બાલ્યાવસ્થામાં અંધાપાના



કારણે સગાંસંબંધીઓ અને મિત્રો નાના-મોટા પ્રસંગે દૃષ્ટિના અભાવે થતી સાહજિક ભૂલોની અનેક વાર ટીકા કરતાં. તેઓ કહેતા કે, 'તને આ આવડતું નથી અને તે આવડતું નથી. તું શું કરી શકીશ ? તને આ જ આવડે.' આ બધા ઉદ્‌ગારો મારા માટે મોટા પહાડો હતા, પર્વતો હતા. તેને ઓળંગવાનો મારો મનસૂબો હતો એટલે જ કદાચ આંખના અંધાપાને બાજુ પર મૂકી મેં આગળ વધવાનું ચાલુ રાખ્યું. લોકો જાત-જાતની ટીકા કરતા હોય છે. કેટલાક લોકો પોતાનું પેટ ટીકાથી ભરતા હોય તેવું પણ મને સતત લાગ્યા કરતું. પરંતુ આવા લોકોની સામે જોયા વગર મારી નિશ્ચિત મંજિલ પર ચાલતા રહેવાનું મેં હંમેશાં ચાલુ રાખ્યું, જેના પરિણામે આજે જે સિદ્ધિઓ મળી રહી છે તે ટીકાઓના સંશોધનની શકિતના ઉપયોગથી મળેલી ઊર્જા છે. તેમ હું માનુ છું. આ વાતને સમજવા મને એક ઉદાહરણ યાદ આવે છે. શાળામાં વિદ્યાર્થીઓનુ આંદોલન ચાલતું હતું. તે વખતે થોડા વહીવટી ફેરફારો કરવામાં આવ્યા, દૃષ્ટિહીનોના શિક્ષણને અસરકારક બનાવવા હું મારા ક્ષેત્રમાં સારી ભૂમિકા ભજવી શકું તેવા ઉદ્દેશથી મેં સ્પેશિયલ બી.ઍડ્.ના અભ્યાસક્રમમાં ઍડમિશન લીધું હતું. તે જ વખતે એક અફવા લોકો દ્વારા ચલાવવામાં આવતી હતી કે લાભુભાઇ સોનાણી બી.ઍડ્. થયા પછી અંધશાળાના પ્રિન્સિપાલ થવા ઇચ્છે છે. તેઓ સરકારનો તગડો પગાર મેળવી લેવાની તજવીજમાં છે. આ વાત મારા કાને અમદાવાદ અંધજન મંડળમાં બી.ઍડ્.ની પ્રેકિટકલ અને થિયરીની પરીક્ષા સમયે પડી, કેટલાક અજાણ્યા લોકોએ આ અંગે મારી સાથે સ્પષ્ટતા પણ કરી. મેં તેમને કહ્યું : 'મને આ વાતની કશી ખબર નથી, હું કદી સરકારી નોકરી કરવા વિશે વિચારતો નથી. વર્ષો પહેલાં સરકારી નોકરી નહિ કરવા મેં સંકલ્પ કર્યો છે' તેમ પણ આ બધા મિત્રોને કહ્યું. આ વાત ચલાવનાર ઘાણા લોકો હશે પરંતુ તે પૈકી એક મુખ્ય સૂત્રધાર સાથે જયારે મેં સ્પષ્ટતા કરી ત્યારે તેમણે કહ્યું : 'મને એમ કે તમે આવા વહીવટી ફેરફારો કરી, પ્રિન્સિપાલ બનવા ઇચ્છતા હશો !' આ શંકા

કોઇ એક મહાનુભાવની ન હતી, તે સમાજની વિચારધારાની શંકા હતી. જે રીતે તંદુરસ્ત શરીરમાં જીવાણુઓના પ્રવેશથી રોગ ફાટી નીકળે છે, તેવું જ તંદુરસ્ત સમાજમાં મનઘડંત શંકાથી કોઇવાર સમાજ ડામાડોળ થઇ જાય છે. કામ કરનાર વ્યકિત વિશે ચલાવવામાં આવતી ટીકા તે વ્યકિતને વિચલિત કરે છે, પરિણામે આવા લોકોની શકિતનો લાભ સમાજને પૂરતા પ્રમાણમાં મળતો નથી. સાચી ટીકા કરનાર વ્યકિત વંદનીય છે, પરંતુ મનઘડંત શંકાઓ ઉપજાવી, અનુમાનો લગાવી, જે લોકો ટીકાનો માહોલ ઊભો કરે છે એ લોકો સમાજના જીવાણુ છે, જેઓ સમાજને તોડી નાખે છે, સમાજને વિચલિત બનાવે છે તેવા લોકોથી ચેતવું રહ્યું. મારા કેટલાક મિત્રો જયારે મને મળે ત્યારે હંમેશાં વખાણ કરતા હોય છે, એકની એક વાત જયારે મળે ત્યારે વાગોળી ભાત-ભાતની પ્રશંસા અને વખાણ કરે છે. પરંતુ આ બધા લોકો વિશે મને જયારે બહારથી જાણવા મળે ત્યારે ખબર પડે છે કે આ જ લોકો કેટ-કેટલી મનઘડંત ટીકાઓ કરી, લોકોમાં કેટલું નફરતનું ઝેર રેડે છે! આ વાત પરથી હું એટલું જ સમાજયો છું કે'આપણે ટીકા કે,' વખાણ બંને પરિસ્થિતિમાં સમતુલા રાખવાની છે. ટીકાથી દુઃખી નહીં અને વખાણથી ખુશી નહીં.' આપણા તટસ્થ ભાવથી આગળ વધતાં-વધતાં કામ કરતા રહેવું, તે જ તેનો સાચો ઉપાય છે. જે ટીકા કરનાર લોકો છે તે આપણા દુશ્મન નથી અને વખાણ કરનાર લોકો છે તે આપણા મિત્ર નથી. આ વાત આપણે હંમેશાં યાદ રાખવી રહી. સિદ્ધિના શિખરે જનાર પ્રત્યેક વ્યકિતને ઉપરોકત બંને પરિસ્થિતિનો સામનો કરવાનો હોય છે. જેઓ આગળ વધવા માંગતા નથી, એવા લોકોની કદી ટીકા પણ થતી નથી. જેવા તમે આગળ જવા પ્રયત્ન કરો છો તેવા જ તમે ઈર્ષ્યા અને ટીકાને પાત્ર બનો છો. એ જ રીતે તમારો પ્રશંસાનો વર્ગ પણ ઊભો થવા લાગે છે. એક પછી એક બંને વર્ગના લોકો સામે તમારે આવવાનું થાય છે. એક વર્ગ ટીકા કરે છે અને બીજો વર્ગ પ્રશંસા કરે છે. બંનેમાં જે સારું અને સત્ય છે તેને પારખી આપણે પ્રગતિના શિખર સુધી યાત્રા



કરવાની હોય છે. સફળતાની મંજિલ સુધી પહોંચી જનાર યાત્રી ઇશ્વરનો પયગંબર ગણાય છે.

ક્રિકેટમાં કોઇ એક ટીમ ટોચ પર પહોંચ્યા પછી અચાનક કોઇ એક મેચ હારી જાય છે ત્યારે તે ટીમની હારને સાહજિક લેવાને બદલે મેચ ફિકસિંગનો આરોપ તે ટીમ પર લગાવવામાં આવે છે અને જો તે હંમેશની જેમ મેચ જીતી જાય છે તો તે ટીમ માટે લોકો કહે છે 'આ ટીમ તો જીતે જ છે ને! તેમાં શું નવીન છે ? આ ટીમમાં X ખેલાડી છે ને Y ખેલાડી છે' તેમ કહી તેની જીતને કોઇ મહત્ત્વ આપવામાં આવતું નથી, તે જ પ્રમાણે તમે કોઇ સારું કામ કરો છો તો લોકો કહે છે એ તો તેની ફરજ છે, એમાં તેણે નવું શું કર્યું! પરંતુ જયારે તે જ વ્યકિત ધાર્યું કાર્ય પાર પાડી શકતો નથી ત્યારે તેના વિશે જાતજાતની ટીકાઓ થાય છે. કેટલાક લોકો સેવાનું કામ કરતા હોય છે, બીજાના હિત માટે કામ કરતા હોય છે છતાં તેને માટે એવી જ ચર્ચા થાય છે કે ઠીક છે તેને પણ કાંઇક લાભ મળતો હશે! ૨૦૦૯ થી ૨૦૧૩ સુધી મેં વિકલાંગોનાં હિત અને કલ્યાણ માટે રાજય સરકાર સામે, જયારે આંદોલન છેડયું હતું ત્યારે કેટલાક લોકો કહેતા હતા : 'તેમને વિકલાંગ કમિશનર બનવું છે એટલે તેઓ આ આંદોલન ચલાવી રહ્યા છે.' આ અંગે મારી પાસે અનેક વાતો આવતી, તેના પર કોઇ પણ લક્ષ આપ્યા વગર મેં મારું કામ ચાલુ રાખ્યું. કેટલાક લોકો રાજકીય પક્ષના ઇશારે આ આંદોલન ચાલતું હોવાની શંકા પણ કરતા હતા. આ બધા લોકોને મારો એક જ જવાબ મળતો કે આ આંદોલન કોઇ રાજકીય કે વ્યકિતગત મંછાને કારણે ચલાવવામાં આવતું નથી આંદોલન વિકલાંગોનાં હિત અને કલ્યાણ માટે ચલાવવામાં આવે છે. તેમના મૂળભૂત અધિકાર માટે ગાંધી ચીંધ્યા માર્ગે ચાલતી આ લડત છે, જેમાં વિકલાંગોના પ્રશ્નોને વાચા આપવાનો મારો નમ્ર પ્રયાસ છે. હું સમજુ છું કે-મારી પાસે વાતો લાવનાર, પ્રશ્નો કરનાર લોકો મારી-આ વાતને ખાસ સમજી શકયા ન

હતા. પરંતુ કેટલીક શંકાઓના જવાબ સમય આપે છે. કેટલીક શંકાના નિરાકરણ માટે સમયની રાહ જોવી પડે છે. કેટલાક એવું પણ કહેતા હતા કે, : ‘આ આંદોલન સંકલિત શિક્ષણમાં કામ કરતા શિક્ષકો માટે છે.’ કેટલાક ‘આ આંદોલન માત્ર અંધજનો માટે છે’ તેવું પણ કહેતા હતા. જ્યારે સરકાર સમક્ષ જે આવેદનપત્ર સંગઠન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું તેમાં બધી વિકલાંગતાનાં વિકલાંગ ભાઇ-બહેનોના પ્રશ્નો લેવામાં આવ્યા હતા, તેમાં દરેક વિકલાંગ વર્ગના લોકોની સુખાકારીનું ઘ્યાન રાખવામાં આવ્યું હતું. રાજ્યની ST નિગમની બસોમાં વિકલાંગોને વિનામૂલ્યે મુસાફરીની સવલતમાં કેટલીક મર્યાદાઓ મૂકવામાં આવી હતી, તે હટાવવા મુખ્ય માંગણી હતી, જેમાં ખાસ કરીને ₹ અઢી લાખની વાર્ષિક આવક ધરાવતા માત્ર વિકલાંગોને એકસપ્રેસમાં વિના મૂલ્યે પ્રવાસની સવલત આપવામાં આવી હતી. અમારી માંગણી રાજ્યની ST નિગમની તમામ બસોમાં કોઇપણ આવક મર્યાદાની સીમા વિના વિનામૂલ્યે દરેક વિકલાંગને મુસાફરીનો લાભ આપવામાં આવે તેવી હતી. આ માંગણીનો રાજ્ય સરકારે તા.૨૧-૦૪-૨૦૧૬ના એક વિશેષ પરિપત્રથી સ્વીકાર કરી મહત્ત્વનું પગલું ભર્યું છે. તે માટે હું રાજ્ય સરકારને અંતઃકરણથી અભિનંદન પાઠવું છું. જે લોકો આંદોલનને મનઘડંત સીમાઓમાં બાંધી મનસ્વી માન્યતાઓને આગળ ધરી ગુમરાહ કરતા હતા, તેવા લોકોને પણ આ પુસ્તકના માઘ્યમથી કહેવા માગું છું કે આ અમારી સાચી જીત છે અને તે ઈશ્વરે અમારી સાચી ભાવનાને કારણે અપાવી છે. તમારી મનઘડંત માન્યતાઓ અને શંકાનો ઘોર પરાજય થયો છે. હું આશા રાખું કે, ભવિષ્યમાં આપ આવી મનઘડંત શંકાના ભોગ નહિ જ બનો.

મારી સેવાકીય પ્રવૃત્તિના પ્રત્યેક ક્ષેત્રે મારે સતત ટીકા અને વખાણ એમ બંને પરિસ્થિતિઓ વચ્ચે બેલેન્સ કરતાં-કરતાં કાર્ય કરવાનું થયું છે. અનેક



લોકો સાથે ચર્ચા વિચારણા કરવાની તક પણ મળી છે. હકારાત્મક લોકોની વિચારધારા મને ઠેર-ઠેર જોવા મળી છે, તેમ છતાં કેટલાક નિશ્ચિત લોકોની સંકુચિતતાના કારણે કેટલીકવાર કારણ વગરની ટીકા કરતાં લોકો સાથે મળવાનું થાય છે. આવા લોકો સારા કાર્યમાંથી પણ ભૂલો શોધી કાઢવાની કુશળતા ધરાવતા હોય છે. તેમની હલકી માનસિકતાને કારણે તેઓ મનઘડંત ટીકા કરતા હોય છે તથા સારા કામમાંથી પણ એનકેનપ્રકારેણ ભૂલો શોધી પોતાની બુદ્ધિ શકિતનુ પ્રદર્શન કરતા હોય છે. ખાસ કરીને સેવાના ક્ષેત્રમાં જેમણે કાર્ય કરવું છે, તેવા લોકોએ મનઘડંત ટીકા કરનાર લોકોથી બચી પોતાની બુદ્ધિમતા પ્રમાણે અન્યના હિતાર્થે કાર્ય કરતા રહેવું જોઇએ. તેમજ ટીકાકાર લોકોનાં મંતવ્યોને મૂલવી, આપણી યોગ્ય ભૂલને સ્વીકારી, તટસ્થ રીતે કાર્ય કરતા રહેવું જોઇએ. શ્રીમદ્ ભગવદ્ ગીતાના મત મુજબ પ્રત્યેક વ્યકિતએ ફળની અપેક્ષા વિના કર્મ કરતાં રહેવું જોઇએ. ઉત્તમ કર્મ દ્વારા મળેલી સફળતાનું ફળ ઈશ્વરને અર્પણ કરી પ્રત્યેક વ્યકિતએ પોતાની જાતને ટેલિફોનના રિસીવર જેવા કાર્ય માટે ઈશ્વરે પોતાને કાર્યનું માઘ્યમ બનાવવા આ તક આપી છે, તેવું સમજી કર્મ બજાવતા રહેવું જોઇએ. આમ થશે તો, કોઇપણ ટીકાકાર તમારા કાર્યક્ષેત્રમાં અડચણરૂપ બની શકશે નહિ. આપણો પ્રશંસક વર્ગ પણ આપણા કાર્યક્ષેત્રમાં આપણા અહંને પોષી આપણા કાર્યથી આપણને ચલિત ન કરે તેની પણ આપણે હંમેશાં કાળજી રાખવી જોઇએ. ટીકા અને વખાણ એક જ સિક્કાની બે બાજુઓ હોવા છતાં તે બંનેની કાર્ય પ્રણાલી તદ્દન અલગ છે. તેની વ્યકિત પર અસર પણ અલગ પડે છે એટલા માટે સિક્કાની બંને બાજુઓનો લાભ આપણા કાર્યક્ષેત્રમાં આપણને મળી રહે તેવી સમજ આપણે કેળવવી પડશે. જ્યારે સિક્કાની બંને બાજુઓનો સમાવેશ થાય છે ત્યારે તે સિક્કો ચલણમાં મૂકી શકાય છે અને તેનું યોગ્ય મૂલ્ય આપણે મેળવી શકીએ છીએ. વ્યકિતએ પોતાના જીવનનું યોગ્ય મૂલ્ય મેળવવા માટે જીવનરૂપી સિક્કાની બંને

બાજુઓનો સ્વીકાર કરી જીવન સજાવવાનું છે અને માણવાનું છે. જીવનનાં મૂલ્યોને સમજી, મૂલ્યવાન જિંદગીનો લાભ ટીકા કે વખાણના પરિપ્રેક્ષ્યમાં આવ્યા વિના સમાજને આપવાનો છે. સમાજ તરફથી આપણને બદલામાં શું મળે છે! તે મહત્ત્વનું નથી, પરંતુ આપણા દ્વારા સમાજને આપણે શું આપી શકીએ તે વધુ અગત્યનું છે. ઈશ્વરની સૃષ્ટિ રચના પાછળની આ જ સાચી વિભાવના છે.



૨૦

# ઘોલકીમાં હોય છે ઘર

નાનાં બાળકોની રમતોમાં છુપાયા હોય છે જીવનના રહસ્યો! જિંદગી નથી પસંદગીનો પ્રવાસ, તે હોય છે ઈશ્વરનો સોંપેલો ચોક્કસ સમયગાળાનો એક કાર્યક્રમ. જે પ્રત્યેક વ્યક્તિએ સફળતાપૂર્વક પૂર્ણ કરવાનો હોય છે. નાનાં બાળકો આપણા ઘરની આસપાસ ઘોલકીઓ બનાવી પોતાની જિંદગીનું શબ્દચિત્ર પ્રસ્તુત કરવા જુદી-જુદી રમતો રમતાં હોય છે. કેટલાંક બાળકો આવી રમતોમાં પોતાનું ઘર, નોકરી, ધંધો, વ્યવસાય આદિ સંકલ્પનાઓ પ્રગટ કરવા પ્રયત્ન કરે છે. બાલ્યાવસ્થાએ તે જે કાંઇ વિચારે છે, જે કાંઇ કલ્પે છે અથવા તે ભવિષ્યમાં જે કાંઇ કરવા ઇચ્છે છે તેવી જ બાબતો આવી રમતોમાં વણી લઇ, એક નાનકડી ઘોલકડીમાં આખો દિવસ પસાર કરે છે. કુદરતનાં સૌંદર્યો, માનવીય મહત્ત્વાકાંક્ષાઓ વગેરે જેવી કેટકેટલી બાબતો આપણને નાનાં બાળકોની રમતોમાં જોવા મળે છે.

બાળકો કેવી અને કઇ રીતે પોતાની રમતો ઘોલકીમાં રમે છે, તે સમજવાની જરૂર છે. કુટુંબ, મહોલ્લો કે આજુબાજુના વિસ્તારના લોકોની રહેણીકરણીની અસરો આપણને બાળમિત્રોની રમતોમાં જોવા મળે છે. બાલ્યાવસ્થાથી જે જોવા અને શીખવા મળે છે, તેનું જ અનુકરણ લોકો મોટા

થાય ત્યારે કરતા હોય છે બાલ્યાવસ્થામાં મને નાનાં બાળકો વચ્ચે હંમેશાં નેતૃત્વ લેવાની તક મળતી. હું નેતૃત્વ લેવાની હંમેશાં ઇચ્છા રાખતો. મારા કાર્યમાં મદદ કરી શકે તેવાં સાથી બાળકોની હું શોધ કરી લેતો. સમાજનું સાચું શબ્દચિત્ર સમજવા બાળરમતોનો અભ્યાસ કરવો જરૂરી છે. બાળક કેવી રમત રમે છે! જે દરેક માતા-પિતાએ જાણવું ખૂબ જરૂરી છે. સાહસિક રમતો રમતાં બાળકો મોટાં થયાં પછી પણ સાહસિક બનતાં હોય છે. જયારે ડરપોક બાળકો યુવા અવસ્થામાં પણ ડર છોડી શકતાં નથી. જેમણે સાહસ કરીને ધંધા ઉદ્યોગ ક્ષેત્રે ઝંપલાવ્યું છે, તેવા સેંકડો લોકોની માહિતીનો અભ્યાસ કરીએ તો આપણને જાણવા મળે છે કે, તેઓ બાલ્યાવસ્થામાં ખૂબ સાહસિક હતા જેઓ પોતાની જિંદગીને જોખમો ઉઠાવ્યા વગર સલામતીપૂર્વક જીવી જવા માગે છે, તેઓ એવરેજથી વધુ પામી શકતા નથી. વધુ મેળવવા માટે સાહસ દાખવવું અનિવાર્ય છે. મારી બાલ્યાવસ્થામાં મિત્રો સાથે સાહસિક રમતો રમવાની પ્રવૃત્તિ વિશેષ રહેતી. દૃષ્ટિ નહીં હોવા છતાં જાત-જાતની સજાવટ સાથે કૃષ્ણ ભગવાનના હિંડોળા શણગારવાની તે વખતે મારી મુખ્ય પ્રવૃત્તિ હતી. શ્રાવણ માસ અમારા માટે ખુશીનો માસ હતો. ચાર પાંચ કિલોમીટરની રખડપટ્ટી કરી હિંડોળો શણગારવાની સામગ્રી અમે બાળમિત્રો એકત્રિત કરતાં. જેમાં જાત જાતનાં ફૂલો, મકાઇનું ઘાસ, કેળનાં પાન વગેરેનો સમાવેશ થતો. સજાવટ માટે સામગ્રી એકત્રિત કરવા ગમે તેટલું ઊંચું વૃક્ષ, મહોલ્લો, જયાં પણ ચડવાનું થાય ત્યાં ટોચ સુધી પહોંચી, જરૂરી સામગ્રી અમે લોકો એકત્રિત કરી લેતા. આમ, સાહસશકિતના વિકાસના કારણે કોઇપણ સમયે કયારેય ડરનો અનુભવ થયો નથી. હું માનુ છું કે :'દરેક બાળકને આવી સાહસભરી રમતો રમવાનો લાભ મળવો જોઇએ.' આજે જયારે શાળાઓમાં ભણતાં બાળકોને જોઉં છું ત્યારે હું વિચારોમાં ગરકાવ થઇ જાઉં છું. દરેક બાળકને તેના શિક્ષક દ્વારા આખો દિવસ માથું ઊંચું ન કરી શકે તેટલું હોમવર્ક આપવામાં આવે છે! કોઇવાર એક ની એક



બાબત, એકનો એક એકમ અનેકવાર બાળકોને લખવા માટે આપવામાં આવે છે. હોમવર્ક નહિ લઇ જનાર બાળકોને શિક્ષા કરવામાં આવે છે. આનાથી બાળક બેવડું ગુમાવે છે (૧) હોમવર્કના કારણે તે રમતો રમી શકતું નથી (૨) સજા મળવાના ભયના કારણે તે ડરપોક બને છે અને (૩) રમતોથી વંચિત રહેવાના કારણે તે સાહસિક બની શકતું નથી, જયારે આપણે બાળકના સર્વાંગી વિકાસને કહેવાતા શિક્ષણના નામે અલિપ્ત રાખીએ છીએ ત્યારે ઉત્તમ સમાજ માટે શી રીતે આશા રાખી શકીએ! પુસ્તકનાં બે પૂઠાં વચ્ચેનું શિક્ષણ એ જ સાચું શિક્ષણ છે કે પછી જીવન જીવવા વ્યકિતને બધી જ રીતે ટેકો આપી શકે તેવા ગુણોનો વિકાસ થાય તે સાચું શિક્ષણ છે! મને લાગે છે કે આપણે સાચું સમજયા નથી. કોઇપણ પાઠયપુસ્તક કોઇ વ્યકિતને સાચું શિક્ષણ આપી શકતું નથી. પુસ્તક એ શિક્ષણરૂપી ભૂખ જગાડનાર માધ્યમ છે, પરંતુ શિક્ષણરૂપી ભૂખને સંતોષનાર ભોજ નથી. જે રીતે ચટાકેદાર વાનગીની સુગંધથી આપણા મોંમાં તે વાનગી આરોગવાની વૃત્તિ જાગે છે, રસ ઉત્પન્ન થાય છે પરંતુ આપણે તે વાનગી આરોગતા નથી ત્યાં સુધી તેનો સ્વાદ પામી શકતા નથી કે ભૂખ સંતોષી શકતા નથી. આ જ રીતે શિક્ષણનું પણ છે. જે શિક્ષણ વ્યકિતને જીવન જીવવાનો માર્ગ બતાવી શકે નહિ તેવા શિક્ષણથી જિંદગીની પ્રત્યેકક્ષણને સમજી, જીવનની જરૂરિયાત મુજબ જિંદગી જીવવાનું શકય બનતું નથી. મારી દૃષ્ટિએ સાચું શિક્ષણ કોઇ પુસ્તક કે વર્ગખંડમાં મળતું નથી. તે તો મળે છે જિંદગીના અનુભવમાંથી. બાલ્યાવસ્થામાં બાળકો જે રમતો રમે છે, તે જ તેની જિંદગીના પ્રારંભિક અનુભવો છે. તે પ્રત્યેક બાળકને વધુ ને વધુ મળવા જોઇએ. બાલ્યાવસ્થામાં જ બાળક ચોરી, ખોટું બોલવું, અન્ય પર જુલમો કરવા જેવા દુર્ગુણોથી દૂર રહે તે જોવાની જવાબદારી પ્રત્યેક માતા-પિતા અને શાળાના શિક્ષકોની છે. અહીં એક ઉદાહરણ નોંધવા જેવું છે. એક છોકરો હતો, તેનું નામ સુરેશ. તે જે શાળામાં ભણતો હતો ત્યાંથી ઘરે આવ્યો ત્યારે તેની પાસે બે

પૅન્સિલ હતી, જયારે સુરેશ શાળાએ ગયો હતો ત્યારે તેની માતાએ તેને એક જ પેન્સિલ આપી હતી. અત્યારે તેની પાસે એકને બદલે બે પૅન્સિલ હતી તેમ છતાં તેની માતાએ તેના વિશે કશી પૂછપરછ કરી નહિ. મોટો થતાં સુરેશ મોટો ચોર બન્યો. એક દિવસ તે ચોરીમાં પકડાયો. કોર્ટમાં કેસ ચાલ્યો. સુરેશને નામદાર કોર્ટે ફાંસીનો હુકમ આપ્યો. સુરેશને અંતિમ મુલાકાત કોની સાથે કરવી છે તેમ સત્તાવાળા તરફથી પૂછવામાં આવ્યું. સુરેશે તેની માતાને મળવાની ઇચ્છા વ્યકત કરી. સુરેશનાં માતા મળવા આવી પહોંચ્યાં. માતાના પગમાં પડી સુરેશે કહ્યું : 'મા ! હું જયારે શાળાએથી પેન્સિલ ચોરીને ઘરે આવ્યો હતો ત્યારે તેં મને ટોકયો હોત તો આજે મારા માટે આ દિવસ ન આવ્યો હોત.' માતા રડી પડી. તેને બધું સમજાય ગયું! સુરેશના ઉદાહરણથી આપણે સૌ સમજી શકીએ છીએ કે- બાલ્યાવસ્થાની અસર વ્યકિતના જીવન પર કેટલી અને કેવી પડે છે! માટે જ આપણે આપણાં બાળકોની સુટેવો કેળવાય તે માટે ધ્યાન આપવું જોઇએ. તેમજ ઉત્તમ રમતો દ્વારા બાળ કેળવણી થાય તેવી વ્યવસ્થા શાળા-શિક્ષણ અને આપણા પરિવારમાં પણ થાય તે માટે યોગ્ય પર્યાવરણ ઊભું કરવાની જરૂર છે, તો જ ઉત્તમ સમાજની રચના શકય બનશે.



૨૧

# શાળા બોલે છે

શિક્ષણની વિવિધ પ્રવિધિઓની ફેકટરી શાળા છે. શાળામાં વિદ્યાર્થીઓની ક્રિયેટીવિટી વિશે અવનવા અભિગમો અપનાવવા, અવનવી સામગ્રીઓનું ઉત્પાદન થાય છે. જેમાં કૌશલ્ય વિકાસને પોષે તેવા જ્ઞાનનું સર્જન અવનવા ઉપક્રમો દ્વારા થતું રહે છે. વિશિષ્ટ બાળકોની શારીરિક અને માનસિક મર્યાદાઓને ધ્યાનમાં રાખી, તેની પૂર્તતા માટે અવનવાં સાધનો, સહાયક ઉપકરણો, વિશિષ્ટ તાલીમ, શાબ્દિક અનુબોધન કૌશલ્યનો સમાવેશ કરી, સુષુપ્ત શકિતઓને જગાડવા અવનવા શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા વિશિષ્ટ બાળકોને સામાન્ય વર્ગના વ્યકિતઓ જેવું જીવન જીવવા તૈયાર કરવામાં આવે છે. હું પણ આવી જ એક શાળાનો વિદ્યાર્થી રહયો છું. મારા વિદ્યાર્થીકાળ દરમ્યાન શાળાની શૈક્ષણિક પ્રણાલીમાં સમાયોજન સાધવા અનેકવિધ પ્રયાસો પછી પણ સામાન્ય વર્ગ સાથે સ્પર્ધાત્મક યુગમાં ઊભા રહેવા નૂતન શિક્ષણની પ્રવિધિઓ સુધી પહોંચવા અનેક અગવડોનો સામનો કરવો પડતો. બ્રેઇલલિપિમાં લખવા માટે પૂરતા કાગળો કે ગુણવત્તાવાળા બ્રેઇલ લિપિ લખી શકાય તેવાં સાધનો સરળતાથી ઉપલબ્ધ બનતાં નહિ. પરિણામે ટાંચાં સાધનોનો ઉપયોગ કરી શૈક્ષણિક સામગ્રી, અભ્યાસક્રમને અનુરૂપ તૈયાર કરવી

પડતી. દઢ મનોબળ ને દઢ સંકલ્પ શકિતથી મારી બે આંખો વડે મેં મારા શિક્ષણકાળ દરમ્યાન ઝીણવટપૂર્વક જોયું હતું, તેને યુવાવસ્થામાં ચરિતાર્થ કરવા મંજિલના મુકામ સુધી પહોંચવા મહાપરિશ્રમ કર્યો! જેના પરિણામે શાળાની બધી જ સંવેદનાઓ મેં જાણી અને માણી. શાળાની પ્રત્યેક ભીંતમાંથી સંભળાતો અવાજ મારા દિલને સ્પર્શી ગયો! વિદ્યાર્થી અવસ્થાની સમસ્યાઓને મેં સમજવાનો નમ્ર પ્રયત્ન કર્યો.

શાળામાં અભ્યાસ માટે આવતા પ્રત્યેક વિદ્યાર્થીઓની સમસ્યાઓ સમાન હતી. આર્થિક રીતે પ્રત્યેક વિદ્યાર્થીનાં માતા-પિતા અને તેનો પરિવાર ભારે આર્થિક કટોકટીનો સામનો કરતાં હોય તેવું મને હંમેશાં લાગતું, વિદ્યાર્થીઓની જરૂરિયાતો પ્રત્યે મહદ્ અંશે આ બધા જ પરિવારો ઉદાસીન જોવા મળતા. આ પરિસ્થિતિ માટે હું તેમની આર્થિક કટોકટીને માત્ર કારણરૂપ સમજતો નથી પરંતુ આ માટે પ્રત્યેક પરિવારના લોકોને દષ્ટિહીન સંતાન પ્રત્યેની ગેરજવાબદારી અને તેમના પ્રત્યેની ઉદાસીનતા સમજુ છું. મેં એવા લોકો પણ જોયા છે કે જે પિતા પોતાના ક્ષતિગ્રસ્ત બાળકને તેના વિકાસ માટે જેટલું ધ્યાન આપી, તેમની જરૂરિયાતો પૂરી કરતાં તેના કરતાસો ગણું તેનાં સામાન્ય બાળકો પ્રત્યે ધ્યાન આપી, અનેક ગણી તેમની જરૂરિયાતો પૂર્ણ કરી આપવા તત્પર રહેતા. કેટલાક અમારા મિત્રોને શાળામાં વેકેશન પડયા પછી પણ તેનાં માતા-પિતા રજાના દિવસોમાં ઘરે લેવા સમયસર આવતાં નહીં. કોઈવાર શાળાના કર્મચારીઓએ આવાં બાળકોને તેના ઘરે મૂકવા જવા પડતાં! હું આવી ઘટનાઓ પર સતત વિચારતો મા-બાપ આવું કેમ કરતાં હશે! તે પ્રશ્ન મને આકુળ-વ્યાકુળ કરી દેતો. દષ્ટિક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે કંઈક કરવાની જરૂર છે, તેવું મને હંમેશાં લાગતું, અનેક પરિવારના અભ્યાસ પછી હું એક અભિપ્રાય પર આવ્યો, જે પરિવારમાં દષ્ટિક્ષતિ ધરાવતું બાળક ઊછરતું



હોય તેવા પ્રત્યેક પરિવારને આવાં બાળકની સંભાળ શી રીતે લઈ શકાય, તેની સમજ આપવી. દષ્ટિક્ષતિ ધરાવનાર વ્યકિત પર સામાન્ય વ્યકિતની જેવું જીવન જીવવા તાલીમથી શકિતમાન બની શકે તેવી સમજ પ્રત્યેક માતા-પિતાને મળી રહે તે માટે ખાસ જન-જાગૃતિ, વાલી માર્ગદર્શન કાર્યક્રમો, આવા લોકોની સમસ્યાઓને જાણવા તેમના સુધી સંપર્ક સ્થાપિત કરી, સંવાદસેતુ દ્વારા સમસ્યાના ઉકેલ માટે અમુક અંશે કામ અવશ્ય થઈ શકે. વિદ્યાર્થી અવસ્થામાં રોપાયેલું આ બીજ અંકુરિત થઈ ધીરે-ધીરે વટવૃક્ષ બનવા વૃદ્ધિ પામી રહ્યું છે. ૧૯૯૯માં શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળાના માનદ્‌મંત્રી તરીકે જયારે મારી વરણી થઈ ત્યારે મારી સમક્ષ વિદ્યાર્થીઓ પાસેથી અમુક પ્રકારની ફી વસુલ કરવા પ્રસ્તાવ આવ્યો. સામાન્ય રીતે વાલીઓ વહન કરી શકે તેવી જ રકમ વાલી પાસેથી મેળવવાનો પ્રસ્તાવ રજૂ કરનારનો આશય હતો. પરંતુ હું એ વાત જાણતો હતો કે, નબળી આર્થિક સ્થિતિવાળા વાલીઓ પોતાના દષ્ટિહીન બાળકને નીચેના બે વિકલ્પમાંથી પસંદગી કરી શાળામાંથી ઉઠાવી અન્ય શહેરની શાળામાં ભણવા માટે દાખલ કરવું અથવા વિકલ્પ બે, આવા બાળકને શિક્ષણ આપવાનું જ માંડી વાળવું. મોટા ભાગના વાલીઓ વિકલ્પ બે પસંદ કરે તેવો મને ભય હતો. તેથી વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવાનો વિકલ્પ મેં સ્વીકાર્યો નહિ. હું દરેક વિદ્યાર્થીને પોતાના પગ પર ઊભા રહી અન્ય વ્યકિતને મદદ કરી શકે તેવા સક્ષમ ને સબળ બનાવવા માગું છું. મારા સેવાકાળ દરમ્યાન અનેક તોફાની વિદ્યાર્થીઓની ફરિયાદો મળી છે. તેમના પર મેં કઠોર પગલાં લેતાં પહેલાં હંમેશાં નાની-મોટી શિક્ષાના વિકલ્પો અપનાવ્યા છે. આવા વિદ્યાર્થીઓને શાળામાંથી બરતરફ કરવાનું મહદ્ અંશે મેં ટાળ્યું છે. ના છૂટકે જ વિદ્યાર્થીને શાળામાંથી મુકિત આપવાનુ અર્થાત્ છૂટા કરવાનું પસંદ કર્યું છે. મારી આ કાર્યપ્રણાલીને ઘણા લોકોએ મારી નિર્બળતા સમજી પાછલા બારણે ટીકા પણ કરી છે, પરંતુ હું ધારુ તો કોઈપણ તોફાની વિદ્યાર્થીને ‘શાળામાંથી એક જ

મિનિટમાં શાળા છોડયાનું પ્રમાણપત્ર' આપી તેને પાણીચું આપી શકું. પરંતુ વિદ્યાર્થીની ભાવિ કારર્કિદીના કારણે મેં એમ કરવાનું હંમેશાં ટાળ્યું છે. કેટલાક વિદ્યાર્થીઓના વાલીઓ પણ ખૂબ જ બે જવાબદાર અને મનસ્વી વર્તન કરતા જોવા મળ્યા છે. પરંતુ વિદ્યાર્થીના ભાવિ ઘડતરને ધ્યાને લઇ આવા લોકો સામે મેં કદી જોયું નથી. મારા માટે શાળામાં શિક્ષણ માટે આવનાર પ્રત્યેક વિદ્યાર્થી સમાન છે. દરેક વિદ્યાર્થીના હૈયામાં હું જ્ઞાનનો પ્રકાશ નિહાળવા માગું છું. પ્રત્યેક પ્રકાશિત હૃદય અન્યના જીવનનો અંધકાર ઉલેચી, જગતને પ્રકાશમય બનાવવામાં સહયોગી બને એ જ મારો મંત્ર છે.

શાળામાં જયારે એક વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીની ચીજવસ્તુની ચોરી કરે છે કે કોઇની ચીજવસ્તુરૂપી સંપત્તિને નુકસાન પહોંચાડે છે, ત્યારે મારા અંતરમાં છાશની દોરણીમાં જે વલોવાટ થાય છે, તેવો જ વલોવાટ હું અનુભવું છું. છાશમાંથી આપણને જેમ માખણ મળે છે, તેવી જ રીતે મારા અંતરના વલોવાટમાંથી વિદ્યાર્થીને સમજવા માટેની સાચી સંવેદના મળે છે .એટલે જ આવા વિદ્યાર્થીઓને તેમના વિકાસ માટે શાળાકાળ દરમ્યાન થોડા આર્થિક ઉપાર્જનની તક મળે તેવા રોજગાર લક્ષી કાર્યક્રમો દાખલ કરવાની મારી ભવિષ્યની ઝંખના છે. શિક્ષણની સાથોસાથ તે પોતાના અને શાળા માટે થોડું ઘણું આર્થિક ઉપાર્જન કરી શકે તેવા નાના-મોટા વ્યવસાયોની તાલીમ પ્રત્યેક વિદ્યાથીને શિક્ષણની સાથો-સાથ પ્રાપ્ત બની રહે તેવું હું ભાવિ સ્વપ્ન જોઉં છું. ટેકનોલોજીના યુગમાં પ્રજ્ઞાચક્ષુ પ્રત્યેક વિદ્યાર્થી સામાન્ય વ્યકિતની જેમ જ કૉમ્પ્યૂટરની મદદથી દરેક ક્ષેત્રે કાર્ય કરવા સક્ષમ પુરવાર થાય તેવો મારો જીવનપર્યંત પ્રયાસ રહેશે. જેમને ઉચ્ચશિક્ષણ મેળવવું છે, વ્યાવસાચિકક્ષેત્રે પદાર્પણ કરી આર્થિક ઉપાર્જન દ્વારા જીવન ઉપયોગી લક્ષ્યાંકો સિદ્ધ કરવા છે તેવા પ્રત્યેક દૃષ્ટિહીનને યોગ્ય સુવિધાઓ પૂરી પાડવા હું દિવસરાત પ્રયત્ન કરી



રહ્યો છું. ખાસ કરીને આવા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચશિક્ષણ , શિક્ષણ બાદ વ્યાવસાચિક પુનઃસ્થાપન માટે એક હૉસ્ટેલની જરૂર છે. આ હૉસ્ટેલના નિર્માણ માટેનું મારું એક દિવ્ય સ્વપ્ન છે. જેના માટે છેલ્લાં બે-ત્રણ વર્ષથી હું પ્રયત્ન કરી રહ્યો છું. આ હૉસ્ટેલમાં રહેતા દૃષ્ટિહીનોને ઉચ્ચશિક્ષણની સેવાઓ અસરકારક રીતે મળવાને કારણે તેમનામાં પડેલી શકિતઓ ખીલશે, પરિણામે તે સામાન્ય વ્યકિતની જેવું જીવન જીવવા સક્ષમ અને સબળ બનશે. તેમની શૈક્ષણિક જરૂરિયાતો પૂર્ણ થતાં તે આર્થિક રીતે પગભર બનવા આગળ આવશે. અવનવા વ્યાવસાચિકક્ષેત્રોના દ્વાર ખોલી, તે સામાન્ય વ્યકિતને પાછળ છોડી, સિદ્ધિના શિખરો અવશ્ય સર કરશે તેવી મને શ્રદ્ધા છે. દૃઢ મનોબળ અને દૃઢ સંકલ્પ શકિત મારી આંખો છે. એ જ રીતે શ્રદ્ધા અને વિશ્વાસ મારા બંને કાન છે. હું હંમેશાં જે સાંભળુ છું, તે સારું સાંભળું છું અને સાંભળેલા પર શ્રદ્ધા રાખું છું. મને મારા પ્રત્યેક કાર્યમાં વિશ્વાસ છે. આમ, શ્રદ્ધા ને વિશ્વાસરૂપી કર્ણ દ્વારા જે પ્રાપ્ત થાય છે. તે જ દૃષ્ટિહીનોના પુનઃસ્થાપનની પવિત્ર ગીતા છે. આ પવિત્ર ગીતાના પ્રત્યેક શ્લોક અને અધ્યાય એ જ મારું જીવન છે. એટલે જ આ પુસ્તક દ્વારા હું આપ સૌ સમક્ષ મારી થોડી માંગણીઓ રજૂ કરું છું. આ માંગણીઓ મારી સમક્ષ મારી જ શાળાની પ્રત્યેક ભીંતોમાંથી મારા ઉપર જણાવેલા બંને કર્ણની મદદથી મને મળી છે. શાળા એ પ્રત્યેક વિદ્યાર્થીની વિધાતા છે. તે આપણી માતા પણ છે. માતાની સંભાળ લેવી તે દરેક સંતાનની ફરજ છે. તેથી આ શાળામાંથી જેમણે કશુંક મેળવ્યું છે તેવા પ્રત્યેક વિદ્યાર્થીએ શાળાને દક્ષિણારૂપી 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' અર્પણ કરી ઋણ મુકત બનવું રહ્યું. શાળા એ કોઇનો ઇજારો નથી. શાળા અર્થાત્ સંસ્થા કોઇની પેઢી નથી, તેનો કોઇ માલિક નથી તેથી શાળાને જીવંત રાખવાની જવાબદારી સૌ કોઇની છે. જેઓ શિક્ષણ લઇને પગભર થયા છે, તેવા પ્રત્યેક વિદ્યાર્થીએ શાળાને જીવંત રાખવા યથાયોગ્ય યોગદાન આપતાં રહેવું જોઇએ. જેઓ આર્થિક ટેકો આપવા સક્ષમ છે તેવા

લોકોએ શાળાને બગીચામાં જે રીતે માળી ફૂલઝાડનું જતન કરે છે, તેવી જ રીતે શાળાનું જતન કરવું એ પ્રત્યેક વિદ્યાર્થીની ફરજ છે. માળી ફૂલઝાડને પાણી આપે છે, ટેકો આપે છે કૂંપળોનું કટિંગ કરે છે તે જ રીતે આપણે પણ શાળારૂપી બાગમાં વિકસતા વિદ્યાર્થીઓના વિકાસમાં યથાયોગ્ય યોગદાન આપી, શાળાઋણમાંથી મુકત બનવું જોઇએ આ જ ઈશ્વરનો સાચો સંદેશ છે. આપણે આ કાર્ય કોઇ યશ કીર્તિ માટે નહિ પરંતુ આપણા જ આનંદ માટે, આપણા સુખ માટે કરતાં રહેવું જોઇએ. જે દીપ પ્રગટી અન્યને પ્રકાશિત કરે છે, તે જ દીપક અન્ય દીપકના પ્રાગટયમાં એટલું જ યોગદાન આપવા તત્પર હોય છે. પ્રત્યેક દીપની જયોત અન્ય દીપની જયોતને પ્રજવલિત કરવા હંમેશાં તૈયાર હોય છે તે જ રીતે આપણે પણ અન્યના જ્ઞાન માટે શાળારૂપી દીપને પ્રજવલિત કરતાં રહેવાનું છે. શાળા સજીવ છે, તે બોલે છે. આપણે શ્રદ્ધા અને વિશ્વાસરૂપી કર્ણોથી તેના શબ્દો સાંભળી તેનો પ્રતિસાદ આપવાનો હોય છે. આપણો સાચો પ્રતિસાદ આપણી શાળાના વિકાસમાં આપણે કરેલ આપણું યોગદાન છે. આવતા દિવસોમાં આ જ શાળાના ભાવિ વિદ્યાર્થીઓ માટે આર્થિક ઉપાર્જનનું વ્યવસાયલક્ષી કેન્દ્ર અને તેના ઉત્થાન માટે હૉસ્ટેલ આપણે સૌ મળી પ્રસ્થાપિત કરી શકીએ તેવી પરમકૃપાળુ પરમેશ્વરને મારી પ્રાર્થના છે. આ પ્રાર્થનાના સંવાદને આપ સૌનો મધુર સ્વર જરૂર ટેકો આપશે તેવી મને શ્રદ્ધા છે.

શ્રવણ દીપકલાની દુનિયામાં પ્રસ્થાપિત આ શાળાના પ્રત્યેક કર્મયોગી કર્મચારીઓ શ્રવણના ઉપાસક જેમણે આંખોની દૃષ્ટિ ગુમાવી છે, એવા તેજસ્વી તારલાઓને મુકત આકાશમાં અડચણરૂપ વિહરતી વાદળીઓને પરાસ્ત કરી, આકાશને તેજસ્વી કરી શકે તેવા પ્રકાશમય બનાવવા જ્ઞાનના પ્રકાશથી પ્રજ્જવલિત કરવાના જયારે સફળતાપૂર્વક ચાલતાં કર્મયજ્ઞમાં પોતાનો યત્કિંચિત્ ફાળો આપશે ત્યારે જ શાળાની ભીંતોમાંથી જે શબ્દનો નાદ શ્રદ્ધા ને



વિશ્વાસરૂપી કર્ણ સાથે સતત અથડાતો રહે છે. તેને યોગ્ય પ્રતિસાદ આપવા માનવીય તેમજ ભૌતિક આ દિવ્ય દરબાર સફળતાની સિદ્ધિનાં શિખરો સર કરી શકશે. પ્રત્યેક વિદ્યાર્થીના અરમાનોને સફળ બનાવવા શાળાના સંવાદો હૃદયસ્પર્શી બનાવી, એક-એક પ્રતિભાના પુષ્પને બાગમાં ખીલવાની યોગ્ય તક મળે તે માટે કર્મયજ્ઞના પ્રત્યેક કર્મધારીએ માનવતાની મહેક પ્રસરાવવા પોતાનું માળીત્વ પુરવાર કરવું રહ્યું. શાળા શિક્ષણ સાથે વિદ્યાર્થીનું ચારિત્ર્યનું ઘડતર થાય તેવાં ચરિત્રોનું શિક્ષણ આપી, આંખોવિહોણા તેજસ્વી તારલાઓ, સમાજને પ્રકાશિત કરવા આગળ આવે તેવા શૈક્ષણિક કાર્યક્રમો અમલમાં મૂકવાના મહાયજ્ઞને પોતાની કર્મ આહુતિથી પ્રજવલિત કરવા રહ્યા. શિક્ષણ એ નિશ્ચિત પાઠયક્રમ નથી. શિક્ષણ એ વ્યકિતમાં પડેલી સુષુપ્ત શકિતઓને જગાડવાની પારાશીશી છે. તે લોખંડમાં પડેલી સુવર્ણ ધાતુની શોધ છે. હકીકતમાં શિક્ષક કોઇપણ વિદ્યાર્થીને શીખવતો નથી, તે તો વિદ્યાર્થીમાં છુપાયેલી શકિતઓને જગાડવાનું કામ કરે છે. મારી શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓની આવી શકિતઓને જગાડવાનું કામ જરૂર કરતા રહેશે તેવી મને શ્રદ્ધા છે.

૨૨

# સૂક્ષ્મદષ્ટિ

સામાન્ય રીતે આપણા પરિપ્રેક્ષ્યમાં આવતી ચીજવસ્તુઓ, વ્યકિતઓ, પશુ-પક્ષીઓ, વૃક્ષો વગેરેની અનુભૂતિ આપણને ઈશ્વર દ્વારા મળેલ આંખોની સૂક્ષ્મદષ્ટિથી થાય છે. આ દષ્ટિ મંદ અથવા તીક્ષ્ણ હોય શકે. મંદદષ્ટિના લોકો પરિપ્રેક્ષ્યમાં આવતી ઉપરોકત બાબતો સંપૂર્ણ રીતે જોઇ શકતા નથી. આ તો થઇ આપણી બાહ્ય દષ્ટિની વાત. ઈશ્વરે પ્રત્યેક જીવને મહામૂલી અંતર દષ્ટિ આપી છે, તેના વિશે હું આ પ્રકરણમાં વિગતે વાત કરવા જઇ રહયો છું.

આ આંતરિક દષ્ટિ પ્રત્યેક વ્યકિતને ઓછા વધુ પ્રમાણમાં હોય છે. જેઓ અંતર્ ધ્યાનનાં અનુભવી છે. સાધક છે તેઓની આ દષ્ટિ તીવ્ર હોય છે, જેના કારણે તેઓ ખૂબ જ દૂરનું આ દષ્ટિ વડે જોઇ શકે છે અર્થાત્ તેના વિશે અગાઉથી જાણકારી મેળવી શકે છે. બાલ્યવસ્થામાં મનમાં ઘણા પ્રશ્નો ઉદ્ભવતા. પ્રત્યેકના ઉત્તર માટે મારું મંથન ચાલતું. જેના પરિણામે સૂક્ષ્મદષ્ટિ કેળવવા વિશેષ પ્રયાસ આરંભ્યો. ઝગમગના નામથી મારી એક લખાયેલી કવિતા જેનું શીર્ષક સૂક્ષ્મદષ્ટિ આપેલ છે. આ પંકિતઓમાં ખૂબ જ મહત્ત્વના પ્રશ્નો ખુદ ઇશ્વર સામે રજૂ કર્યા છે.

## સૂક્ષ્મદષ્ટિ

**સૂક્ષ્મદષ્ટિ નાખું ભારી, દેખું સર્જક સૃષ્ટિ તારી;**
**પૂછું પ્રશ્ન માધવ ધારી, શાને સજર્યા નર ને નારી ? સૂક્ષ્મદષ્ટિ...**
**રાત્રે ટમકે કોટી તારા, દિવસે ઝબકે સૂરજદાદા;**
**પૂછું પ્રશ્ન જટાધારી, સઘળું રહસ્ય શાને ભારી ? સૂક્ષ્મદષ્ટિ...**
**મેઘધનુષની શોભાન્યારી, ફૂલની સુગંધ લાગે પ્યારી;**
**પૂછું પ્રશ્ન વૈકુંઠધારી, શાને સર્જી અમાસ અંધારી ? સૂક્ષ્મદષ્ટિ...**

આ સૂક્ષ્મદષ્ટિ એટલે શું ? પ્રશ્ન સ્વાભાવિક ને હૃદયને અસર કરે તેવો છે! પંકિતમાં કહેવાયું છે. શાને સજર્યાં નર ને નારી અર્થાત્ સૃષ્ટિ નિર્માણ પાછળનો ઉદ્દેશ જાણવાનો પ્રયાસ હૃદયને કોરી ખાય છે, તેની વ્યથા કાવ્યમાં રજૂ કરવામાં આવી છે. આવી અસરકારક પંકિતઓમાંથી જીવનના અનેક રહસ્યો ખોલી શકાય તેવી તેજસ્વી દૃષ્ટિના દર્શનથી ઘણું મેળવ્યું છે. સુંદર સુશોભિત મઘમઘતું ગુલાબ કાંટાની વચ્ચે ખીલે છે. અર્થાત્ આ સંગંધિત પુષ્પની આસ-પાસ દુર્જન લોકોનું મોટું ટોળું હોય છે. તેનાથી સિદ્ધિ પ્રાપ્ત કરનાર વ્યકિતએ કદી ચલિત થવું જોઇએ નહિ. આજે જેઓ સત્તાના સિંહાસન પર બિરાજમાન છે, તે ગુલાબ મારફત પોતાની સુગંધ અન્ય સુધી પ્રસરાવી જગતને પોતાની મહેકથી ભરી દેવા ઇચ્છતાં હોય તો તેમણે તટસ્થ રહી પોતાની જાતને સંભાળી, કાર્ય કરવું રહ્યું. એવી જ રીતે સુશોભિત કમળ કાદવ વચ્ચે પણ ખીલી ઊઠે છે. તે આસપાસની ગંદકીથી ચલિત થયા વિના આ જ ગંદકીમાં ઉત્પન્ન થતાં જીવાણુ, વિષાણુ અને બેકટેરિયામાંથી ખોરાક મેળવી પોતાની જરૂરિયાતો પૂર્ણ કરી, જાતને વિકસાવે છે. એવી જ રીતે ખૂબ નબળા વર્ગમાં જન્મ પામતાં બાળકો કે શારીરિક વિષમતાનો ભોગ બનેલા બાળકોએ પણ પોતાના શારીરિક અને માનસિક મર્યાદાઓને ઓળંગી આગળ વધતાં રહેવું જોઇએ. આ જ મારી સૂક્ષ્મદષ્ટિનું દર્શન છે.



શારીરિક કે માનસિક પડકારોનો જેણે સામનો કરી આગળ વધવાનું છે તેવા પ્રત્યેક વ્યકિતએ અહીં દર્શાવેલી કેટલીક વિગતોનો જીવનપર્યંત્ સ્વીકાર કરવો રહ્યો.

(૧) જેમણે પૂર્ણ અંગોની શકિત મળવાથી તે પૂર્વજન્મના કર્મનું કરજ ચૂકવવાને બદલે કરજની રકમમાં તોતિંગ વૃદ્ધિ જ માત્ર કરશે તેવી શ્રદ્ધા હોય ત્યારે ઈશ્વર તેને કેટલાક પડકારો સાથે જગત પર મોકલે છે.

(૨) જે આત્માને સૃષ્ટિ પર આવ્યા પછી તેમના હસ્તે સુંદર કાર્યો કરાવી, તેમના પૂર્વ જન્મના પુરસ્કારો અર્પણ કરી, ગૌરવરૂપ જીવનની સિદ્ધિઓનાં શિખરે રાજયાભિષેક કરાવી, ઉત્તમ માનવતાનાં દર્શન કરાવવાનો માત્ર ઉદ્દેશ છે. જેનાથી અન્ય માનવીઓને પણ પ્રેરણા પ્રાપ્ત થાય. આ અને આવા અનેક હેતુસર સૃષ્ટિના સર્જક પરમ કૃપાળુ પરમેશ્વર જીવાત્માને જુદા જુદા સ્વરૂપમાં, જુદા જુદા શરીરના કવચ સાથે ચોક્કસ સમય માટે નિશ્ચિત કરાયેલ કાર્યોની ફૂલશ્રૃતિ માટે મોકલે છે અને તે માટે તેને પૂરતી ઊર્જા પણ આપે છે. જેથી કોઇ પણ વ્યકિતએ જે કોઇ સફળતા મેળવી છે તેણે સફળતા માટે કદી ગૌરવ લેવું ઉચિત નથી. જે કોઇ વ્યકિતને સફળતા માટે કારણરૂપ સમજવામાં આવે છે તે તો માત્ર ઈશ્વરની તેના પ્રત્યેની કૃપાદષ્ટિની કમાલ છે.

સામાન્ય બાળક તરીકે જન્મ પામેલ, પોતાની બાલ્યવસ્થામાં જ આંખોની દષ્ટિ ગુમાવે, તેમ છતાં અન્ય દષ્ટિવાન બાળકો સાથે તેઓ જે રમતો રમતાં હોય તેવી બધી રમતોમાં ભાગ લઇ, એક સામાન્ય બાળકની માફક બધાં જ ક્ષેત્રોમાં ઝંપલાવી, વિષમ પરિસ્થિતિમાં પણ સફળતા મેળવી શકે તેવી ઊર્જા પ્રાપ્ત કરતું હોય તે માત્ર ઈશ્વરની તેમના પ્રત્યેની સંવેદના દર્શાવે છે. જેને બધું આપવાથી કદાચ સૃષ્ટિનિર્માણના ઉદ્દેશોને હાનિ કરી શકે તેમ લાગતું હોય ત્યારે તેને કેટલીક પરિસ્થિતિઓના પડકાર સાથે મોકલવામાં આવે છે તેમજ તે પડકારો તે ઝીલી શકે તેવી વિશિષ્ટશકિતઓ પણ તેને સૃષ્ટિના અધિપતિ દ્વારા પ્રાપ્ત થતી હોય છે. તેના જીવનમાં આવતા અવરોધોને તે સુપેરે પાર પાડી શકે

તેવી કાળજી પણ સૃષ્ટિના સર્જક અચૂક લેતા હોય છે! તેની મને અનેક વેળા પ્રતીતિ થઇ છે. ઘાસનાં ખેતરોમાં ફરતાં ફરતાં બંને પગની વચ્ચેની જગ્યામાંથી સાપ સડસડાટ પસાર થતા અનુભવ્યા છે. તેણે કદી ડંખ મર્યો નથી. જેઓ કશું જ જોવા માટે અસમર્થ છે એવા વ્યકિતના બે પગની વચ્ચેની જગ્યામાંથી જ સાપ પસાર થાય તેવા સંજોગો ઈશ્વર સર્જે છે! સાપ ઉપર કદી ભૂલથી પણ પગ મુકાયો નથી તેમાં એક માત્ર ઈશ્વર જ કારણરૂપ છે. કેટલીક વેળા તીક્ષ્ણ ચીજવસ્તુઓની બાજુમાંથી પસાર થતી વખતે તેની તીક્ષ્ણધારથી ઈશ્વર સફાળો બચાવ કરી લીધો હોય તેવું પણ અનેકવાર બન્યું છે. તેથી બાહ્ય કે આંતરિક દૃષ્ટિ કરતાં પણ ઈશ્વરની કૃપા દ્દષ્ટીને હું વધુ મહત્ત્વની માનું છું. જિંદગી જે આપે છે, તે જ જિવાડે છે ને જિંદગી જિવાડે છે તે જ જિંદગી પર પૂર્ણવિરામ પણ મૂકે છે. આ બધી બાબતોથી આપણે સંપૂર્ણ અવગત હોવા છતાં સઘળું મેળવવા જાત-જાતના નુસખાઓ કરીએ છીએ. કેટલીકવાર પ્રપંચ અને કપટની માયાજાળ રચીએ છીએ. આ બધી બાબતોનો મને હંમેશા ડર લાગે છે, કારણ કે માનવજાતનું ઈશ્વર દ્વારા સર્જન સૃષ્ટિની દેખભાળ માટે થયું છે. તે વાત આપણે સદંતર ભૂલી રહયા છીએ, આ વાત આપણે ભૂલી ગયા છીએ, માટે આજ નહિ તો કાલે ઈશ્વરનો ઠપકો આપણને મળવાનો છે. એટલે વધુ એક મારી પંકિતમાં ઝગમગના નામે લખ્યું છે. કાવ્ય ઝગમગ

**જયાં કપટના ...**

**કંટક પથરાય છે, ત્યાં મારું દિલ ગભરાય છે. જયાં પારકાં સુખ હરાય છે. ત્યાં પ્રભુ પણ પિડાય છે.**

**જયા કપટનાં ...**

**ફૂલ્યા ફૂગા ફૂટી જાય છે. એ યાદ કયાં રખાય છે ? જયાં સત્ય ત્યજી ચલાય છે, ત્યાં ઠાલા ધર્મ પળાય છે. જયાં કપટના...**



જે ઉપર ઊજળા દેખાય છે. એ ભીતરમાં જુદા જ હોય છે; નિશાથી તો દિનકર પણ ડઘાય છે, જાણીને ઝગમગ ઘવાય છે. જયાં કપટના...

મને મારી અંતરની સૂક્ષ્મ દૃષ્ટિ વડે જે જગતના પ્રપંચ દેખાયા તે કદાચ ચર્મદષ્ટિથી હું નિહાળી શકયો ન હોત આંખો વડે પ્રાપ્ત થતી દૃષ્ટિ બાહય દૃશ્યોનું ચિત્રામણ મગજસુધી પહોંચાડે છે, પરંતુ આંતરિક દૃષ્ટિ આધ્યાત્મિક દૃશ્યોમાંથી મળતું તેજ આપણા સુધી પહોંચાડી તેના અજ્ઞાનનું અંધારું ઉલેચવામાં સહાયભૂત થાય છે. આવી દૃષ્ટિ પ્રત્યેક વ્યકિતને પ્રાપ્ત થાય તેવી અંતઃપૂર્ણ અભ્યર્થના.

૨૩

# દંભીઓની દુનિયા

માનવ સૃષ્ટિ નિર્માણમાં ઈશ્વરનું એ આગવું સર્જન છે. ઈશ્વર સર્જિત તે માનવ જે કાંઇ છે, તેના કરતાં વિશેષ પ્રસ્તુત કરી સૌ કોઇને મોહિત કરવામાં આગવી કલા ધરાવતો હોય છે. મેં હંમેશાં જોયું છે, કહેવાતા નેતાઓ, સત્તાધીશો કે અધિકારીઓ જેટલી વાતોમાં કોમળતા અને નિર્મળતા બતાવે છે, તેટલા તેઓ પોતાની ફરજો માટે વાસ્તવિક કોમળ કે નિર્મળ હોતા નથી. કેટલીકવાર ખૂબ શિસ્તનો આગ્રહ રાખનાર લોકો પણ સ્વયં શિસ્તવાદી હોતા નથી. રાહતની ચીજવસ્તુઓ ખરીદવાના કેન્દ્રો પર કતારમાં ઊભેલા લોકો કતાર તોડી આગળ પહોંચી જવા મથામણ કરતા જોવા મળે છે, એવી જ રીતે દેવ મંદિરમાં દર્શનાર્થીઓ કરે છે. રસ્તા પર જીવલેણ અકસ્માતના કારણે પટકાયેલ લોકોના ફોટો ખેંચવામાં જેટલા લોકો ઉત્સુકતા દર્શાવે છે, તેટલા તેની સહાય માટે આગળ આવતા નથી. સેવાના નામે લાખો રૂપિયાનું કલબમાં આંધણ મૂકતાં લોકો પોતાના માતા-પિતાની સમયસર સંભાળ લેતા નથી. કેટલાક પરિવાર પોતાનાં માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં ધકેલી દઇ આવી કલબમાં જોડાઇ સેવાનો ડોળ કરે છે. કેટલાક વક્તાઓ શાંતિ અને શિસ્ત પર ભાષણો આપતા હોય છે, પરંતુ તેવા લોકોને જયારે મળવાનું થાય ત્યારે તેઓ હંમેશાં લાલ-પીળા જ હોય છે! ઉદ્ધતાઇ તેમના વ્યવહારનો જાણે વિકલ્પ બની ગયો હોય તેવું તેના વર્તનમાં

દેખાય છે. સેવાના નામે કામ કરતી સંસ્થાઓમાં પણ તેના સાચા લાભાર્થી માટે મોટાભાગની સંસ્થાઓમાં કોઇ યોગ્ય પગલાં લેવાતાં નથી કે કામ થતું નથી, પરંતુ જયારે આવી સંસ્થાના ડોકયુમેન્ટ, વેબસાઇટ કે વીડિયો આપણને જોવા મળે છે ત્યારે આવી સંસ્થાઓ પ્રવૃત્તિથી આદર્શ સંસ્થાઓ દેખાય છે. લાભાર્થીઓનું સાંભળીએ તો તેઓ કશુંક જુદું જ કહેતા હોય છે! એવી જ રીતે લોકશાહીની વાતો કરતી સરકારના પ્રતિનિધિઓનું પણ છે. પોતાની વાસ્તવિક માંગણી કે રજૂઆત માટે આવનાર નાગરિકને કચેરીઓમાંથી ઉત્તર મળતા નથી. ફરિયાદપત્રોના નિકાલ માટેની કોઇ સુચારુ વ્યવસ્થા કામ કરતી નથી. કાગળ પર તંત્ર જે વ્યવસ્થા બતાવે છે, તેનું વાસ્તવમાં નામ-નિશાન જોવા મળતું નથી. એક ટેબલ પરથી બીજા ટેબલ પર માંગણી કે મંજૂરી માટે રજૂ થયેલ ફાઇલ પહોંચતાં દિવસો લાગે છે ને એટલામાં કોઇ ભ્રષ્ટાચારી આવી ફાઇલોને દબાવી દે છે. આ જ લોકો જાહેર સભાઓમાં કંઇક જુદી જ વાતો કરતા હોય છે!

ઉપર્યુકત બાબતો પર મારાં વર્ષોના અભ્યાસ પછી હું એક નિષ્કર્ષ પર આવ્યો છું અને તે પોતાની જાતને કાર્યશીલ રાખવાનો અને અન્યના દોષોને અવગણી માત્ર પોતાની જાતને જ કાર્યશીલ રાખવી તે છે. જો આ ઉકિતનો જીવનમાં પ્રત્યેક વ્યકિત અમલ કરશે તો જગતની બધી જ સમસ્યાઓ આપમેળે ઊકલી જશે. ઈશ્વર આપણી કસોટી કરે તે વેળાએ પણ આપણે હંમેશાં કાર્યશીલ રહેવું જોઇએ. પરિશ્રમી લોકો જ સફળતાને પામે છે એટલે જ ગુજરાતીમાં કહેવત છે કે ‘‘કઠોર પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી.’’ વિકટ પરિસ્થિતિમાં પણ વ્યકિતએ કાર્યાન્વિત રહી પરિશ્રમને ત્યજવો ન જોઇએ. કુદરતી આફત કે અણધારી મુશ્કેલીને પણ આપણે અવગણી, આગળ વધતા રહેવું જોઇએ. એટલે જ મેં મારી એક પંકિતમાં લખ્યું છે કે, ‘‘આંખોના દ્વાર ભલે લઇ લીધા નાથ, તોય દિવ્ય દીધા છે દરબાર’’ અર્થાત્ આંખોનું તેજ પરમકૃપાળુ પરમેશ્વર! તેં કદાચ ભલે મારી પાસેથી લઇ લીધું છે, તેમ છતાં મને ખૂબ મોટો વૈભવ આપ્યો છે, બુદ્ધિ આપી છે, કામ કરવા માટે કર્મનિષ્ઠા આપી



છે. તેનાથી વિશેષ લોકોનો સદ્ભાવ આપ્યો છે. આટલું બધું જયારે તેં મને આપ્યું જ છે ત્યારે તે મારા માટે વૈકુંઠના રાજથી પણ વિશેષ છે. એટલે જ મેં લખ્યું છે : ‘દિવ્ય દીધા છે દરબાર.’ કારણ, આંખોની રોશની ગુમાવ્યા પછી જીવનમાં અનેક સંઘર્ષોનો સામનો કરવાનો આવ્યો, પરિણામે મારી જાતને દંભી લોકોથી મને અલગ કરવાનો મોકો મળ્યો. ડગલે ને પગલે એક યા બીજી બાબતમાં દંભી લોકોનો જીવનમાં પરિચય થતો રહયો. કેટલાક લોકો ઉપવાસ-એકટાણા કરતા હોય છે. રોજ જેટલી કેલરી ન લેતાં હોય તેના કરતાં ત્રણ ગણી કેલરી મળે તેટલો ખોરાક લીધા પછી પણ તે ઉપવાસ કહેવાય છે. એવી જ રીતે ભૂખે ટળવળતાં લોકોને ધકેલી ધનાઢ્ય લોકોને જમવા માટેનાં નોતરાં આપવામાં આવે છે. સત્કાર સાથે આવા લોકોને ભોજન પીરસાય છે. વધ્યું ઘટયું ભોજન ભૂખ્યા લોકોને કૂતરાની માફક એંઠું જૂઠું આપતાં ખચકાતાં નથી. જગત દંભી લોકોથી ઉભરાય રહ્યું છે. તેમાં સત્યનો એક શ્વાસ લેવો પણ ખૂબ કપરો છે. જીવન મનુષ્યને પોતાની પસંદગી મુજબ મળતું નથી તેમજ વારંવાર માનવ અવતાર મળતો નથી. તેમ છતાં આપણે આપણા કિંમતી માનવ જીવનને વેડફી નાખીએ છીએ. કદી આપણે મૂલ્યવાન જિંદગીનો વિચાર કર્યો નથી. અન્યથી આગળ નીકળી જવા જેટલા અસત્યના મહોરા પહેરવા પડે તે ધારણ કરી આપણે હરણદોટ મૂકીએ છીએ, માટે દંભીઓની દુનિયામાંથી પરમ કૃપાળુ પરમેશ્વરને યાત્રા સફળ પાર પાડવા અંતરથી પ્રાર્થું છું.

૨૭

# મારી શાળાના વિકાસમાં મારું યોગદાન

અમેરિકાની અંધ-બહેરી-મૂંગી હેલન કેલર કે જેમણે પોતાની વિશિષ્ટ શકિત દ્વારા વિશ્વભરમાં પોતાનું નામ રોશન કરી સમગ્ર વિકલાંગ જગતનું ગૌરવ વધાર્યું છે. એવી જ હેલન-કેલરના જન્મદિવસની ઉજવણીના ભાગ રૂપે આપેલ વકતવ્યનું લેખિત ભાષણ સંસ્થાના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને કાર્યકરોની કાર્ય કરવા પ્રત્યે રુચિ વધતી રહે તેવા ઉમદા હેતુસર આ પુસ્તકમાં સમાવવાનું મને ઉચિત લાગ્યું છે, તેથી શબ્દશઃ આ પ્રવચન લેખિત સ્વરૂપે આપની સામે રજૂ કરી રહયો છું.

શાળા કે સંગઠન કોઇપણ નિર્માણ થતી પરીસ્થિતિના કારણે અસ્તિત્વમાં આવતાં હોય છે. મુખ્યત્વે આવા સંગઠનમાં બે તત્ત્વોનો સમાવેશ થયેલો જોવા મળે છે. (૧) ભૌતિક (૨) માનવીય.

(૧) ભૌતિક :-

જમીન, મકાન, ફર્નિચર, કૉમ્પ્યૂટર, વિવિધ વિજ્ઞાનના પ્રયોગના સાધનો કે ઉપકરણો વગેરે ભૌતિક બાબતો ગણાય. એવી જ રીતે (૨) વિદ્યાર્થી કે લાભાર્થી, શિક્ષક કે અન્ય કર્મચારીઓ, કાર્યકરો, દાતાઓ વગેરે માનવીય તત્ત્વમાં આવે. આજે શાળા પાસે ભૌતિક સંપત્તિ આપણી જરૂરિયાતો પૂર્ણ કરી શકે તેટલી પૂરતી છે. માનવીય સંપત્તિના વિકાસ માટે તેના મનોસામાજિક

પાસાંઓ સહિત આપણે હજુ ઘણું કામ કરવાનું બાકી છે. કારણ કે દિન-પ્રતિદિન ટૅકનોલોજીનો અવિષ્કાર થઇ રહયો છે. રોજ નવી ટેકનોલોજી નવાં સંસાધનો અને સૉફટવેર તૈયાર થઇ બજારમાં આવી રહયાં છે, તે પ્રત્યેકનો આપણે ઉપયોગ કરતાં શીખવું પડશે તો જ આપણે શાળા વિકાસની નવી ક્ષિતિજો કે બારીઓ ખોલી શકીશું.

## શાળા વિકાસના તબક્કાઓ

**(અ) ભૌતિક ::-**

બજારમાં આવતી પ્રત્યેક ટેકનોલોજીને અનુરૂપ શાળાનું ભવન અને ફર્નિચર વસાવવાં પડશે. શાળા બિલ્ડિંગ કે કંપાઉન્ડની યોગ્ય દેખભાળ અને સફાઇ પર ધ્યાન આપવું પડશે.

**(બ) શૈક્ષણિક ::-**

પાઠયપુસ્તકના શિક્ષણની સાથોસાથ સહ અભ્યાસક પ્રવૃત્તિઓના વિકાસ માટેના કાર્યક્રમો તૈયાર કરવા પડશે. યોગ્ય માનસિક ક્ષમતાને કેળવવા સુદઢ શરીર તૈયાર કરવા રમત-ગમતને પણ જીવનમાં પૂરતું મહત્ત્વ આપવું પડશે. સંગીત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતા રહી, શાળા ટોચનું સ્થાન હાંસલ કરે તેવા પ્રયત્નો કરવા પડશે.

**(ક) સામાજિક ::-**

શાળામાંથી શિક્ષણ મેળવી સમાજમાં પુનઃસ્થાપિત થનાર પ્રત્યેક વિદ્યાર્થી સમાજની ગતિવિધિઓથી અગાઉથી જ અવગત બની પોતાની જાતને સમાજની મુખ્ય ધારામાં સ્થાન મેળવવા સક્ષમ અને પ્રબળ બને તેવી તેને કેળવણી મળી રહે તેવો પ્રબંધ શાળામાં કરવો પડશે.

**(ડ) આર્થિક ::-**

ઉપરોકત બધી જ પ્રવૃતિઓને પહોંચી વળવા સંસ્થાને પૂરતો આર્થિક ટેકો મળે તેવી પરિણામલક્ષી પ્રવૃત્તિઓને સ્થાન આપી દાતાઓનું આકર્ષણ



વધારવું પડશે તેમજ શાળા પોતે પણ પોતાના વિદ્યાર્થીઓ મારફતે થોડુંઘણું આર્થિક ઉપાર્જન કરી શકે તેવી વ્યવસ્થા પ્રસ્થાપિત કરવી પડશે.

**(ઇ) આધ્યાત્મિક ::-**

જે રીતે વૃક્ષ પર ફળ લાગે છે ત્યારે વૃક્ષ નીચેની તરફ ઝૂકી પડે છે. એટલે કે તે ફળરૂપી સંપત્તિ પ્રાપ્ત કર્યા પછી અન્યને આદર આપવાનું ચૂકયા વગર જે રીતે પોતાની નમ્રતાનો પરિચય કરાવે છે, તેવી જ રીતે શાળામાંથી શિક્ષણ મેળવનાર પ્રત્યેક વિદ્યાર્થી સૌ કોઇ સાથે આદર ભાવથી વર્તે, બીજાને સન્માન આપી, પોતે પણ સન્માનિત બને તેવું આધ્યાત્મિક શિક્ષણ શાળાના પ્રત્યેક શિક્ષક ભાઇ - બહેનોએ વિદ્યાર્થીને પૂરું પાડવું પડશે. જયાં સુધી વિદ્યાર્થીમાં શિસ્તના ગુણો શિક્ષક નિર્માણ કરી શકે નહિ ત્યાં સુધી વિદ્યાર્થીએ મેળવેલી ડિગ્રી અર્થપૂર્ણ બનતી નથી, તેથી વિદ્યાર્થીની આધ્યાત્મિક કેળવણી માટે સંસ્થાએ ખાસ ભાવાત્મક વાતાવરણ પ્રસ્થાપિત કરવું પડશે.

## -: બદલાતા સમયમાં નવા અભિગમો અપનાવી સમાયોજન સાધવાની તૈયારી :-

જેમ સમય વીતે છે તેમ વ્યકિતની જરૂરિયાત, લાક્ષણિકતાઓ ને સમાજના રીત રિવાજો બદલાય છે. આ બધી બાબતો સાથે સમાયોજન સાધવા શાળાએ અર્થાત્ શાળામાં કાર્યરત સૌ કોઇએ પરિવર્તનશીલ રહેવું પડશે, તો જ આપણી શાળા બદલાતા સમયમાં ટકી શકશે, પ્રગતિ કરી શકશે.

**નૂતન પરિણામોનો સ્વીકાર અને સુધારણાને અવકાશ ::-**

બદલાતી પરિસ્થિતિના પ્રત્યેક પડકારને સમજી નવા પરિણામોને સ્વીકારવા પડશે, તેમજ જરૂરી સુધારા - વધારા કરવા તૈયાર રહેવું પડશે તો જ શાળા વિકાસની કંડારેલી કેડી પર આગળ વધી મંજિલ સુધી પહોંચી શકાશે.

**શાળા પ્રત્યે માતૃભાવ ::-**

શાળાનાં પ્રત્યેક વિદ્યાર્થીએ શાળા સાથે માતૃભાવ કેળવી તેના લાલન-

પાલન અને વિકાસ માટે કાર્યરત રહેવું પડશે.

**મારી શાળા મારી શોભા ::-**

કોઇપણ વ્યકિત જે કાંઇ શીખે છે તે તેની શિક્ષણ આપતી શાળાને આભારી હોય છે. કોઇપણ વ્યકિતનું ઘડતર તેની શૈક્ષણિક શાળાને કારણે થતું હોય છે એટલે જ આપણા કોઠારી કમિશને પોતાના અહેવાલમાં કહ્યું છે કે 'દેશના સાચા ભાવિનું ઘડતર તેની વર્ગખંડની ચાર દીવાલોની વચ્ચે ઘડાય છે.' તેથી આપણી શાળાની શોભા વધે તેવા તમામ પ્રયત્નો આપણે સૌએ જીવનપર્યંત કરતા રહેવું પડશે. કારણ કે શાળા જ મારી 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' છે વળી, મારું શાળા સંકુલ મારા માટેનું વેદોનું ઉદ્‌ગમ સ્થાન છે. તેમજ મારા પ્રત્યેક શિક્ષાગુરુ મારા માટે ગુરુ સાંદીપનિ છે. હું અહીં ઇશ્વરના આદેશથી જ મારું અને મારા સમાજનું કલ્યાણ કરવા આવ્યો છું. તેથી હું મારી શાળાના વિકાસમાં મારું યથાયોગ્ય યોગદાન આપીશ.

હું આ શાળાનો વિદ્યાર્થી, કર્મચારી, કાર્યકર કે દાતા છું, તેનું મને ગૌરવ છે. મારી શાળા સંસારરૂપી બાગનું ઉત્તમ સુવાસિત પુષ્પ છે. તે દુનિયાભરમાં મહેકશે, તેની મને શ્રદ્ધા છે. તેથી મારી શાળા ચોમેર પ્રગતિની સુવાસથી સર્વત્ર પ્રસરશે ને મહેકશે. ''ભાવેણા ગામમાં ને વિદ્યાના ધામમાં, સોહામણી શાળા દેખાય, શાળા મારી કેવી રૂપાળી'' !

આ પુસ્તક તેના પ્રકાશનના અંતિમ તબકકા પર પહોંચ્યું છે ત્યારે અત્રે એક વાતનો ઉલ્લેખ કરવો મને અનિવાર્ય લાગે છે. રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પ્રતિવર્ષે રાજયકક્ષાએ કાર્યરત ૧૧ હજારથી વધુ માધ્યમિક શાળાઓમાંથી શાળાનું ભાવાવરણ, વિદ્યાર્થીઓએ જાહેર પરીક્ષામાં મેળવેલ પરિણામ, શાળાએ મેળવેલ સામાજિક સહયોગ, વર્ગખંડ વ્યવસ્થાપન,મેદાન અને શાળા સફાઇ જેવી મહત્ત્વપૂર્ણ બાબતોની તપાસ અને પુરાવા તપાસી શ્રેષ્ઠ સંસ્થાની પસંદગી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-'૧૭માં શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાની રાજયમાં દ્વિતીય શ્રેષ્ઠ સંસ્થા તરીકે પસંદગી કરવામાં આવી



છે. આ શાળાને જિલ્લામાં પ્રથમ અને રાજયમાં દ્વિતીય શ્રેષ્ઠ સંસ્થાનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. જે માટે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, ટ્રસ્ટીગણ, કાર્યકરો, દાતાઓ અને શુભેચ્છકોને આ પુસ્તકના માધ્યમથી હાર્દિક અભિનંદન પાઠવું છું.

૨૫

# કલ્યાણપથની યાત્રા

માનવ જીવન કુદરતની અણમોલ ભેટ છે. જે લાખો વર્ષની તપસ્યાને અંતે પ્રાપ્ત થાય છે. મનુષ્ય અવતારથી વ્યક્તિ માનવ થયો છે તેવું કહી શકાય નહીં. અન્યની સંવેદનાની જેઓ અનુભૂતિ પામી શકે છે તે જ આવી માનવતા ધારણ કરી શકે છે.

મારા જન્મકાળથી વર્ષ ૨૦૧૩ સુધીનો સમય આવી માનવતા મેળવવામાં હું સંદતર નિષ્ફળ નીવડયો છું, તેમ કહું તો જરાપણ અતિશયોક્તિભર્યું નથી. કારણ કે આ સમયગાળો મારા અહંનાં અંધકારથી ભરેલો હતો. અન્યની વેદના જાણવા કે સમજવાની બેદરકારી અને અજ્ઞાનતાના કારણે મહદ્અંશે જીવનની સાર્થકતા સાધવામાં હું પૂરતો સફળ રહી શક્યો નથી, તે મારે નમ્ર ભાવે સ્વીકારવું જોઇએ.

૭ નવેમ્બર ૨૦૧૩ નો દિવસ મારા માટે સોનાનો સૂર્ય થઇ આવ્યો. જીવલેણ તાવ, અનેક અક્ષમ્ય બીમારીઓમાં હું પટકાયો. અંતિમ ઘડીમાંથી ઈશ્વરે આબાદ બચાવી લઇ માનવતાના સુવર્ણ સંદેશ સાથે નવી જિંદગી જીવી જવા સોનેરી તક પૂરી પાડી.

મારા જીવનમાં આતમનાં અજવાળાં ફેલાયાં. સ્થૂળ પ્રકાશિત જગતની

વિટંબણાનો મને પરિચય થયો. અહમ્ સર્વ દુઃખનું કારણ છે. તેનો જીવનમાં સદંતર ત્યાગ કરી, અન્યના હિતાર્થે જિંદગી જીવવી તે જ સાચી માનવતા છે. મૂલ્યવાન માનવ જીવનના સથવારે આત્માના કલ્યાણ માટે પોતાના કર્મ વડે અન્યનું હિત કરવાની ઊજળી તક છે. તેથી બીમારીમાંથી સાજા થયા પછી પ્રજ્ઞાચક્ષુઓના સર્વાંગી વિકાસની જીવનયાત્રાને આગળ વધારવા વિશેષ ગતિ આપી, તેમના પુનઃસ્થાપન માટે અનેકવિધ પગલાં લેવા અવનવા કાર્યક્રમો તૈયાર કરી સરકાર અને સમાજ સમક્ષ મૂકયા. પરિણામે વર્ષો જૂની વિદ્યા સહાયકની ભરતીમાં સંપૂર્ણ અંધજનોને સમાવી લેવાની માંગણીનો ગુજરાત સરકાર દ્વારા સહજ સ્વીકાર કરવામાં આવ્યો. આગળના પ્રકરણમાં જણાવ્યા મુજબ અનેક માંગણીઓનો આ જ રીતે રાજય સરકારે સ્વીકાર કરી મારી કલ્યાણપથ યાત્રાને વેગ આપ્યો છે. આ માટે યાત્રામાં એનકેનપ્રકારેણ સહભાગી થનાર તમામ પ્રજ્ઞાચક્ષુ મિત્રો અન્ય શારીરિક વિકલાંગ ભાઇ-બહેનો, સામાજિક કાર્યકરો અને સરકારશ્રીનો અંતરથી આભાર માનું છું. આ બધી જ વાતોની જડ મારી બાલ્યાવસ્થાની કેટ-કેટલી અનુભૂતિઓ સાક્ષી પૂરે છે. ૭ ઑગસ્ટ ૧૯૭૫ની સંધ્યા સમયે માત્ર પ્રકાશની અનુભૂતિ કરતી મારી આંખો વડે સોનેરી સંધ્યાનાં મેં દર્શન કર્યાં હતાં. એ આહ્લાદક અને રોમાંચક અનુભૂતિ હતી ! મનની છોળો, વિચારોના વંટોળ સાથે ઘુમરાટા મારતી હતી! મહારાજની મઢી તરફથી ઘર તરફના રસ્તે જતાં નિહાળેલી આ સંધ્યા અનોખી સંધ્યા હતી. આકાશમાં મેઘધનુષ ખીલ્યું હતું. તેના રંગોની અનુભૂતિ કરી શકે તેવી મારી આંખોની દૃષ્ટિ ન હતી પરંતુ તેનું સ્પંદન જરૂર મેં અનુભવ્યું હતું. આસ-પાસ જે લોકો પસાર થતા હતાં તે મેઘધનુષના ખીલેલા આ રંગોની અદ્‌ભુત વર્ણનાત્મક માહિતી સભર વાતો કરી રહ્યા હતા. તે બધું આજે તાજું થાય છે! તે જ સંવેદના જાગી છે. મેઘધનુષના પ્રત્યેક રંગો સમાજના આવા પીડિત વર્ગના લાભાર્થીઓની તેમની જરૂરિયાત મુજબની સેવાઓ હાથ ધરવા પ્રેરિત કરે છે. જેમાં અસંખ્ય લોકો અસ્વીકૃતિનો ભોગ બન્યા છે. કોઇને રહેવા માટે મકાન, તો



કોઇને અનાજની જરૂર છે. કોઇને સરકારી કચેરીઓમાં પોતાને મળતી સુવિધાઓ મેળવવા મદદની જરૂર છે. કોઇને પોતાની પ્રતિભા વિકસાવવા તાલીમ અને શિક્ષણની જરૂર છે. આ બધી જ માહિતી તે વખતે નિહાળેલી સંધ્યાના રંગાયેલા રંગો જાણે કે મારા હૃદયમાં એક મેઘધનુષ બની સતત પ્રેરી રહ્યા હોય તેવું અનુભવું છું. એટલે જ મને લાગે છે કે જીવનનો ધબકાર મારી સ્મરણયાત્રામાં આ અનુભવો સમાવી લેવા જોઇએ. વાંચનારને આ અનુભવો તેના જીવન ઘડતર માટે જરૂર ઉપયોગી બનશે. નિયત ગતિમાં ચાલતી મારી આ જીવન યાત્રા મને સતત એક જ વાતની યાદ આપતી રહે છે કે, 'તારી જિંદગી એ જ પ્રસંગ છે, અંધજનોનો. ઉદય છે ઉમંગનો,' બીમારી પછી અનેક શારીરિક મર્યાદાઓનો સામનો કરતાં - કરતાં પણ હંમેશાં મેં આનંદ અનુભવ્યો છે, નિત નવાં કાર્યો, નવી ક્ષિતિજો ખૂલે તેવા પ્રયાસો, અન્યના આત્મવિશ્વાસને વધારી શકે તેવા ઉપક્રમો હાથ ધરવા, એ જ જીવનનો સંકલ્પ બન્યો છે ત્યારે જીવનના પ્રત્યેક ધબકારને પ્રગતિની ઊર્જાથી ચેતનવંતી બનાવી, પ્રવૃત્તિઓના પ્રકાશથી જગતને ઝળહળતું બનાવવું એ જ જીવનનો મંત્ર છે.

આંગળીના ટેરવે દુનિયા જોઇ છે. ભૌતિક જગતને આંગળીના ટેરવે સમજવાનો સફળ પ્રયાસ કર્યો છે, જેનો મને સંપૂર્ણ સંતોષ છે. જે નરી આંખે જોઇ લોકો દુનિયાને સમજી ન શકે તે મારી આંગળીના ટેરવે જોયું છે. જગતની વિશિષ્ટતાઓ અને મર્યાદાઓને આંગળીના ટેરવે સમજવાનો પ્રયાસ કર્યો છે કારણ કે આ પ્રત્યેક આંગળીનાં ટેરવાં અમારી અલબેલી આંખો છે! જેના વડે જગત જાણી અને માણી શકાય છે. વળી અમારા માટે અવાજની વૈભવી દુનિયા હોય છે એટલે કે શ્રવણશકિત વડે જ્ઞાન પ્રાપ્તિ અને માહિતી મેળવી શકાય છે. જે કામ આંખોની દૃષ્ટિ ન કરી શકે તેનાથી પણ વિશેષ કામ અમારી શ્રવણશકિત કરી શકે છે. આ બધી જ શકિતઓ પ્રત્યેક અંધ વ્યકિત પોતાના જીવન વિકાસમાં વાપરી શકે. પોતાનું જીવન સરળ બનાવી સામાન્ય વ્યકિતની જેમ ઉપરોકત શકિત વડે આગળ વધી શકે, તેવા કાર્યક્રમો હું અમલમાં મૂકવા માગુ

છું. પ્રત્યેક વ્યકિત જ્ઞાન માટે અમારી અદ્યતન શ્રાવ્ય લાઈબ્રેરીનો ઉપયોગ કરી, તેમને જે જરૂર છે તેવું સાહિત્ય મેળવી, તેના જીવન વિકાસમાં ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાનો મનોરથ છે. શ્રવણશકિત ઉપરાંત કોઈપણ દૃષ્ટિહીનો માટે ઘ્રાણેન્દ્રિય પણ ખૂબ મહત્ત્વની શકિત ધરાવનાર ઈન્દ્રિય છે કારણ કે સુવાસ અને સુગંધ એ માર્ગ માટે લૅન્ડમાર્ક (નિશાની) બનતા હોય છે. અહીં મારે એ નોંધવું રહ્યું કે માર્ગ પર જુદી -જુદી સુવાસ અને સુગંધ આપતાં રેસ્ટોરન્ટ, બગીચા, ધોબીઘાટ કે અન્ય પ્રદેશોની ઓળખ આ પ્રકારની શકિતથી થઈ શકે છે. પ્રત્યેક પ્રજ્ઞાચક્ષુ માટે આવી શકિતઓનો વિકાસ થાય તેવા શૈક્ષણિક કાર્યક્રમો શાળામાં અમલમાં મૂકયા છે. હજુ પણ આ દિશામાં વિશેષ આગળ જવાનો મારો પ્રયત્ન ચાલુ રહેશે. ઉપરોકત ઈન્દ્રિયોના વિકાસના કારણે અમારી શાળાના વિદ્યાર્થીઓ માટે હું એટલું જ કહીશ કે આ બાળકોના આંગળીના ટેરવે જેને આપણે અનોખી આંખ કહેશું, કલાના રંગો ખીલ્યા છે, વિકસ્યા છે. આજે દૃષ્ટિહીનો અદ્‌ભુત સાંસ્કૃતિક કૃતિઓ દ્વારા સામાન્ય વ્યકિતની જેમ મંચ પર પોતાની કલાશકિતનાં દર્શન કરાવી સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દે છે.

મારે ઘણા મિત્રો સાથે ચર્ચામાં ઊતરવાનું થાય છે. તમે જોઈ શકતા નથી એટલે બાકી આવું પણ તમે નહિ સમજી શકો. હું આ દરેક મિત્રોને કહું કે તમે પૂરી વાત તો કરો હું બધું જ સમજું છું. મારી આંખોની દૃષ્ટિ ભગવાને લઈ લીધી છે પરંતુ તેમણે અંતરની અદ્વિતીય દૃષ્ટિ આપી છે. આ વાત સમજાવવા મેં સમાજ સામે એક વિશેષ કાર્યક્રમ આપવા મનોમન સંકલ્પ કર્યો- ''બંધ આંખે, પ્રગતિની પાંખે'' અર્થાત્ આંખોની દૃષ્ટિ ગુમાવ્યા પછી પ્રગતિની પાંખો મેળવી જીવનમાં ઉડાનભરી કેટલી સફળતાઓ હાંસલ કરી છે, તેની સંપૂર્ણ નોટ અહીં રજૂ કરવાની જો છૂટ લઉં તો હજારો પાનાં લખવાં પડે! આજ સુધીમાં અનેક લોકો સાથે મોટા મેળાવડામાં સંવાદો સાધી વિકલાંગોના ઉત્થાન માટે અનેક સંદેશા પહોંચાડયા છે અનેક નિયમોમા જરૂરી સુધારા કરાવી, લાભાર્થીઓને તેનો



ફાયદો મળે તેવી સાનુકૂળતાઓ ઊભી કરવામાં સફળતા મળી છે અનેક લોકો સાથે અંગત સંબંધો કેળવવાની સોનેરી તક પણ મળી છે. પરિણામે હું એક દિવ્ય દૃષ્ટિનો કલા વૈભવ સ્થાપી શકયો છું આ એક એવું અનોખું જગત છે, જેમાં દૃષ્ટિના અનેક દ્વાર ખોલી શકે તેવા શૈક્ષણિક કાર્યક્રમો આપી શકે તેવી રાજયની અગ્રણી સંસ્થા હું બનાવી શકયો છું, આ સંસ્થા એટલે શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા. આજે આ શાળામાં બાલમંદિરથી શરૂ કરી ધો.૧૨ સુધીનું શિક્ષણ, અનેક વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો, કૉમ્પ્યૂટર ટ્રેનિંગ, સંગીત, હૉમ સાયન્સ અને વિવિધ ગૃહ ઉદ્યોગ શાળાનાં બાળકોને શિક્ષણની સાથોસાથ વિનામૂલ્યે શીખવવામાં આવે છે. આ ઉપરાંત સુંદર ઓરકેસ્ટ્રા અને ગાયનવૃંદ તૈયાર થયું છે. ઇલેકિટ્રક મોટર રિવાઇન્ડિંગ જેવી કપરી તાલીમ મેળવી અનેક અંધજનો પોતાનું આર્થિક ઉપાર્જન કરતા થયા છે. આ ઉપરાંત રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખા, અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ, શ્રી અંધ અભ્યુદય મંડળ ભાવનગર જેવી સંસ્થાઓ મારા નેતૃત્વ નીચે અંધજનોના શિક્ષણ, રોજગાર, પુનઃસ્થાપન માટે અનેક કાર્યક્રમો રાજયભરમાં ચલાવી, પ્રજ્ઞાચક્ષુઓના સર્વાંગી વિકાસની યાત્રાને વેગ આપવાનું મહામૂલું કાર્ય કરી રહી છે. જેમાં વિકલાંગ બાળકોની સંકલિત શિક્ષણ યોજના, સંમિલિત શિક્ષણ, સમુદાય આધારિત પુનઃસ્થાપન જેવી અનેક યોજનાઓ કાર્યાન્વિત છે. આવી અનેક યોજનાઓ હજુ પણ અમલમાં મૂકવા સમાજનો સહયોગ મેળવવા માટે હું સતત પ્રયત્નશીલ રહું છું વ્યકિતગત પ્રતિભા સંપન્ન પ્રજ્ઞાચક્ષુઓને પોતાની કૌશલ્ય શકિતને નિખારવાની તક મળે તેવા પ્લેટફોર્મ આપવાની હંમેશાં તત્પરતા બતાવી છે. પરિણામે અનેક પ્રજ્ઞાચક્ષુની પ્રગતિની યાત્રા ધરતી પર આગળ વધી રહી છે. કોઈ કોમ્પ્યૂટરના ક્ષેત્રમાં, કોઈ શિક્ષણક્ષેત્રે કે કોઈ ઔદ્યોગિકક્ષેત્રે પણ હરણફાળ કરી રહ્યા છે! ધાર્મિકક્ષેત્રે પણ રાજયના એકમાત્ર પ્રજ્ઞાચક્ષુ વકતા શ્રી કૃણાલભાઈ જોષી કંઠસ્થ શ્રી મદ્ ભાગવત અને બીજા ગ્રંથોનું આગવી શૈલીમાં રસપાન કરાવી, સૌ કોઈને

મંત્રમુગ્ધ કરી રહ્યા છે! તેમની એક જ વર્ષમાં બે કથાઓનું આયોજન ભાવનગરમાં અનેક લોકોના સહયોગથી પાર પાડવામાં સફળતા મળી છે. એટલે જ આને મારી જિંદગીનો હું દિવ્ય દષ્ટિનો કલા દરબાર સમજું છું કારણ કે આંખોની દષ્ટિ ગુમાવ્યા પછી અનેક કલાઓને વિકસાવવાની તક મળી છે, અનેક લોકો વિવિધ ક્ષેત્રોમાં પોતાની કલાશકિતને કારણે જાણીતા બન્યા છે. આ એક વૈભવી દુનિયા છે, જેને માણવાનો મેં અનેરો આનંદ લીધો છે! મારી આ કલ્યાણ પથની યાત્રા હંમેશાં આગળ વધતી રહેશે. અહીં જે કોઇ પ્રસંગો રજૂ કર્યા છે તે માત્ર જીવનનો આસ્વાદ છે, ખરું જીવન તો પ્રવૃત્તિઓમાં છે, જે જીવનપર્યંત ચાલતી રહેવાની પગરવની આ દુનિયા વિસ્મય પમાડે તેવી છે! જેણે મેઘધનુષના રંગો માણી જીવનના મેઘધનુષી રંગો જાણ્યા છે અને અન્યના રંગોને વિકસાવ્યા છે કે સજાવ્યા છે.



૨૬

# મારા કાર્યક્ષેત્રની પાઠશાળા

જે રીતે શિક્ષણ નવું કશું શીખવવાનું કામ નથી કરતું તેવું ઘણા તજ્જ્ઞોનું માનવું છે તેવું જ સેવા કે સર્મપણ કોઇ શીખવી શકતું નથી તેવું હું માનું છું, શિક્ષણ જે રીતે વ્યકિતની અંદર પડેલી શકિતઓને જગાડવાનું કામ કરે છે, તેવું જ સેવાક્ષેત્રનું છે. જીવનના અવનવા અનુભવો વ્યકિતના અંતરમાં પડેલાં સેવાબીજને અંકુરિત કરવાનું કામ કરે છે.

મારા જીવનમાં સેવાક્ષેત્રની શરૂઆત કેવી રીતે અને કેમ થઇ તે તો હું જાણતો નથી, પરંતુ સેવાક્ષેત્રની મારી ખરી પાઠશાળા અંધ અભ્યુદય મંડળ ભાવનગર છે. આ સંસ્થામાં સંવેદના શું છે! તે સમજવા અને જાણવાનું મને સદ્‌ભાગ્ય સાંપડયું. જેને મારા સેવાક્ષેત્રના હું ગુરુપદે સ્થાપી શકું તેવા શ્રી શાંતિલાલ રૂગનાથ ઓઝા કે જેમના નેતૃત્વ નીચે મને અનેક ક્ષેત્રની કામગીરી કરવાની અને તે પાર પાડવાની તાલીમ મળી. તે વખતે અમારા આ મંડળની ઑફિસ ભાંગલીગેટ પાસે એક ભાડાના મકાનમાં ચાલતી હતી. જેની આજુબાજુ હીરાના કારખાના આવેલાં હતાં. હીરાઘસુ લોકો અમારી ઑફિસમાં અવાર નવાર ટેલિફોન કરવા કે પોતાનો ટૅલિફોન આવે તે લેવા માટે આવતા, તેથી આ બધા

લોકો સાથે ઠીક ઠીક સંબંધો સ્થાપિત થયા હતા. લાભાર્થી અંધજનો મંડળની ઑફિસે આવતા, તેમને આ લોકો ઑફિસથી બસ સ્ટેન્ડ સુધી પહોંચાડી આપવાનું ખૂબ સુંદર કામ કરતા હતા. તેમની આ સેવાવૃત્તિથી હું હંમેશાં ગદગદિત થતો. ગામડાના અભણ લોકોની આવી સમજ માટે મને હંમેશાં સન્માનની લાગણી થતી. કોઈવાર આવા લોકોની સંવેદના માટે વિચારોની હારમાળ પસાર થઈ જતી. અમારી આ ઑફિસે ખૂબ નબળી આર્થિક પરિસ્થિતિવાળાં અંધ ભાઈ-બહેનો અને એમાંના કેટલાક સાવ અભણ લોકો આવતા. આ બધા લોકોની સમસ્યાઓ અને દુઃખદ બાબતો મારા હૃદયને કોરી ખાતા. મંડળની ઑફિસનો સમય સવારના દસથી સાંજના છ સુધીનો હતો, પરંતુ મારે તરસમિયા ગામથી ભાંગલીગેઈટ આવવા માટે ઘરેથી સવારના આઠ કલાકે-બે કલાકના અંતરે આવતી બસનો લાભ લેવા આવવું પડતું. આ બસ સૌ પ્રથમ ગંગાજળિયા તળાવ જતી. ત્યાંથી મારે બસ બદલી અન્ય બસ દ્વારા ભાંગલી ગેઈટ પહોંચવું પડતું. આ બંને બસની મુસાફરીમાં લગભગ કલાક સવા કલાક વીતી જતા. આથી દસના સ્થાને હું લગભગ સવા નવે ઑફિસે પહોંચી જતો. હું પહોચું ત્યાં સુધીમાં જરૂરિયાતમંદ એકાદ બે અંધ પરિવાર જરૂર પહોંચી ગયા હોય. કેટલાકને દૂરથી આવેલા સમજી હીરાઘસુ લોકો ઑફિસ ખૂલે ત્યાં સુધી બેસવાની વ્યવસ્થા કરી આપતા. ઑફિસે હું જેવો પહોચું તેવા આવેલ લોકો ઑફિસમાં દાખલ થતા. પોતાના દુઃખ દર્દો સંભળાવતાં. કેટલાક ભૂખ્યા લોકો નાસ્તા વગેરેની સગવડ નથી તેવી વાતો પણ કરતા. આવેલ બધા લોકોને હું શકય હોય ત્યાં સુધી ખિસ્સા ખર્ચમાંથી પૈસા બચાવી મદદ કરવાનું કરતો. હું મુસાફરી હંમેશાં મ્યુનિસિપાલિટીની બસમાં કરવાનું પસંદ કરતો. કારણ કે બચેલા પૈસા પીડિતોની મદદ માટે વાપરી શકાય. તે સમયે મંડળ તરફથી મને માસિક રૂપિયા ૭૦૦/- માનદ્ વેતન તરીકે ચૂકવવામાં આવતું. મંડળથી



રાત્રિના આઠ વાગ્યાની બસમાં હું ગંગાજળિયા તળાવથી તરસમિયા જતો. કોઈવાર બસ કેન્સલ કરવામાં આવે કે રૂટ બદલવામાં આવે તો મારે અવાણિયા કે અકવાડા જતી બસમાં ગૌશાળા સુધી જવું પડતું અને ત્યાંથી લગભગ દોઢેક કિલોમીટર ચાલતાં તરસમિયા પહોંચવું પડતું. કોઈવાર રાત્રિના સાડાનવ દસ ઘરે પહોંચતા થઈ જતા. નાનપણથી માતાનું છત્ર ગુમાવ્યું હોવાથી ઘરે મોડા આવવાની નોંધ લે તેવા ઘરમાં કોઈ સભ્ય ન હતા. કોઈવાર બધાને સૂઈ ગયલા જોઈ હું ભૂખ્યા સૂઈ જવાનું પસંદ કરતો. સહેજેય ગણતરી કરીએ તો મહિનામાં છ-સાત દિવસ આ રીતે જરૂર પસાર કરવા પડતા. જોકે સવારના જાણ નહિ કરવા માટે ઘરના સભ્યો મીઠો ઠપકો જરૂર આપતા પરંતુ હું કોઈની ઊંઘ બગાડવા ઈચ્છતો નહિ હોવાના કારણે મોડા આવ્યા પછી સૂઈ જવાનું પસંદ કરતો. આ બધી ટેવ મને આગળ જતા ખૂબ ઉપયોગી બની. સહનશકિત, સમર્પણ અને સેવાભાવનાના ગુણોનું સતત નિર્માણ થતું રહ્યું. સ્વ કરતાં અન્યની કાળજી લેવાનું જાણે કે માનસ કેળવાયું! પરિણામે વધુને વધુ લોકો સુધી પહોંચવા સતત પ્રયત્નશીલ રહું છું.

મારી જેને હું પાઠશાળા કહુ છું તેવું મારું સેવાક્ષેત્ર એટલે અંધ અભ્યુદય મંડળ, જેનું દર વર્ષે વાર્ષિક અધિવેશન યોજાય છે. જેમાં સેંકડોની સંખ્યામાં અંધ ભાઈ-બહેનો ઉપસ્થિત રહી મંડળ સમક્ષ પોતાના પ્રશ્નો રજૂ કરે છે. કેટલાક સભ્યશ્રીઓ મંડળને સર્વેસર્વા માની, જે મંડળ ન કરી શકે તેવી રજૂઆતો પણ ઉગ્ર સ્વરે કરતા હોય છે. જેમનું આ વિશ્વમાં કોઈ નથી, કશી સંપત્તિ નથી, છતાં પોતાનું જીવન જેમ-તેમ પસાર કરી રહ્યા છે તેવા કેટલાક સભ્યો પણ જયારે અધિવેશનમાં આવે છે ત્યારે મંચ પર બેઠેલા અમારી જેવા કાર્યકરોને પોતાના તારણહાર સમજી અનેક પ્રશ્નોની રજૂઆત કરે છે. જેમાંના કેટલાક પ્રશ્નો કૌટુંબિક, સામાજિક, રાજકીય કે સરકારી તંત્રના હોય, જેમાં ઉપસ્થિત કોઈપણ

કશું જ કરવા અસમર્થ હોવા છતાં સભ્યોની અમારા પ્રત્યે જે શ્રદ્ધા જોવા મળી છે. તે જોતાં હજુ સભ્યોની લાગણી અને માગણી મુજબ કશુ જ વિશેષ કરી શકાયું નથી તે મારે વિવેકપૂર્ણ સ્વીકારવું રહ્યું.

હું મારી આ પાઠશાળામાંથી સેવાના જે ગુણ શીખ્યો છું. તે જ મારા જીવનમાં આગળ વધારવા માગું છું. કોઇ પણ અંધ વ્યકિતને શાંતિપૂર્વક સાંભળી તેને યોગ્ય આશ્વાસન આપવું તે જ સૌ કોઇનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. તેમ હું મારી આ શાળામાં શીખ્યો છું. અમારા શાંતિદાદા ખૂબ જ ધીરજથી સભ્યોને સાંભળતા હોવા છતાં અધિવેશનમાં તેનું ઘણી વેળા અપમાન કરતા, સામાન્ય સભા પણ ચાલવા ન દેતા. સભામાં રજૂ થયેલ પ્રસ્તાવો મંજૂર કરાવવાનું કામ કપરું બનતું. મને ૧૯૯૪માં આવી એક સામાન્ય સભાના આયોજન વખતે સભા મળતાં પહેલાં એક કલાક અગાઉ દાદાએ બોલાવી કહ્યું - 'આ સભા પાર પાડવી અઘરી છે. 'એકસવાયઝેડ' વ્યકિતઓએ સભાને નહિ ચાલવા દેવા સભ્યોનું સંગઠન ઘડયું છે, જેના કારણે આ લોકો આપણી સભા ચાલવા નહિ દે. આપણા હિસાબો કે વાર્ષિક અહેવાલો પસાર નહિ કરી શકાય.' દાદા ખૂબ હતાશ અને નિરાશ હતા. મારી તે વેળા યુવા અવસ્થા હતી. શારીરિક અને માનસિક શકિતઓ મારી તે વખતે ભારે મજબૂત હતી. મેં દાદાને કહ્યું 'બધું કામ મારા ઉપર છોડી દો. સભા સર્વાનુમતે બધા જ ઠરાવ પસાર કરશે તેની હું આપને ખાતરી આપું છું.' દાદા પાસેથી રજા લઇ મેં આગેવાનોનો સંપર્ક કર્યો. બધા સાથે મસલત કરી સભાનું કામકાજ શાંતિપૂર્વક ચાલે, ઠરાવો પસાર થાય તેની સઘળી જવાબદારી વિરોધ કરનાર આગેવાનોના શિર પર મૂકી. બધાને મોટા બનાવ્યા. વિરોધ કરનાર લોકોના હાથે જ પ્રસ્તાવો રજૂ કરાવ્યા. શાંતિપૂર્વક બધા જ ઠરાવો પસાર થઇ ગયા. સભાનું કામકાજ પણ શાંતિપૂર્વક પૂરું થયું. દાદાની ખુશીનો પાર ન રહ્યો. તેમણે મારી આ કુશળતાની ભારે પ્રશંસા



કરી. તે પછીના યોજાયેલ મોટાભાગના અધિવેશનોમાં મેં આ જ રીતે નેતૃત્વ લીધું. આજે જયારે મારા આ અનુભવ લખું છું ત્યારે મારે કહેવું જોઇએ-મંડળે ઠીક-ઠીક પ્રગતિ કરી છે. સભ્યોના દિલ જીતવાની મને તક મળી છે. વર્ષો સુધી પ્રમુખપદ શોભાવનાર શ્રી અમરશીભાઇ પટેલના દુઃખદ અવસાન પછી તે જવાબદારી આઠસોથી વધુ સભ્યોએ મારા શિર પર મૂકી છે. આ માટે હું પ્રત્યેક સભ્યનો ઋણી છું. સેવાક્ષેત્રના જેમણે મને ઉત્તમ અનુભવો પૂરા પાડયા છે તેવા શ્રી અંધ અભ્યુદય મંડળનો પણ હું ખૂબ નમ્ર ભાવે આભાર માનુ છું. આવી અનેક સંસ્થાઓ સેવાક્ષેત્રમાં જયારે પોતાની સુવાસ ફેલાવશે ત્યારે જ સાચા સેવાભાવી સૈનિકો સમાજને પ્રાપ્ત થશે, મારી પાઠશાળાને શત-શત વંદન.

૨૭

# સત્યની શોધ

જીવનપંથના પ્રત્યેક મુસાફરે પોતાના મોક્ષરૂપી ગંતવ્ય સ્થાન સુધી પહોંચવા સત્યરૂપી સીડી સુધી પહોંચવું પડે છે, અન્યથા તે તેના ગંતવ્યસ્થાન સુધી કદાપિ પહોંચી શકે નહિ. મારી જીવન યાત્રા અનેક પ્રવૃત્તિઓથી ભરપૂર હોવા છતાં યાત્રા માર્ગમાં અનેક અંતરાયો વિકાસ યાત્રાને અવરોધતા રહ્યા છે. અહીં કેટલાક પ્રસંગો નોંધવાની ઇચ્છા થાય છે ૩ ડિસેમ્બર ૨૦૧૧ ના રોજ મુખ્યમંત્રીના યોજાનાર સદ્‌ભાવના ઉપવાસ સામે ભાવનગર શહેરમાં એક સાથે દસ હજાર વિકલાંગો સાથે ન્યાય ઉપવાસ માટે મારે બેસવાનું હતું. જેની માહિતી લોકો સુધી પહોંચાડવા ભાવનગરમાં ૩૦નવેમ્બર ૨૦૧૧ના બપોરના ચાર કલાકે એક પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું. જેમાં ઉપસ્થિત પત્રકારોએ અનેકવિધ ગૂંચવણ ભર્યા પ્રશ્નોથી ઘેરી લઇ તંત્ર સામે ન્યાય ઉપવાસ, આંદોલન કેવી રીતે ટકી શકશે! તેવી વિગતો મારી પાસે માગી. મેં દરેક પત્રકારના પ્રશ્ન મુજબ ખૂબ જ હિંમતપૂર્વક ઉત્તરો પણ આપ્યા. જનઆંદોલન કોઇપણ શેહશરમ કે દબાણમાં આવ્યા વગર ચાલુ જ રહેશે-તેવી પત્રકારોને અપાયેલ ખાતરી પછી રાતોરાત રાજયના વિકલાંગ બાળકોના પગારથી વંચિત વિશિષ્ટ શિક્ષકોને તાબડતોબ પગાર ચૂકવવા સરકારશ્રી દ્વારા નાણાં છૂટાં કરવામાં આવ્યાં. જે તે

સંસ્થાને ગ્રાન્ટની રકમ રાતોરાત ચૂકવી આપવામાં આવી. કોઇપણ રીતે ન્યાય ઉપવાસ આંદોલન મુખ્યમંત્રીશ્રીના સદ્‌ભાવના ઉપવાસ સામે ન થાય તે માટે રાજ્ય સરકારે તૈયારીઓ આદરી દીધી. મસલતો અમારી સાથે શરૂ થઇ એટલું જ નહિ અમારા સંગઠનને ઉદ્ધેશી રાજ્ય સરકારના જવાબદાર કર્મચારીએ સમજૂતી કરાર પર પ્રશ્નના ઉકેલ માટે સરકાર વતી ખાતરી આપી, તે હકીકતને ધ્યાને લઇ અમારા સંગઠને આંદોલન મુલતવી રાખવા નિર્ણય કર્યો. હજારોની સંખ્યામાં આવેલા વિકલાંગોને ઉપવાસ છાવણી પરથી ૦૩ ડિસેમ્બર ૨૦૧૧ ના રોજ પરત જવાની ફરજ પડી. આજ સુધી હું અમારા આ નિર્ણય અંગે નકકી કરી શકયો નથી કે આ અમારો નિર્ણય સાચો કે યોગ્ય હતો કે કેમ ? કેટલાક લોકો અમોને એવું કહેતા હતા કે નિર્ણય સાવ ખોટી રીતે લેવાયો છે. આટલા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા વિકલાંગો આવા નિર્ણય અંગે કશું જ જાણતા ન હોવાથી તેમને ઉપવાસ છાવણી સુધી ખોટી રીતે ધક્કો ખાવો પડયો. તો કેટલાક સમર્થનમાં એવું પણ કહેતા હતા કે હવે જયારે રાજ્ય સરકારે આપણને લેખિતમાં પ્રશ્નોની યોગ્યતા મુજબ ઉકેલવાની ખાતરી આપી છે ત્યારે આંદોલનને કોઇ કારણ રહેતું નથી.

સમજૂતી કરાર પર સરકારે જે રીતે ખાતરી આપી તેના કરતાં રાજ્ય સરકારનું પ્રશ્નોના નિવારણ માટેનું જુદું વલણ જોવા મળ્યું પરંતુ લાંબા સમયે રાજ્ય સરકારે તમામ પ્રશ્નોની રજૂઆત મુજબ નિર્ણયો કરી અમારી માગણીને આખરે ગ્રાહ્ય રાખી છે તે જ બતાવે છે કે અમારી લડત એ સત્યની લડત હતી. મહાત્મા ગાંધીજીએ પ્રથમ આફ્રિકા ત્યારબાદ ચંપારણ અને ખેડાના આંદોલનમાં વિજય મેળવ્યો તેનું કારણ બાપુનો સત્યાગ્રહ હતો. તે હંમેશાં સત્યનો આગ્રહ રાખતા તેથી તેણે પોતાના દરેક આંદોલનને સત્યાગ્રહના નામે ઓળખાવ્યા છે અને હું પણ અમારા આ આંદોલનને સત્યની શોધ નામ આપું



છું. જેના માટે કાયદાકીય જોગવાઇ છે, જેમને કાયદા અનુસાર પોતાની યોગ્યતા મુજબ શિક્ષણ, રોજગાર અને પુનઃસ્થાપનક્ષેત્રે તક મળવી અનિવાર્ય છે, ત્યારે એવા લોકોના અન્યાય સંબંધી ન્યાય ઉપવાસ જેવા આંદોલનને સત્યની શોધ નામ આપવું તે જ વંચિતો માટે ચલાવેલ ચળવળનું સન્માન છે. જયારે હું આ પ્રકરણ લખી રહયો છું તેના થોડા દિવસ પહેલાં સરકારે ૧૦૦ % ટકા અંધત્વ ધરાવનાર અંધજનોને વિદ્યાસહાયકની ભરતીમાં સમાવી લેવા સૈદ્ધાન્તિક સ્વીકાર કર્યો છે તે પણ અમારી આ ચળવળને આભારી છે. મહાત્મા ગાંધી વિદેશી સલ્તનતને જૂકાવી દેશને આઝાદી આપી શકતા હોય તો આપણે પણ આઝાદ દેશના વંચિતો ને પીડિતો કે જેઓ શારીરિક કે માનસિક રીતે ક્ષતિગ્રસ્ત છે તેવા લોકોને જરૂર ન્યાય અપાવવામાં મદદરૂપ થઇ શકીએ, ને આ જ ઉકિતને કેન્દ્રમાં રાખી જન આંદોલન ચલાવી વંચિતોને ન્યાય અપાવવાનું ભગીરથ કાર્ય પ્રારંભવ્યું છે. જેમાં અનેક લોકોની મદદની જરૂર છે. સામાન્ય વ્યકિતની જેમ ક્ષતિગ્રસ્ત વ્યકિતઓ પણ દરેકક્ષેત્રે ભાગીદારી કરી શકે તેવાં શિક્ષણ અને સાધનોની જરૂર છે, એમને ઉત્તમ પ્રકારનું શિક્ષણ પૂરું પાડી શકે તેવી શાળાઓ અને વિશિષ્ટ શિક્ષકોની જરૂરિયાત મુજબની કૉલેજો અને યુનિવર્સિટીઓની જરૂર છે. જે રીતે રાત્રિનો અંધકાર દૂર થતાં જગત પ્રકાશિત બને છે, તે જ રીતે શિક્ષણના ઉજાસથી વંચિતો અને પીડિતો પણ પ્રકાશિત બને છે. સમાજની મુખ્ય ધારામાં સામેલ થઇ આવા લોકો સમાજનું અભિન્ન અંગ પુરવાર થાય છે, માટે જ મારી આ ક્ષેત્રે પ્રખર શોધ હંમેશાં ચાલુ રહેશે. સત્યની વાતો કરતા લોકો અનેક અસત્યો આચરતા રહે છે તેવી જ રીતે શાબ્દિક સંવેદના દર્શાવતા સત્તાધીશો વાસ્તવિક જીવનમાં ક્ષતિગ્રસ્તોને યોગ્ય તક આપવામાં હંમેશાં ઊણા ઉતરે છે, તેનો મને હંમેશાં રંજ રહયો છે. આવી પરિસ્થિતિમાંથી બહાર આવવા સંસ્કાર સિંચનની જરૂર છે માટે શાળા કૉલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઇ-બહેનોના હૃદયમાં સંવેદનાના બીજ રોપવાના ઉદ્ધેશથી પ્રતિવર્ષે

પ્રજ્ઞાચક્ષુઓની શકિતઓનો પરિચય મળે તેવા સતત વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેનું દિવસે-દિવસે સારું પરિણામ જોવા મળે છે. શાળામાં રોજ નવા-નવા લોકો આવતા રહે છે. નાના મોટા કાર્યક્રમો માટે જુદા-જુદા લોકોની આર્થિક મદદ પણ મળે છે, પરિણામે ખૂબ સારા કાર્યક્રમોનું વર્ષ દરમ્યાન આયોજન થઇ શકે છે. હું આ જ શાળાની કે સંસ્થાની શાખ સમજું છું જે કોઇ શાળા કે સંસ્થા પૂરતો લોક સહયોગ મેળવી પોતાના કાર્યક્રમો પાર પાડી શકતી હોય તે જ સારી સંસ્થા છે. તેની પાસે બંકમાં કેટલું આર્થિક ભંડોળ જમા છે તે અગત્યનું નથી, પરંતુ તે પોતાના કાર્યક્રમો માટે સમાજ પાસેથી કેટલો લોકફાળો એકત્રિત કરી આયોજન સફળતાપૂર્વક સમયસર પાર પાડી શકે છે તે વધુ મહત્ત્વનું છે. સારી સંસ્થાઓએ પોતાના હિસાબો પારદર્શક રાખવા જોઇએ, પ્રવૃત્તિઓમાં વધુ ને વધુ લોકોનો સમાવેશ કરવા કામનું વર્ગીકરણ કરવું જોઇએ, ટીમમાં જેટલા લોકો પર ફિકસ જવાબદારી સોંપી શકાય તેટલા લોકો ટીમના સક્રિય ભાગીદાર બને છે. પરિણામે તેવા લોકોના ઉત્સાહમાં વધારો થાય છે તે પણ સંસ્થાનો મહત્ત્વનો હિસ્સો છે તેવી ભાવના તેમનામાં જાગૃત થાય છે. પરિણામે સંગઠન મજબૂત બને છે. જે સંસ્થાનું સંગઠન મજબૂત હોય, ટીમના પ્રત્યેક સભ્યો એક બીજાનું સન્માન કરતાં હોય, એકબીજાની કાર્યશકિતને બિરદાવતાં હોય તે જ સંસ્થા તંદુરસ્ત છે. જે રીતે સુદઢ શરીર તંદુરસ્તીની પ્રતીતિ કરાવે છે તે જ રીતે પ્રવૃત્તિઓથી ધમધમતી સંસ્થા,ખરા સંગઠનનાં દર્શન કરાવે છે. આ જ સાચી સત્યની શોધ છે.



૨૮

# વસિયતનામું

ક્ષણભંગુર સંસારના પ્રવાસીની યાત્રા પૂર્ણ થતાં તેના અંતિમ મુકામ તરફ પ્રયાણ કરવાનું નિશ્ચિત હોય છે. અર્થાત્ અવિનાશી આત્માએ પરમધામમાં અવતરણ કરી, પુનઃ યાત્રા માટે સજજ થઇ ધરતી પર અવતરવાનું હોય છે.

આવન-જાવન કરતાં પ્રત્યેક આત્માએ ધારણ કરેલ શરીરના નાશ થયા પહેલાં પોતાના જીવનમાં પ્રાપ્ત કરેલ સંપત્તિનું વસિયતનામું તૈયાર કરી, વારસદારોને માર્ગદર્શક બને તે રીતે અહીંથી જતાં પહેલાં સોંપીને જવું જોઇએ. મારી દૃષ્ટિએ પ્રત્યેક વ્યકિતએ સ્થૂળ સંપત્તિના બદલે આંતરિક સંપત્તિનું વસિયતનામું તૈયાર કરવું વધુ અગત્યનું છે.

હું જાણુ છું કે હું કોઇ મોટી ભૌતિક સંપત્તિનો માલિક નથી, તેમ છતાં વસિયતનામું ઘડવાનો મને વિચાર આવે તેનું મને જરા પણ અચરજ નથી, કારણ કે હું ભૌતિક સંપત્તિને મૂલ્યવાન સંપત્તિ માનતો નથી તેથી તેનું વસિયતનામું ઘડવાનો અહીં પ્રશ્ન રહેતો જ નથી. આંતરિક સંપત્તિ અમૂલ્ય સંપત્તિ છે. તે વેડફાય ન જાય તે જોવાની સમગ્ર મનુષ્ય જગતની જવાબદારી છે અને એટલે જ કદાચ આ જગતના એક નાનકડા સભ્ય તરીકે મને મળેલ આંતરિક સંપત્તિ વારસદારો યોગ્ય રીતે વાપરી શકે તેવા આશયથી આ

વસિયતનામું રજૂ કરી રહયો છું.

મૃત્યુ સમયે પ્રત્યેક સગાંસંબંધી, મિત્રવર્તુળ અને પરિચિતોને રુદન નહિ કરવાનો નમ્ર ભાવે અનુરોધ છે. રુદનના બદલે મારા જીવનકાળ દરમ્યાન મેં કરેલ કાર્યો પૈકી, જે કાર્યો મારાથી અધૂરાં રહી ગયાં છે અથવા અપેક્ષા મુજબનાં જે કામ થઇ શકયાં નથી તેવાં કામ પાર પાડવા. ધાર્મિક વિધિઓ સદંતર ટાળવી. આ વિધિમાંથી બચેલા પૈસા જેઓ પીડિત છે, બીમાર છે, અશકત છે, નાણાના અભાવે પોતાનો વિકાસ સાધી શકતા નથી, જેમના શિક્ષણ માટેની ક્ષિતિજો ખોલવા મોટી રકમની જરૂર છે તેવા લોકોની મદદ માટે આવી રકમ અનામત રાખવી. અનામત રાખેલ આ રકમ, ઉપર જણાવેલ હેતુઓ માટે વાપરવી.

(૧) જન્મ અને મૃત્યુ એક સિક્કાની બે બાજુઓ છે, તેથી બંને પવિત્ર છે. આપણે ત્યાં આ બંને બાબતને સૂતક માનવામાં આવે છે, જે ખોટા ખ્યાલનો ત્યાગ કરી સામાન્ય જીવનની માફક આ બાબતોનો સ્વીકાર કરવો. (૨) કોઇપણ વ્યકિત મનુષ્ય છે, તેને નાતજાતના ભેદભાવથી મૂલવવી નહિ. તેનાં શિક્ષણ અને સંસ્કારથી તેનું વર્ગીકરણ કરવું. (૩) મૃત્યુ દિવસ કે જન્મ દિવસની ઉજવણી કે યાદમાં રજા ભોગવવાના બદલે, તે દિવસે વિશેષ નવાં કાર્યો કરી, દિવસને યાદગાર બનાવવો. (૪) જિંદગીના ગણતરીના દિવસોને ચોક્કસ સમય પત્રકમાં મઢી લઇ પ્રત્યેક ક્ષણને સૃષ્ટિના હિતની સંભાળ માટે વાપરવા આયોજન કરવું (૫) જિંદગીના મુકામ પર જેમની સાથે પરિચય કેળવવાની મને તક મળી છે, તેવા તમામ આ વસિયતનામાના વારસદારો છે. તેથી પ્રત્યેક વારસદારોને મૂલ્યવાન માનવજીવનને ઉજજવળ બનાવવા આ વસિયતનામાને ચરિતાર્થ કરવા મારો હાર્દિક અનુરોધ છે.

સગાસંબંધીઓને નમ્રભાવે જણાવવાનું કે વર્ષી, શ્રાદ્ધ વગેરે મૃત્યુલોકના મનુષ્યનો ખ્યાલ છે તેથી તેને પણ હું સ્વીકારતો નથી. કારણ કે હું



અનેક જન્મોની યાત્રા કરી અહીં આવેલો એક મુસાફર છું. મારી આ મુસાફરી અવિરત નિયતગતિમાં ચાલતી રહેવાની છે. આ મુસાફરીના સમયકાળ દરમ્યાન મને કદી પૂર્વ જન્મનું સ્મરણ થયું નથી. પિતૃને થતું તર્પણ કયાંય પ્રાપ્ત થયું નથી. અનેક અવતારમાં બનેલા આપણે સૌ પિતૃઓ છીએ, તેમ છતાં કયાંય કાગડો બની શ્રાદ્ધ ખાધાનું યાદ નથી, તેથી આવી વિધિઓને આપણા જીવનમાં કયાંય સ્થાન હોવું ન જોઇએ. જેઓ આ ધાર્મિક પરંપરાઓને સ્વીકારી આ બધી જ વિધિઓમાં રચ્યાપચ્યા રહે છે, તેને મારાં વંદન છે. હું કોઇ નાસ્તિક વ્યકિત નથી. ઇશ્વરની અદ્‌ભુત સૃષ્ટિ રચનાને હું તેની કૃપાદષ્ટિ સમજું છું, તેથી તેના ચરણમાં રૂપિયાના સિક્કાનો ઘા કરવાને હું આપણું અભિમાન માનું છું. તેનાં ચરણોમાં સંપત્તિ અર્પણ કરવી જ હોય તો તે દુઃખી લોકોને અર્પણ કરી શકાય કારણ કે પ્રત્યેક સંઘર્ષ કરતાં લોકો ઇશ્વરે બનાવેલી સૃષ્ટિના સભ્યો છે. તેમણે જ આ જગતમાં આવા લોકોને મોકલી આપણે કેટલા સંવેદનશીલ છીએ તે જાણવા પરીક્ષાનું પેપર લખવા આપણને ચેલેન્જ (પડકાર) ફેંકી છે, માટે હું પરંપરાગત ચાલી આવતી આવી વિધિઓને સ્વીકારતો નથી. અહીં મને એક ઉદાહરણ યાદ આવે છે. એક બહુ મોટા શેઠ હતા. જે પૂનમનું-ભાદરવા માસમાં દર વર્ષે સમયસર પિતૃશ્રાદ્ધ કરતા. શ્રાદ્ધ સમયે બનાવેલો દૂધપાક પોતાના ઘરે પાળેલી બિલાડી જૂઠો ન કરે, તે માટે શેઠ બિલાડીને અગાઉથી બાંધી દેતા હતા, જેથી બિલાડી તૈયાર થતા કે તૈયાર થયેલ દૂધપાકને બોટે નહિ. સમય જતાં શેઠનું દુઃખદ અવસાન થયું. હવે શેઠના દીકરાઓનો શ્રાદ્ધ કરવાનો વારો હતો. શેઠના મૃત્યુ પહેલાં જ બિલાડી પણ મૃત્યુ પામી હતી. તેથી ઘરમાં બિલાડીનું આવવા-જવાનું કયારેય બનતું નહિ તેમ છતાં શેઠના શ્રાદ્ધ વિધિ સમયે દીકરાઓએ ગામમાંથી બિલાડી શોધી, વિધિ પૂર્વે બિલાડીને બાંધવામાં આવી. કોઇએ પૂછયું : 'બિલાડીને અહીં શા માટે બાંધવામાં આવી છે ?' દીકરાઓ એકી અવાજે બોલી ઊઠયા : 'બાપુજી પણ તેમના પિતાની શ્રાદ્ધવિધિ કરતા ત્યારે

બિલાડીને અવશ્ય બાંધી રાખતા, તેથી અમે લોકોએ પણ પિતાને શ્રાદ્ધ પહોંચી જાય એટલા માટે અહીં બિલાડી બાંધી રાખી છે.' આંધળાં અનુકરણથી પરંપરાગત આવી વિધિઓએ પ્રવેશ કર્યો હશે, તેવું હું દ્રઢતાપૂર્વક માનુ છું. તેથી મારા મૃત્યુ પછી આવી કોઇ વિધિને સ્થાન નહિ આપવા મારા પ્રત્યેક વારસદારોને મારી વિનંતિ છે. જે રીતે પ્રવાસી એક પછી એક બસ બદલતો રહે છે અને બસમાંથી પ્રવાસ પૂર્ણ થતા અર્થાત્ ગંતવ્ય સ્થળ સુધી પહોંચી જતા ઊતરી જાય છે. તે જ રીતે જિંદગીના દિવસો પૂરા થતાં અવિનાશી આત્મા શરીર છોડીને અન્ય શરીર ધારણ કરવા શરીરમાંથી નીકળી જાય છે. તેની પાછળ કોઈપણ પ્રકારની વિધિઓને સ્થાન નથી. સ્થાન હોય તો તેમના જીવનમાં કરેલ વ્યકિતનાં ઉત્તમ કાર્યોને છે. તે કાર્યો આગળ ધપાવી આપણે સાચું પિતૃ શ્રાદ્ધ કર્યું કહેવાય ! તેવો મારો અભિપ્રાય છે. હું જાણુ છું કે આનાથી ધાર્મિક પરંપરામાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખતા લોકોના હૃદયને ઠેસ પહોંચશે. પરંતુ દરેક ધાર્મિક માન્યતા ધરાવતા લોકોને તેમની માન્યતા મુજબ વર્તવાની પણ મારી વિનંતી છે. અહીં મેં જે કોઇ વિચારો વસિયતનામામાં પ્રસ્તુત કર્યા છે તે માત્ર મારી વિચારધારાના વારસદારો પૂરતા સીમિત અને મર્યાદિત છે.



**જિંદગીના સંઘર્ષમાં, ગણિતના અંકોનો,**
**સરવાળો નથી હોતો;**
**મંજિલ પરના મુકામ પર પહોંચવાનો,**
**પરવાનો નથી હોતો.**

# સંવેદના

**સંવેદના સ્પર્શ તારી ન્યારી,**
**તેં ઉગારી અહલ્યા નારી;**
**વ્યાપક કેવી તારી કારી,**
**દ્દષ્ટિહીનોની ખોલી બારી.**
**હૃદય મારું હંમેશ ડોલે,**
**તારા નિત આ ગુણગાન બોલે;**
**ચેતાઓની મહારાણી,**
**સીડી બની આ મનવાની.**
**જેથી પામ્યો અક્ષરધાની,**
**'ઝગમગ' લખું આ કવિવાણી.**

## વિશેષ નોંધ